કૌતકમાળા.

અને

બોધવચન

ભાગ ૧ લો.

રમુજી કિસ્સા, હસાહસ કરાવનાર હાજર જવાબી ટુચકા, બોધની સાથ આનંદ આપનાર ઓઠાં, કહેવતો અને કોતકોની વાર્તાનું એકત્ર પુસ્તક.

બનાવનાર

લીંબડી વાસી

ગણેશજી જેઠાભાઈ.

કાઠિઆવાડ એજન્સિ વકીલ.

પાન સડે ઘોડા હડે, બિદ્યા બિસર જાય;
અંગારે રોટી જલે, કહો ચેલા કયું થાય?
(ફિરાએ નહિ ઉસલિયે.)

સંવત ૧૯૪૧ . સને ૧૮૮૫.

મૂલ્ય (સોનેરી પૂંઠાનું) રૂ૨-૦-૦
(સાદા પૂંઠાનું) રૂ૧-૧૨-૦

અમદાવાદ.

આમાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલ
એજન્સિ કંપની લીમિટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

TO

COLONEL JOHN WHALEY WATSON

PRESIDENT, RAJASTHANIK COURT, KATHIAWAD;

AND AT PRESENT

ACTING POLITICAL AGENT,

KOLHAPORE AND S. M. COUNTRY,

WHO TAKES GREAT INTEREST

IN THE ANTIQUITIES AND CURIOSITIES OF THIS COUNTRY,

TO WHOSE LABOURS ARE DUE

THE GAZETTEER OF KATHIAWAD, THE HISTORY OF GUJARAT (MAHOMEDAN PERIOD) AND THE STATISTICAL ACCOUNTS OF SEVERAL STATES OF KATHIAWAD,

WHO IS KNOWN

AS THE RESCUER OF OLD BOOKS AND PAPERS FROM THE RAVAGES OF WORMS, AS THE SAVIOUR OF WORN OUT INSCRIPTIONS ON SLABS, ESPECIALLY IN KATHIAWAD, AND AS THE REGENERATOR OF THE POPULAR ORAL HISTORY OF THIS PROVINCE, THUS COMPLETING THE TRIO WITH THE CELEBRATED

TOD AND FORBES

in Archæological and Historical researches,

THIS BOOK

IS HUMBLY AND RESPECTFULLY DEDICATED

WITH PERMISSION

BY ONE OF HIS ADMIRERS

THE COMPILER.

કર્નલ જે. ડબલ્યુ. વૉટસન.

કાઠિઆવાડ રાજ્યસ્થાનીક કોર્ટના પ્રેસીડેન્ટ અને હાલ
કોલાપુર તથા દક્ષિણ મહારાષ્ટ્ર દેશના આ-
કટીંગ પોલીટીકલ એજંટ સાહેબ.

આપે આ દેશના પુરાતન ઇતિહાસ, શિલાલેખો, તામ્ર
પત્રો અને જુના શિક્કાઓની સોધમાં તન મનથી
ઉત્તમ શ્રમ કરી; કુથા ખાઈ જતાં પુસ્તક પાનાં,
ઘસાઇ જતા શિલાલેખો ને તામ્રપત્રો, વિસ્મૃત
થતી મુખજુબાન પરની વાર્તાઓનો જીર્ણો-
દ્ધાર કરી; કાઠિઆવાડનું ગેઝીટિઅર, ગુ-
જરાતનો ઇતિહાસ, તથા કેટલાંક સ્વ-
સ્થાનોનાં સ્ટેટિસ્ટીકલ એકાઉન્ટ પ્ર-
સિદ્ધીમાં આણી; ગુર્જરી પ્રજાને ઉ-
પકૃત કરી, મહાનટૉડ અને
ફૉરબસ સાહેબની ત્રિપુટી
યોગ્ય રીતે પુરી કરી આપી
છે; તેના માનની નિશા-
ની દાખલ આ લઘુ પુ-
સ્તક આપને અતિ
પ્રેમપૂર્વક આજ્ઞા
લઇ અર્પણ
કરૂં છું.

હું છું,
આપનો આધિન સેવક
ગ્રંથકર્તા.

પ્રસ્તાવના.

પાન સડે ઘોડા હટે, વિદ્યા વિસર જાય;
અંગારે રોટી જલે, કહો ચેલા કયું થાય?

(ફીરાએ નહિ ઉસલિયે.)

ગુર્જરી પ્રજા પાસે રમુજી કિસ્સા, હસાહસ કરાવનાર હાજર જવાબી ટુચકા, આનંદ આપનાર ઓડાં, કહેવતો અને કૌતકોની વાર્તાઓનો મોટો ભંડારછે; પરંતુ તેનો એકત્ર સંગ્રહ પુસ્તકાકારમાં નથી. જોકે કિંચીત ભાગ કોઈ કોઈ ચોપાન્યાં અને પુસ્તકોમાં છૂટક છૂટક અનેક વિષયના પ્રસંગમાં છપાએલ જોવામાં આવેછે, પણ મોટો ભાગ તો કેવળ મુખજુબાનપર ભિન્ન ભિન્ન માણસો પાસે રહેલછે. જેથી કાળે કરીને તેનો નાશ થવા સંભવછે, તે ઉપરથી એવી વાર્તાઓનો સંગ્રહ કરવાનું કામ મેં આરંભ્યુ છે.

એ સર્વ વાર્તાઓ આગળના વખતથી કહેવાતી આવેછે, તેથી તે જૂની છે એ તો સિદ્ધ છે. વળી તેના ગુણદોષ તરફ જોવા જઈએ તો માલૂમ પડેછે કે તેમાંની કેટલીક તો ખરેખર બીના બનેલી અગર બનવા સંભવિત કે જેનો લોકોને એક ધડો લેવા જેવી થઈ પડે એવી છે, કેટલીક તો ઘણા વર્ષના અનુભવથી દૃષ્ટાંત દાખલ ઘડાઈ ઘડાઈ સિદ્ધાંત રૂપ થઈ પડીછે, કેટલીક નિતી સદ્ગુણનો બોધ આપનારી છે, એકંદરે સર્વ વ્યવહારોપયોગી કિંવા રમુજ આપનારી હોવાથી લોકોને અતિ પ્રિય થઈ પડેલછે, તે એટલે સુધી કે હમેશનાં દરેક વ્યવહારી કામ કાજમાં તથા લખવા બોલવાના પ્રસંગમાં સાંકળિઆમાં બતાવેલ ટુંકા નામથી વપરાય છે.

બત્રીશ લક્ષણવંત થવાને બત્રીશ ઠોકર ખાવી પડેછે, અર્થાત્ જૂદા જૂદા બત્રીશ પ્રસંગમાં આવ્યા વગર બત્રીશ લક્ષણ આવતાં નથી; એ પ્રસિદ્ધ કહેણીપરથી સાબિત થાયછે કે, વ્યવહારની કુશળતા મેળવવા માટે માણસો તથા જાનવરોના સ્વભાવ, ગુણ, નિતી અને કર્મની ભિન્ન ભિન્ન પ્રસંગની વાતો ઘણી જરૂરની છે. જેમ જેમ એવો અનુભવ વધારે તેમ તેમ માણસ વધારે દુનિઆ ડાહ્યું કહેવાય છે.

જાનવરોના જૂદાં જૂદાં સ્વભાવ, અને ગુણ કર્મની વાતોનું **મહાન પંડિત વિષ્ણુશર્માએ પંચોપાખ્યાન અને ઈસપે ઇસપ નિતીનું** પુસ્તક રચ્યું છે. તે બંને બોધકારક ને રમુજી હોવાથી વ્યવહારી જ્ઞાન સંપાદન કરનારને સાધનરૂપ થઇ પડ્યાં છે, એટલુંજ નહિ પણ આખી દુનિઆનો પંડિત વર્ગ એક અવાજે તેમના ગુણ ગાય છે.

મને આવી વાર્તાઓ સાંભળવા, વાંચવા અને કહેવાનો મૂળથી ઘણો શોખ હોવાથી કેટલીક મુખજુબાનપર યાદ રહી ગયેલ હતી. તે છપાવી પ્રસિદ્ધ કરવા મારા મિત્ર રા. રા. **મનમોહન લક્ષ્મણજી** મુંબઈ હાઈકોર્ટ પ્લીડર, વઢવાણ શેહેરની એંગ્લોવર્નાક્યુલર સ્કુલના હેડ માસ્તર રા. રા. **દયાળજી મોરારજી** દેશાઈ, અને અત્રેના હજુર સિરસ્તેદાર રા. રા. **સુંદરજી હીરાચંદ** પારેખ; એઓના તરફથી સૂચના થવાથી મેં આ વાર્તાઓ લખવાનો નિશ્ચય કર્યો. પછીથી વધારે ખંતીલાપણું રાખી સંગ્રહ કરવા માંડ્યો, અને થોડી મૂદતમાં જે સંગ્રહ થઈ શક્યો તે મધ્યેની ઘણી વાર્તાઓ, આ પુસ્તકમાં દાખલ કરવામાં આવી છે.

આ પુસ્તકમાં આવેલ ભિન્ન ભિન્ન વાર્તાઓ અને તે-

માંના સંબંધ વાણિઆ, બ્રાહ્મણ; સિપાઇ, રજપૂત; ઘાંચી, મોચી; સઇ, સુતાર; કણબી, કોળી; ઢેડ, હજામ; વોરા ને મેમણ; આરબ ને સીદી; અમીર, ફકિર; રાજા, રંક; બુઢ્ઢા, જુવાન; ભગત ને ઠગત; આળસુ ને ઉદ્યોગી; લોભી ને સંતોષી; સાચા ને જૂઠા; ક્રોધી ને ક્ષમાવાન વગેરે સ્રીપુરૂષો અને જાનવરો વિષેનાં છે. તે સર્વમાં આવેલ જૂદાં જૂદાં સ્વભાવ, નિતી, ગુણ ને કર્મનો ચિતાર નિતી સદ્‍ગુણની ઊહેજત, પ્રસંગની પૂર્તિ, વ્યવહારી કુશળતાની કેળવણી અને આનંદના બોધ આપનાર તરીકે કેટલો ઉપયોગી છે, એ હું પોતે કહું તો "વરને કોણે વખાણ્યો ? કે વરની માએ" એ કહેવત મિસાલ હોવાથી તેની મુનસફી સુજ્ઞ વાંચનારાઓને સોંપુંછું, ને તેઓ વાંચીને સમજે એ વધારે પસંદ કરૂંછું. છેવટનો મારો હેતુ એ છેકે આ પુસ્તક વધારે તો શું પણ લોકોને કાંઈ પણ ઉપયોગી થશે તો હું મારો શ્રમ સાર્થક થએલો સમજીશ.

હું વિદ્વાન કે ગ્રંથકાર હોવાનો કિંચીત માત્ર દાવો કરતો નથી. મેં તો સંસારી અનુભવ વાટિકામાં રખડતાં રઝળતાં વાર્તારૂપી પુષ્પો એકઠાં કરી, એકત્ર ગ્રંથીને માળા બનાવીછે. કેટલીક વાર્તા તો મેં સાંભળેલી તેવીજ રીતે દાખલ કરી છે. કેટલીએકમાં દેશકાળ અને પ્રસંગને અનુસરી બોધ ને રમુજના ખાતર ફેરફાર કરેલ છે. પરંતુ ભાષાની સરળતા માટે ને સાધારણ વાતચીતમાં અને વ્યવહારના દરેક પ્રસંગે કેવી ઢબ તથા મર્મના વાક્યો, શબ્દો વપરાયછે; તે પર બનતા સુધી લક્ષ રાખેલ છે. તેમજ પ્રસંગની સાબિતી માટે કહેવતોની જથ્થો ખપાવેલો છે. આ સર્વ દોષ રહિત છે, એમ કહેવા હું માગ-

વો નથી. અલબત! મારી અલ્પ બુદ્ધિ પ્રમાણે આ પહેલી વારનો શ્રમ છે, તેથી આ પુસ્તકમાં કેટલાક દોષો હશે, તે સુજ્ઞ વાંચનારાઓ ક્ષમા કરી લખી જણાવશે તો મોટા ઉપકાર સાથ યોગ્ય વખતે તે ઉપર ધ્યાન આપવા સેવક ચૂકશે નહિ.

આ વાર્તાઓમાં જે જે મને બોધ રૂપ જણાઈ તેનો સાર મારી મતિ અનુસાર જેવો સૂઝયો તેવો દરશાવવામાં આવેલ છે. બાકીની કહેવતો યાને તેના જેવી દ્રષ્ટાંતિક વાતો છે, તે કેવા પ્રસંગમાં, શા હેતુથી, શું સમઝાવેછે, તે બતાવવામાં આવેલ છે. પરંતુ સુજ્ઞ વાંચનારાઓ,પોતાને યોગ્ય લાગે તેવો જૂદો અને ખરો લાભ લેશો.એક અનુભવી કવિનું કહેવુંછેકે:–

(દોહો) મૂખ શ્રવન દ્રગ નાસિકા, સબકો એકહી ઠોર;
કહેવો સુનવો દેખવો, ચતુરનકો કછુ ઓર.

આ પુસ્તકની વાર્તાઓમાં જે જે નામ આપવામાં આવેલછે, તે ફક્ત કલ્પિત છે. કોઈના માટે શુદ્ધ અંતઃકરણથી લાગુ પાડવામાં આવેલ નથી. તેમ છતાં અનાયાસે કોઈને લાગુ પડે તેમ હોય તો તેમણે મારી વિનંતિ પર ધ્યાન રાખી પોતાના પર કાંઈ વાત લાવવી નહિ.

આ સર્વ વાર્તાઓ મારા મિત્રો, ઓળખાણ વાળાઓ, અને બીજા ગ્રહસ્થો, જેમના તરફથી સાંભળવામાં આવેલી હોય તેમનો, અને જે લખાણપરથી વાંચેલી તે લખનારાઓનો આ પ્રસંગે આભાર માનુંછું.

આ પુસ્તકની શરૂઆતથી તે આખર સુધી કેટલાક ફુરમાઓ આપી તથા તપાશી જે કિંમતી મદદ ભાવનમર અ-

ગ્લોવર્નાક્યુલર સ્કૂલના આસિસ્ટંટ મારા મિત્ર રા. રા. કેશવરામ ફકીરભાઈએ મને આપીછે, તે માટે તેમનો મારા ઉપર ઘણો ઉપકાર થયોછે. તથા કચ્છના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટરસાહેબ રા. રા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખર, અને અંતરેની એંગ્લોવર્નાક્યુલર સ્કૂલના આસિ૦ માસ્તર રા. રા. નિચ્છાભાઈ પ્રાગજી દેશાઈ જેમણે પ્રસંગોપાત મદદ આપેલીછે તેમનો અને આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનાર સુજ્ઞ ગ્રહસ્થોનો હું આભાર માનુંછું.

આવી વાર્તાઓનો સંગ્રહ કરવાનું કામ મેં જારી રાખ્યું છે. પણ આ પુસ્તકનું ઉપયોગીપણું અને ખુદ લોકો તરફથી જણાયા બાદ એક બીજું પુસ્તક બહાર પાડવા આશા રાખુંછું તે ઈશ્વરેચ્છાથી બનશે તો પાર પાડીશ.

આ પુસ્તકની કિંમત પાછળથી થનાર ગ્રાહકો પાસેથી લેવાની જે મેં મારા હેન્ડબિલમાં લખી હતી. તેના કરતાં હાલમાં લોકોની અનુકુળતા માટે ઓછી કરવામાં આવેલ છે.

લીંબડી તારીખ
૧ આગષ્ટ સને ૧૮૮૫

ગણેશજી જેઠાભાઈ.
ગ્રંથકર્તા.

અનુક્રમણિકા.

–૩૨૨

॥ ॐ परमात्मने नमः ॥

॥ श्रीपरमात्मनेनमः ॥

કૌતકમાળા અને બોધવચન

વાર્તા ૧ લી.

વાણિઆ મૂછ નીચી, તો કે સાડી સાતવાર નીચી.

અમદાવાદ શેહેરમાં બાંકિખાં નામે એક પઠાણ રેહેતો હતો. તેની સામેની પોળમાં તેના ઘરની સન્મૂખ છબિલદાસ કરીને એક વાણિઆનું ઘર હતું. છબિલદાસ રોજ સવારમાં ઉઠી બારીએ બેશી દાતણ કરતો. દાતણ કર્યા પછી મોઢું ધોઇ મૂછના વાળ વાળીને ઊંચા કરવાની તેને ટેવ હતી. એક વખત પ્રાતઃકાળે બાંકિખાં ખુશ મિજાજમાં હિંચોળા ખાટપર બેઠો હતો, અને નોકરો ઝૂલાવતા હતા; તેવામાં છબિલદાસ સામી બારીએ પોતાની મૂછના વાળ ઊંચા કરી મરડતો તેની નજરે પડ્યો. બાંકિખાંથી આ સહન થઇ શક્યું નહિ તેથી એકદમ મિજાજ ખોઇ બોલ્યો, "અબે, બનિઆ,

તુમ હમારી સામે બૈઠકર મૂછ ઊંચી કરકે મરોડતા હૈ, સો બડી બેઅદબી કરતા હૈ! તુમ બનિએકી ક્યા ઓકાત કે હમ પઠાણ લોગકે સામને મૂછ ઊંચી કરે મરોડતા હૈ! યાદ રખ તેરી પૂરી કમબખ્તિ આઈ હૈ!

છબિલદાસ આ સાંભળીને વિચારવા લાગ્યો કે, હું મૂછ મરડું છું, તેમાં એના બાપનું શું બગડે છે, તેને કાંઈ તોટો-નુકસાન નથી, તેમ છતાં એનાથી કેમ સહન થઈ શકતું નથી! પઠાણ કોઈ ચડાઉ માણસ જણાય છે. માટે બરાબર યુક્તિથી એનો મરડ બેસાડી દઉં, તોજ હું ખરો. આવો મનસૂબો કરી પઠાણને:—

છબિલદાસ—કેમ ખાંસાહેબ, આટલા બધા ગુસ્સે શા સાર થાઓછો? શું તમે કાંઈ મૂલકના હાકેમ બાકેમ છો કે તમારી સામે બેશી મૂછ મરડી તે બેઅદબી થઈ! તમે મારી શું કમબખ્તિ કરી નાખો એમ છો?

પઠાણ—અલબત, મૈં મેરા ઘરકે આગે હાકેમ હૈં. જાસ્તી જબાન કરેગા, તો ફોજ જમા કરકે તેરા ઘરબાર લૂટા દૈંગા.

વાણિઓ—તે! શું? તમને માણસ ભેગાં કરતાં આવડેછે, અને બીજાને નહિ આવડતા હોય?

પઠાણ—અચ્છા! જબ તેરી મરજી સામને હોનેકી હૈ તો તૈયારીમેં રહેના. લેકિન યાદ રખ, તેરી મૂછનો ઊંચી રખને ન દૈંગા!!

આ પ્રમાણે જુસ્તેજો ચાલ્યા પછી, પઠાણેતો લડાઈ કરવાના હેતુથી લાગલાંજ માણસો રાખવા માંડ્યાં, અને

તેઓના પગાર ચાલતા કર્યા. વાણિઆ ભાઇતો બારીએ બેઠી એવા તડાકા મારેકે, આજ પચીશ આરબ રાખ્યા છે, કાલે ખંભાતથી પચાશ મકરાણીઓ આવશે; *ઓખામાંથી વાઘેરનું સો માણસ ચાલી ચૂક્યું છે, તે સાત આઠ દિવસમાં આવી ખડું થશે; બસેં માણસ મીઆણાનું મોકલવા માટે વેરા મહિવરને લખવામાં આવ્યું છે; પચાશ મરાઠાઓને વડોદરેથી બોલાવ્યા છે; તેમજ પુરબીઆ અને સીદી લોકો પણ આવી પહોંચવાના છે. આવી જાતના ડંફાસ સાંભળી પઠાણેતો તેમાથી બમણાં +ત્રમણાં માણસ રાખ્યાં, તેથી પગાર તથા ભથું આપવામાં વાડી, વજીફા તથા ઘરબાર, મૂકાઇ ગયાં. આવી રીતે પઠાણ દશ પંદર હજારના ખાડામાં ઉતર્યો જોઇ, વાણિઆએ તે સંબંધિ વાતચીત બંધ કરી નિરાંતથી રહેવા માંડ્યું.

મહિનો એક થયો ત્યારે પઠાણ અકળાઇને બોલ્યો કે, અબે કમજાત બનિઆ! મૂછ ઊંચી કરકે હમારી સામને બેઠતાથા તો અબ આજા લડનેકુ, દેખ! તેરી કેસી કમબખ્તિ કરતા હગેં!

વાણિઆએ મનમાં હસીને કહ્યું, "નારે, ખાન સાહેબ, આપના સામા અમારે લડવાની વાત હોય! આપતો અમારા પાડોશીને બેગા રહીએ તે ભાઇ જેવા! આપતો મોટા સરદાર છો, તેના સામું લડવાનું વાણિઆનું ગજું હોય નહિ."

---

* ઓખામંડળ પ્રાંત કાઠીઆવાડમાં છેતે. +ત્રણ ગણાં.

પઠાણે ફૂલાઇને કહ્યું, **"તદ કરદે બનિઆ તેરી મૂછ નીચી!"** **"એકવાર મૂછ નીચી તો નીચી શું! પણ સાડી સાતવાર નીચી."** વાણિઆએ આ પ્રમાણે બોલી પોતાની મૂછ હાથે વતી નીચી કરી નાંખી.

ખાવું પીવું, હરવું ફરવું, તથા શરીરની ફુટડાઇ વિગરે રાખવામાં દુનિઆમાં સર્વ મનુષ્યોને સરખો હક છે, તેમ છતાં એવા પણ કેટલાંક મનુષ્યો છેકે જેમને પોતાના કૂળ ગૌરવના અભિમાનને લીધે બીજા માણસોનો સ્વતંત્ર વૈભવ જોઇ આંખમાં રાઇ મરચાં પડ્યા જેવું થાય છે; તેવાઓને ચતૂર પુરૂષો પોતાનાજ ખરચે તેમની ભૂલ સૂઝાડે છે, એવો ચિતાર આ વાત બરાબર રીતે આપે છે.

વાર્તા ૨ ૭.

ભેંસ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ!!

કાઠિઆવાડના એક ગામમાં પાંચો કરીને પટેલ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ ફૂલાં હતું. તે એક દિવસ પાણી ભરવા જતી હતી, તેવામાં પાદરે પરદેશી ભેંસોનું *ટાંડું વેચવા આવેલું દીઠું. ગામના ઘણા લોકો ભેંસો વેચાતી લઇ જતા હતા. તે જોઇ ફૂલાં પટલેણને પણ એક ભેંસ ખરીદવાની ઘણી ઉત્કંઠા થઇ, તેથી ઘેર આવીને પોતાના ધણીને

---

* વેચાઉ ભેંસનું ટોળું.

કહેવા લાગી.

ફૂલાં—હાંભળશોછો કે? પાદરે ભેંહનું ટાંકુ આવ્યું સે, તેમાંથી એક હા-આં-રી ભેંસ લઇ આવો. ઘણા દી થયાં ફૂઝણુ વગર છાહ પાણીએ ફુછી રાીએ તે હૂજતું નથી?

પાંચો—હૂજતું તે એમ નથી. ઘણુંએ હૂજે છે. મારા ભૈ અને બુનનાં સોકરાંની આંખમાં છાહ વગર ફૂલાં પડી જીઆંસે તે ભેંહતો લેવાનોજ સું તો. તું તેમને છાહ જાડી રોડ જેવી આપજે હો.

ફૂલાં—બાધી-જાડી રોડ જેવી!! ભેંહની *ટાઇ બધી હું કરી મરૂં! તે! મારા ભૈનાં સોકરાં ક્યાં નથી જે હું તેમને આપું! જમવામાં જગલો અને કૂટવામાં ભગલો!

પાંચો—અરે રાંડ! એમ કરેતો માર્યા વગર ન મેલું.

ફૂલાં—લે! માર જોઇએ કેવો મારે છે? (એમ કહી બે ચાર ગાળો દીધી.)

આથી પાંચાને ઘણોજ ક્રોધ ચડયો, અને એકદમ પાસે પડેલો પરોણો લઇ ફૂલાંબાઇનો વાંસો હલકો કર્યો. ફુલાંએ અતિશય રો કકળ કરવા માંડયું, તેથી આડોશી પાડોશી ધાઇ આવ્યાં. તેમણે તજવીજ કરીતો માલૂમ પડયું કે ભેંસ વેચાતી લેવી છે તેની છાશ કોને આપવી અને કોને ન આપવી એ બાબતની તકરારથી આ કજીઓ ઉભો થયો છે. આ સઘળો તમાસો ચતુરદાસ કરીને એક વાણિઓ છેટે રહી જોતો હતો,

---

* બરદાસ્ત.

૧૨

તેણે જેસબ્બર આવીને પટેલ અને પટલેણને કહ્યું, "અલ્યા ઓ! તમારી ભેંસે મારા ઘરની વંડીને માથુ મારી પાડી નાંખી, તે દુરસ્ત કરી જાઓ, પછી કજિઆ કરજો." તેઓએ જવાબ દીધોકે "અમારે ભેંસજ ક્યાં છે કે તમારી વંડી પાડે!" ચતુરદાસે કહ્યું, "ત્યારે ભેંસ ભાગોળે, છાસ છાગોળે, અને ઘેર ધમાધમ" શું માંડી બેઠાંછો"!! એ સાંભળીને પટેલ તથા પટલાણી બંને ઘણાં શરમીંદાં થઇ ચૂપ રહ્યાં.

વગર કારણે સહેજ વાત પરથી મોટો કજિઆ કરે છે તેને પાછળથી કેટલું શરમાવું પડે છે, તેનો ખ્યાલ ઉપરની વાતપરથી આવશે. માટે સહેજ વાત પરથી કદાપિ કજિઆનું રૂપ આપવું નહીં.

વાર્તા ૩ ૭.

બંદાતો ઝબોલ ઝબોલ કે ખાય!!!

સેખ હુસેન નામે એક મૂસલમાન પરગામ જવા નિકળ્યો. માર્ગમાં જતાં એક તળાવની પાળ ઉપર ઉગેલા એકજાંજાવરે વડની સારી ઘટા જોઇ, ઉન્હાળાના દિવસ હતા, તેથી તે વડની છાયામાં વિશ્રાંતી લેવાની તેને ઇચ્છા થઇ, ને એક લૂગડું પાથરી સૂતો. એવામાં એક બીજો મૂસલમાન ત્યાં આવી ચડ્યો. તેણે પણ તેની જોડે આરામ લેવા માંડ્યો.

માથે વડની ગંભીર છાયા આવી રહી છે, પવનની લેહે-રોથી હાલતાં પાંદડાં પંખાની ગરજ સારે છે, સામે આવેલાં તળાવના સ્વચ્છ પાણીના તરંગોપર સૂર્યના પડતાં કિરણોથી એક ખાસ તરેહનું તેજ આંખને આનંદ આપે છે ! આવા વૈભવથી મિઆં ભાઈ તાનમાં આવી ગયા. મૂળ મિઆંભાઈને ભાંગ પીધી' તે મિસાલે મિઆંને આવા કુદરતી અનુપમ સુખ અને સૌંદર્યનો નિશો ચઢ્યો, તેથી બોલી ઉઠ્યા કે, ખુદાકી કુદરત ઔર હૈ"! ઓ પલમેં ચાહે સો કર શકે. રાજાકું રંક ઔર રંકકું રાજા; ફકીરકું અમીર તો અમીરકુ ફકીર બનાતા, તો દુસરા ક્યા ન કર શકે ! સબ ચાહે સો કરનેવાલા ઓ હીજહે. ખુદાકી ઐસી મરજી હો જાવે, કે ઇસ બડકે જો પત્તેહૈ, સો રોટી બનજાવે; ઔર તલાવકા પાની હૈ, સો ઘી હોવેતો બંદાતો ઝબોલ ઝબોલ કે ખાય" !!! આ સાંભળીને બીજો મૂસલમાન પડખે સૂતો હતો તે બોલ્યો, "ક્યા બાત કરતાહ, મૈભી ઇસ બડકી નીચે બૈઠાં હૈં તો મેરાભી હિસ્સાહૈ. જૈસા બડ ઔર તલાવપર તુમેરા હકહૈ વૈસા મેરાભી હૈ."

પેહેલા મૂસલમાને કહ્યું, "સચ્ચ ભાઇ, તેરા ભાગ અકબરકી મહોર જૈસા"! બીજો મૂસલાન બોલ્યો, "તબતો અચ્છા, લેકિન ઝબોલ ઝબોલ કે ખાનેકી બાત કરતા હૈ વો મેરેકું પસંદ નહિ. ક્યા ? સબ એકદમ ફના કરનેકાહૈ ! ઐસી લફાલફ તો તેરા બાપુકે વાં ! ! ઇધરતો ટુકડા રોટીકા ઔર ઉપર ઘીકા છાંટા લેકે ખાના હોયતો ખા"!!

પેહેલા મૂસલમાને કહ્યું, "અબે ઓ બેવકૂફ! ક્યા ઘી રો-

ટીકા કુચ્છ પૈસેતો થોડેજ દીયેહૈ, મુફતમે મિલે તો કાયકું ઝબોલ ઝબોલ કે ન આવે. મેતો હમસે બી જાદા લગેંગા. દેનેવાલાતો ખુદાહે, તેરા બાપુને તો થોડાજ દીયા હૈ"!

બીજો મૂસલમાન મોડાઇને બોલ્યો, "કયુંરે હેવાન! મુંહ સમાલકે બોલ. મેરેકું તુ પીછાનતા ન હોગા? મૈં સબસે ઔરહેં"!

"તુમ જૈસાતો મૈને બહુત દેખેહૈ. તેરે જૈસે તીનકું એકદમ મારશકું એસા હૈ," આ પ્રમાણે સેખહુસેન બોલતો હતો, તેવામાં કેટલાક વટેમાર્ગુ ત્યાં એકઠા થઇ ગયા; તેમણે તેઓની લડાઇનું કારણ પૂછ્યું, તો માલૂમ પડ્યું કે બેઉ મિઆં હવાઇ કિલ્લા બાંધી લડવાની તૈઆરી કરે છે, તેથી તેમને સમજાવી છૂટા પાડ્યા.

આ વાતનો હેતુ ઉપરની વાતને મળતોજ આવે છે.

વાર્તા ૪ થી.

પાલીકી પચાશ કીજીએ, દોદો બિચ એકેકી દીજીએ;
ખાયખાય, ઔર દુસરી ગાંઠ બાંધકર લે જાય!!

ભરુચ શહેરમાં એક દોલતખાં નામે ઉંચા ખાનદાન પણ ગરિબ સ્થિતિનો મુસલમાન રહેતો હતો. તેને મહિને પાંચ રુપિઆનો પગાર હોઇ ને બીબીના રેંટીઆ પૂણીની મદદથી પણ બહુ મૂશ્કેલીથી તે પોતાનો સંસાર ચલાવતો તેને એક

છોકરો હતો, તેની સાદીનો વખત આવ્યો, ત્યારે બીબીને, વિચાર થયોકે, આપણી પાસેતો હાલ દમડી પણ નથી; ઉટલું અગાઉના વખતનું કરજ છે, તો હવે આપણને ધીરશે પણ કોણ? શાદી ઉપર પાંચ પચીશ સગાં જે આવશે, તેમને ખવરાવવું જોઇશે; તે ક્યાંથી લાવીશું ને શું ખવરાવીશું? આ પ્રમાણે બીબી અફસોસ કરતી ફિક્રે ચેહેરે બેઠી હતી તેનું કારણ મીંઆંએ પૂછવાથી કહ્યું કે, "લડકેકી શાદી કે વાસ્તે કુચ્છ તૈયારી કીઇ હૈકે નહીં? ઘરમેંતો દમડી પણ નહિ હૈ. સગેવહાલે સો પોનોસો આદમી હોંગે, ઉસકું બોલાકર ખીલાના પડેગા, ઉસકા કુછ બંદોબસ્ત કીયા?

મિઆંએ ઉત્તર આપ્યો, "મેરી જાન, તુમ કાયકુ ફિકર કરતી હે, મૈ પાલી ઘેહું બજારમેંસે લાઊંગા. ઉસકું પિસકે આટા ઔર આટેકી રોટી બનાના; સો સગેકું ખાનેકું બોલાના. ઔરફીર "પાલીકી પચાશ કીજીએ દોદો બિચ એકેકી દીજીએ, ખાય ખાય, ઔર દુસરી ગાંઠ બાંધકર લે જાય"!!

બીબીએ કહ્યું, "ખાય એતો ઠીક લેકિન ગાંઠ બાંધકર લે જાય એતો શાદીકિ લૂંટ"!

મિયાં બોલ્યા, "હમેરે ઊંવાંતો જદ શાદી હોતી હૈ, ઉસીવક્ત ઐસીહિ લૂંટ ચલતીહૈ!"

મિઆં ભાઇતો બજારમાંથી એક પાલી ઘહું લઇ આવ્યા. તેનો બીબીએ આટો કરીને પચાશ પાતળી રોટલી બનાવી; સો સગાને જમવા નોતર્યાં. તેમને પંગતમાં બેસાડી બબ્બે વચ્ચે

એકેકી રોટલી આપી દીધી. કેટલાકે ખાધી, અને કેટલાકે મિઆંના માન ખાતર "ભૂખ નહીંહે," એમ કહી ગાંઠ બાંધીને લઈ ગયા.

રોટલીઓ તમામ ખપી ગઈ, અને મિઆં ભૂખ્યાડાંસ થઈ ગયા હતા; આંખો ઊંડી ગઈ હતી અને એક તરફ છોકરાએ રોવા માંડયું કે, "મનેતો રોટલી મળીજ નહિ, હુંતો ભૂખ્યો રહી ગયો," તેથી મિઆં બાઇ ગુસ્સો આણી બોલ્યા, "હમ ઘરકે આદમીતો શાદીકી ઝકુમમેં પડેથે, મગર પાડોશીભી કૈસા બેરેહેમ કે લડકેકુ રોટીકા ટુકડાભી ન દીયા !

આમ પાડોસીપર રીસ ઉતારી, બીજો આટો લાવી ઘરનાં માણસે ખાધું.

પૈસા વગરના ગરીબ માણસ પોતાનો વ્યવહાર કરકસરથી કેવી હાલતમાં ચલાવે છે, ને કેવો આનંદ માની લેછે તેનો ચિતાર ઉપરની વાત બતાવી આપેછે.

વાર્તા ૫ મી.

વાવડી[૧] ચસકી[૨].

વઢવાણ ગામમાં હજામની નાતમાં મોટું કારજ હતું, તે

---

૧ નાની વાત એટલે તુચ્છ કારથી વાવડી કહેલ છે.
૨ ખસી—મુળ જગાએથી ચાલી.

અવસરે ત્યાં એટલા બધા હજામનો જમાવ થયો હતો કે કહેવાની વાત નહિ. જ્યાં જોઇએ ત્યાં હજામજ હજામ! બજારમાં અને ગલીકૂંચી જ્યાં જઇએ, ત્યાં હજામજ નજરે પડે! ગામ બહાર જઇએ તો ત્યાં પણ ટોળે ટોળાં ઉભાંજ હોય! કેટલાક ગામના પાદરની વાવ પાસે બેઠા હતા, તેમાંથી એક જણે કહ્યું કે, આપણા ગામમાં વાવ નથી, તેથી પાણીનું ઘણું દુઃખ વેઠવું પડે છે. આ વાવ કોઈ પણ પ્રકારે આપણા ગામમાં લઇ જઇએ, તો એ સંકટમાંથી ઉગરીએ. એ સાંભળી એક દોઢડાહ્યો પેહેલો હજામ બોલી ઉઠ્યો.—

પહેલો હજામ—ઓહો!! એમાં તે શું! આતો નાનીશી વાવડી છે, એના શા ભાર છે, તમે બધા એક સંપ થઈ લઇ જવા ધારો તો લઇ જઈ શકાય. એકલા હનમાનજી મોટો પર્વત ઉપાડીને લંકા સુધી લઈ ગયા હતા, તો આપણે આટલાં બધાં માણસ મળીને આટલી નાની વાવડી કેમ નહિ લઇ જઇ શકીએ!!

બીજો હજામ—એ બધી ડહાપણની વાતો આવડે છે, પણ લઇજવી શી રીતે તે કાંઈ ધાર્યું! પ્રથમ પલાળ્યાં વગર કાંઇ મુંડાવાનું છે!!

ત્રીજો—દોરડાં ગામમાંથી વેચાતાં લાવો, એટલે પછી લઇ જતાં વાર શી?

ચોથો—દોરડાં વેચાતાં લાવવાનું કહોછો, પણ કયો કમીનો દીકરો પૈસા આપવા તૈયાર છે? આતો હાથ મેહેનતે

વગર પૈસે થતું હોય તો કરો !

પાંચમો—સાંભળો, સાંભળો, આપણી પાસે અસ્ત્રા તથા કાતરો તો છે. સૌ ભાઇડા બાઇડીઓના ચોટલા ચોટલી કાપી તેનાં દોરડાં બનાવીએ તો કેમ ! !

છઠ્ઠો—તમારી સૌની અક્કલ તો ગામ ગઇ છે ! એનું રાંઢવું (દોરડું) વણાય ક્યારે, અને આપણું કામ થાય ક્યારે ? માટે મારો મતતો એવો છે કે, આપણા બધાની પાઘડીઓ છોડી નાંખીને ગાંઠો વાળી સાંધીએ, એટલે લાંબું દોરડા જેવું બનશે, તે વાવના ટોડા સાથે બાંધી, બધા સાથે જોરભેર ખેંચતાણ કરીશું, તો વાવ જરૂર ખસશે !

છેલ્લાની વાત સૌ હજામને ગમી. સઘળાઓએ પોત પોતાની પાઘડીઓ છોડી નાંખી, એક બીજી સાથે ગાંઠો વાળીને લાંબા દોરડા જેવું કર્યું. તેને મધ્ય ભાગેથી વાવના ટોડામાં ભરાવી બે છેડેથી બધા હજામોએ ખેંચવા માંડ્યું, પણ વાવ તો ખશી નહિ; તેથી વધારે જોર કર્યું એટલે ચરરચ-રર અવાજ થયો, તે સાંભળી સૌ મોટે સાદે બોલી ઉઠ્યા, "વાવડી ચસકી, વાવડી ચસકી" ! ! "હમ મારાબાપા, હવે વધારે જોર કરીએ એટલે આગળ ચાલશે" ! ફરીથી વધારે જોર કરી ખેંચવા માંડ્યું એટલે પાઘડીઓના કપડાના સત્તર ઠેકાણેથી ચરરરર ચરરરર કટકા થઇ ગયા અને ભરરરરભુસ કરતાં હજામ ભાઇઓ એક ઉપર એક ધબોધબ પડ્યા ! ! કોઇનો હોઠ ભાંગ્યો, કોઇના પગમાંથી લોહી નીકળ્યું, કોઇનો વાંસો

છોલાયો, એ પ્રમાણે સર્વને થોડી થોડી ઇજા થઈ! આખર ઝંખવાણા પડી ચાલ્યા ગયા.

જે કમ અક્કલના માણસો અશક્ય કાર્ય કરવા પરિશ્રમ કરેછે તેનો શ્રમ નિષ્ફળ જાયછે, અને લોકોમાં હાંસી થાયછે.

વાર્તા ૬ ઠી.

કોણ કેહેછે *રાંપીનો ઘા ?

જામનગરમાં રેહેનાર પેમલા મોચીનું ઘર સરીઆન રસ્તાપર હોવાથી તેના ઘરનો ખૂણો શેરીને નાકે પડતો હતો. તેજ રસ્તો ગામના ઘણાં ખરાં ઢોરાં ઢાંખરોને જવા આવવાનો હતો.

એક ગીરની ભેંસ, શરીરે રૂષ્ટ પુષ્ટ, હાથીના કુંભસ્થળ સરખું માથું, વાંકડાં ગુચ્છળીઆળાં શિંગડાં ને પૂછડું ઉછાળતી, જાણે એક નાની સરખી હાથણી દારૂ પીને મસ્તીપર ચડેલી ચાલી આવતી હોય, એવો દેખાવ આપતી હતી. તેને આવતી અગર જતી જોઈ માણસો દૂર ખસી જતા, નાના છોકરાઓ શેરીઓમાં પેશી જતા, ને બીજા ઢોર ઢાંખરો પણ આઘા પાછા થઈ જતા હતા. આ મસ્તાની ભેંસને લોહીતો ચટકા ભરી રેહ્યું હતું. વઢ્ય યાતો વઢનાર આપ, એવી માગણી

---

* મોચીનું ચાંમડા ચિરવાનું હથિયાર

કરતી હોય, એમ તેની વર્તણુક કહી આપતી હતી. કોઇને માથું મારે, કોઇને પૂછડાની થપાટ લગાવે; કોઈની પાછળ પડી તેને હંફાવી નાખે, તો કોઇને વાંકી ડોક કરી વક્ર દૃષ્ટિથી તેના હાંજાં ગગડાવી નાખે. ભોગજોગે તેની જાતમાંનું કોઈ સામું મંડાય તો તે દેખાવ જૂદોજ થતો હતો. ગાયકવાડ સરકારમાં થતી હાથીઓની સાઠમારીથી પણ તે જોનારને ચડતી ગમત થતી. આવી રીતની તેની રીતભાતથી સૌ ઢોરાં ઢાંખર તેને જુએ કે ભયના માર્યા ગરીબડાં થઈ જુલમી રાજાની રૈયત મિસાલે ચૂપકીથી ચાલ્યા જતા હતા.

એ ભેંસને પેમલા મોચીના ઘરનો ખુણો હમેશાં ઘશીને આવવા જવાની ટેવ પડી હતી, તેથી તે ખુણો દર વખત પડી જતો હતો. આવી રીતે ગરીબ બિચારો પેમલો હમેશાં મેહેનત ને ખર્ચના બોજામાં આવી પડતો હતો. જ્યારે જ્યારે ભેંસ ખૂણો પાડતી પકડાય ત્યારે ત્યારે તેની લાકડી વિગેરેથી પૂજા કર્યા વિના છોડતો નહીં, પણ આ મસ્તાની ભેંસની ખૂરી આદત કોઈ પણ રીતે મટી નહીં. કહેવત છે કે "ટાઢ જાય રૂએ ને આદત જાય મૂએ"

એક વખત મોટે પરોઢીએ એ ભેંસ પેમુલાના ઘરના ખુણા સાથે પોતાનું શરીર ઘસવા લાગી, તેની પેમલાને ખબર પડી કે લાગલો બહાર આવ્યો, ને જોયું તો હમેશવાળી ભેંસ દીઠી. તેથી તેની આંખ ફાટી, લાલ ઘૂમ બની ગઈ, ભવાં ઊંચાં ચડી ગયાં, રગે રગે લોહી ઉછળવાથી રૂવાં ઉભાં થઈ આવ્યાં; ને એટલો બધો ક્રોધના આવેશમાં

આવી ગયો, કે એ વખત તેને કોઈ અટકાવવા જાયતો તેને પણ મારીને પોતાનો ધારેલો ઇરાદો પાર પાડે. ગુસ્સામાં ને ગુસ્સામાં ઘરમાં ગયો, કે તેની નજર રાંપીપર પડી, તેવીજ તે હાથમાં લઈ આંખના પલકારામાંતો બહાર આવ્યો. તેને જોઈ ભેંસે નાસવા માંડ્યું, પણ વધારે દૂર ગઈ નહીં, એટલામાંતો દોડતો જઇને જોરથી ઘા કર્યો, તેથી રાંપી ઊંડી ઉતરી ગઈ. પુષ્કળ લોહી નિકળવાથી ભેંસ લોહીલુહાણ થઈ રહી, ને બેશુદ્ધ થઈ ભોંય પડી. તે જોઇ પેમલો બોલ્યો, "હાશ! મારી ઘણા દિવસની દાઝ આજે હોલાઈ! હવે રાંડ મારા ખૂણા સામી નજર કરશેજ કેમ! જીવશે ત્યાં સુધી સંભારશે કે મોચી કાકા મળ્યા હતા!" આમ બોલી કાળજે ટાઢક કરી ઘરમાં જઇને સૂતો.

તે વખતે કોઈ રસ્તે આવતું જતું નહોતું એટલે આ વાત બીજા કોઇના જાણવામાં આવી નહીં. પણ સૂર્યોદય થતાં ભેંસની આસપાસ લોકોની ઠઠ જામી ગઈ. સૌ વિચારમાં પડ્યા કે આવી નિર્દય રીતે આ ભેંસને—મારનાર કોણ હશે? શા વાસ્તે મારી હશે? શાનો ઘા હશે? મારનારે કેમ કરીને ખોળી કાઢવો? હવે આનું શું કરવું? એ બાબત સર્વે પોત પોતાની બુદ્ધિ પ્રમાણે તર્ક દોડાવવા લાગ્યા. સૌથી હજામ અદક જીભો કહેવાય છે. તે હજારો માણસમાં છૂપો રહેતો નથી, એ પ્રમાણે અહીં પણ એક હજામ સૌથી ઉતાવળો થઈ પહેલ વહેલો બોલી ઉઠ્યો:—

હજામ—આતો કોઈ ધંધા વિનાના રખડાઉ માણસનું

કામ જણાય છે. બિચારી ભેંસને આ રીતે મારવાથી તેને શું લાભ મળ્યો હશે! ધુળ? પણ **"નવરો હજામ પાડા મૂંડે"** તે પ્રમાણે માત્ર હાથની ચળ ઉતારી લાગેછે.; માટે તેવા નવરા —ધંધા વગરના—રખડાઉ માણસની તપાસ કરવી જોઇએ.

વાણિઓ—અરે ! તુંતો અક્કલમાં હજામ જેવો લાગે છે! નવરો હોય તેજ મારે એમ કાંઈ નિયમ નથી. મારનારને કાંઈ પણ સ્વાર્થ હોવો જોઇએ. **"લોભે લોભેવાણિઓ તણાય"** તેનો તો કાંઈ ખ્યાલ કરો; સ્વાર્થ વગર આ અબોલ પ્રાણીને મારી મહા પાપનું કામ શા માટે કરે?

છીપો—એમ પણ નહીં, ને એમ પણ નહી. **"કાંઇક રંગ દોષ ને કાંઇક પોત દોષ"** એ બંને હોય. આમાં કાંઇક ભેંસનો વાંક હશે ને કાંઇક મારનારનો પણ હશે. હવે વિચાર કરોકે શું વાંક હોવો જોઇએ, તો પછી મારનાર તરત જણાઈ આવશે.

જોશી—તમે બધા હવે એ ગઈ ગુજરી વાતને સંભારીને શું કરવાના છો? મારા ભાઈ, જવાદોને. (કપાળે હાથ અડાડીને) જે બનનાર તે બન્યું. **"ગઈ તિથિતો જોશી પણ ન વાંચે."** ભેંસના લલાટમાં એને હાથે મરવું લખ્યું હશે તે મિથ્યા કેમ થાય. વિધાત્રીનાં લેખ તે ફરતા હશે!

પટેલ—તમે બધા હવે ઇમ કહોસો કે મારનાર ભલે મારી જીઓ, તેનું હું કામ છે? પણ ઇમતે હાલે! આમાંતે

હું છે ? પણ મારા બાપે ગધેડાનું પૂછડું પકડયું હતું, ને પાટુનોતો મે' વરહતો.તો તોપણ મૂક્યું નો'તું. માટે "લીધી વાત મૂચીએ તાણે ભાઇડા શીના ?" મારનાર ગોતી કાઢી પૂતરજીને * હેડમાં ઘલાવીએ, તાણેજ જાણે કે ભેંસ મારવામાં આટલો લાભછે ! ઇમ કીધા વિના પૂર્વજ પાણી પીએ ચ્યમ ?

ગવૈયો—અરે પટેલ, જરા ખામોશ તો રાખો, હજી મારનારને શોધવાની વાત મૂકી કોણે દીધી છે ? આ બેઠા છઇએજ શા સારૂં, ને માથાફોડ શેની કરીએ છીએ. આ "મારૂજ. (રાગ)"**ગવાયછે કે બીજું કાંઈ ! !**"

ઘાંચી—આ કામ કાંઈ ઉતાવળનું નથી. તેમ કરવાથી પત્તો લાગશે નહીં. પણ "**તેલ જુઓ, તેલની ધાર જુઓ.**" શાનો મારછે ને શાથી મારેલ છે ? એવી તજવીજ કરો એટલે મારનાર જણાઈ આવશે.

કંસારો—મારનાર તે કાંઈ રેઢો પડ્યો હશે કે તમારે હાથ આવશે ? એતો "**થાળી કુટીને રણુકો વાગીરહ્યો.**" ભેંસને મારીને તેની રાડ પડી, કે તરત તેતો ચાલ્યો ગયો હશે. હવે કેમ પકડાશે ?

કુંભાર—રહો, ભાઈ રહો, મારનાર હાથ આવશે કે નહિ તે આગળથી કેમ કહી શકાય. હજીતો "**ચાક ઉપર પીંડો છે**" શી ખબર "**ગોળો ઉતરે કે ગાગર**" તરતનું વાગેલું છે ને લોહી વહ્યું જાયછે, તો મારનાર કદાચ આટલામાંનો હોય

* કેદમાં

ને ઘરમાં સંતાઈ ગયો હોય; એમ પણ બને. માટે તજવીજ તો ચલાવે જવી.

કહિઆરો—એ મારનાર તમે આટલામાંનો ધારોછો તો કોઈ આડોસી પાડોસી એ બાબત કાંઈ ખબર આપે છે ? જ્યાં સુધી એ લોકો ખબર આપતા નથી ત્યાં સુધી પત્તો લાગવાની આશા રાખવી નહીં. **"વન પતાવ્યા વગર કે કુહાડી-માં હાથો ભળ્યા વગર"** કાંઈ થવાનું નહિ. જો માંહેનો એક માણસ પણ ખૂટે તો બની આવે.

દરજી—હા, ભાઈ, ખરી વાત. **"સોય કેડે દોરો"** જો એક જણ ખૂટ્યો તો બિજો આકૂડો પકડાશે. પણ સૌ પાડોશી એક સરખા થઈ ગયા લાગેછે. બિચારી ભેંસે તેમનું શું એ બગાડ્યું હશે, કે બધા મારનારના પક્ષમાં જઈ બેઠાછે, ને કોઈ બોલતુંએ નથી. અરે! આતો **"આભ ફાટયો ત્યાં હવે થીગડું ક્યાં દેવું!!!"** હવેતો ભેંસના નસીબ !!!

સુતાર—ભલેને બધા આડોશી પાડોશી એક સંપ થાય, તેમાં તેમનું શું વળવાનું છે ! હવેતો **"આડે લાકડે આડો વિંધ."** આપણે કરો દરબારમાં જાહેર એટલે બધા આડો-શી પાડોશીને પકડી જશે. પછી જે ખરો મારનાર હશે, તેનું નામ એની મેળે નિકળશે.

વાદી—એ વાત ખરીછે. અમસ્તા ભલે બધા આડા ચાલે, પણ દરબાર આગળ તેમ ચાલવાનું નથી. **"સર્પ બધે વાંકો ચાલેછે પણ દર આવ્યું ત્યાં પાંસરો"** સમજવો.

લુહાર—હવેતો એમજ કરવું તે વિના છૂટકો નથી. આ વાત દરબાર જશે, એટલે **"લોઢું અને લુહાર આપે ગળાશે"**. (દરબાર મારનારને શોધી કાઢશે અને મારનાર શોધાશે.)

મિઆં—હાં-આં- આં મૈંભી ઐસા ધારતાહું. ક્યું કે, ઘાતો કુછ માલૂમ હોતા નહિ. અબીતો દરબાર સબકું પકડકે **"આગુસેં લાત, ઔર પીછુસેં બાત"** ઐસા કરે, તબ સચ્ચી બાત માલૂમ હોયંગી.

સોની—હા, હા. મિંઆ સાહેબે જે વાત કહી તે બરાબર **"સોળ વાલને એક રતી"** છે.

રાંડીરાંડ બાઈ—અરે! ભાઇઓ, ત્યારે હવે જો તમે દરબારમાં જાહેર કરવાનું નક્કી ધાર્યું હોયતો શા માટે ઢીલ કરોછો? **"નાતરે જવું ત્યારે દિવસ શામાટે ગાળવા"**; હવે વાર કરવીજ નહીં.

વેશ્યા—ખરી વાત છે. તમે બધા આળસ મૂકીને જે કરવું હોય તે કરવા માડો. આ તમારી હાંસાતાંસીના સંવાદમાં જાહેર કરવું રહી જશે, ને પછી વખત થએથી સૌ સૌને ઘેર વેરાઈ જશે; તો પછી **"વેશ્યાનો દીકરો કોને બાપ કહેવા જાય"**! એમ થશે આ બિચારી ભેંસતો કોઇને કાંઈ કહેવા જઈ શકે એમ નથી.

સતવારો—એ બધું સાચું, પણ ભેંસ તો મરવાની તૈયારીમાં છે. આતો **"છેલ્લે ક્યારે પાણી પહોચ્યું છે**. હવે શું ધાર્યું!

ધોબી—એ વાત પણ સાચી. જો ભેંસને કંઇ થયું ને

મરી ગઇ, તો પછી **"ધોબીનો કૂતરો નહિ ઘરનો ને ઘાટનો"** થઇ રહેશે. પછી તમારી મરજી. મરેલ ભેંશને ચામડીઆ લઇ જઇ ચાંમડું ઉતારી લેશે, પછી ફરિઆદ કરવાથી દરબાર શું તપાસ કરશે; ને ભેંસને પાટા પીંડી પણ પછી શું થશે?

ખલાસી—શું, મારા ભાઇ, આતે કાંઇ **"મધ્ય દરિયામાં વહાણ છેકે એકે વાત સૂઝ નહીં!"** આતો ટૂંકું છે, કાંતો ફરિઆદ કરોકે અને કાંતોભેંસને પાટા પીંડી કરો?

વહોરો—દરબારમાં જાહેર કરવું એ કાંઇ ન્હાનું શુંનું કામ નથી, એતો ઉલટું **નિમાજ પઢતાં મસીદ કોટે પણ વળગે."** કેમકે પ્રથમતો ક્યારે, કયે ઠેકાણે, ભેંસ ભાળી; ને આટલી બધી વાર થઇ તોપણ જાહેર કેમ ન કર્યું, એજ પકડશે. પછીથી ચાલો બતાવો કોનાપર શક જાય છે!! એટલુંજ પૂછી બંધ પડશે એમ નહીં; પણ પછી જુબાની નોંધી લેશે: વળી ઉપલી કોર્ટમાં મોકલી આપશે; માટે જાહેર કરવામાં પણ ક્યાં સુખ બળ્યું છે!! એ વિચાર કરી જુઓતો માલૂમ પડે.

ભાંડ—મૂલ્લાંજીની વાતતો ખરી. હવે શું કામ બધા બેઠાછો? **"ચોરની માને પરણે ભાંડ,"** એમાં તમારે આવે શું અને જાય શું? તમારી કોઇની કે તમારા સગાંનીતો ભેંસ નથી? ભેંસનો ધણી તો હરામખોર આવ્યો નહિ, માટે પારકી ચેહમાં તે કોણ બળી મરશે?

સૂયાણી—અરે! રામ રામ! આતે તમારે કાંઇનિકાલ આણવો છેકે નહીં? એક જાહેર કરવાની હા કહે છે, ને

બીજો ના કહે છે. પણ કોઇનામાં ઉલટકે રામ આવતા નથી. જૂઓ ભાઇઓ ઘરડાઓ કહી ગયા છે, તે કેમ મિથ્યા હોય! **"ઝાઝી સૂયાણીએ વેતર વંઠે"** એમાં શક નથી.

આવું ચાનક આપનાર સૂયાણીનું બોલવું સાંભળી ભરવાડનું દૂધીઞં શૂરૂં લોહી ઉછળી આવ્યું તેથી—

ભરવાડ—તમારાથી મોઢાના ફડાકા મારવાનુંજ બનશે. આતો ધરમનું કામ છે, તો **"આયો વાળે તે ગોવાળ"** માટે તમારે કોઇને આવવા મરજી હોય, તો આવો મારી સાથે, હુંતો જાહેર કરવા જાઉંછું. અમને ઢોરાંની ફિકર હોય તેટલી બીજા કોને હોય! જો મારી ભેંસને બીજા કોઇએ આમ કર્યું હોય, તો હુંતો, ત્યાંને ત્યાંજ ડાંગો વતી ઠેર કરી નાખું!

આ પ્રમાણે સર્વ તરફથી અભિપ્રાય આપવામાં આવ્યો. પણ શેનો ઘા, અને મારનાર કોણ, એ કાંઇ માલૂમ પડી શક્યું નહીં. ફક્ત ઘણા મતથી દરબારમાં જાહેર કરવાનું નક્કી થયું. એ કામ કરવા પહેલ કરી ભરવાડે માથે લીધેલું હતું, તેથી તે સારૂ તૈયાર થઇ જતો હતો. તેવામાં હથિઆર બાંધનાર કાંટીઆ વર્ણના જૂદી જૂદી જાતના માણસો આવી પહોંચવાથી તેમણે ભરવાડને રોક્યો, અને ઘાની તપાસ કરવા માંડી.

જમાદાર—આતો ઘા વાંકો છે, ને તે જમૈયા જેવો લાગે છે, માટે કોઇ આરબે ભેંસને મારેલ હશે.

સીદી—એમ હોય નહિં. બીખ ઉઘરાવનારા બાવા

કરવા સારૂ લાંબી છરીઓ રાખે છે, તે છરી મારીને માંહે હુલાવી લાગે છે તેથી ઘા પોળો થઇ ગયો છે.

ગરાસીઓ—તમને બધાને અફીણ ઉતરી ગયું હશે. તેથી બરાબર સૂઝતું નહિ હોય. એતો ફરશીનો ઘા લાગે છે. માટે કોઇપણ રજપૂતનું કામ હશે.

ઘાની બાબતમાં પણ નિર્ણય થયો નહિ ને આમ ભિન્ન ભિન્ન મત પડ્યા. તેવામાં એક ઘરડો માળી આવી પહોંચ્યો, તેણે ભેંસ જોઇને કહ્યું કે, ભાઇઓ તમે બધા માનો કે ન માનો, પણ આ ભેંસે બાગમાં બિગાડ કર્યો હશે, તેથી બાગવાને [1]ખરપડી મારેલ જણાય છે. આ ઘા જોતાંજ કહી આપે છે, કે તે ખરપડીનો ઘા છે." આવું નવાઇ જેવું નામ સાંભળી લોકોએ પૂછ્યું કે, "ખરપડી તે શું ને શા કામની હોય છે?" માળીએ કહ્યું, વાડીમાંથી ઘાસ ઉખાડવાની મોચીની રાંપી જેવી થાય છે તેને ખરપડી કહે છે.

આ તમામ વાત પેમલો મોચી માણસોનાં ટોળાં પછવાડે ઉભો રહી સાંભળતો હતો. તેની છાતી થડક થડક થતી હતી, પગ થર થર ધૂજતા હતા, ને મોઢાનો ચેહેરો ફિક્કો પડી ગયો હતો. પણ મનમાં હિમ્મત રાખી કાંઇપણ બોલ્યા વગર ચૂપ રહ્યો હતો. તેવામાં માળીના મ્હોમાંથી નિકળેલ "મોચી" અને "રાંપી" એ શબ્દો તેના કાનપર આવતાં, તે ગભરાઇ

---

૧ ખરપડીને કોઇ ખરપીઓ અથવા ખરપીઉં પણ કહે છે.

ગયો, હોશ કોષ ઉડી ગયા, પાપી અંતઃકરણ પીગળી ગયું, હિંમત હટી ગઈ, ગુન્હાથી ઘેરાએલ પેમલો મોચી માણસોના ટોળા વચ્ચે આવ્યો, ને અનાયાસે તાણીને બોલાયું કે "કોણ કેહે છે રાંપીનો ઘા?" આ સાંભળતાં સર્વેના મનમાં આવ્યું કે, ભેંસને થએલો ઘા રાંપીનો છે, ને તે મારનાર પેમલો મોચીજ હોવો જોઇએ. આ વાતની તેના પગ, છાતી ને ચહેરાના દેખાવે પૂરતી સાબિતી કરી આપી. આખરે તેણે પણ કબુલ કરી દીધું.

આ વાતનો હેતુ એ છે કે ગુન્હા ભરેલાં પાપી કર્મ છૂપાવ્યાં છૂપાં રહી શકતાં નથી. પણ વખતપર અનાયાસે, કૃત્ય કરનારના પોતાના હાથથીજ ઉઘાડાં પડી જાય છે. તેવા પ્રસંગમાં "કોણ કહે છે રાંપીનો ઘા," એ કહેવત વપરાય છે.

વાર્તા ૭ મી.

એક જાલેમેં સો સાપ દેખા!!

એક ફસ્કુ નામનો મૂસલમાન પોતાનાં બે ચાર હિંદુ દોસ્તો સાથે પરગામ જવા નિકળ્યો. જતાં જતાં માર્ગમાં એક નદી આવી ત્યાં સૌ વિસામો લેવાનું બેઠા. ફસ્કુ મિઆંને કુદરતી હાજત લાગવાથી થોડે દૂર એક જાળા આગળ જઇને બેઠો, તેવામાં જાળાની અંદર કંઈ જરા ખડખડાટ થયો, તેથી મિઆં ભાઇની છાતી દરમ્યાન રહી નહિ; ઉઠીને દોડતો દો-

ડતો શ્વાસોશ્વાસ થતો પોતાના ભાઈબંધો બેઠા હતા, ત્યાં આગળ આવીને ઉભો. શરીર હાંફતું તથા હોષકોશ ઉડી ગએલા જોઇ ફસ્કુને તેના દોસ્તદારોએ પુછ્યું, "કેમ દોસ્ત," આટલા બધા હાંફોછો શા માટે? અને શા કારણે આટલું બધું દોડવું પડયું?

ફસ્કુ—અરે યારો! ખુદાને બડી મેર ગુજારી, નહિતો હમતો કબકે ઘોરમેં પહુંચનેકે લાયક હો ગયે હોતે!

દોસ્તો—એવું તે શું હતું! તે તો કહો?

ફસ્કુ—મૈં બેઠાથા વાં નજીક **"એક જાલેમેં સો સાપ દેખા"!!!** મૈં થા સો છાતી ઠોકકર ઈહા તક આયા; દુસરા કોઇ હોતા તો વાંહીજ ગીર પડતા!!!

દોસ્તો—અંહહહ!! જબરી તોપ! નવાઇની વાત. એક જાળાની નાની સરખી જગામાં એટલા બધા? અમે એ વાત માની શકતા નથી. કારણ કે એતો "બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી," એના જેવું થયું. ફસ્કુ (દોસ્તોની ખરીવાત લાગવાથી મનમાં વિચાર કરી)—સો સાપ તુમકો જાસ્તી લગતે હે તો પચાશ સાઠ તો હોવેંગેજ હોયેગે. ઇસમે ક્યા બડી બાત હે!

દોસ્તો—એટલાં પણ હોય નહિ, માટે ખરે ખરૂં કહો.

ફસ્કુ (જરા વિચારીને)—તોબાહ અલ્લા! બીસ પચીસ તો જરૂર થેજ થે.

દોસ્તો—મેહેરબાન, તમે જોયા હોય તેટલા નક્કી કહી

દોને? આ વાત ઘણી અસંભવિત લાગે છે.

ફસ્કુ-(મનમાં આતો મોટો ગુંચવાડો થયો હવે શું કહેવું!) પાંચ સાત તો બેશક હોનેવાલા ઇસમેં કુછ જૂઠ નહિ હે.

દોસ્તો—હજી ખરીવાત મનાતી નથી, માટેસાચું બોલીદો.

ફસ્કુ—તબ એકતો હોનાહી ચાઇએ!

દોસ્તો—એક હોવો જોઇએ કે નહિ, તે અમે પૂછતા નથી. તમે તમારી નજરે કેટલા સાપ દીઠા હતા, તે કહો?

ફસ્કુ (કાયર થઇને)— આંખુસેં તો મૈંને એકભી નહિ દેખા, મગર જાલમેં કુછ ખડખડ ભડભડ હુવા તબ મેરેકું અંદેશા લગા કે ઉસમે સાપ હોગા.

દોસ્તો—(ખડખડ હશી પડીને) તો મારા ભાઇ પહેલેથીજ ખરેખરૂં કેમ ન કહ્યું! આવા હિંમતવાન છો તો આગળ મુસાફરીમાં શું ધાડ મારશો! સર્વે જણા ત્યાંથી ઉઠી આગળ ચાલ્યા.

બીકણ માણસો કલ્પિત ભયથી ચોંકીને ખરી તપાસ કર્યા સિવાય ખોટી ખોટી વાતો ચલાવે છે, તેઓ પોતે એવા ખોટા વહેમથી દુઃખી થાયછે એટલુંજ નહિ પણ બીજાઓના મનમાં પણ ખોટો વહેમ ઠસાવે છે. આપણા દેશમાં આવા ભોળા ભડકણ માણસોના દાખલાપર દાખલા જોવામાં આવે છે. માટે માણસ માત્રે અનુમાનથી બોલવાની ટેવ નહિ રાખતાં ખરેખરી તપાસ કર્યા બાદ સાચી વાત કહેવાની ટેવ

રાખવી, નહીંતો જાહેરમાં ગપી તરીકે ગણાઇ વિશ્વાસભંગ થાય છે.

વાર્તા ૮ મી.

મૂઆની આળસે જીવનાર એદીઓ.

અગાઉના કાળમાં દિલ્લીનો બાદશાહ એક સમયે નગરમાં ફરવા નિકળ્યો હતો. તેવામાં એક મોટા ચોક આગળ ચીંથરે હાલ ત્રણ માણસો જોયા. પોતાના હાથ હલાવવાની આળસે તેમનાપર માખીઓ એટલી બધી એકઠી થઇ હતી કે જાણે તે માખીઓની એક તળાઇ બની હોય! બાદશાહને તજવીજ કરતાં માલમ પડ્યું કે એ ત્રણે શખ્સો એદી છે; તેઓ કાંઇ પણ ઉદ્યમ કરતા નથી; કોઇ ખાવાનું લાવે ને મોંમાં મૂકે તોપણ મોજમાં આવે તો મોઢું હલાવી ખાય, નહીંતો પડ્યું રહે. આવી પોતાના જાન તરફની બેદરકારી ને તદન નીચ આળસાઇ માટે બાદશાહને તેમનાપર ક્રોધતો ઘણો આવ્યો, પણ આખર દયા પ્રબળ થઇ એટલે તેમને માટે એક ઇલાયદું મકાન (એદીખાનું) મૂકરર કરી આપ્યું. તેમની ખોરાકી પોશાકી તથા બરદાસ કરનાર માણસ વગેરેનો બંદોબસ્ત રાજ તરફથી કરી આપ્યો, અને પોતાના કોટવાળને હુકમ કર્યો કે એવા કોઇ એદી જાણવામાં આવે તેને એ એદીખાનામાં રાખવો.

દુર્ભાગ્યે તેજ વર્ષમાં દુકાળ પડ્યો, તેથી ઘણાં માણ-

સૌને ગુજરાન ચલાવવાની પંચાતી પડી. કેટલાક ગરીબ અને આળસુની નજર બાદશાહે કરાવેલા એદીખાનાપર ગઈ. એદી બની એદીખાનામાં રહીએ તો રળવાના ઉચાટ મટે અને સારી રીતે ખાવાનું મળે એ લોભથી ઘણા ઢોંગ કરી તેમાં દાખલ થયા. એદીની સંખ્યા એટલી બધી વધી ગઈ કે એદીખાનાંના ખર્ચનો આંકડો મહિને હજારો રૂપિઆનો આવવા લાગ્યો. બાદશાહે વિચાર્યું કે હજીતો દુકાળની શરૂઆતછે તેમાં આટલું બધું ખર્ચ થાય છે,તો આગળ જતાં તો લાખે લખાં થશે માટે વેળાસર ઉપાય થાયતો સારૂ. એમ ધારી પોતાના અક્કલમંદ વજીરને બોલાવી કહ્યું કે ખરા એદી હોય તેટલાજ ફક્ત એદીખાનામાં રહે ને બાકીના નીકળી જાય એવી યુક્તિ કરવી જોઇએ. વજીરે ઉત્તર આપ્યો, "બહુ સારૂ, સાહેબ." પછી વજીરેતો તેજ દિવસે એદીખાનાની ચોતરફ કાંટાના મોટા ઢગલા કરાવ્યા. ફક્ત એક જગ્યાએ જવા આવવાનો રસ્તો રખાવ્યો.

બીજે દિવસે બાદશાહને લઈ વજીર એદીખાના આગળ આવ્યો, ને પોતાના માણસોને ફરમાવ્યું, કે આ કાંટાના ઢગલા તમામ સળગાવીદો. ડોળઘાલુ એદીઓતો એકપછીએક નાસવા લાગ્યા. કાંટા તમામ સળગી ઉઠતાં છાપરાને આંચ લાગી એટલે તે પણ બળવા માંડ્યું, એટલે વિચાર થયો કે હવે કોઇ અંદર રહ્યું છે કે નહિ, જો કોઇ રહ્યું હશે તો બળી મરશે અને આપને મહાહત્યા લાગશે; તેથી બાદશાહ અને વજીર બંને જોવા માટે અંદર ગયા; અને જોયુંતો ફક્ત પ્રથ-

મના ત્રણ એદીઓ લાંબા પડેલા છે! ને તેમાંનો એક માથા ઉપરનું છાપરૂં બળતું જોઇ કહે છે, "દેખોતો યારો કિસિકા મંદિર જલતા હૈ"!!!

બીજો એદી—નેન કોન પસારે!! (આંખ ઉઘાડીને જૂએ કોણ?)

ત્રિજોએદી—અરે! યાર, તેરેકુ બોલનેકીભી આળસ નહિ આતી!! બાદશાહ આ સાંભળી ચકિત થઇ ગયો ને વિચાર્યું કે છાપરૂં સળગેછે તો હવે તેમને બળી મરવાને કાંઈ ઉધારો નથી, તેમ છતાં આંખ ઉઘાડી જોતા નથી. એકતો ઉલટો એમ કહેછે કે બોલવાની પણ આળસ કેમ થતી નથી? ધિક્કાર છે તેમની જીંદગાનીને. બાદશાહે ત્યારબાદ તેમને બહાર કાઢી પૂછ્યું, "તમે શું સુખે જીવોછો? તમને બહાર કાઢ્યા નહિ હોતતો તમે બળી ન મરત?" એદીઓએ ઉત્તર દીધો, "**અમે મૂઆની આળસે જીવીએછીએ.**" કારણ કે અમે આળસુતો છીએ, એટલે મરવાની પણ આળસ થાય છે તેથીજ જીવીએ છીએ,! સિવાય જીવવાનું કારણ નથી!!

બાદશાહે દયાની ખાતર ત્રણે એદીને રાખવા હૂકમ કર્યો અને હવેથી નવા ડોળ ઘાલુ હરામની દાનતવાળાને દાખલ કરવાની કોટવાળને મના કીધી.

આ વાત પૂરેપૂરા નિરૂદ્યમી ને આળસુના દાખલા તરીકે વપરાય છે. જેઓ આળસુ છે તેઓ ઢોર જેટલા પણ મ-

નુષ્ય જાતને ઉપયોગી થઈ પડતા નથી, પણ ઓર દુનિઆને મોટા બોજા રૂપ થઈ પડે છે. તેમની જીંદગાની ધૂળધાણી, નીચ ને ખરાબ હાલતમાં ફિટકારને પાત્ર પસાર થાય છે.

વાર્તા ૯ મી.

બોરડી નીચે સૂતલો આળસુ બોર માગે છે!

એક ખરેખરો આળસુ બોરડી નીચે સૂતો હતો. પોતે હાથ લાંબો કરેતો લઇ શકે એટલે અંતરે થોડાં પાકાં બોર પડેલાં હતાં, તે ખાવાનીતો તે આળસુને ઘણી ઇચ્છા હતી, પણ લાંબો હાથ કરી ઉપાડી લેતો તેનું નામ આળસુ બાઇ ફેરવવુંજ પડે તો! રસ્તે આવનાર જનાર કોઇ મળેતો તેની પાસે બોર મ્હોંમાં નંખાવું એવા હેતુથી થોડીવાર ત્યાં પડી રહ્યો. એટલામાં એક માણસ જોરથી દોડતા ઊંટપર બેશી જતો હતો, તેને જોઇ:—

આળસુ—અરે ઊંટવાળા! જરા હેઠે ઉતરી, આ પાસે બોર પડ્યાં છે, તે મારા મ્હોંમાં નાખતો જાય, તો મોટી મહેરબાની!

ઉંટવાળો—ગરજવાનને અકલ ક્યાંથી હોય? ભલા આદમી વિચાર તો કર કે મારો ઊંટ જોરમાં દોડ્યો જાય છે, તેને ઉભો રાખું, બેસાડું, તે પરથી ઉતરૂં, તારી પાસે આવું, તારા મોંમાં બોર નાંખું, અને પાછો ઊંટપર સ્વાર થાઊં તો મારો કેટલો બધો વખત જાય? તે કરતાં જરાક તારો હાથ

લાંબો કરી બોર લઇ મ્હોમાં મૂકે તો તારે કોઇની ઓશિયાળ તો ભોગવવી ન પડે !

આળસુ—તું કોઇ ખડો એદી જણાય છે ! પોતાને ઊંટ પરથી ઉતરવું પડે તેટલા સારૂં મને મીઠું મીઠું બોલી સમજાવે છે. જા, ભાઇ, જા, તારા જેવા આળસુનું એ કામ નહિ ! ! !

ઊંટવાળાએ હસતાં હસતાં પોતાનો ઊંટ દોડાવી મૂકયો.

પોતાથી કામ થઇ શકે એમ છતાં બીજો તે કરીઆપે એવી ઇચ્છા રાખવી તે કેવળ મૂર્ખાઇ છે. વળી સામો ધણી આપણી ભૂલ બતાવે, તે ધ્યાનમાં ન લેતાં તેની અવગણના કરવી એ માત્ર દુઃખી થવાનુંજ લક્ષણ છે.

વાર્તા ૧૦ મી.

કંકોરીમાં કીરા પરા, સાબૂરી સરી ગઇ, લોખું ઉંદરો ખાઇ ગયા અને હુરબાઇને બગલા લઇ ગયા.

ખંભાતમાં રહેનાર આદમજી વહોરો મોટો વેપારી હતો. તે પોતે પરદેશથી ઘણો માલ મંગાવી વેચતો, તેમજ દેશાવરના વછીઆત લોકો મોટા જથ્થામાં માલ વેચવા લાવતા, તેપણ દલાલીની આશાએ ઝટ ખપાવી દેતો. એથી એની દેશ પરદેશમાં શાખ ઘણી વધી, ને મોટા મોટા વેપારીઓ એની

---

૧ ઉંદર.

મારફત માલ વેચવાને આવવા લાગ્યા. એક વખત દેશાવરથી એક વાણિઓ કંકોડી, લોઢું, અને સાબુ વેચવા સારૂ આવ્યો હતો. આદમજીએ ઘણા આદર સત્કારથી તેની બરદાસ કરી. તેણે આણેલો માલ ગુણ થાય એવી રીતે વેચી આપવાની ખાત્રી આપી. ગામના વેપારીઓને એકઠા કરી વછીઆતી માલ બતાવ્યો, પરંતુ તેની કિંમત તેમને અનુકૂળ ન આવી તેથી કાંઇ સોદો થયો નહિ. વેપારી માગતા હતા તે ભાવે આપે તો ઘણી ખોટ જાય માટે તે તેને પાલવ્યું નહિ, તેથી આદમજીને તમામ માલ સોંપી અમૂક સારો ભાવ ઉપજે, તે વખતે વેચી દેવાની તેને પરવાનગી આપી, તે વેપારી સ્વદેશ ગયો.

કેટલાક મહિના પછી કંકોડી સાબુ અને લોઢાના ભાવ વધી ગયા, તે વખત મુલ્લાંજીએ વાણિઆએ મૂકેલો તમામ માલ વેચી દીધો, અને રૂપિઆ ઉઘરાવી, તેનો માલિક આવે ત્યારે તેને આપવાનો વિચાર કરી ઘરમાં મૂક્યા.

પેલા દેશાવરીના વેપારીને ત્યાં નહિં અટકાવી શકાય એવી કેટલીક અડચણો આવવાથી કેટલાંએક વર્ષ સુધી પોતે આદમજીની પાસે મૂકી ગએલા માલની ખબર કાઢવા આવી શક્યો નહીં. આણી તરફ આદમજી વહોરાની દાનત બગડવા માંડી. તેના મનમાં વિચાર થયો કે માલધણીએ, આટલા બધા દિવસ થઇ ગયા ને કાંઇ પણ ખબર પત્તો લીધો નહિ તો કોણ જાણે તે હશે કે નહિ હોય, એમ ધારી વછીઆત થકા રાખેલ અનામત રૂપિઆ ધીમે ધીમે પોતાની વપરાશમાં

લેવા માંડયા. ઘણાં વર્ષ સુધી વકીઆત રુપિઆ લેવા આ-ઓ નહિ એટલેતો મુલ્લાંજીએ રુપિઆ ટાઢા-છમ કરવા નિશ્ચય કર્યો. હવેતો "ગાંગે ગળ્યા ગદ્દ તેનું નહિ કાગળ કે ખત" એમ થયું. થોડાં એક વર્ષ વિત્યાબાદ મુલ્લાંજીએ માલ વેચ્યો હશે એમ ધારી પેલો વાણિઓ રુપિઆ લેવા સારુ ખંભાત આવ્યો. આદમજીને સલામ કરીને કહ્યું, "શેઠ સાહેબ હું તમારી પાસે જે માલ વેચવા ખાતર મૂકી ગયો હતો તે હવેતો વેચાઇ ગયો હશે?"

આદમજી—અરે! સેથ, તમને સાહેબ ભલી મટ ડે ટે હું ઘનોજ ડીલગીર છું કે ટમો સાહેબ ફુરટા ફુરટ આંવી ન પહોંચ્યા, ને અમોનેબી ટમને બોલાવવાનું યડ નહીં આવું. ટો પછીટો (જરાવાર રહી) અમો લાચાર છીએ, મારા સાબ!

વાણિઓ—હેં! હેં! મુલ્લાંજી, એમાં લાચાર શા માટે?

આદમજી—(ખોટું ખોટું ખડખડ હશીને) કેમ નહિ મારા સેથ? વરી લાચાર થઇએ, એવું ડર્યો હોય ટો ટમારી આગર નમરટા કરવી જોઇએ કે ની?

વાણિઓ—તમો શાહુકાર થઇને "લાચાર છઇએ" એમ બોલોછો તેથી મારા મનને તો કાંઇનું કાંઇ થાય છે! માટે કેમ લાચાર છો તે કહો. શું જેને માલ આપ્યો તેણે નાણાં આપ્યાં નથી?

આદમજી—ના, ના. એમ ટે વરી બને? એમટો બંડા મુંડમાં ખાસરાં મારીને રુપિઆ લે એવા છે.

વાણીઓ—ત્યારે શું માલ ઓછી કિંમતે વેચાયો છે, તેથી લાચારી કરો છો ?

આદમજી—નહીંજી. ટેમ નહીં. ટે માટે શું કરવા લાચારી કરીએં ? પીથે ભાવ હોય, તેમ વેચાય. શું, પીથ કાંઇ કોઇને તાં વારૂ કરવા આવે છે !

વાણિઓ (ઘણો અધીરો થઈને) અરે ! મુલ્લાંજી, તો પછી તમારે લાચારી શી બાબત કરવી પડે છે, એ મને સમજાતું નથી. માટે તમેજ જલદીથી કહી દો. મારાતો આ વાત સાંભળી ત્યારથીજ હોશ કોશ ઉડી ગયા છે !

મુલ્લાંજી—ટે બદ્દું ખરૂં, પન ખોડાના ઘરના બનાવ આગર માનસનું કાંઇ જોર છે ! વખારમાં ઘના ઊંડર હટા ટે ટમારૂં લેધું ખાઇ ગયા; **કંકોરીમાં કીરા પરા, અને સાબુરીતો સરી ગઈ!** તે કધાવવાને હુમોને પેસા બેથા છે, પન ટમો શેથને બહુ નૂકસાન થયું ટેઠી માગટા નઠી !!

વાણિઓતો આ સાંભળીને સ્તબ્ધ થઇ ગયો; મોઢાનો ચેહેરો ફિક્કો પડ્યો; ઊંડો નિશ્વાસ મૂકી વિચારવા લાગ્યો કે, આ વહોરો કહે છે તેમ બનવું તદ્દન અશક્ય છે. મુલ્લાંજીની દાનત બગડી હોય એમ લાગે છે. જરૂર માલ વેચીને રૂપિઆ ખાઇ ગયો હશે, તે હવે ખાધેલું પાછું કાઢવું પડે છે, તેથી આવો જવાબ દેછે. ઠેર ! પણ આ વખત તાણી તોડવામાં માલ નથી. કાંઇ યુક્તિથી એની પાસેથી મારા રૂપિઆ કઢાવું તોજ હું વાણિઓ ખરો. આમ વિચાર કરી મુલ્લાંજીને કહ્યું,

"ઠીક સાહેબ, તમો કહોછો તે પ્રમાણે અમારા માલનું થશે તો અમારૂં નસીબ! હું રજા લઉંછું."

આદમજીએ કહ્યું, "ઠીક સાહેબ, બીજો માલ લાવવા હોતો લાવજો. વરી વેચી આપીશું."

યુક્તિદાર વાણિઓતો આદમજીના ઘરથી થોડે છેટે એક મકાન ભાડે લઇ રહ્યો. પોતાના માલના રૂપિઆ આદમજી પાસેથી કેવી યુક્તિથી લેવા તેનું ચિંતવન રાત્ર દિવસ કરતો હતો. એક રોજ આદમજીની નૂરબાઇ નામની ત્રણ વર્ષની છોડી બીજાં છોકરાં ભેળી રમતી રમતી તે વાણિઆના ઘર આગળ આવી ચડી. પૂછગાછ પરથી તે છોડી આદમજીની માલૂમ પડી. તદબીરથી છોડીને ખાવાની લાલચમાં નાખી, કોઇ ન જાણે એમ પોતાના રહેવાના ઘરની મેડીપર ચડાવી દીધી. આદમજીની છોડી સાંજ સુધી ઘેર ન આવી તેથી ઘરનાં તમામ માણસો તેને ખોળવાને નિકળ્યાં. ગામમાં ઘણે ઠેકાણે ખોળ કરી પણ હાથ લાગી નહિ. તજવીજ કરતાં પેલા વાણિઆના ઘર આગળ આદમજી આવી પહોંચ્યો. ત્યાં આવી વાણિઆને પૂછ્યું, "શેઠ, તમે મારી છોરીને દીઠી હતી"? વાણિઆએ કહ્યું, "હા, એક મોટો બગલો તમારી છોડીને ચાંચમાં લઇ જતો મેં જોયો હતો"! મુલ્લાંજી કહે છે, "શેઠ, મશ્કરી શું કરવા કરોછો!" એમ તે બને! વાણિઆએ કહ્યું, "હા, મેં નજરો નજર જોયું છે!"

આ સાંભળી મુલ્લાંજીના મનમાં ઉગી આવ્યું કે જરૂર

આ વાણિઆએજ છોડીને સંતાડી હશે, પણ કોર્ટમાં જઇ ફરિઆદ કર્યા સિવાય છોડી આપણને સોંપનાર નથી. તેથી ન્યાયાધિશ પાસે જઈ ફરિઆદ કરી. ન્યાયાધિશે વાણિઆને બોલાવી તપાસ ચલાવી.

ન્યાયાધિશ—તમે ફરિઆદી આદમજીની છોડીને દીઠી છે ! અને દીઠી હોય તો તે ક્યાં છે ?

વાણિઓ—હાજી, તેને એક બગલો ચાંચમાં લઇ આકાશ માર્ગે ઉડી ગયો, તે મેં નજરથી જોયું છે.

ન્યાયાધિશ—એ બનવું કેવળ અશક્ય છે. તમે કદાપિ નજરે જોયું હોય તોપણ ખોટું છે.

વાણિઓ—અરે ! સાહેબ, અમારે અને આદમજી વચ્ચેતો દુનિઆમાં ન બને એવી વાતો થતીજ આવે છે. આદમજીને પૂછી જુઓ કે, એમને ત્યાં હું લોઢું, કંકોડી અને સાબુ મૂકી ગયો હતો, તેમાંથી લોઢાને ઊંદર ખાઇ ગયા, કંકોડીમાં કીડા પડ્યા, અને સાબુ સળી ગયો હતો કે નહીં ? જો એ પ્રમાણે બન્યું હોયતો છૂરબાઇને બગલા લઇ ગયા એ વાત કેમ ખોટી ઠરે ! !

ન્યાયાધિશ—કેમ આદમજી ? વાણિઓ કહે છે તે વાત ખરી ?

આદમજી—હાજી, એમટો ખરેખર બનુંજ હતું, પન છોરીને બગલો લઇ જાય એ વાટ મનાટી નઠી.

ન્યાયાધિશ—આદમજી વોરાએ વાણિઆનો માલ બદ

દાનતથી ઓળખ્યો છે તેથી તેણે પોતાના માલના રૂપિઆ લેવા સારૂ આ એક માત્ર યુક્તિ કરી છે. માટે ફરમાવુંછું કે આદમજીએ વાણિઆને તેના માલના રૂપિઆ આપવા અને વાણિઆએ આદમજીને તેની નૂરબાઈ નામની છોડી સ્વાધિન કરવી. વહોરો ઝંખવાણો પડી ચાલ્યો ગયો.

'દગા કિસીકા સગા નહિ,' માટે દગાને તજી દેવો જોઇએ. સજ્જનોનું ભૂષણ છે કે દગાથી પૈસો પ્રાપ્ત કરવાનો વિચાર પણ કરવો નહિ. હરામ દાનતથી મેળવેલા પૈસા જતા રહે છે, એટલુંજ નહિ પણ તેની સાથે ઇજ્જત, આબરૂને ખલલ પહોંચ્યાની માણસને શિક્ષા થાય છે.

વાર્તા ૧૧ મી.

ખીજડેસે પડા કે ઠેઠણુઠેને તપ આઈ ઔર ટપ મુઆ.

એક મૂસલમાન અને એક વાણિઆને ઘણીજ દોસ્તી હતી. તેઓ હરવખત જોડે બેસે ઉઠે ને સુખ દુઃખની વાતો કરી પોતાનો કાળ ગુજારે. બંને જણાના બાપ મરી ગએલા હતા. એક વખત કોઈ પ્રસંગ ઉપરથી વાણિઆએ તેના મૂસલમાન મિત્રને પુછ્યું કે, "ભાઈ, તમારો બાપ શી રીતે ગુજરી ગયા?"

મૂસલમાન—મેરા બાપુ એક દિન બાગમેં ગયેથે. બાગમેં ખીજડેકા એક બડા દરખત થા, ઉસકી પર ચડકે શીખકે લીએ એક પતલી ડાલીપર બૈઠ કે ઝલા ખાતેથે

ઇતનેમે બહુત જોરસે પવન ચઢ આયા સો ગીર પડા."બી-જડેસેંપડાકેઠેઠણુઠે" ન બોલા, નચલા! ઊવાંસે—બારોબાર કબરસ્તાનમાં લે ગયા. તેરા બાપ કીસ તરેહસેં મુઆ઼ઓ઼ કહે.

વાણિઓ—મારા બાપ હાણ્યા માણ્યા વિના ત્રીશ વર્ષની ઉમરમાં ગુજરી ગયા. એક વખત તેમનાથી વાળુમાં દાળ ને કઢી વધારે ખવાણાં, તેથી અપચો (અજીરણ) રહ્યો, ને બીજે દિવસે ખૂબ જોરમાં તાવ આવ્યો. તાવના જોરથી ખાવા પીવાને રૂચે નહિ, માથું ચઃચુંજ રહે, વાંસો ફાટે, પગમાં કળતર તો કે' માઽ કામ, આખા શરીરમાં અગન અગન બળ્યા કરે, ગળું સૂકાઈ જાય, બેઠુંએ રહેવાય નહિ, તેમ સૂતુંએ રહેવાય નહિ, શ્વાસોશ્વાસ થયા કરે, આવા મહા દુઃખમાં તેમને પીડાતા જોઈ અમે તમામ ઘરનાં માણસો ગાભરાં બની ગયાં. એકતો આ માંદા માણસની ઉકવેડ માથે પડેલી, તેમાં વળી ગામ પરગામથી સગાં વહાલાં ને ઓળ-ખાણવાળાં જોવા આવે, તેની સરભરા કરવાની ખટપટ કરવી પડે, તેથી અમે બેજાર બેજાર થઈ ગયા.

મૂસલમાને કહ્યું, હં અ અ! પીછે ક્યા હુવા? જલદી કહેદેને ભાઈ?

વાણિઓ—ઘણા વૈદોનાં ઓસડ વેસડ કર્યાં. ઉપર ડા-હ્યા લોકોએ બતાવ્યા પ્રમાણે વાવડીંગ, અજમો, કાળીજીરી, ગળો, કરીઆતું વગેરે ગાંધીને ત્યાંના ઓસડીઆં પાઈ પા-ઇને થાક્યાં. એક દવાની પૂરી અજમાશ થઈ ન થઈ ને બીજી. આપણા શેહેરના જાણીતા વિઠલા વાળંદનું પણ ઓ-

બધ કર્યું; બાવા, જતી, ને બ્રાહ્મણનાં મંત્રેલાં પાણી પાયાં: જુવારના દાણા અવરાવ્યા; છેવટ તાવની વારતા પણ સંભળાવી; પણ કશાથી ફેર માલૂમ પડ્યો નહિ.

મુસલમાન— અરે યાર! તું તો બડી લંબી લંબી બાત કરતા હૈ, તો તેરા બાપુ મરેગા કબ? એો જલદી સુનાદે!

વાણિયો— ભાઈ, એમ ઉતાવળા થશો નહિ. એ તો મંદવાડની વાતો છે. (પાછી હકીકત ચાલુ રાખી) ત્રણ દિવસ સુધી તાવ શરીરમાં ભર્યોને ભર્યો રહ્યા પછી સનેપાતનાં ચિન્હ દિસવા લાગ્યાં. આંખો રાતીચોળ થઈ ગઈ, નજરમાં આવે તેમ ફૂટથી બકવા માંડ્યું, ખાટલાપરથી ઉઠી ઉઠીને નાસવા લાગ્યા, પાસે બેસનારા હાથ પગ દબાવી રાખે, તો પેટને છાતીવડે ઊંચા થઈ ઉછાળે. મારી ફૂરી જઈ ભાગવા માંડે. આમ થવાથી તેમને ખાટલા સાથે બાંધી ચત્તા સૂવાડ્યા— થોડીવારમાં તોફાન સઘળું નરમ પડી ગયું— હાથ પગ થંડા થઈ ગયા ને શ્વાસ ચાલવા માંડ્યો, નેત્ર તથા કાનના દેવ ઉઠી ગયા. સઘળાએ તેમની આશા મૂકી દીધી, ને પુન્યદાન કરવા માંડ્યું. કોઈએ *પારેવાને જાર, તો કોઈએ પાંજરાપોળમાં ખડ નખાવ્યું. કુતરાંને રોટલા નાખવા, + એકાશન વગેરે અનેક પ્રકારનાં નીમ લીધાં. પણ જરાવાર થઈ એટલામાં તો આંખો ઉઘાડી, આરામ થવાનાં હોય તેવાં નિશાન થવા લાગ્યાં. (એટલામાં કંટાળીને વચ્ચે મૂસલમાન બોલી ઉઠ્યો.)

---

* કબુતર. + એક વખત જમવું. (એક+આશન.)

બીજડેસેં પણ કે ડેણેકે ને તપ આઇ ઔર ટપ મુઆ.

મૂસલમાન—અરે યાર! તેરી બાતતો બોત લંબી ચલતીહે. સૂનકે મેં હયરાન હો ગયા હું. હુંકેમેં ઐસાહી કહુ કે "તપ આઈ ઔર ટપ મૂઆ."

વાણિઓ—ભાઈ તમે પૂછ્યું ત્યારે હુંતો કહુંછું. તે છતાં ન સાંભળવું હોયતો તમારી મરજી. જેવી રીતે બન્યું હોય તેવું કહેવું જોઇએ કે નહિ!

કેટલાંક માણસોને એવી ટેવ હોયછે, કે કાંઈ વાત પૂછીએ, તો તેનો સીધો ઉત્તર આપવાને બદલે વગર જરૂરની આડી તેડી વાતો મેળવી, લંબાણ કરી, પોતાનું ડહાપણ દેખાડવા ચાહેછે. પરંતુ એથી સાંભળનારને અતિ કંટાળો ઉપજે છે, એટલુંજ નહિ, પણ તેને નકામા ટાયલાંની માફક ગણી ધ્યાન દેવામાં આવતું નથી.

વાર્તા ૧૨ મી.

નાતે નાતનું વેર ને મુસાભાઈનું વા ને પાણી!!!

સિદ્ધપુરમાં એક મુસાભાઈ કરીને વહોરો રહેતો હતો. તે પ્રથમ પૈસાવાળો અને સારી આબરૂવાળો હતો, પણ કમનસીબે વેપારમાં ખોટ આવવાથી અતિશય તંગ હાલતમાં આવી ગયો હતો. તેમાં અધુરામાં પૂરૂં તેનો બાપ ગુજરી ગયો, તેથી તેના કારજનો બોજો આવી પડ્યો. તેની આબરૂ મુજબ મોટો વરોતો કરવો જોઇએ, પણ જો તેમ કરવા જાય

તો જે થોડી પુંજીવડે વેપાર કરતો હતો, તે પુરી થઈ જાય અને આશા એક બદામ થઈ રહે, તેથી મુસાભાઇના મનમાં ચોકસ ઠસી ગયું, કે રળીખાવાનું સાધન જે થોડી પુંજી રહી છે, તે ખરચી નાખવી નહિ. પણ હાલની સ્થિતિ પ્રમાણે સગાં વહાલાંને જમાડીને બેશી રહેવું; નાતીલા વાતો કરે તો ભલે બે દિવસ કરીને રહેશે, પણ "એક દિવસની શોભા ને જન્મારાની ઓભા" કરવી એતો મૂર્ખાઇનું કામ છે. મુસાભાઇનો દૃઢ નિશ્ચય નાતીલાએ રહેવા દીધો નહિ. તેના બાપને મુઆને પાંચ સાત દિવસ થયા એટલે વેરીનો અર્થ સારનાર તેના સગાં સંબંધી એકઠાં થઈ મુસાભાઇને કહેવા લાગ્યા કે, "તમારી લાજ પ્રમાણે સારૂં કારજ કરવું જોઇએ. ફરી ફરીને આપનું બારમું ને બાઇડીનું અવરણી આવતું નથી, માટે આ અવસરે તો તમારી પાસે નાણું ન હોયતો કોઇના કરજે કાઢીને પણ સારો વરો કરવો જોઇએ. જોઇએ તો અમારી પાસેથી રૂપિઆ ખાતે મંડાવીને લઈ જાઓ." આ અક્કલના દુશ્મનોનું આગ્રહ ભરેલું કહેવું સાંભળી આખરે મુસાભાઇતો દબાઈ ગયા, ને પોતાની તંગ હાલત છે તે વાત વેપારીની રીત મુજબ ખૂલે ખુલ્લી કરવાનું દુરસ્ત લાગ્યું નહિ તેથી સારૂં કારજ કરવાની હા પાડી.

મુસાભાઇએ હાતો પાડી, પણ કોથળી સામું જોઇને વિચાર કર્યો. વરાની આગમચ નાતનાં તથા પરનાતનાં વાસણો ઘેર લાવીને નાંખ્યાં, તેમાંથી ન્યાતનાં વાસણો છૂપી રીતે ગીરો મૂકી રૂપિઆ આણ્યા; સીધું સામાન લાવી સારાં

સારાં પકવાન બનાવ્યાં ને નાતને નોતરાં દીધાં.

નાત જમવા બેઠી. ભાત ભાતનાં પકવાન પીરસાયાં. ઉન્હાળાનો દિવસ હતો તેથી મુસાભાઇએ ગોઠવણ કર્યા મુજબ ઘરનાં માણસોએ એક તરફથી ઠંડું પાણી ફેરવવા માંડયું અને બીજી તરફથી મોટા પંખા વતી પવન નાખવો શરૂ કર્યો. નાતીલાઓ ઘણા ખુશ થઇ ગયા, અને મુસાભાઇને સંભળાવવા જમતાં જમતાં માંહોમાંહે બોલવા લાગ્યા કે મુસાભાઇતો હોંશીલા છે. શું મઝેનાં પકવાન બનાવ્યાં છે! એમના ઘરની કાંઇ નવાઇ છે! એમને ઘેર જેટલું ઘી વર્યું છે તેટલું પાણી કોઇને ત્યાં વર્યું નથી!

આવાં વખાણનાં જૂદાં જૂદાં વચન સાંભળી મુસાભાઇ સાચા બોલા હતા તેથી રહેવાયું નહિ, ને તે બોલ્યો કે આતો, "**નાતે નાતનું વેરે ને મુસાભાઇનું વા ને પાણી**" નાત રૂડી છે, તો મને રૂડો કરી બતાવો છો. મારૂં એમાં કાંઇ નથી.

આવા માર્મિક વેણનો અર્થ નાતીલાઓ એમ સમજ્યા કે મુસાભાઇ વિવેકી માણસ છે તેથી પોતાની બડાઇ કરતા નથી અને કહે છે કે નાતીલાનો પૈસો નાતીલાને જમાડવામાં વાવર્યો. એમાં મેં કાંઇ નવાઇ કરી નથી. સૌ જમી જમીને ઘેર ગયા.

વરો ગયાને કેટલાક દિવસ વિત્યા, પણ નાતનાં વાસણ પાછાં આવ્યાં નહિ તેથી જેના હવાલામાં નાતનાં વાસણો રહેતાં હતાં તેણે ઉઘરાણી કરી, ત્યારે મુસાભાઇએ કહેવરા-

જ્યું કે મેંતો નાતને જમતીજ વખત કહી દીધું છેકે, **"નાતે નાતનું વેરે ને મુસાભાઈનું વા ને પાણી"** માટે નાતને વાસણનો ખપ હોયતો ન્યાલચંદ શેઠને ઘેર ગીરો મૂક્યાં છે, ત્યાંથી રૂપિઆ આપીને લઈ આવે. આથી નાતીલાતો ચૂપ થઇ ગયા અને ફરીથી એવી રીતે કોઈને કરજ કરી વરો કરવા કહેવાનું ભૂલી ગયા.

આ દેશમાં કોઇને ત્યાં કારજનો સમય આવે છેકે તેના સગાં વહાલાં ને નાતીલાઓ તેને ફુલાવે છે, તેનાપરે ગેરવાજબી દબાણ કરે છે, ને શક્તિ ઉપરાંત વધારે રકમ ખરચાવી કરજમાં ડુબાડે છે. આવી રીત હિંદુ ને મુસલમાનની ઘણી કોમમાં ચાલે છે તે ઘણુંજ નઠારૂં છે. વરા કરનારા સખસો બાઇલાજથી પારકા ઘરપર એવાં કામો કરે છે, ત્યારે એવા ઉપર ડાહ્યા થનારાં સગાં વહાલાં, સ્નેહી, નાતીલા, ને નાતને પણ સપાટામાં લઈ લેછે. આવા દાખલાઓ શહેરે શહેર અને ગામે ગામ નાતોમાંથી મળી આવે છે; તો સમજુઓએ સદા આવા કામથી દૂર રહેવું.

આ વાતમાં કહ્યા મુજબ જે રૂપિઆ નાતને ફક્ત જમાડીને જરાવારને માટેજ તેનું ફળ ચખાડવાને સલાહ અપાય છે તે કરતાં પોતાની નાતમાં વિદ્યા, હુનર કળા વગેરે શીખવવાના કામમાં તે રૂપિઆ વાપરવાની સલાહ આપવામાં આવેતો કેટલો બધો નાત અને દેશને લાભ થાય!

વાર્તા ૧૩ મી.

શા માટે માળવે જાય છે? ખાય નહિ ખાજાં ને ખાંડ?!!

ગુજરાત દેશમાં એક વખત બિલકુલ વરસાદ થયોજ નહિ તેથી મોટો દુકાળ પડ્યો. લોકો પોતાનાં કુટુંબ કબીલા તથા ઢોર ઢાંખર સહિત માળવા ભણી જવાને નીકળ્યા. જવાનો રસ્તો રાજાના મહેલ નીચે થઈને હતો. તે વખતે રાજકુંવર મહેલના છજામાં બેઠેલ હતો, અને ચાકરોએ લાવી હાજર કરેલ ખાજાં નામનું પકવાન, અને ખાંડ, રમત ગમતની ખુશાલી વચ્ચે ખાતો હતો. તેણે લોકોનાં ટોળે ટોળાં પોતાની તમામ ઘરવખરી સહિત જતાં જોઈને, ચાકરોને સવાલ કર્યો કે, "આ તમામ લોકો ક્યાં જાય છે? શું કાંઈ મોટો મેળો કે જાત્રા છે?" ચાકરોએ જવાબ દીધો, "ના, સાહેબ, તેમ કાંઈ નથી; પરંતુ આપણા દેશમાં દુકાળ પડ્યો છે, તેથી લોકો પોતાનાં બાળ બચ્ચાં, અને ઢોર ઢાંખરનો નિર્વાહ કરવા માળવે જાય છે." કુંવરે કહ્યું, "ઓહો! એમાં શું? શા માટે માળવે જાય છે, "ખાય નહિ ખાજાં ને ખાંડ"!!!

ચાકરો હસી પડ્યા અને કહ્યું કે, "આપેતો રાજ્યમાં જન્મ લીધો છે, તેથી આપ સાહેબને ખબર નથી કે દુકાળ શું છે? તેથી સુખ થાય છે કે દુઃખ? આપ આ વખત ખાજાં અને ખાંડ ખાઓછો, એટલે ગરીબના છોકરાં પણ તેમ ખાતાં હશે, એમ સમજવું નહિ. તેમનેતો જાર બંટી પણ મળતી નથી." કુંવર કહે છે, "જાર બંટી મળતી નથી તો મજા ખાય"!!!!

ચાકરો કહે છે,-પણ તે લેવાને તેમની પાસે પૈસા નથી. જોઇએ તેટલા વરસાદ વગર કાંઇ પણ નવી નીપજ નથી થતી, ને થવાની પણ નથી; ઘાસ ઉગેલું નથી, અને અનાજ એટલું મોંઘું થઇ ગએલ છેકે તે લેવાને પૈસા નથી. મજુરી વગેરેના ધંધા બંધ પડી ગયા છે. પૈસાવાળાની હિંમત પૈસા ખરચવા ચાલતી નથી, ને બચકા બાંધી બેઠા છે. માળવામાં અનાજ તથા ચારો પુષ્કળ થયાં છે, ત્યાં જઇને તેઓ પોતાનો નિર્વાહ કરશે. આપણા મૂલકમાં વરસાદ નથી થયો તેથી લોકોને આ-ટલી વિપત્તિ વેઠવી પડે છે. વરસાદના મૂખમાંજ અમૃત રહેલું છે, એમ ચાકરોએ કહ્યું ત્યારે દુકાળ તે શું ? અને તેથી કેટલું દુઃખ પડે છે તે કુંવરના જાણવામાં આવ્યું. કહેવાય છે કે—

રાજા તો મેઘ રાજા, ઓર રાજા કાયકા;
દૂધનમે માઇ દૂધ, ઓર દૂધ કાયકા.

મોટા રાજાઓ, અને અમીર ઉમરાવોને ગરીબના દુઃખની ખબર હોતી નથી, પણ પોતે સુખી એટલે બધું જગત સુખી એમ સમજે છે, તે ચિતાર આ વાત આપે છે. તેમની ફરજ છેકે ગરીબોની સ્થિતિથી વાકેફ રહેવું, અને બનતી મદદ કરવી. એમાં એમની ખરી મોટાઇ છે.

વાર્તા ૧૪ મી.

મારા ગાઉં દૂધ ભાત ખાતા હૈ.

અકબર બાદશાહના દરબારમાં લહવો કરી એક કા-

બેજ મશ્કરો રહેતો હતો. બાદશાહને રંગમાં આવેલો જોઇને લહુવે પોતાનો સ્વાર્થ સાધવા યુક્તિ કરી બોલ્યોકે, "ખુદાવંત, આપ બાદશાહછો જેથી આપને વૈભવમાં કાંઇ ન્યુનતા નથી, પરંતુ ગ્રામના ઘણા લોકને ગાય ભેંસ નથી જેથી દૂધ વગર ઘણા હેરાન થાય છે. સારા ઊંચી જાતના ચોખા મળે છે પણ દૂધ વગર શા કામના!" બાદશાહે પૂછ્યું, "ગામ હેરાન થાય છેકે તું એકલો"? લહુવો કહે છે, "જહાંપનાહ,ગામની સાથે હું પણ આવીજ ગયોતો"! ગામ બધાંને દૂધનું દુઃખ મટાડવાની પોતાની નામરજી બતાવી બાદશાહે લહુવાને કહ્યું, "તારે જોઇતી હોયતો એક ભેંસ આપું, કે તને દૂધની અડચણ નહિ પડે." લહુવો (રાજી થઇને) કહે છે, "જેવી આપની મરજી."

બાદશાહે લહુવાને એક ભેંસ આપવાનો તુરત હુકમ કરી લહુવાને ઘેર ભેંસ મોકલી દીધી. તેના દૂધથી ઘરનાં તમામ માણસો સુખી થવા લાગ્યાં.

કેટલાક દિવસ વિત્યા પછી બાદશાહે લહુવાને પૂછ્યું, "લહુવા, અબ, કૈસાહૈ." લહુવાએ કહ્યું, "બહોત ખુશ. સારા ગાઉં દૂધ ભાત ખાતા હૈ ઓર મઝા કરતે હૈ." બાદશાહે કહ્યું, "અરે ગમાર, ભેંસતો તુમ એકીલકું દીયી હૈ ઓર સારા ગાઉં કીસ તરહસેં દૂધ ભાત ખાતાહૈ." લહુવાએ ઉત્તર આપ્યો, "દુનિઆ ઇસી તરહસેં સમજતીહૈ ઓર મૈભી ઐસા સમજતા હૈંકે, આપ સુખી તો સબ સુખી."

આ વાતનો હેતુ ઉપરની વાત જેવો છે.

વાર્તા ૧૫ મી.

અલ્લાને આગુંસ લે લીયા !

એક કમનસીબ ફકીર માગી ખાતો અને મસીદે સુઇ રહેતો હતો. એક વખત તેની પાસે બરખી ખૂટી રહી હતી. વિખ ખાવાને એક પાઇ પણ પાસે રહી નહોતી. આખા ગામમાં ભીખ માગતો ફર્યો પણ કાંઇ મળ્યૂં નહિ. લાગલગાટ ત્રણ દિવસના કડાકા થયા. ભૂખતો એવી લાગી કે કાંઇ મણા નહિ. હરવા ફરવાની તો શું પણ બેશી રહેવાની પણ શરીરમાં તાકાત રહી નહિ, આંખો ઊંડી ગઇ ને ખાડા પડ્યા; તેમજ પગ ઢીલા થઇ ગયા. આવી હાલતમાં તેને અલ્લાને યાદ કરવાનું સૂઝ્યું. કહેવત છે કે "સુખે સાંભરે *સ્ત્રી અને દુઃખે સાંભરે રામ." અલ્લાની બંદગી કરી માગવા લાગ્યો કે, "આજ સાંજ તક એક રૂપિઆ મીલ જાવેતો ઉસમેંસેં ચાર આનેકા પીરકું મલીદા દઉંગા." ઇશ્વર કૃપાથી ફકીરને એક રૂપિઓ જડ્યો. રૂપિઓ મળ્યો કે ફકીરની દાનત બગડી. 'અર્થ સર્યો ને વૈદ વેરી,' તેમ મનમાં ઠરાવ કર્યો કે કદાપિ આગળ ત્રણ ચાર દિવસ સુધી કાંઇ ન મળ્યું તો વળી પાછી આવાની જેવી વિપત્તિ પડી હતી તેવી પડશે. પીરને ક્યાં કમતી છે, અને તે માટે ચડીને થોડાજ માગવાના છે, માટે પીરના

* કોઇ લોકો સ્ત્રીને બદલે સોની પણ બોલે છે.

મલીદાના ચાર આના ખરચવા નકામા છે ! એમ વિચારે ફરી રૂપિઓ વટાવવા ગયો. વાણિઆની દુકાને જઇ રૂપિઓ આપી કહ્યું કે, "અબે બનિઆ, એ રૂપિએકા પૂરદા દે." વાણિઆએ રૂપિઓ તપાશીને કહ્યું કે, "ફકીર, આતો બાબાશાઇ રૂપિઓ છે તે બાર આના ઉપજશે." ફકીરે બે ત્રણ ઠેકાણે રૂપિઓ દેખાડયો ત્યાં સર્વે જણે એટલીજ કિંમત કરી, તેથી ફકીરે વિસ્મિત થઇ કહ્યું કે," દેખો ભાઇ, અલ્લાકી કેસાહે ! અપના ભાગ અલ્લાને આગુંસે લે લીયા ! !

ફકીર બાર આના લઇ ચાલતો થયો.

આ વાતનો હેતુ મનનો સ્વભાવ બતાવે છે. ગરજ પડે તે વખતે મન જૂદી રીતનું હોય છે, અને ગરજ મટે મન જૂદીજ રીતનું થાય છે. આ અસ્થિર મનવાળાના માણસને માટેછે. સમજુ અને સ્થિર મનવાળા કોઇ પણ રીતે પોતાનું મન ફેરવતા નથી.

વાર્તા ૧૬ મી.

ગાંભુ જઇને ગાભા રહ્યા.

કાળે કરીને જમીનના માલિક જુદી જુદી કોમના લોકો થતા આવ્યા છે. હાલના સમયમાં મૂખ્ય રજપૂત અને કાઠી સિવાય જમીનનું ધણીપણું નાગર, બ્રાહ્મણ, કણબી, કોળી, સિપાઈ, સીદી, મલેક, ચારણ, ભાટ, અતીત, ફકીર

વગેરેના હાથમાં છે. તેમ અસલના વખતમાં ગુજરાતમાં દરજી લોકોનો પણ એક ગાંભુ કરીને તાલૂકો હતો. આજપણ તેના વંશજો ગાંભુના ગરાશીઆ કહેવાય છે.

ગાંભુ ઉપર પડોશના રજપૂત રાજાએ ચડાઈ કરી, દરજીઓને હાંકી કાઢી, તે તાલૂકો પોતાને કબજે કર્યો. આ ખબર દેશ પરદેશના દરજીઓના જાણવામાં આવ્યાથી તેમને ઘણું માઠું લાગ્યું. આખી નાતને મગરૂર થવાનું કારણ જે પોતાની નાતના કબજાનો એક તાલૂકો તે ડુબેલો જાણી ખેદ થાય તેમાં નવાઈ શી! તમામ દરજીઓમાં જાત્યાભિમાનનો જુસ્સો ઉત્પન્ન થયો.ટુંકા વિચાર વાળી ને રસીલી દરજીની નાતના સઘળા જુવાનીઆઓ ગાંભુ તાલૂકો શત્રુ પાસેથી જીતી લેવાને ઇરાદે ભેગા થઈ ગાંભુ તરફ ચાલ્યા. ગજ કાતરો નાનપણથીજ તેમને હાથ બેડાં હતાં, તેથી તેઓએ બીજાં કોઈ હથિઆર લીધાં નહિ. તેમણે ધાર્યું હતું કે પ્રથમ ગજના મારથી (ભીમની ગદા પેઠે) શત્રુનાં માણસોને જમીનદોસ્ત કરવાં ને પછીથી કાતરવડે તેમનાં પેટ ચીરી નાંખવાં. સાંજના વખતે ગાંભુ અધગાઉ દુર રહ્યું. એટલે મૂખી માણસોએ સલાહ પૂછી કે, આપણે કઈ વખતે અને શી રીતે ગાંભુ ઉપર હલ્લો કરી તે જીતી લેવું? કેટલીક વાર લગી વાદવિવાદ ચાલ્યા પછી સર્વાનુમતે ઠરાવ થયો કે રાત્રે હૂમલો કરવો એ ઠીક નહિ. કારણકે આપણામાં ઘીની ખોરાકી વગર રતાંધળા છે, તેથી રાતે દોરવા પડે તેમ છે. માટે પરોઢમાં દરવાજા ઉઘડતાંજ એકદમ પેશી જઈ ગામ કબજે કરી લેવું. તેથી સૌ રાતોરાત દરવાજા બહાર હારબંધ સૂતા તે એક

ગાઉ સુધી લાંબી પંક્તિ થઈ એટલાં માણસો હતા. સવારમાં લડવાનું છે એવા ઉમંગે સવાર પડવાની રાહ જોતા ઉભટભેર સૂઈ ગયા.

દરવાજા આગળ જે પહેલો દરજી સૂતેલો હતો, તેના મનમાં વિચાર આવ્યો કે સવારમાં દરવાજો ઉઘડતાં હુંજ પહેલો હાથમાં આવીશ, તેથી મને કદાપિ કતલ કરી નાખશે તો ઘેર છોકરાંને કોઈ બાજરી પૂરનાર નથી; માટે છેલ્લા જઇને સૂવું એજ સલામત છે. આમ વિચારી તેતો છેલ્લો જઈ સૂતો. પહેલો ઉઠીને ગયાની બીજાને ખબર પડીકે તેનું કાળજું પણ દરમ્યાન રહ્યું નહિ. તે પણ ગાઉ એકને છેટે જઈ પડ્યો. એ પ્રમાણે એક પછી એક તમામ દરજીઓ છેલ્લા જઇને સૂતા. સવારથતાં સુધીમાંતો દરેકજણ એકથી વધારે વખતઉઠીને છેલ્લો જઇ સૂતેલ હતો, તેથી દરવાજાને અને તેમને પાંચ સાત ગાઉનું છેટું થઇ પડ્યું. છેવટે સવારમાં સૌ હલ્લો કરવાને મનસૂબે ઉઠીને જૂએ છે તો દરવાજો દીઠો નહિ. તેથી સૌ તાજુબ થયા. કેટલાક કહેવા લાગ્યા કે, અરે આ શો ગજબ! દરવાજો કયાં? ગામ કયાં? આતો ઉજડ વગડો! ઓહો! આતો કોઇ દેવકે રાક્ષસનું કામ! એ વિના વગડામાં અજાણી જગ્યામાં આપણને કોણ લાવે! આખરે તપાસ કરતાં ગાંભુ પાંચ સાત ગાઉ દૂર છે એમ જણાયું. આટલે બધે આધે આવી જવાનું કારણ થોડીવાર વિચારતાં પણ હૈયાફૂટા દરજીઓને જણાઇ આવ્યું નહિ, પણ એક ડાહ્યા માણસે તેમને સમજણ પાડી કે "તમારામાં સંપ નથી. સૌ સૌના પંડ સંભા-

જવા માટે વધારે કાળજી રાખોછો. આટલે આવી જવાનું કારણ પણ એજ છે. માટે બેહેતર છે કે નાહક માણસોની ખરાબી નહિ કરતાં પોત પોતાને ગામ ચાલ્યા જાઓ. તમારાથી કાંઇ થવાનું નથી." તે કારણ દરજીઓને ખરૂં જણાઇ આવ્યું, તેથી લડયા વગર બધા વિખરાઇ ગયા. એ રીતે દરજીઓએ પોતાનો તાલૂકો હમેશને માટે ખોયો, ને લોકોમાં કાહાણી ચાલીકે "ગાંભુ જઇને ગાભ રહ્યા" એટલે ગાંભુ તાલૂકો ગયો અને ગાભા એટલે લૂગડાંના કટકા સાથે કામ રહ્યું.

આ વાતનો હેતુ એછેકે, ઘણા માણસોએ મળીને કરવાનું યા આરંભેલું કામ સંપ વિના થઇ શકતું નથી.

વાર્તા ૧૭ મી.

જીવતો ગયો પણ રંગતો રહ્યો.

એક મેવાસી કોળી પરણેલો હતો, પરંતુ તેની ઓરત ઘેર આવતી નહોતી. વારંવાર બિચારો કોળી તેડવા જાય, ત્યારે ઓરતનો પક્ષકરી, તેનાં માબાપ એવું બહાનું બતાવતાંકે, તેના પગપર મેંદીનો રંગ મૂકેલોછે. તે રંગ રસ્તામાં રહે નહિ, માટે હમણાં મોકલીશું નહિ. તજવીજ પણ એમજ રાખેલીકે ધણી તેડવા આવે કે તેજ વખત પગ ઉપર મેંદીનો રંગ નવેસરથી મૂકે, અને જ્યાં સુધી તે રહે, ત્યાંસુધી તે

રંગને ઘણી તરેહથી સાચવી રાખે, પગ ધુએ નહિ. બહાર-તળાવ કે નદીએ જાય નહિ. એવી રીતે પોતાના ધણીને દેખાડવા ઢોંગ કરી મૂકે. ત્યારે ધણી વિલે મોઢે પાછો ઘેર જાય. એટલે સાધ્યું કાંઈજ નહિ.

આવી રીતે દશ વિશ વખત તે કોળીને નકામા આંટા ફેરા-થવાથી ઘણો ગુસ્સે થયો, ને પોતાની ઓરતને છાની રીતે ઉપાડી લઇ જવાનો નિશ્ચય કર્યો. પણ પ્રથમ કોઈ ચાર પાંચ ન્યાતીલાઓને જાહેર કરવું એ વધારે સારૂં છે, એમ સમજી તે થોડા ન્યાતીલાઓને જાહેર કરી, ઓરતને તેડવા, જોડે લઈ ગયો. તે લોકોને જોઈ ઓરતે પગ ઉપર મેંદીનો રંગ લગાવી દીધો. ઓરતને મોકલવાનું કહેતાં તેનાં માબાપે રંગ જતો રહેવાનું બહાનું બતાવ્યું, તેથી સાથેના ન્યાતીલાઓએ ઘણો ઠપકો દીધોકે, "મોટા છોરૂ સાસરે સારાં," રાજાને શું કમી હોયછે; પણ તેની દીકરીએ પરઘેર જાયછે, કેમકે દીકરી તો સાસરે કે મસાણે શોભે! આમ ઘણી રીતે સમજાવતાં પણ હઠીલાં સાસરીઆં એકનાં બે થયાં નહિ. છેવટે નાતબહાર મૂકવાનો ભય બતાવ્યો, એથી એ બાઈને તેના ધણી સાથે સાસરે મોકલવા ઠરાવ્યું તો ખરૂં, પણ તેને પગે મેંદીનો રંગછે, તે રંગને કાંઈ પણ હરકત ન થાય એવી શરતે. શરત કરવાનો તેમનો હેતુ એ હતોકે રંગને હરકત થયા સિવાય તે લઈ જઈ શકે તેમ નથી, "તો એ પાણીએ ટોઠા મગ ચડવાના નથી." પણ તેમાં તેઓ નિષ્ફળ થયા. ધણીનો ઈરાદો તો ગમે તેમ કરી "દળાણું દળતાં પણ વસ્તી રાખવા"નો હતો, તેથી તે કંટાળી ગએલ ધ-

ણીએ રંગ રહેવા દેવાની શરત કબુલ કરી, ઓરતને પોતાની જોડે લીધી. પગના રંગને કાંઈ હરકત ન થાય એટલા સારૂ જોડા પહેરાવી લીધા. ચાલતાં ચાલતાં એક મોટી નદી આવી. ઓરતે જાણ્યું કે હવે તેનું ફાવશે નહિ, ને મને રજા આપી દેશે; પણ રંગને હરકત થવા ન દેવી, એ તેના ધણીના ધ્યાનમાંજ હતું, તેથી ઓરતને પ્રથમ પોતાના ખભા ઉપર નાખી નદીમાં ચાલ્યો. જરા દૂર ગયો એટલે ઓરતના પગ બરાબર પાણી થવા આવ્યું, ને રંગ ભીંજાવાનો સંભવ લાગ્યો, એટલે તરત ખભાઉપરથી ઉતારી બે હાથવતી બે પગ ઊંચા ઝાલી રાખી ચાલવા માંડયું. ફકત શરત મુજબ પગના રંગને બચાવવા તરફજ તેણે પોતાનું લક્ષ રાખ્યું. આમ થવાથી પગ ઊંચા રહ્યા ને ઊંધે માથે આખું શરીર પાણીમાં ઘસડાતું ચાલ્યું. તે બાઈએ ઘણું કલ્પાંત કરવા માંડયું પણ જંગલી સાંભળેજ શું કામ? મોઢામાં પાણી પેસવા લાગ્યું ને તેથી મૂઝાવા માંડી પણ **આ કોળી ભાઈ લીધી વાત મૂકતો લાજ જાય**! ધીરે ધીરે નદી ઉતરી ગયો. ઓરત ઊંધે મસ્તક પાણીમાં ઘસડાવાથી બેભાન થઈ મરણ પામી. કાંઠાપરના લોકોએ કોળીને ઠપકો આપી પૂછયું, "અરે! મૂર્ખ, આમ ઢોરની માફક ઘસડી કેમ લાવ્યો. આજો, એનામાં જીવ પણ નથી. અરે! રામરામ! તે બિચારીનો નાહક જીવ લીધો. તારે એમ શા માટે કરવું પડયું?" કોળીએ કહ્યું, "**જીવતો ગયો પણ રંગતો રહ્યો.**" માણસોએ કહ્યું, "રંગતો રહ્યો" એ શું? તે કોળીએ કહ્યું," તેના માબાપની સાથે મારે શરત હતી કે તેના પગની મેંદીના રંગને કાંઈ હરકત આવવા દેવી નહિ.

જૂઓ, એના પગ! બરાબર જાળ્યાછે કે નહિ! રંગ જાળ વતાં મરી જાય તેમાં મારો વાંક શાનો? "આવી રીતનું કોળી-નું બોલવું સાંભળી, લોકો તેની મૂર્ખાઇને હસવા લાગ્યા, ને કોળી ભાઈ તો ઘર તરફ ચાલતા થયા.

જંગલી ને જડસા જેવા માણસોને જે હકીકત કહેવામાં આવી હોય, તેનું પરિણામ પોતાને ભયંકર ને દુઃખદાયક થતું હોય તેમ છતાં પણ કહેલી વાત છોડતા નથી, તે બતાવવાનો આ વાતનો હેતુછે.

વાર્તા ૧૮ મી.

દાઢીજો ઝૂરો ઝૂરો થાય પણ એક ભૂરો ન છડકુ.

મોરબીના રહેનાર બે મેમણ-કાકો અને ભત્રિજો, પર-દેશમાં રળીખાવા માટે અત્તર, પરવાળાં, મોતીની સેરો અને ચાં-દલા વગેરે અનેક વસ્તુઓથી ભરેલી પેટી ખભાપર ભેરવી ચાલ્યા જતા હતા. વગડામાં એક જારનું ખેતર આવ્યું. જા-રના છોડ ઘોડા[૧]ચડ પણ ઢંકાઈ જાય એવડા-મોટા હતા. ક-ણસલાં પણ દાણો ભરાઈ ગોટા જેવા થયાં હતાં, તેમજ કે-ટલાંક તો ભારથી નમી ગયાં હતાં. એ જોઈ ભત્રિજો કહેછે, "કાકા, આપણે રસ્તામાં ઘણાં ખેતરો જોયાં, પણ આવો પાકતો ક્યાંએ દીઠો નહિ.

---

૧ ઘોડે સ્વાર.

કાકો—હા, તેતો ખરૂં. પણ તું કેટલી નિપજ ટેવછ ?

ભત્રિજો—વિશ સઈ જાર થશે એમ હું તો ધારૂંછું.

કાકો—અરે મૂર્ખા ! આંમાં તે વિશ સઈ ક્યાં ભુળીછે? દશ સઈ થાય તો એના ધણીનાં નસીબ !

ભત્રિજો—અરે ! બિચારે એનરવાળાએ ઘણી મેહેનતે આવો સારો પાક પકવ્યો છે, અને તમે આટલી થોડીજ ઉપજ બતાવો છો ?

કાકો—શું ? સગો બગો લાગે છે કે વધારે બતાવીએ ?

ભત્રિજો—કાકા, તમે પણ અક્કલના બાળદાન દેખાઓ છો. મને કોકટમાં શા માટે ગાળો દો છો?

કાકો—માળા, ગધાડા, તને ના કહું તો બીજા કોને કહેવા જાઉં ? હમે કહીએ છીએ તે કબુલ કરતો નથી તે શું ?

ભત્રિજો—જોજો ! મોંઢેથી સંભાળીને બોલજો. નહિતો જોવા જેવી થશે.

કાકો—સાઠે વરસે મારી સામું બોલી મારી લાજ લીધી, ધોળામાં ધૂળ નાખી એથી શું વધારે જોવા જેવું કરનારછે ? શું મને મારવાનો મનસૂબો છે ? હવે મારાથી તારી સાથે રહ્યું પોષાય તેમ નથી.

ભત્રિજો—'કમ જોરને ગુસ્સા બોત' કેમ કરોછો ? ન પોષાય તો ચાલવા માંડો,"આ રસ્તો પડયો પણ ઝાઝું બોલ્યા તો લગાવી દઇશ.

કાકો—હં ! લગાવ તો જોઇએ !

આ સાંભળતાંજ ભત્રિજાનો મિજાજ ગયો. ખભેથી પેટી નીચે ઉતારી, બાંય ચડાવી મૂછે તાર દઈ કાકાની સામે ઘુરક્યો, એટલે કાકાનાં તો ગાત્ર નરમ થઈ ગયાં પણ હિંમત હાર્યો નહિ. ડોગલો ખભેથી પેટી નીચે ઉતારી લડવાના રૂપમાં સામો ઉભો રહ્યો. ભત્રિજાએ જાણ્યું કે, કાકા કાંઈ બળ ધરાવતા હોય એમ લાગેછે, તેથી મને ઓચિંતો દબાવી દે તો માર્યો જાઉં; માટે-લાવને હુંજ પહેલ કરૂં, એમ વિચારી જોસભેર દોડી બુઢા કાકાને ગળે ઝાલી ભોંય પટક્યો અને તેની દાઢી પકડી નીચે મોઢું રાખ્યો. કાકો ઉઠવાને ઘણા ફાંફાં મારે પણ કાંઈ વળે નહિ. આંચકા મારે તેમ તેમ દાઢીના વાળા ખરતા જાય. ભત્રિજાને જરાક બુઢા કાકાની દયા આવી તેથી કહ્યું, " કેમ કાકા, હવે હું કહુંછું એટલી જાર કબુલ કરો તો છોડી દઉં, અરધી દાઢી તો ખરીને હેઠે પડી છે!"

કાકાએ પોતાની હઠ ન છોડતાં જવાબ આપ્યો, "દાઢીનો ઝૂરો ઝૂરો થાય પણ એક ખુરો ન છડકુ." (મતલબ કે મેં જે દશ સઈ જાર કહીછે તે ઉપર એક ખુરૂં પણ વધારે નહિ કહું.)

કેટલાક રસ્તે જનારા વટેમાર્ગુએ તેમની વઢવાડનું કારણ પૂછી, ઠપકો આપી, સમજાવીને છૂટા પાડયા.

—❧—

કાંઈ પણ લાભ કે અલાભનું કારણ નહિ છતાં સેહેજ નજીવી ને ફોકટની વાતમાં લડી પડનારા ઘણા હોય છે. તેઓ-

ની વઢવાડ તેમની મૂર્ખાઇની પૂરેપૂરી શાબિતી બતાવેછે.

વાર્તા ૧૯ મી.

સંઘર્યો સાપ પણ કામનો છે.

વડોદરા શહેરમાં રહેનાર સોમચંદ નામે વાણિઓ પોતાની સ્ત્રી, છોકરા, છોડીઓ, વહુઓ અને ઘરનાં તમામ માણસોને હરવખત શિખામણ આપતો કે આ દુનિઆમાં ઇશ્વરે જે જે ચીજો પેદા કરીછે તે કામની છે; કાંઇ વસ્તુ નિરૂપયોગી જાણી તેને નાખી દેવી નહિ. છોકરાઓ કાગળના કટકા કરી ફેંકી દેવાનું કરે કે લાગલોજ વઢવા માંડે, અને તેમની પાસેથી લઇને પેટીમાં સંગ્રહ કરે. ઘરમાં બાઇડીઓને સખત તાકીદ કે ઘરમાંનો કચરો પુંજો રાખ વગેરે જેમ તેમ નાખી ન દે, પણ એક ઇલાયદી જગ્યાએ ઢગલો કરે. પોતે સઘળો ઢગલો તપાસી જોઇ પછી કોઇ ખેડુતને ખાતર માટે આપી પૈસા ઉપજાવતો. સંગ્રહ કરેલા કાગળો વેચી નાખતો, અને એજ પ્રમાણે બીજી જણસોને માટે પણ કરતો હતો.

આવી રીતની નજીવી ચીજનો પણ સંગ્રહ કરવાની તેની ટેવ તેના જૂવાન દીકરાઓને ગમતી નહોતી. એક વખત એક છોકરો બોલી ઉઠ્યો કે, "બાપા, તમને કચરો રાખ એકઠાં કરવાની ટેવ પડી છે તેથી લોકોમાં આપણી હાંસી થાય છે; માટે એ ટેવ છોડી દેતો સારૂં." બાપ કહેછે,

"તને એથી શરમ લાગતી હોયતો તું તારે પાલવે તેમ કરજે. હુંતો મારા અનૂભવથી કહુંછું કે ધૂળ રાખ જેવી વસ્તુતો કામની છે, એતો પ્રતીક્ષ છે પણ વખતે **સંઘર્યો સાપ પણ કામનો છે.** લોકો ગમે તેમ બોલે તેની મારે દરકાર નથી."

છોકરો કહે છે, "જ્યારે તમારી એમજ મરજી છે, ત્યારે હું વિશેષ કહેતો નથી પણ સંઘર્યો સાપ શું કામનો છે તે મને સમજાતું નથી"!!

બાપે કહ્યું, "બેટા, વખત આવે તે પણ સમજાવીશ."

એક દિવસ રસ્તામાં પડેલો મૃત સર્પ છોકરાના જોવામાં આવ્યો તેથી તેના બાપ પાસે દોડી આવી કહ્યું કે, "બાપા, રસ્તામાં મુએલો સાપ પડ્યો છે. હવે બતાવો જોઇએ કે એ શા કામનો છે?" બાપે કહ્યું, "તે લઇ આવ, અને આપણા છાપરા પર નાખ." છોકરે તેમ કર્યું.

થોડા દિવસ વિત્યા બાદ એક દિવસે તે શેહેરના રાજાની રાણી મેહેલની અગાશીમાં અંગ ઉપરના ઘરેણાં ઉતારી, નાહાવાની તૈયારી કરતી હતી. સૂર્યનાં કિર્ણોથી ઘરેણાં ચળકી રહ્યાં હતાં. તે ઉપર આકાશમાં ઉડનાર એક સમળીની નજર પડવાથી તેણે પોતાનો ભક્ષ ધારી, ઝડપ નાંખી તો સવાલાખ રૂપિઆનો હાર તેની ચાંચમાં આવી ગયો. તે લઇ સમળીતો આકાશ માર્ગે સડેડાટ ઉડી ગઇ. જતાં જતાં જ્યારે ચાંચમાં આવેલ ચીજ તેમાં ભક્ષ નહિ ઠરવાથી તે નિરાશ થઇ, એટલે બીજા ભક્ષ સારૂ જમીન તરફ નિહાળતી નિહાળતી તે નીચે ઉતરવા લાગી, તે વખતે **સોમચંદ**

શેઠનું છાપરૂં જેનાપર મુએલો સાપ પડેલો હતો, તેનાપર તેની નજર પડી, કે પાંખો ફફડાવતી ત્યાં આવી પહોંચી હાર પડ્યો મૂક્યો, ને સર્પ મોંઢામાં લઇ સરરરં સટ ઉડી ગઇ. રાણીનો હાર અગાશીમાંથી સમળી લેઇ ઉડી ગયાનું રાજાને જાહેર થતાંજ હારની ખોળ કરવા—ચારે બાજુએ ગામબહાર સ્વારો દોડતા મોકલ્યા ને ગામમાં દાંડી પીટાવી કે "મોહેલમાંથી સમળી હાર લેઇ ઉડી ગઇ છે તે કોઇને હાથ આવ્યો હોય અને રજુ કરશેતો રૂપિઆ ૧૦૦૦૦ દશ હજારનું ઇનામ આપવામાં આવશે. જો હાથ આવ્યા છતાં રજુ નહિ કરેતો તેને સખ્ત શિક્ષા કરવામાં આવશે." આવી રીતની દાંડી પીટનાર, સોમચંદશાના ઘર આગળ આવી પહોંચ્યો. ડુનિઆડાહ્યા શેઠના મનને સિદ્ધ વાત હતી કે સમળીએ લીધેલો હાર તેનો ભક્ષ નથી તેથી કોઇ જગ્યાએ પડતો મૂકેલો તો હોવો જોઇએ, તેથી ઉગી આવ્યું કે રખેને સમળી હારને મૂકી આપણા છાપરાપરનો મૃત સર્પતો લેઇ નહિ ગઇ હોય? તુરત છોકરાને છાપરાપર ચડાવ્યો, અને સર્પની તપાસ કરવાને કહ્યું. છોકરે તપાસ કર્યો સર્પ તો જોવામાં આવ્યો નહિ પણ તેજ જગ્યાએ મહા મૂલ્યવાન હાર જોયો, જે લેઇ હરખાતો હરખાતો તેના બાપને આપ્યો.

સોમચંદશાહે તે હાર રાજાનો હશે એમ ધારી દરબારમાં જઇ રજુ કર્યો. રાજાએ પ્રસન્ન થઇ રૂપિઆ ૧૦૦૦૦ દશ હજાર ગણી આપ્યા. તે લઇ આવી છોકરાંઓને સોમચંદ શેઠે કહ્યું કે, "જોયું? છોકરાંઓ, સંઘર્યો સાપ પણ કેવો કામનો છે!!!"

બરછીતો અંધી હે, લેકિન તુમતો અંધે નહિહો? પજ

કોઇ ચીજને તુચ્છ કે નકામી ગણવી નહિ. પ્રથમ જો વામાં નિરૂપયોગી જેવી દેખાય, તે પણ વખતપર ફાયદાકારક થઇ પડે છે; ને શોધતાં મળતી પણ નથી. ઇંગ્લાંડમાં એક માણસ બાટલીઓના બુચ ભોંય ઉપરથી વિણી વિણીને ભેગા કરી વેચતો હતો, તે એમ કરતાં કરતાં મોટો પૈસાદાર થઇ પડ્યો હતો.

વાર્તા ૨૦ મી.

બરછીતો અંધી હે, લેકિન તુમતો અંધે નહિહો!

ધોળકામાં બેબમારખાં નામનો એક કસ્બાતી રહેતો હતો. પોતે જમીનદાર એટલે રળવાની તો કાંઇ પંચાતજ નહોતી. સવારથી ઉઠે તે રાત્રે સૂએ ત્યાં સુધી ભાઇબંધ દોસ્તદારોનો અખાડો જામેલોજ રહે. દિવસમાં બેચાર વખત કસુંબા નિકળે એટલુંજ નહિ પણ તે ઉપરાંત ભાંગ, ગાંજો, અને માજમ વિગેરે કેફી પાક પણ ચડાવ્યા રાખે. નિશામાં ચકચૂર થઇ લડથડીઆં ખાતો સાંજ સમે શેહેરમાં ફરવા નિકળે, ત્યારે એક જોવા જેવો તમાશો થઇ રહેતો. પણ તે તમાશો કોઇને માંઘો પણ પડતો. કસ્બાતી કહેવાય એટલે હથિઆર વગરતો નિકળાયજ કેમ? માટે તરવાર, બરછી, ભાલો, વગેરેમાંથી એક હથિઆર તો હાથમાં હોયજ હોય.

એક દિવસ નિશામાં ચકચૂર બની હાથમાં બરછી લઇ

ભાઇબંધ દોસ્તદારો સાથે તે ફરવા નિકળ્યો. થોડેક ચાલ્યો ત્યાં સુધી તો બરછી હાથમાં સીધી ઊંચી રહી, પણ પછીથી તો નિશાના જોરથી ડોક એક બાજુ તરફ વળી ગઈ, અને બરછી હાથમાંથી આડી થઇ ગઈ, પણ મિઆંભાઇતો આંખો મીંચીને હાથ હલાવતા ઠસુકઠસુક ચાલ્યા જાય છે. સામે કોણ આવે છે અગર કોણ જાય છે તેનું ભાન નહિ, તેમજ મોંઢેથી બોલવાની પણ બાધા. સામે આવનાર માણસો તો તે દેખાવ જોઇ બરછીની અણી વાગવાની દહેશતે આઘા પાછા ખસી જતા હતા. પણ આગળ ચાલતા હતા તેનીતો પૂરી કમબખ્તિ હતી. કેટલાક બિચારાઓને બરછીની અણી થોડી ઘણી વાગતી પણ પાછા ફરી કસ્બાતીને જાૂએ એટલે મનમાં સમજી મૂગા મૂગા ચાલ્યા જતા. ગરીબ રૈયત શું કરે? મિયાં કસ્બાતી ને જમીનદાર, જેથી સર્વ જાતની સત્તા તેનીજ. વળી મૂસલમાની બાદશાહી તેથી મારતાં મિઆંનો મૂલક! ફરિઆદ સાંભળનાર કોઇ મળે નહિ તેથી લાચાર! એવામાં એક સારો આબરૂદાર વાણિઓ જતો હતો, તેના પગની પીંડીમાં બરછીની અણી વાગી ને ઘણું લોહી નિકળ્યું તેથી તેણે પાછા ફરીને મિઆંભાઇને નમ્રતાથી જણાવ્યું કે આપ આવી રીતે બરછી વાંકી રાખીને ચાલોછો તેથી રસ્તે જનાર માણસોને વાગી જાય છે. મને પણ હમણાં વાગી તેથી પુષ્કળ લોહી નિકળ્યું છે, માટે બરછી ઊંચી રાખો તો વધારે સારૂં.

મિઆંએ ઉત્તર આપ્યોકે, “બરછી લગતીહે ઉસમેં હમ

ક્યા કરે! વો કુછ દેખતીહે? બરછી આંધીહે, લેકિન તુમતો આંધે નહિ હો? સંભાલકે ચલો.

શાહુકારે કહ્યું, "પણ સાહેબ, જ્યારે બરછી દેખતી નથી ત્યારે તેને હાથમાં લઈને ન ફરો તો શું હરકત?"

મેખમારખાંએ કહ્યું, "વાહ! ક્યા બાત કરતેહો! હમ સિપાઈ બચ્ચા, બિન હથિઆર બહાર કૈસે નિકસે?"

આવું રૈયત પ્રત્યે બેદરકારી વાળું બોલવું સાંભળી શેઠને ઝાંઝ ચડી. તુરત મહાજન એકઠું કીધું. સર્વ કોમના મુખ્યમુખ્ય માણસો હાજર થયા. તેઓને ઉપરની સર્વ વાત કહી સંભળાવવામાં આવી; અને તેથી સૌએ વિચાર્યું કે આતો 'જેની વા'ર તેનીજ ધાડ' થાય છે. જેનાથી રક્ષણ થવાની આશા તેજ મારવા તૈયાર થાય છે. જરા પણ લોકો તરફની લાગણી એના મનમાં છેજ નહીં. આ ગામમાં તે રહેવું કેમ પરવડે! આજે તો આમ થયું તે બાબત તેણે ઉલટું આપણને સંભાળથી રહેવા કહ્યું. ત્યારે હવે તેને પ્રજાની દરકાર તો છેજ નહિ. તે પોતાની ફરજ સમજતોજ નથી. માટે આ ગામ છોડી દેવું એજ જાનમાલની સલામતી ભરેલું છે. પછી ભલે ! તે એકલો બરછીતો શું પણ બંદૂકના ભડાકા કરતો નિકળે, પણ કોઈ અટકાવે કે કરે! એમ ધારી સૌએ છેલ્લો ઈલાજ-ઉચાળા*

* ઘરની જંગમ મિલકત ગાડામાં ભરી પરગામ રહેવા જવાની તૈયારી કરવી તે.

ભરી ગામમાંથી નીકળવાનો નિશ્ચય કર્યો, અને ઉચાળા ભરવા શરૂ કર્યા.

આ વાતની ખબર એક ભલા કાજીને પડતાં, તે તુરત કસ્બાતી પાસે ગયો, ને ઠપકો આપી કહેવા લાગ્યો કે,—"તમે સર્વે પ્રજા પ્રત્યે બે દરકારીથી વર્તાછો તેથી તે બેદીલ થઇછે; સૌએ ઉચાળા ભરી ચાલ્યા જવા માટે તૈયારી કરવા માંડી છે. મોર પીંછાંથી રળિઆમણો છે. તમારો કસ્બો અને તમે એ સર્વ રૈયત વડેજછો. જો તે બધા ગયા તો તમે એકલા શું કરવાનાછો? માટે તમે સર્વ લોકોને હવેથી કાંઈ હરકત ન થાય એવી રીતે વર્તવાને કબુલત આપો તો તેઓ બધા રહેછે." આથી બેખમારખાં શરમીંદો થઇ ગયો, અને કાજીના કહેવા મુજબ કબુલત આપી, એટલે તમામ રૈયત બીજે નહીં જતાં ત્યાંજ રહી.

રાજા અને અધિકારીઓને લાજમ છે કે અમલથી આંધળા નહિ બનતાં પોતાના કૃત્યથી રૈયતને નુકસાન ન થાય એવી રીતે સદા વર્તવું. રૈયત વડેજ રાજા છે. મોર પીંછાંથીજ રળીઆમણો દીસેછે એ વાત ખસૂસ લક્ષમાં રાખવી. આ વાત મુજબ જૂલમના દાખલા અગાઉના મૂસલમાની રાજમાં ઘણાજ મળી આવતા હતા. તેવા જૂલમના પાપનો ઘડો ભરાવાથી બાદશાહી પણ ડુબી ગઈ એ સૌ જાણે છે.

વાર્તા ૨૧ મી.

સુરદાસકી ટેકી, લંગીતો લગી, નહિતો રામઝુકતો લગાઇહે.

ચરોતરના એક ગામમાં મથુરદાસ કરીને પાટીદાર રહેતો હતો. તેને કાંઈ સંતાન નહોતું. ધણી ધણીઆણી બેઉ ધર્મપર સારી આસ્થા રાખતાં હતાં. તેમને જાત્રા કરવાની ઇચ્છા થવાથી ઘરની ગાડી જોડી ડાકોરજી તરફ આવ્યાં. ત્યાં આવી ગોમતિ સ્નાન ને રણછોડરાયના દર્શન કર્યાબાદ પાટીદારની સ્ત્રીએ પોતાના બેઉ હાથપર *છાપ લીધી! પાટીદારે તો એવા કામથી બેનસીબ રહેવાનું દુરસ્ત ધાર્યું.

જાત્રા પુરી કરીને પાટીદાર અને તેની સ્ત્રી ઘર તરફ પાછા વળ્યાં. પટલેણ ગાડીનો પોણો ભાગ રોકી મોટી પલાંઠી વાળી ગાડામાં બેઠી છે, પાટીદાર રાશો ઢીલી મૂકી પટલેણ સામું મ્હોં રાખી વાતો કરતો, બળદ અટકી જાય ત્યારે ડચકારી વગાડતો જાય છે. તેવામાં એક સુરદાસ માર્ગમાં અહીંથી તહીં આથડીઆં ખાતો તેમની નજરે પડ્યો. તેને જોઇ પાટીદારની ઓરતને દયા આવી ને ગાડી ઉભી રખાવી બાવાને પૂછ્યું કે "મહારાજ! આમથી તેમ રખડોછો શા સારૂ?" બાવાએ ઉત્તર દીધોકે "માઈ, મૈં રસ્તા ભૂલ ગયાહું; બહુત દેરસેં ઢૂંઢતાહું લેકિન પત્તા નહિ લગતા; મૈં *સુરદાસહોં, ઓર

---

*વિષ્ણુના શંખ, ચક્ર, ગદા ને પદ્મના આકારના લોઢાનાં બિબાં ઉનાં કરીને ચાંપે છે તે.

*સુરદાસ એક ભક્ત તથા કવિ થઈ ગયો તે આંધળો હતો, તેથી હાલ દરેક આંધળો સાધુ પોતાને સુરદાસ કહે છે, ને લોકો પણ તેજ નામે બોલાવે છે.

થામકા વખત હે, સો મેરેપર કિરપા કરકે નજીકકે ગાઉંમેં પહુંચવાઓ તો રણછોડજી તુમ્હારા ભલા કરેગા." આવા કરૂણા જનક કાલાવાલા સાંભળી બાઈનું દિલ દયાથી પીગળ્યું, અને પોતાના ધણીને કહ્યું કે, આ સુરદાસને આપણા ગાડીમાં બેસાડી નજીકના ગામ આગળ ઉતારી મૂકીએ તો ઠીક, નહિતો તેને આ વગડામાં કોઈ જનાવર મારી નાખશે. પાટીદાર પહોંચેલ હતો. બાઈના જેવો છેક પોચા હૃદયનો તથા ભોળો નહોતો. તેણે કહ્યું, 'ઉપરકીતો અચ્છી, પણ ભીંતરકીતો રામજી જાણે.' સુરદાસ મહોડેથી મીઠું મીઠું બોલે છે પણ તે અજાણ્યો અને પરદેશી છે, માટે તેને સાથે બેસાડી લઈ જવો તે અજાણ્યું ફળ ખાવા બરાબર છે. તેથી વખતે માઠું પરિણામ પણ નીપજે. માટે આપણે તેને રસ્તે ચઢાવીએ. એટલે એની મેળે ચાલ્યો જશે." સુરદાસે ઘણી આજીજી કરવા માંડી તેથી તથા બાઈડીના ઘણા આગ્રહથી પાટીદારે તેને તેના સામાન સહિત ગાડીમાં બેસાડી ગાડી ચાલતી કરી. થોડીવારે એક ગામ આવ્યું ત્યાં આગળ ગાડી ઉભી રાખી સુરદાસને ઉતરી જવાનું કહેતાં તેમના વચ્ચે નીચે મુજબ વાત થઈ.

પાટીદાર—સુરદાસ, આ ગામ મોટું છે માટે અહીં ઉતરી જાઓ. અમારે સાંજ પડે છે તેથી જલદીથી જવું છે.

સુરદાસ—અબે કુંનબી! કીસકું ઉતરનેકું બોલતા હે!

પાટીદાર—મહારાજ તમને.

સુરદાસ—હમને તુમ્હારી ગાડી ભાડે કીયી હે, સો

તુમ મુકામપે નહિ પહુંચવાતા ઔર બીચમેં ઉતરનેકા કહેતા હૈ, તો તુમકું ભાડા નહિ મીલેગા. ચલ, હમ ઔર હમારી ઓરત દોનોકું ઉતાર દે ! ! !

પાટીદાર—મહારાજ ! તમારી ઓરત ક્યાં છે ?

સુરદાસ—હમારી સંગ ગાડીમાં બૈઠી હૈ ઓ. તુમ જાનત હો ઔર કાયકું પૂછતહો, ક્યા હમારી ઓરતકુ લે જાનેકા બીચાર હૈ ! ! !

પાટીદારની સ્ત્રી જે પાસે બેઠી બેઠી આ બધી રગઝક સાંભળતી હતી, તે વિસ્મિત થઇ ખેદ પામી કહેવા લાગી, "મહારાજ ! તમે તો મારા ભાઇ બાપને ઠેકાણે છો. અરે, તમે સાધુ થઇને આવું અણઘટતું અને જૂઠું બોલોછો તે મોટા પાપી થાઓ છો ! ! તમે નર્કમાં પડશો ! ! જલદીથી ઉતરી જાઓ નહિતો જાસ્તી કરી ઉતારવા પડશે." સુરદાસે (મીજાજ ખોઇને) કહ્યું, "અબે રંડી ! તુમબી ફીર જાતીહૈ ! ! કુનબી બડા ખબરદાર ! તેરેકું બી ફીરાદીઇ ! ! લેકિન મૈં તુઝે નહિ છોડને વાલા. ચુપકીસે હમારી સંગ ચલીઆતી તો ઠીક હૈ, નહિતો અમલદારકી પાસ ફીરિઆદ કરૂંગા."

પાટીદાર કહેવા લાગ્યો કે "આતો ચીભડામાંથી વરાળ નિકળી ! રાંડને હું પ્રથમથીજ કહેતો હતો કે, અજાણ્યાને સાથે બેસાડવાનું કહે મા, પણ રાંડ માન્યુંજ નહિ. હવે આ પરદેશમાં આપણું કોણ સાહેદી થશે ! !" આવું ત્રણે જણાનું

બાઇડી બાબતના વાંધાનું બોલવું સાંભળીને ગામના લોકો ભેગા થઇ ગયા. પણ તેમનાથી એ વાંધો પતાવી શકાયો નહિ. સુરદાસે તે ગામના અમલદારને જાહેર કરી પાટીદાર તથા તેની ધણીઆણી એ બેઉને પકડાવ્યાં ! !

અમલદારે એક પછી એક ત્રણે જણની હકીકત સાંભળી લીધી. તે ઓરત પોતાની છે એમ પાટીદાર કહેતો હતો, પણ તે વખતે તે બાબતનો સબળ પૂરાવો નહોતો. બાઇડીના કહેવાપર વજન રાખવું એ જોખમ ભરેલું હતું, કદાચ સુરદાસ તેનો ખરો ધણી હોય, પણ તેને છોડી દઇ કણબી સાથે જવાની તેની મરજી થઇ હોય તો કણબીની બાઇડી છું એમ ખોટું બોલે એ સંભવિત છે. સુરદાસ પોતાની ઓરત કહે છે તે બાબત તેનો પણ સબળ પૂરાવો નહોતો, પણ સુરદાસે ડાકોરજીમાં પોતાના હાથ ઉપર છાપ લીધેલી હતી તેવીજ તે ઓરતના હાથપર પણ હતી; તેથી તે બેઉએ સાથે જાત્રા કરી છાપ લીધી હોય એમ સંભવ હતો. આવી રીતનાં શંકા પૂર્વક અનુમાનો ઉપરથી ખરી રીતે તે ઓરત કોની છે તે નક્કી ઠરાવી શકાય એમ જણાયું નહિ, ત્યારે ન્યાયાધિશે એ ત્રણે જણને જૂદી જૂદી કોટડીમાં પૂરી, તે ઉપર પેહેરો ચાલતો રાખી, તેઓ રાતમાં શું બોલે છે, તે બરાબર રીતે સાંભળી રહેવા હુકમ કર્યા.

રાતમાં પેલા પાટીદાર અને તેની ધણીઆણીએ તો કલ્પાંત કર્યા કર્યું, એટલે નિરાંત કરી સુવાનું તો ક્યાંથીજ હોય?

પાટીદાર બોલતો હતો કે "રાંડની જાત ભોળી છો તેણે દંભી સુરદાસને તેની આજીજીથી દયા ખાઇ ગાડીમાં બેસડાવ્યો તો આ ફાંદામાં ફસ્યા! હે પરમેશ્વર! આ પરો-પકારનું કામ કરતાં દુઃખી થઇએ છીએ તેમાંથી બચાવ કર. આમાંથી છૂટું તો પછી રાંડને પૂરી શિક્ષા કરી એવી સમજાવું કે ફરીને ઉપરથી સારૂં જોઇ ભોળવાય નહિ."

પાટીદારની ઓરત તેની કોટડીમાં બોલતી હતી કે, "હે રણછોડરાયજી! અમને સહાય થા. મારા ધણીની ના છતાં મેં આગ્રહ કરી સુરદાસને ગાડીમાં બેસાડાવ્યો તેનું આ ફળ!! ધરમ કરતાં ધાડ આવી! હે દિનદયાળ! હે ભગવાન! અમારી ખરી વાત છતાં માર્યા જઇએ છીએ તે તું નહિ સાંભળે તો બીજો કોણ સાંભળશે? કદાચ મને મારા ધણીથી છૂટી પાડી દુષ્ટ સુરદાસને સોંપવા હૂકમ થયો તો મારે તો જી-વવું નથી. તેજ વખત આપઘાત કરી મારા પ્રાણ તજીશ."

સુરદાસતો નચિંતે ઊંઘતો હતો. વચમાં જાગી ઉઠતો ત્યારે બોલતો કે, "અપનકુ તો કુછ નુકસાન તો હે નહીં. કુ-નબીકા પૂરાવા નહીં મીલેગા, તો ઉસકી ઓરત અપનકુ મીલેગી; "સુરદાસકી ટેકી લગી તો લગી, નહિતો રામઝુક તો લગાઇ હૈ."

સવાર થતાં પેહેરેગીરોએ ન્યાયાધિશને રાતની તમામ હકીકત જાહેર કરી. તે ઉપરથી ન્યાયાધિશને ખાત્રી થઇ કે એ ઓરત પાટીદારનીજ છે, અને સુરદાસ ખોટો ગળે પડે

છે; તેથી મજકુર ઓરત પાટીદારને હવાલે કરી ગળેપડુ સુરદાસને શિક્ષા કરી.

પક્કો તપાસ કર્યા સિવાય કોઇ અજાણ્યા માણસના ઉપર વિશ્વાસ રાખવાથી કોઇ વખતે ઘણી મુશ્કેલીમાં આવી જવાય છે, જોકે આખર સત્યજ તરે છે; તોપણ **સોનું લઇએ કશી અને માણસ જોઇએ વશી.**

વાર્તા ૨૨ મી.

દારીના દોરસો અને ચોતરીના ચારસો.

કપડવંજ ગામમાં ઈસમાલજી કરીને વહોરો રહેતો હતો. તે એક વખતે મોડી રાતે કાંઇ કારણસર બહાર નિકળ્યો, એટલામાં એક ચોર અંધારામાં ઉભો હતો, તેણે એકદમ દોડી આવી મુલ્લાંજીની દાઢી પકડી કહ્યું, "રુપિઆ દોઢસો આપે તો છોડું." મુલ્લાંજીએ વિચાર્યું કે કાંઇ તદબીર થશે નહિ તો રુપિઆ આપ્યા વગર આ ચોરના હાથમાંથી છૂટાવાનું નથી, તેથી પોતાની બાઇડીને કહેતો હોય તે પ્રમાણે મોટે સાદે કહેવા લાગ્યો, "સાંભરે છેકે–! આ ચોર આવો છે તેણે મારી દારી પકરી છે, ને રુપિઆ દોરસો માગે છે. માટે જલદી રુપિઆ લાવ. આતો **દારીના દોરસો પણ ચોટીના ચા-**

રસો લઈશ. જો દારી મૂકી દઈને ચોતરી પકરશે તો ચારસો આપવા પરશે, માટે દોરસો જલદી લાવ" !! આ સાંભળી ચોરને વિચાર થયો કે લાવને ચોટલીજ પકડું; ચારસો રૂપિઆ તો મળશે. એમ કહીને દાઢી છોડી ચોટલી પકડવા જાય છે, પણ મુલ્લાંજીને માથે મુંડો, તેથી હાથમાં તો કાંઇ આવ્યું નહીં, પણ મુલ્લાંજી દોડતો કે બારણું બંધ કરી ઘરમાં પેસી ગયો !!!

આફત આવી પડે ત્યારે ગાભરા બની ન જતાં ધીરજથી યુક્તિસર છટી જવું જોઇએ. સમય સૂચકતા વાપરવાથી માણસ આપત્તિમાંથી બચી જાય છે.

વાર્તા ૨૩ મી.

ધોકેકું સોના લગાદે.

એક રામચરણદાસ નામનો બાવો હાથમાં જાડો ધોકો લઇ બજારમાં ભીખ માગવા નીકળ્યો. ફરતાં ફરતાં એક સોની પોતાની દુકાનમાં સોનાનું મોટું પતરૂં ઘડતો તેના જોવામાં આવ્યો. સોનાનો રંગ આંખને લલચાવનારો છે, ને દુનિઆમાં મોટો પદાર્થ તેજ કહેવાય છે. લક્ષ્મિ દેખીને મોટા મૂનિવર ચળે છે, તો સંસારની મોહ જાળને તજી વૈરાગી

નહિ થએલ એવા આતો બેરાગી—સંસારની માયા ગળા સુધી ભરી ઉપરથી તે તજ્યાની માત્ર નિશાની બતાવનાર—**આતો ભ્રષ્ટ ને તતો ભ્રષ્ટ**—લક્ષ્મિના લાલચુ બાવાજી લોભાય એમાં શી નવાઇ ! ! તેજના અંબાર જેવા ટીપાતા પતરાના ચળકાટથી બાવાજીની આંખ અંજાઇ ગઇ, ને તુરત મોહ-રૂપી ઘેન ચઢ્યું. તેથી બીજો વ્યવહાર બંધ કરી સ્તબ્ધ થઇ ત્યાંજ ઉભો રહ્યો. 'આંખને ગમે તે મનને પણ ગમે' તે મુજબ સોનું બાવાજીને વધારે સારૂં લાગવાથી તે લેવાને તેનું મન લલચાયું. માગવાનો તો ખાસ તેનો ધંધો હતો, તેથી શર-માવાને કાંઇપણ કારણ નહોતું. એટલે સોનીને સવાલ નાખ્યો કે, "ભગત ! **ધોકેકું સોના લગાદે.**" સોનીતો આવી અયોગ્ય માગણીથી તાજુબ થઇ બાવાજીની સામું ટગર ટગર જોવા લાગ્યો. તેથી બાવાજીએ ફરીને કહ્યું, "ક્યું બચ્ચા સૂનતા નહિહે ? ધોકેકું સોના લગાનેકી હમારી ઇચ્છા હૈ સો પૂરી કરદે. રામજી તેરા ભલા કરેગા." સોનીએ કહ્યું, " મહારાજ! સોનું તે માગ્યું મળતું હશે ! ! કંઇ દીવાના થયા છોકે શું! આતો '**ગરજવાનને અક્કલ ન હોય** ' એમ કરોછો."

બાવાજીએ ઉત્તર આપ્યોકે, "મૈંતો દીવાના નહિ હૈ. મંગનેમેં મેરા કૂછ ગયા ? જો ધોકેકું સોના લગા દીયા હોત તો તેરા જાત—ઓર ક્યા." આમ બોલી બાવાજી હસતે ચહેરે ચાલતો થયો.

આ વાત અયોગ્ય માગણી બતાવવામાં વપરાય છે. ફોકટનું મેળવવાની ઇચ્છા રાખનાર માગણ લોકોની બુરી ટેવ કિંમતી ચીજની માગણી માટે પણ અચકાતી નથી. એ બતાવવાનો આ વાતનો હેતુ છે.

વાર્તા ૨૪ મો.

ના ભાના હમ હું ભૂક્યો નથી.

એક [1]ધાણધાર મૂલકનો કણબી, પોતાના દૂરના સગાંનો સગો અમદાવાદમાં રહેતો હતો, તેને ત્યાં કામ પ્રસંગે આવીને ઉતર્યો હતો. દૂર ગામનો સગો પોતાને ત્યાં ઘણે દિવસે આવ્યો, તેથી તેને સારૂ સારી સારી ને સ્વાદિષ્ટ રસોઈ બનાવી પીરશી હતી. ધાણધાર મૂલકના જડ ભરથ જેવા કણબીએ તેવી રસોઇ સ્વપ્નામાં પણ જોએલ નહિ તેથી અચ્છો તડાકો માર્યો; બે પેટ કરી જમ્યો, ને છેવટ તૃપ્ત થઈ ઉઠ્યો. જમી રહ્યા બાદ ઘરધણીએ પાનની બીડી આગળ ધરી કહ્યું કે, "આ લ્યો." પટેલે કહ્યું, "એ શું છે?" ઘરધણીએ કહ્યું, "એ પાનની બીડીછે." પટેલે વિચાર્યું કે, વળી આ બલા તે ક્યાંથી વળગી! પેટમાં જો જરાએ માર્ગ હોત, તો જેમ પાંચ વખત પીરસાવ્યું, તેમ એક વખત વધા-

---

૧ રાધણપૂરની આસપાસનો મૂલક.

રે પીરસાવીને કેમ તેજ જમત નહિ? હવે તો જરાએ ભૂખ્યો નથી ને આ શું કામ પાનની બીડી આપતા હશે? એમ વિચારીને ઘરધણીને કહ્યું કે, "હું નથી ભૂખ્યો માટે મારે નથી ખાવી. તમે ખાઓ." ઘર ધણીએ કહ્યું, "અરે લ્યો, લ્યો, તમે પરોણા ન ખાઓ ને અમારાથી કેમ ખવાય?" પટેલે કહ્યું, "ના, પણ હું ભૂખ્યો નથી." ઘર ધણીએ કહ્યું, "પટેલ, આગ્રહ શા માટે કરાવોછો. મારા સમ આ બીડી લ્યો." પટેલે કહ્યું, **"ના ભાના હમ, હું નથી ભૂખ્યો."** જો ભૂખ્યો હોઉંતો ઓનું લહબહતું પાંદડું ચમ રે'વા દઉં." (કેળનાં પાંદડામાં જમવાને પીરસેલ તે પત્રાળી પડતી મૂકેલ માટે) આથી ઘર ધણી સમજ્યો કે આ જડસા જેવા પટેલને પાનની બીડી તે શું હશે, ને ક્યારે ખવાય, તેના વિવેકની ખબર નથી! **"ગદ્ધા ક્યા જાને *જાફરાનકી બાત!"**તેને જો તેનું અજ્ઞાન પણું બતાવી આગ્રહ કરીશ તો વખતે ખોટું પણ લાગશે, માટે આ વખત વધારે કાંઈ પણ કહેવું નહિ એમ દુરસ્ત ધારી વગર બોલ્યો રહ્યો.

ગામડાના લોકો શહેરના લોકોની રીતભાત ને વિવેકથી કેટલા અણવાકિફ હોયછે, તે બતાવવાને ઉપરની વાત ઉપયોગી છે.

---

*કેસર.

વાર્તા ૨૫ મી.

જા, આખા ગામનું ખાડું (ભેંસનું ટોળું) આપ્યું.

શ્રીંગધ્રાંમાં એક વખત ભવાયાનું પેડું[1] રમતું હતું. ગણપતિ, જાડણ, મીંઆ બીબી વિગેરે અનુક્રમે વેષ આવ્યા પછી પાછલી રાત્રે કેરબાનો વેષ આવ્યો. કેરબાંએ ભિન્ન ભિન્ન પ્રકારનાં નૃત્ય કરવા માંડ્યાં, તેથી તમાશગીરોએ પ્રસન્ન થઈ ગજા સંપત્ત બક્ષિસો આપી. ત્યાં એક લપોડદાસ નામે વાણિઓ હતો તે પણ બહુ પ્રસન્ન થઈ ગયો, તેથી હરખમાં ને હરખમાં કહી દીધું કે "હું એક ભેંસ આપુંછું." ભવાયાઓએ ખુશી થઈ તેના નામનાં ભૂગળાં વગાડી જશ ગાયા. થોડી વારે વાણિઆ ભાઈને વિચાર થઈ આવ્યો કે, "આપણે વાણિઆભાઈ, બહુ રીઝીએ તો તાળી દઈએ, તેને બદલે ભેંસ આપી ઘરમાં રૂપીઆ ત્રિશ ચાલીશનો ગોદો ઘાલ્યો, એ મોટી ભૂલ કીધી; માટે કોઈપણ પ્રકારે ભેંસ આપવાથી છટીએ તોજ આપણે વાણિઆભાઈ ખરા."

એવામાં બીજો એક કજોડાનો રમૂજી વેષ આવ્યો તે વખતે ઘણોજ પ્રસન્ન થએલો હોય એવો ડોળ કરી બોલ્યો કે, "એ ભેંસ આપુંછું." એમ જરા જરા વારમાં પાંચ, પચીશ, સો, બસેં, ભેંસો કહેતાં કહેતાં છેવટે કહ્યું કે, "જા, આખા ગામનું ખાડું[2] આપ્યું." આ સાંભળી બધા વિસ્મિત થઈ

---

૧ ટોળું ૨ ઢોરાનો સમૂહ.

/ ૮૮

કહેવા લાગ્યા, અલ્યા, શેઠ ! તું કાંઈ ઘેલો થયો છું કે શું ? આ-ખા ગામનું ખાકું તે તારાથી અપાતું હશે કે ? વાણીઓ કહે છે "ઘેલો નહિ તો શું ? આખા ગામનું ખાકું ન અપાય ત્યારે એક ભેંસ તે વળી અપાતી હશે ?" આ રીતે વાણિઆભાઈએ ફરીથી પાઘડી બાંધી, અને એક ભેંસમાંથી પણ સટકી ગયો !!

વગર વિચાર્યું સહસા વેણ કાઢવાથી પસ્તાવું પડે છે, કા-રણ કે તે નહિં પાળવાથી લબાડમાં ખપવું પડે છે; તે પાળવા-થી પોતાની હાલત, ગજું, ને દરજ્જાને અનુકુળ આવતું નથી. એવો વખત આવે છે ત્યારે મુંઝાઈને એક રસ્તો લેવો પડે છે; માટે સૌથી સારો રસ્તો એકે વગર વિચાર્યા સુકનો બોલવા નહિ.

વાર્તા ૨૬ મી.

મહાજન તો માબાપ છે પણ મારી ખીંટી નહિ ફરે.

કાઠિઆવાડના એક ગામમાં ઓધડ કરીને વાણીઓ રહેતો હતો. તેની સામે એકજ ફળિઆમાં શામા વાણિઆનું ઘર હતું. ફળિઆની જમીન બંનેની ખુલ્લી હતી. એ જમિ-નમાં ઈમારત ચણવાના ઈરાદે ઓધડે ખીંટી મારી. આથી શામા વાણિઆના હકની જમીન દબાઈ, તેથી તેણે એકદમ

કોર્ટમાં જઇ રૂપાની ઓળીની વઢવાડ નહિ કરતાં અગાઉની કહેવાતી સરસ રીત મુજબ પોતાના મહાજનની આગળ ફરિઆદી કરવાનો નિશ્ચયં કર્યો. જેની કુમર હશે, તેને મહાજન કહેશે; એટલે પછી દરબારમાં ફરિઆદ કરવાની જરૂર રહેશે નહિ. આવો વિચાર કરી મહાજન પાસે ફરિયાદે ગયો. મહાજને શામાની વાત સાંભળી, એ તકરારી જગ્યાએ આવી તપાસ કરી તો માલૂમ પડયું કે, ઓઘડ વાણિઆની ખીંટીથી શામાની જમીન દબાયછે, એ વાત ખરી છે. તેથી ઓઘડને બોલાવી કહું, "આ ખીંટી ગેરવાજબી મારી છે, માટે (અમૂક જગ્યા બતાવીને) ફેરવીને આ ઠેકાણે [1]ખોડ." ઓઘડ કહે, "ના, માબાપ, એમ થાય નહિ, મેં બરાબર જગ્યાએ મારી હદમાં ખીંટી મારી છે."

મહાજન—તારૂં કૃત્ય તદન ખોટુંછે, તે ખરૂં થવાનું નથી. અમે તો તારા સારા માટે કહીએ છીએ. શામો જો દરબારમાં ફરિઆદ કરશે તો તને '**ડુંગળી ને ખાસડાં**' બંને મળશે. ખીંટી તો ફરશે પણ ઉલટું તેનું ખર્ચ પણ આપવું પડશે. તેમજ તારે પણ ખર્ચ થશે ને ખોટી થવું પડશે, માટે ખીંટી ફેરવ.

ઓઘડ—પણ તેમ મેં જમીન દબાવી નથી.

મહાજન—તું જાણેછે? "**પંચ કહે તે પરમેશ્વર.**"

---

૧ નાખ્ય, દાટ.

આમાં, અમારે શો સ્વાર્થ છે? વાજિત દાવે આ મહાજન તારે ઘેર કહેવા આવેલ છે, માટે માનવું જોઇએ.

ઓઘડ—હા, હા, એ બધું હું સમજું છું. મહાજન તો મારા મુરબ્બી છે પણ ખીંટી વાજબી જગ્યાએજ છે, માટે ત્યાં રહેવી જોઇએ.

મહાજન—અરે મૂર્ખ! તું મહાજનનો હુકમ નથી ઉઠાવતો તેમાં તને નુકસાન છે. મહાજન વગર તારા ફાયદા માટે બીજુ કોણ કહેવા આવે એમ છે? માટે મહાજન કહે તેમ કરવું પડશે. ચાલ, ઉઠ ખીંટી ફેરવ.

ઓઘડ—મહાજન તો મારા મહેરબાન, માથાના મુગટ છે. અરે, વધારે શું કહું, "**મહાજન તો માબાપ છે પણ મારી ખીંટી નહિ ફરે.**"

આ સાંભળી મહાજનના મૂખીઓને ઘણો ક્રોધ ઉપજ્યો તેથી વધારે જોસથી કહ્યું, "અરે બેવકુફ! બસ! બસ! શું મહાજનની મશ્કરી કરેછે? હુકમ ઉઠાવવો છે કે નહિ? એકતો તારો પક્ષ ગેરવાજબી છે ને ઉલટો સામો થાયછે! ન માને તો તારી મરજી, પણ યાદ રાખ, ગેરવાજબી કામનાં નઠારાં ફળ નડ્યાં વગર રહેશે નહિ."

મહાજને આટલું આટલું કહ્યું, પણ જક્કી ઓઘડ એકનો બે થયો નહિ, ને પોતાની ખીંટી ફેરવી નહિ.

રામાએ તુરત યોગ્ય અધિકારી પાસે ફરિઆદ કરી,

મહાજન લોકોની શાહેદી આપી. તેમના તથા બીજા બંને પક્ષના પૂરાવાને દલીલ સાંભળી, અધિકારીની નજરમાં શામાની ફરિઆદ વાજબી લાગવાથી ઓઘડે મારેલી ખીંટી ફેરવવા અને શામાને થયેલ તમામ ખર્ચ ઓઘડે આપવા હુકમ કર્યો. વળી કોર્ટમાં જેટલી મૂદત તકરાર ચાલી તેટલી મૂદત કામકાજ પડતું મૂકી ખોટી થવું પડ્યું, એટલુંજ નહિ પણ વકીલો વગેરેનું ઘણું ખર્ચ થવાથી ઓઘડ મોટા નુંકસાનના બોજામાં આવી પડ્યો. એ રીતે 'ડુંગળી ને ખાસડાં' બંને મળેલાં જોઇ આખરે ઘણું પસ્તાયો.

— ❦ —

ચાર સમજુ ત્રાહિત માણસો શિખામણ આપે તે નહિ માનતાં પોતાની જક્ક પકડી રાખવા ચાહે તેને આ વાતમાંના ઓઘડની પેઠે પાછળથી વિમાસવું પડેછે. સરકાર દરબારમાં ફરિઆદ કરવા જતાં રૂપાની ગોળીએ વઢવું પડે-છે, એટલે પુષ્કળ વસુ અને વખત બેઉ અર્થ જાયછે. માટે ડાહ્યા માણસોને લાજમ છે કે માંહોમાંહેની તકરાર અથવા વાંધો લવાદ યા પંચથી પતે ત્યાં સુધી પતવવો. ભલે તેમાં નુકસાન થતું હોયતો તે ખમવું.

વાર્તા ૨૭ મી.

વાણિઆ મગનું નામ પાડે નહિ.

એક વખત બાદશાહ કચેરી કરીને બેઠો હતો. તે વ-

અતે તેને વિચાર થયો કે સર્વથી દુર અંદેશી જાત કઇ હશે. તેથી તેણે લહુવાને પૂછ્યું, "અબે લહુવા, સબસેં દુર અંદેશી જાત કોનસી?"

લહુવો—સાહેબ, વાણિઆની.

બાદશાહ—છટ! એતો ગંડું જાત હૈ. ઉસ્કી શિકલ તો દેખો, કૈસી ગુમાર મુઆફક લગતી હૈ!

લહુવો—ગરિબ પરવર, આપ ન માનો તો મરજી. પરંતુ હુંતો ધારૂંછું કે વાણિઆ જેવી બીજી કોઇ પણ જાત દુર અંદેશી નથી.

બાદશાહ—તબતો હમારી ખાતરી કર દેકે બનિઆકી જાત દુર અંદેશી હૈ. લહુવાએ કોઠારમાંથી તરત એક મણ મગ મગાવી ઢગલો કર્યો, ને બજારમાંથી બે ચાર વાણિઆ-ઓને બોલાવી, તેમને મગનો ઢગલો બતાવી, પૂછ્યું કે, "આ શી ચીજ છે"? વાણિઆ તો બહુ વિચારમાં પડ્યા કે આ મગ છે તે લહુવો તથા બાદશાહ બંને જાણેછે, તેમ છતાં આપણને પુછેછે, તો એમાં કાંઇ પણ ભેદ હશેજ. તેથી તે-ઓ એક બીજાની સલાહ પૂછવા લાગ્યા કે જવાબ શો દેવો?

એક-આપણને વાંકમાં લાવવાનો બાદશાહનો ઇરાદો હશે, તેથી પૂછતા હશે.

બીજો—"નવરો બેઠો નખોદ વાલે" તેમ બાદશાહને

કાંઇ કામ નથી લાગતું. આંટો ખાવો પડેછે તો આપણે, ખોટી પણ આપણે થઇશું; ઊભા રહી રહીને પગ આપણા દુખશે અને ભુખે તરશે પણ આપણે મરીશું. એને કાંઇ ઉચાટ છે? મોઢેથી બોલવાનું પણ આળસ, તેથી લહુવા પાસે પ્રશ્ન પૂછાવેછે! પણ કાંઇક મર્મ વિના આમ હોય નહિ.

ત્રીજો—ભાઇ, ગમે તેમ હોય, પણ ઉત્તર આપ્યા વગર કાંઇ છૂટકો છે? કદાપિ આપણી પરીક્ષા કરવા પૂછતા હોય માટે જવાબ તો દેવોજ જોઇએ.

ચોથો વાણિઓ—તમે બધા નાનાં છોકરાં જેવી વાતો કરોછો, આમાં જરૂર કાંઇ દગો છે, માટે મગનું નામજ પાડવું નહિ. એજ ખરો રસ્તો છે.

આ પ્રમાણે માંહોમાંહે સંતલસ કરતા હતા, તેવામાં ફરીથી લહુવાએ હાકોટો મારી પૂછ્યું, "ભાઇઓ શું વિચાર કરોછો? આ શી ચીજ છે? તે જલદીથી કહી દો."

એક વાણિઓ—આતો કાંઇ અનાજ જણાયછે.

બીજો ,, —હા, કઠોળ જેવું લાગેછે.

ત્રીજો ,, —કઠોળ તો ખરૂં, પણ પેલા......કેવારે ...અરે! તેનું શું નામ (યાદ આવતું નથી એવો ડોળ કરી) નાના દાણા જેવું લાગેછે તે?

ચોથો વાણિઓ—આતો મરી જેવા ઝીણા ઝીણા દાણા છે. અડદના હોય તો ના નહિ.

બાદશાહ—(ગુસ્સે થઈને) ક્યા? સબ બનિએ અંધે હો ગયે કે ક્યા? એ મુગ હૈ સો દેખતે નહિ.

બધા વાણિઆ બોલી ઉઠ્યા, હાં, આ આ! સાહેબ, એજ, આપે નામ દીધું એજ.

લહુવો—શું નામ?

વાણિઆ—બાદશાહે કહ્યું, એ એ એજ. એનું નામ.

લહુવા—તમે ફરિથી બોલો, એનું શું નામ?

વાણિઆ—(ભુલિ ગએલું યાદ કરતા હોય એમ) પેલું કેવુંરે, બાદશાહે કહ્યું, એજ, એજ. એતો બાદશાહ સાહેબ બોલશે ત્યારે યાદ આવશે. આમ રગઝક થઇ પણ ફરીથી-એ મગનું નામ દીધું નહિ, તેથી બાદશાહની ખાતરી થઇ કે વાણિઆની જાત બડી ખબરદાર છે. પછીથી એ વખત તો સૌને રજા આપી.

(૨)

બાદશાહ ઉપરની વાતથી સમજ્યો કે વાણિઆની જાત પહોંચેલી તો ખરી પણ કોઇ પ્રકારે એમને ફંદામાં લા-વી શિક્ષા કરવી એમ નિશ્ચય કર્યો. તેના ડાહ્યા પ્રધાન લહુ-વાએ યુક્તિ બતાવી કે "સાહેબ, આપ શિકારમાં સુવર મારીને લાવો, તેને દરવાજાની વચ્ચોવચ્ચ ટાંગી વાણિઆઓને બોલાવી પૂછવું કે, 'આ શું જનાવર છે?' વાણિઆ કહેશે કે

"સાહેબ સૂવર છે;" એટલે આપ સાહેબને અપશબ્દ કહ્યાનું તહોમત મૂકી શિક્ષા કરી શકાશે."બાદશાહને આ વાત ગમી. બીજે દિવસે શિકારમાં સૂવર મારી લાવી દરવાજા વચ્ચે ટાંગી વાણિઆઓને બોલાવવા મોકલ્યા. સિપાઇઓ તેડવા આવેલા જોઇ વાણિઆઓએ વિચાર કર્યો કે, બાદશાહ આપણને બોલાવેછે, તો આપણે કાંઇ વાંકમાં આવ્યા હઇશું; અથવા તો વાંકમાં લાવવા હશે. અગાઉ પણ મગ જેને સઘળાઓ ઓળખે એવી ચીજનું નામ આપણી પાસે કહેવરાવવાનો યત્ન કર્યો હતો. માટે જુવાનીઆઓનું કામ નહિ. ચાર ઘરડા વાણિઆઓ જવા તૈયાર થયા, ને ડેલી આગળ પહોંચ્યા કે તરતજ તેમને સ્વાલ કર્યો કે, "અબે બનિઆ, યહ કોનસા જનાવર હૈ?" આવા સ્વાલથી વાણિઆઓ તાજુબ થઇ ગયા, ને કાંઇ પણ ખટપટ વાળો નવો મુદ્દો છે એમ અગમ બુદ્ધિવડે ધ્યાનમાં સહેલાઇથી આવી ગયું. તેથી તેઓએ એનું ખરૂં નામ સૂવર કહેવું નહિ એમ સંતલસ કરી નાંખી. બાદશાહ તો સૂવરના શિકાર સાથે વાણિઆઓનો શિકાર નજીક આવેલો જોઇ ખુશાલીને ચેહેરે મંદ મંદ હસતો હતો. આથી વાણિઆઓના મન પર મોટા મર્મની અસર વધારે થઇ. આખરે તાકીદથી જવાબ માગવાથી વાણિઆઓ એક પછી એક કહેવા લાગ્યાઃ—

પહેલો વાણિઓ—(મોં ઊંચું કરી આંખ ઉપર ચાર આંગળાં ધરી, ધારીને જોતો હોય એવો ડોળ કરી) સાહેબ,

કદાપી હાથી સૂકાઈ સૂકાઈને આવો થઇ ગએલ હોય તો ના નહિ !

બીજો વાણિઓ—(આસપાસ ફરીને) સાહેબ, હું ધારૂં છું કે બિલાડી ખૂબ જાડી થઈ ગઈ હોય તેના જેવું આ જનાવર છે !

ત્રિજોવાણિઓ—સાહેબ, આતો અમારી ગોળની વખારમાં વણિઅર આવે છે તેવું છે ;

ચોથો વાણિઓ—અરે સાહેબ, આતો રીંછનું બચ્ચુંછે !

બાદશાહ આવા જૂદા જૂદા ઉત્તર સાંભળવાથી ગુસ્સામાં આવી જઈ કહે છે, "તુમ સબ દેખતેહો કે નહિ? એતો સૂવર હૈ."

સઘળા વાણિઆઓ—હા આઆ, એજ, સાહેબ.

બાદશાહ (ફરીથી)—કયા નામ ઉસકા ?

વાણિઆઓ—આપ સાહેબે કહ્યુ એજ.

આ ઉપરથી બાદશાહને લહુવાના કહેવાની વિશેષ ખાત્રી થઈ.

ઉપરની બંને વાતો ઉત્તમ પ્રકારની દિર્ઘ દૃષ્ટિનો ચિતાર બરાબર આપે છે. હરેક જાતના કામકાજમાં તેવી શક્તિ ગુંચવાડામાંથી નિખાલસ કરી શાબાશી અપાવે છે.

વાર્તા ૨૮ મી.

હડાળાની કૂતરી.

કાઠિઆવાડ પ્રાંતમાં લીંબડી સ્વસ્થાનમાં હડાળા ગામ છે. તે ગામ ઘણા જુના વખતનું વસેલું છે. તે ગામના પાદરમાં એક કૂતરી રહેતી હતી. પોતાના જાતના જાતિ સ્વભાવ મુજબ અજાણ્યા માણસને પાસે આવેલ જોઈ ભસે તો તો કાંઈ નહિ, પણ આતો બહાદૂર તેથી ભસવાની બાબતમાં ઘણીજ વિચિત્ર હતી. કોઈ અજાણ્યું માણસ નજરે પડે એટલે દુર હોય ત્યાંથી તેના સામું ભસવા માંડે તે દેખાતું માણસ પાસે આવે અને પાછું નજરથી દેખી ન શકાય એટલે વેગળે જાય ત્યાં સુધી તેને ભસ્યાજ કરે.

હડાળા ભાલના પ્રદેશમાં આવવાથી ત્યાંની જમીન ટેકરા ટેકરી કે ઝાડ વગરની ને સપાટ, તેથી આશરે દોઢ ગાઉ છેટેથી માણસ જતું આવતું દેખી શકાય છે. આમ હોવાના લીધે આ બારીક્ષી કૂતરીનો દિવસનો ઘણો ખરો ભાગ ભસવાના કામમાં જતો હતો. વખતપર તેના નસીબ યોગથી થોડો ઘણો વિસામો માણસ જાતના વગર આવરા જાવરાએ મળતો હતો. તેનું ડાચું ભશી ભશીને એવું વજ્ર જેવું થઈ ગયું હતું કે ભસવાની આળસ કે કાયરતા કદી થતીજ નહિ. કેટલાક જૂવાન ગામડીઆ વટેમાર્ગુઓ તેને વધારે ચીડવવા સારૂ સામે આવી લાકડી ઉગામી ઉભા રહે તેથી ચીડાઈને વ-

ધારે ભસે એટલે લાકડીના ઘા પણ વખતે થતા; છતાં ભ-સવામાં પાછીપાની આપતી નહિ, પણ પોતાના ખારીલા સ્વભાવનું પોત બતાવતી હતી. માર પડે ત્યારે જરા દૂર જાય પણ ભસવાનું કામ છોડે નહિ, આથી તે "હુંડાળા-ની કુતરી" ભસવામાં એક્કી ગણાવા લાગી, અને બધે જાહેર થઈ.

એક દિવસ બાદશાહનું લશ્કર સોરઠ ઉપર ચડાઈ માટે આવતું હતું. તે હુડાળાના પાદરમાંથી નિકળ્યું. લશ્કર-નાં માણસો જેવાં તેના જોવામાં આવ્યાં કે કાન ચમકાવી મોઢું સજ્જ કરી ભસવા માંડ્યું. લશ્કરના માણસો કાંઈ થોડાં નહોતાં, કે સહેજવારમાં આવતાં બંધ પડે. તે તો એક પછી એક આવવાંજ લાગ્યાં. કુતરી જાણે તે આવતા લશ્ક-રને ડરાવતી હોય એમ ડોળ કરી ભસવાના ધાર ખેંચો નહિ. લશ્કરતો સવારમાંથી આવવું શરૂ થએલું તે બપોર સુધીમાં પણ આવતું પૂરૂં થયું નહિ, તે દરમિઆન કુતરી નરમ થઈ ગઈ. વજ્ર જેવું મોઢું દુખવા આવ્યું મોઢેથી લાળ અને છે-વટે લોહી વહેવા માંડ્યું. આંખોમાં ખાડા પડ્યા, ને ઉભું રહી શકાય એમ રહ્યું નહિ એટલે નિરાશ થઈ ભોંય પડી; તો પણ ધીમે ધીમેથી ભસ્યા કરતી. પોતાનો ખારીલો સ્વ-ભાવ છોડ્યો નહિ. જરા જરાવારને આંતરે પોતાનું ડાચું હલાવ્યાજ કર્યું, અને તેથી આખરે તે કુતરી ભશી ભશીને મરી ગઈ.

ઈર્ષા ધરાવનાર ખારીલા માણસને નસિયત આપવા આ વાતનો ઉપયોગ કરવામાં આવે છે. તેવા માણસોને, કાંઈ પણ કારણ નહિ છતાં ખારીલી ટેવ રાખવાથી ખેદ થઈ પરિણામે ઘણું નુકશાન થાય છે, ને તે " **હડાળાની કુતરી** " ના ઉપમાથી ઓળખાય છે.

વાર્તા ૨૯ મી.

ઠાકોરના ઘરના કુશળતાના સમાચાર.

એક *ઠાકોર પરદેશ ગયા ને ઘણાં વર્ષ વિતી ગયા પણ ઘેર આવ્યા નહોતા. ઘરનાં સર્વ માણસો મરી ગયાં, માલ મિલ્કત બળી ગઈ, છેવટ કાંઈ રહ્યું નહિ એટલે ઠાકોરની ખબર કાઢવા તેમના ઘરનો વિશ્વાસુ 'રંગલો' નામનો ચાકર પરદેશમાં નીકળ્યો. શોધતાં શોધતાં કેટલેક દિવસે ઠાકોર મળ્યા તે વખત તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં, છાતી ભરાઈ આવી, ને ગદ ગદ કંઠે ઠાકોર ઘરના સમાચાર પૂછવા લાગ્યા. કાબેલ રંગલાએ વિચાર્યું કે આ વખત જો એકદમ ઘરના ખરેખરા સમાચાર કહીશ, તો ઠાકોરથી સહેવાશે નહિ ને ઘણાજ દિલગીર થશે. માટે માઠા સમાચાર ધીમે ધીમે યુક્તિથી અપાય તો ઠીક એમ નિશ્ચય કર્યો.

---

* ગમે તે ગરાસીઆને ઠાકોરના ઉપનામથી કહેવામાં આવે છે.

ઠાકોર—કેમ રંગલા, ઘરની શી ખબર છે ?

રંગલો—સારી ખબર છે, ઠાકોર.

ઠાકોર—છેતો સૌ હેમખેમ ?

રંગલો—હા.

ઠાકોર—(ઘણા દિવસથી ઘર છોડેલ છે માટે વધારે ખાત્રી સારૂ ભાર દઇ બોલે છે) સૌ—બધા—હેમ એમ છે ?

રંગલો—હા, પણ એક જરા-ક કહેવાનું છે.

ઠાકોર—તુંતો બધા હેમખેમ કહે છે ને વળી કહેવાનું શું છે ?

રંગલો—આપણો બાઝીયો કૂતરો મરી ગયો !

ઠાકોર—અરરર ! બાઝીયો કૂતરો ! મોટો સિંહ જેવો શૂરો, હરણ જેવો ચપળ, હાથી જેવો મસ્ત, એ મરેજ શી રીતે ! ! તેની દિલગીરી પેહેલાં મને મોટો અચંબો થાય છે !

રંગલો—આપણી હરડી ઘોડીના હાડકાં કરડી મૂઓ !

ઠાકોર—અરે બેવકૂફ ! ઘોડીને શું થયું ?

રંગલો—ઘોડી પણ મરી ગઈ.

ઠાકોર—જો ! તુંતો જરા કહેતો હતો ને વળી ઘોડી મૂઆનું પણ કહે છે તેથી મને બહુ લાગે છે—બોલ, તે પંચ કલ્યાણી, ×રવાલ ચાલનારી, ફૂંકે ગાઉ દોડનારી, મારી વહાલી ઘોડી સાથી મુઇ ?

×ઘોડાની એક જાતની ચાલ.

રંગલો—ઠાકોર, એમાં કાંઇ મનમાં લગાડવું નહિ. જેવા ઇશ્વરના બનાવ. તે ઘોડી તો ખડને ચંદી વિના મરી ગઇ.

ઠાકોર—અરે, મૂર્ખા, ખડની ગંજીઓને ચંદીના કોઠાર ભરી મૂક્યા હતા તે ક્યાં ગયા ?

રંગલો—ખડની ગંજીઓને ચંદીના કોઠાર હતા તેતો તમારી આઇ-માના કારજમાં વપરાઇ ગયા.

ઠાકોર—અરે ! આતે શો ગજબ ! વળી આઇ મા, મારા ઘરનું નાક, મારા સુખનું કારણ અને દુઃખનો વિસામો, તેમને શું થયું !

રંગલો—તે તમારા કુંવરના દુઃખે કરીને મૂઆ.

ઠાકોર—અરે ગમાર ! કુંવરનું એવડુ દુઃખ શું તેમને લાગ્યું કે મરવું પસંદ કર્યું !

રંગલો—કુંવર મરી ગયા ને તમે ઘેર નહિ તેથી હવે વંશ વેલો રહેવાની આશા રહી નહિ. સબબ કુંવર મૂઆનું એટલું દુઃખ તેમને લાગ્યું કે, તે દુઃખે ઝૂરી ઝૂરીને થોડે દહાડે મૂઆં.

ઠાકોર—ત્યારે મારો કુળદીપક કુંવર મરી ગયો? હાય ! હાય ! તે શી રીતે મૂઓ ?

રંગલો—ધાવણ વગર !

ઠાકોર—અરે મોહોકાણીઆ, ઠકરાળીએ ધવરાવ્યો નહિ એમ કહેવાને તું માગે છે ?

રંગલો—ના, ના. ઠકરાળાં પણ ગુજરી ગયાં છે. સૌથી પેહેલ તો એમણેજ કરી છે, માટે કુંવરને ધાવણ મળ્યું નહિ.

ઠાકોર—તે શાથી મૂઆં ?

રંગલો—કોગળિયાના ત્રાસદાયક રોગથી !

ઠાકોર—ત્યારે હવે રહ્યું કોણ ? ! !

રંગલો—એક ઠાકોર તમે, ને તમારો ચાકર હું. બે જણા રહ્યા ! ! !

ઠાકોર—અરે મારૂં કુટુંબ બધું બેદાન મેદાન થઇ ગયું ! ઘેર કોઇ રહ્યું નહિ, ને અધુરામાં પૂરૂં વળી તું અહીં આવ્યો, તો ઘરની મિલ્કતની કોણ સંભાળ રાખતું હશે ? તેંનો કાંઇ બંદોબસ્ત કર્યો છે ?

રંગલો—બંદોબસ્ત કરવાની કાંઇ જરૂર રહી નહોતી કેમકે એક દિવસ આપણા ઘર ફરતી *લાલબાઇની ચોકી ફરી ગઇ છે.

આથી ઠાકોર સમજ્યાકે પોતાનું કુટુંબ ખોયું છે એટલુંજ નહિ પણ માલ મિલ્કત પણ અગ્નિનો ભોગ થઇ ગઇ છે તેથી ઘણા દિલગીર થઇ ગયા. રંગલાએ ધીરજ આપી શાંત કર્યા.

આ વાતનો સાર ખુલ્લો વાતમાંજ આવી ગયો છે.

---

*અગ્નિ.

વાર્તા ૩૦ મી.

કર્યું ભગાના જેવું !!!

ખેડામાં ભગવાનદાસ કરીને એક વાણિઓ રહેતો હતો. તે ભગાના ઉપનામથી ઓળખાતો હતો. પોતે સારા કૂળનો હોવાથી નાનપણમાં અહેમદાબાદ પરણ્યો હતો. તેનો બાપ તેને નાનો મૂકીને મરી ગયો હતો. તેથી તેની રાંડેલી મા તેને હરીફરીને તેના સામું જોઈ રંડાપો ગાળવાનો હતો. તે તેને આંધળાની આંખ માફક ગણતી હતી. જરા વારપણ તેને વિલો મૂકતી નહિ ! રમવાતો શું પણ ભણવાપણ ઘર બહાર જવા દેતી નહિ! આથી ભગો ૧૮-૨૦ વર્ષનો થયો ત્યાંસુધી કેવળ વ્યવહારની માહિતી વગર મૂર્ખ રહ્યો હતો.

ભગાને સાસરે લગ્ન હતાં તે અવસરે તેને તથા તેની વહુને તેડાવ્યાં હતાં. વહુ બિચારી માંદી રહેતી હતી તેથી તેનાથી જવાય તેમ નહોતું. ભગાને કોઈ દહાડો બારણા બહાર કાઢેલો નહિ તેથી તેને એકલો મોકલવાની તેની માની હિમત ચાલતી નહોતી. પણ મોકલ્યા વિના છૂટકો નહોતો. હોંશીલા સાસુ સસરા આવા શુભ અવસરે પોતાના જમાઈ ભગાભાઈને ઘેર આવેલા ન જૂએ તો ઘણું ખોટું લાગે એમ હતું. આખરે ભગાને મોકલવો એમ એની માએ નક્કી કરી જવાના દિવસે તેને પોતાની પાસે બોલાવી કહ્યું, "ભાઈ, તારે સાસરે લગ્નછે માટે તારે આજે અહેમદાબાદ જવુંછે,

તો તૈયાર થા." ભગો તૈયાર થઈ પોતાની મા પાસે રજા લેવા આવ્યો. માએ શિખામણ દીધી કે "દીકરા, તું હજી બાળક છે. કોઈ દિવસ પરગામ એકલો ગયો નથી, તેમાં વળી આતો સાસરે જવું છે માટે ડાવકા થવું, થોડું બોલવું, પૂછે તેનો ઉત્તર ધીમેથી આપવો, એક વાતની હા કહેવી તો એક વાતની ના કહેવી એમ ડાહ્યો ડમરો થઈને રહેજે."ભગાએ કહ્યું, "મા, તારે ફિકર રાખવી નહિ; તારા દીકરામાં કાંઇ પણ કહેવાપણું આવવા નહિ દઊં. પછી કાંઇ ?" આમ કહી વિદાય થયો. તેની અધિરી મા ભાગોળસુધી વળાવા ગઈ ત્યાં પણ ફરીથી એની એ શિખામણ દીધી.

સાંજ વખતે ભગો મહેમદાબાદ આવી પહોંચ્યો. સાસરાને ઘેર જૂહાર કરી બેઠો. જમાઈ પોતાને આંગણે આવેલો જોઈ માયાળુ સાસુએ ઉલટભેર આવી તેનાં *દુખડાં લીધાં. રસીલી સાળીઓએ પાણી લાવી મૂક્યું. હોંસીલો સાળો પાનસોપારી તૈયાર કરી આપવા બેઠો. એમ ભગાભાઈને ચારે તરફથી આદરસત્કાર થવા લાગ્યો. સાસુએ સમાચાર પૂછવા માંડ્યા.

---

* ઓવારણાં. સામા માણસના માથા તરફ પોતાના હાથ લઈ જઈ તે હાથ પાછા પોતાના લમણાં સાથે દાબી ટાચકા બોલાવી ઇચ્છવું કે તારાં દુઃખ ભાગો. આવી રીતે બાયડીઓમાં માન આપવાની રીતછે.

સાસુ—(પોતાની દીકરી ન આવી તેથી) એકલાજ આવ્યા છો કે ?

ભગો—હા.

સાસુ—અમારી દીકરી નથી આવી ?

ભગો—ના.

સાસુ—તમારી મા સારાં છે ?

ભગો—હા.

સાસુ—બધાંએ હેમખેમ છે ?

ભગો—ના.

સાસુ—અમારી દીકરી હજી માંદી છે ?

ભગો—હા.

સાસુ—હજી સારૂં થયું નથી ?

ભગો—ના.

સાસુ—ઓસડવેસડ કરતા હતા ?

ભગો—હા.

સાસુ—કોઈ ઔષધની ટીકી લાગતી નથી ?

ભગો—(ઘણા જવાબ દેવાથી કાયર થઈ ગયો હોય તેમ મોઢું કહાણું કરીને) ના—

સાસુ—(જમાઇએ મોં બગાડ્યું તેથી વહેમ આવવાથી) શું કાંઈ છાનું રાખવા જેવું છે ?

ભગો—હા.

સાસુ—(કોટે બોલાવીને ધામથી)છોકરીતો જીવતી છેકની?

ભગો—ના.

સાસુ—અરર ! મરી ગઈ ?

ભગો—હા ! ! !

આથી ઘરમાં રડારોળ થઈ રહી. એવામાં ભગાનો સસરો બહાર ગયો હતો ત્યાંથી આવ્યો. તેની જોડે ખેડાનો રહેનાર ભગાનો પાડોશી કામનો પ્રસંગ હોવાથી આવ્યો હતો. તેઓ રડારોળ જોઈ ગભરાઈ ગયા, અને પૂછતાં માલમ પડ્યું કે ખેડામાં પરણાવેલી તેની દીકરી ગુજરી ગઈ. પેલો પાડોશી એ બાઇને નજરથી જોઈ તુરતનો આવેલ હતો તેણે કહ્યું, "હું તમારી દીકરીને નજરે જોઈ ઘોડાપર બેશી હમણાંજ ચાલ્યો આવ્યોછું, અને આવા માઠા સમાચાર તમને કોણે કહ્યા ?" એટલે સૌએ ભગાભાઈનું નામ દીધું. જે ત્યાં હાજર હતો. ત્યાર પછી તે બંનેની રજુઆત થઈ તેમાં ભગાભાઇનું ભોપાળુ ઉઘાડું થયું કે, તેની ઓરત તો જીવે છે, પણ માંદીછે તેથી આવી શકી નથી. તેની માએ એક વાતની હા ને બીજી વાતની ના કહેવા શિખામણ દીધી હતી તે ઉપર સુરત રાખી જવાબ દીધાછે તેથી આમ થયું, એમ ખૂલ્લું તેણે કહી દીધું. આથી સૌએ તેને ઢોર જેવો મૂર્ખ કહી ફિટકાર આપ્યો ! આ વાત ગામોગામ અને દેશોદેશ પસરી ગઈ, અને તે દિવસથી કોઈ માણસ જો બહુ ખોટું કામ કરેતો **"કર્યું ભગાના જેવું"** એમ કહેવાયું.

કાંઈ પણ કામમાં નહિ ધારેલું ઘણું ખોટું પરિણામ લાવનારને આ વાતમાંના "ભગા" ના જેવો અને તેના કૃત્યને "ભગાના જેવું કર્યું" એમ કહેવામાં આવે છે. આ વાતનો હેતુ તે ખોટું કૃત્ય બતાવવાનો છે.

વાર્તા ૩૧ મી.

હીરો ઘોઘે જઇ આવ્યો.

ભાવનગર શહેરમાં કમળશી કરીને એક મોટો વેપારી હતો. તેને ત્યાં હીરો કરીને એક વાણોતર હતો. હીરાને અને અક્કલને હજારો ગાઉનું છેટું હતું. પણ દયાળુ શેઠ તેનો નિભાવ કરવા સારૂ રાખ્યો હતો, તેથી તેને પરગામ કાગળપત્ર લઈ જવાનું અથવા તો કોઈ ઉઘરાણી જાય તેની સાથે જવાનું કામ સોંપવામાં આવતું તોપણ હીરો દરેક વખતે પોતાની ચાલાકી બતાવવા ચૂકતો નહિ.

એક વખત રાત્રે કમળશી શેઠ ગુમાસ્તા સાથે વાત કરેતા હતા કે "હીરાને કાલે ઘોઘે મોકલવો છે;" તે હીરાના સાંભળવામાં આવ્યું. હીરાને રાત્રે ઘેર સૂતા સૂતા વિચાર થયો કે, શેઠજીનો ઇરાદો મને ઘોઘે મોકલવાનો છે તો શેઠજી કહે અને કામ કરવું તે કરતાં વગર કહ્યે કરૂં ત્યારેજ મારી હોશિઆરી! મારા બાપ મને રોજ કહેતા હતા કે "કહ્યું કામ તો

ઢોર પણ કરે પણ જ્યારે વગર કહ્યે પોતાની સમજણથી કરીએ ત્યારેજ ખરી માણસાઇ.” ,આવો વિચાર કરી પાછલી રાત્રે ચાર વાગે ઉઠી ધોધે જઈ સવારમાં આઠ વાગે પાછો આવ્યો. તુરત હરખાતો હરખાતો શેઠ પાસે ગયો, અને જશ લેવાની આશાએ ઉતાવળથી બોલી ઉઠ્યો કે “શેઠજી, હું (હીરો) ધોધે જઈ આવ્યો.” શેઠે કહ્યું, “તું ક્યારે, શું કામ, કોના કહેવાથી ધોધે ગયો હતો?” હીરાએ કહ્યું, “શેઠજી, તમો રાત્રે મને ધોધે મોકલવાની વાત કરતા હતા તો આપ કહો અને પછી જાઉં તે કરતાં વગર કહ્યેજ જાઉં તો જશ મળે એ સારૂ ગયો હતો.” આથી શેઠે તેની મૂર્ખાઈ પર હશી, ફોકટ ફેરો ખાધો તે માટે જશને બદલે જુતીઆં (ડપકો) આપ્યાં.

આ વાત ફોકટના ફેરા ખાનાર મૂરખાઓની અક્કલનો નમુનો બતાવેછે, ને તેવા પ્રસંગમાં આ દ્રષ્ટાંત બોલાય છે.

વાર્તા. ૩૨ મી.

અભિમાન નિષેધક. અદ્‌ભૂતરસ ગુર. ગપ.

દિલ્લીનો જયમલ નામનો મલ્લ પાદશાહના તમામ મલો સાથે કુસ્તી કરી જીત મેળવી ઘણો હરખાઇ ગયો, અને

કહેવા લાગ્યો કે હવે અહીંઆં તો મારા જેવું કોઈ જબરૂં નથી. અહીં નથીતો દુનિઆમાં પણ ક્યાંથી હોય ! અરે, કેની માએ શેરસુંઠ ખાધી છે કે મારી બરાબરી કરી શકે? માટે હવે તો દિગ્વિજય કરવા ચૂકવું નહિ. ઘણા રાજા રજવાડાછે ત્યાં જઈ કાંતો લડનાર, અને તે નહિતો સવામણ સોનાના પૂતળાની માગણી કરવી. લડનાર તો કોઇ હશે ત્યારે આપશેકની? આમ કરવાથી સોનાનાં પૂતળાં મળશે માટે આ કમાવાની તક ખોવી નહિ. વળી દુનિઆમાં આપણી જીતના ડંકા વાગે એ થોડી સંગરૂખીનું કારણ નથી. આવા વિચારથી પરદેશમાં વિજય કરવા નિકળ્યો.

મોટા મોટા રજવાડા અને શહેર જયમલ ફરી વળ્યો, ત્યાં કોઇ લડનાર મળ્યું નહીં; પરંતુ જ્યાં જ્યાં ગયો, ત્યાંથી વિજયની નિશાની તરીકે સવામણ સોનાનું પૂતળું લીધું. આ પ્રમાણે ચાળીશ પૂતળાં એકઠાં થયાં પણ કોઇ માથાનો મળ્યો નહિ. મલ્લને આથી ઘણોજ ગર્વ ઉપજ્યો.

જયમલ ફરતો ફરતો અમદાવાદના બજારમાં આવી ચડ્યો. કમરબર ચાળીશ પૂતળાં સોનાનાં બાંધીને ચૌટાવચ્ચે ઉભા રહી કહ્યું કે, મારી સાથે કોઈ લડનાર આપો નહિતો સવામણ સોનાનું પૂતળું આપો. ઘણા લોકો એકઠા થયા હતા, તેમાંથી "પારકા છોકરાને જતી કરવા" મશ્કરીમાં એકજણ બોલી ઉઠ્યો કે-અહો, મલ્લ, તમારી સાથે લડે એવો ગાંગલી

ઘાંચણનો છોકરો કેતડીઓ અમારા શહેરમાં છે. તેને ત્યાં જાઓ તે તમારી સાથે લડશે.

મલ્લતો લાગલોજ ગાંગલી ઘાંચણને ઘેર ગયો, અને તજવીજ કરી તો ઘરમાંથી કેતડીઆની ઓરતે જવાબ આપ્યોકે "તેતો ઘેર નથી, ગામ ગયા છે." મલ્લે ફરીને પૂછ્યું, "કયે ગામ ગયો છે અને ક્યારે આવશે?" બાઇએ ઉત્તર દીધો કે અહીંથી ત્રીશ ગાઉ ઉપર ગામ છે, ત્યાં અમારા શેઠનું સો ગાડા લોઢું છે, તે લેવા આજ સવારના ગયાછે; તે લઇ સાંજે પાછા આવશે. પોતાની બાંધપર ખેંચી લાવવુંછે, માટે ઘડીક મોડું વહેલું વખતપર થાયતો થાય, પણ આજે અચૂક ઘેર આવશે. મલ્લે આશ્ચર્ય પામી સ્વાલ કર્યોકે બાંધપર શી રીતે લાવશે? બાઇએ કહ્યું, દરેક ગાડાનો ઊંટડો આગળના ગાડામાં ભરાવી સૌથી આગલા ગાડાનો ઊંટડો પોતે બાંધપર લઈ ખેંચશે એટલે તમામ ગાડાં ખેંચાતાં આવશે.

ઘાંચણના આવાં વેણ સાંભળીને મલ્લનાતો હાંજાજ ગગડી ગયા. અધધધ! સો ગાડાં લોઢું ખેંચી સાઠ ગાઉનો પંથ કરી ઘેર સાંજે પાછો આવશે! ઘણી અજબ વાત છે. ઘાંચી જબરો દેખું! પણ તેની સાથે લડવુંતો ખરૂં. 'હિંમતે મરદા તો મદદે ખુદા.' એને કાંઇ દાવપેચ આવડતા નહિ હશે, તેથી હું તેને સહેજવારમાં હરાવીશ, પરંતુ અહીં લડવું ઠીક નહિ. કદાચ દૈવ ઇચ્છાથી ઘાંચી જીતે તો શહેરના લોકો મારી ફજેતી જૂએ, માટે તેના સામે જવું અને વગડામાં કુસ્તી કરવી

એ ઉત્તમ રસ્તો છે. કદાચ આપણે હાર પામીએ તો પરબારા પોબારા ગણવાનું ઠીક પડે. આવો વિચાર કરી જયમલ ઘાંચીની સામો ચાલ્યો. થોડાક ગાઉ ચાલ્યો એટલે ગાડાંઓની ઉડતી ધૂળ વચ્ચે હારની હાર આવતી દીઠી. વગર બળદે ગાડાં આવતાં જોઈ, તેણે જાણ્યું કે ઘાંચણનો છોકરોજ એ ગાડાં ખેંચી લાવતો હશે. નજીકમાં આવ્યો, ત્યાંતો ખાતરી થઈકે આ માણસ મારી સાથે લડનારો છે, તેથી કાંઈ પણ ચેતવણી આપ્યા સિવાય જયમલે એકદમ ધસારો કરી ઘાંચીને ભોંયપર નાંખ્યો. ઘાંચી કાંઇ મલ્લનો ગાંજ્યો જાય એવો નહોતો. યુક્તિથી મલ્લના હાથમાંથી છટકી સામો મૂછપર તાર દેતો, જંઘા તાડન કરતો તથા મોટા ડોળા ઘુરકાવતો, મલ્લની સામે તિરસ્કારથી જોતો ઉભો રહ્યો. મલ્લે એક જબરી રીડ કરી, ઘાંચીની ગરદનપર થપડ મારી, તેને પાડી, પોતે ઉપર ચડ્યો તેવોજ ઘાંચી પણ પેચ કરી તળેથી ઉપર થઈ ગયો. આ રીતે ભોંયપર બંનેની મરદાની કુસ્તી ચાલી. પરસ્પર લડતા જાય છે ને ઉપર તળે થતા જાય છે. કોઇ કોઇને ચીત્ત કરવા સમર્થ થતો નથી. એવામાં બંને પાંચ ગાઉ આગળ નિકળી ગયા. એક તરફ ગાડાં માંહેલું લોઢું વેરાઈ ગયેલું છે અને બીજીગમ મલ્લની કમરેથી છૂટી ગયેલાં સોનાનાં પૂતળાં પણ પડ્યાં છે. તેવામાં જંબુરી નામની એક કોળણ છાણાં વિણવાં માટે ટોપલો લઈ આવી હતી તેની નજરે એ બધું પડ્યું. ચારે તરફ જોયું તો કોઈ માણસ દીઠું નહિ તેથી જંબુરીકોળણ હરખાઈને

તમામ લોઢું તથા સોનું ટોપલામાં ભરી ટોપલો પોતાની જાતે માથાપર ચડાવી ગામ ભણી ચાલતી થઇ!"

પેલો મલ્લ અને ઘાંચી છેવટ થાકી ગયા. કોઇની હારજીત થઇ નહિ એટલે કાયર થઇ છૂટા પડ્યા. મલ્લના મનનું અભિમાન ઉતરી ગયું. અરે, હજી હું જીતી ન શકું એવા જોરાવર પણ પડ્યા છે! આથી તે નરમ ઘેંસ અને ગર્વ રહિત થઈ ગયો. ઘાંચીના મનમાં અભિમાન વધ્યું. આહા! જયમલ જેવો દિગ્વિજય કરનાર મલ્લ પણ મને જીતી શક્યો નહિ, તો હવે મારી બરાબરી કરનાર કોણજ હોય? એમ માનવા લાગ્યો. બંને જણ પોતાના માલની તપાસ કરવા આવ્યા તો ફક્ત ખાલી ગાડાં જોયાં.પૂતળાં કે લોઢું માલમ પડ્યું નહિ,તેથી તેઓ પણ વિસ્મિત થઇ આસપાસ જોવા લાગ્યા, તો ઘણે દૂર એક બૈરીના માથા ઉપર સુંડલો જોવામાં આવ્યો. તેમાંનાં પૂતળાના ચળકાટ જોઇ બંનેને ખાતરી થઇ કે એ સઘળું તે બાઈ લઈ જાય છે. તે એટલે બધે દૂર હતી કે સાદ કરવાથી સાંભળે એમ નહોતું; તેમજ ઉતાવળી ચાલી જતી હતી તેથી થાકેલ પાકેલ મલ્લ તથા ઘાંચી તેને પહોંચવાને શક્તિવાન હતા નહિ. તેથી નિરાશ થઇ ગયા. ઘાંચીના મનમાં આવ્યું કે, અરે! હું ફક્ત લોઢાના ગાડાં ખેંચી લાવ્યો તેથી મને કેટલુંક દુઃખ થયું છે. પણ આતો લોઢા ઉપરાંત પૂતળાંનો ભાર છતાં ઝડપથી ચાલી જતી જણાયછે, તો એ મને પણ ટક્કર મારે એવી ખરી. આવા વિચારથી તેનું અભિમાન ઉતરી ગયું.

જંબુરીના માથાપરનો અગાધ ભાર તેને ફૂલના જેટલો હ-લકો હતો. તે અતિશય મગરૂબી સાથ લટક લટક કરતી જાય છે તેવામાં એકાએક જબરો વંટોળીઓ ચડી આવ્યો. તેના વમળમાં જંબુરી અટવાઈ ગઈ, ને થયું એમકે માથાનો ટોપલો આકાશમાં ઘણે ઉંચે ઉડયો. વંટોળીઓ નરમ પડયો એટલે ટોપલો નીચે ઉતરવા લાગ્યો. તે ઉતરતાં ઉતરતાં રાજાની રાણી બારીએ જોતી બેઠી હતી તેની આંખમાં પડયો. !! રાણીએ તો આંખ ચોળી દાસીને બૂમ મારીકે મારી આંખમાં કણું પડયું તેથી વેદના બહુ થાય છે.

દાસીએ તરતજ લાલો નામનો કાણીઓ હજામ જે કણું કાઢવામાં હોશિઆર હતો તેને તેડાવ્યો. તેણે આવી આંખ ફાડી માંહે નજર કરી તો સોના ને લોઢાના ઢગલા જોયા. તેથી પક્કા હજામે રાણી પાસે માગી લીધું. કે મારી મહેનતના બદલામાં આંખમાંથી જે કણું નિકળે તે મને આપવું. રાણીએ આવી નજીવી માગણી હુશીને કબૂલ રાખી. હજામે ધીરેધીરે આંખમાંથી તમામ લોઢું સોનું તથા ટોપલો બહાર કાઢયાં. ૧૦૦ ખાંડી લોઢું તથા સવામણનું એક એવા ચાળીશ સોનાના પૂતળાંનો ઢગલો જોઇ લોકોની દાનત બગડવા લાગી. પણ રાણીએ વચન આપ્યું હતું તેથી તમામ હજામને લઇ જવા દીધું. સૌ કોઈ હજામને શાબાશી આપવા લાગ્યા. રંગ છે! જો તું હાજર ન હોતતો રાણીની આંખમાંથી આ બધું કાઢત કોણ? બાબા, તું કસબી ખરો! બીજાનો ભાર નહિ.

આવાં વાક્યથી તે બહુ ફૂલાયો. અદક પાંસળીયાને અભિમાન આવ્યું! કાણીઆ હજામની ડાગળી ચસકી. તુરત તે લુહારને ત્યાં ગયો, અને આંખમાંથી નીકળેલાં લોઢાનો ચીપીઓ કરાવ્યો, તથા સોનાના પૂતળાં ભંગાવીને ઘુઘરીઓ કરાવી; ચીપીઆ ફરતી ટંકાવી. આ ચીપીઓ કોથળીમાં રહી શકે એવો નહોતો તેથી તે ખભાપર કે હાથમાં રાખી ઘુઘરીઓનો ધમકાર કરતો બજારમાં હજામત કરવા નિકળે. તે વખત દેશી પરદેશી લોકો જૂએ તે વિસ્મિત થઇ હજામને તે સંબંધીની વાત પૂછે. **મૂળમિઆંને દારૂ પીધો**, તે મિસાલે મૂળતો ડેહડાહ્યો ને વળી કાણીઓ; તેમાં વળી કણું કાઢ્યાની વાત હાથમાં આવી તેથી એવા ડોળથી વાત કહે કે, સાંભળનારના મનમાં હજામની બરાબરી કરનાર કોઇ નથી એમ ઠસી જાય.

આ વાત જંબુરી કોળણના જાણવામાં આવી એટલે તેણે પોતાનો ટોપલો વંટોળીઆમાં ઉડી ગયો હતો તેજ તે જાણ્યો. આથી તેનો ગર્વ ઉતરી ગયો. જે ભાર હું માથાપર રાખતી તેજ રાણીની આંખમાં રહ્યો તો ધન્ય છે તેમને !!

એક દિવસ વગડામાં રહેનારો એક જડસા જેવો ભરવાડ હજામત કરાવવા શહેરમાં આવ્યો. તેને જોતાં જોતાં કાણીઆ લાલો હજામ મળી આવ્યો. તેણે કહ્યું, "અલ્યા, હજામ મારી હજામત કરતો જઇશ?" લાલાએ હા કહી. તેથી તેની હજામત કરવા એક દૂકાનના ઓટલાપર તે લાલીઓ બેઠો. હજામત કરી રહ્યા પછી હોંસે હોંસે હજામે પેલા ચીપીઆવતી નાક-

માંના વાળ લેવા માંડ્યા. એવામાં ભરવાડે ઉંચો શ્વાસ લીધો તેથી ચીપીઓ નાકમાં ચાલ્યો ગયો!! હજામ તાતો–ઉનો થઇ ભરવાડ સાથ તકરાર કરવા લાગ્યો કે મારો ચીપીઓ લાવ. ભરવાડ કહે, "મેં કાંઇ લીધો નથી. શ્વાસ ભેગો ઊંચો ચડી ગયો તેમાં મારો વાંકશો? જ્યાં હોય ત્યાંથી શોધીલે." હજામ કાછડો વાળી માથું ભરવાડના નસકોરાં આગળ રાખી ઉભો રહ્યો. ભરવાડે શ્વાસ ઊંચે ચડાવ્યો એટલે સડસડાટ નાકમાં હજામ પણ ચાલ્યો ગયો. ચીપીઆની તપાસ કરવા અંદર ચારે તરફ ફર્યો પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. છેવટ તેની આશા મૂકી બહાર નિકળવાનો માર્ગ શોધવા લાગ્યો તો તે પણ મળે નહિ. નિરાશ થઇ એક ઠેકાણે બેઠો. એવામાં તેને એક રબારી મળ્યો તેને પૂછ્યું, "ભાઇ, મારો ચીપીઓ ક્યાંએ દીઠો!" રબારી કહે, " તને તારા ચીપીઆનાં પડી છે; પણ મારી નવસો નવાણું સાંઢ આજ ત્રણ મહિના થયાં અંદર આવીછે પણ જડતી નથી માટે તેનીતો વાત કર!!" હજામ આ સાંભળી હેરત પામી ગયો. બાપલીઆ, હવે તો ચીપીઆની મા મૂઇ પણ જો જીવતા બહાર નિકળીએ તો બસછે, માટે કાંઇ રસ્તોતો બતાવ? રબારી કહે છે, "નિકળવાનો રસ્તો તો શોધીશું ત્યારે હાથ આવશે. પણ આજ ત્રણ મહિના થયા નાકમાં રહીને શરદી થઇ ગઇ છે, માટે મારી પાસે ચકમકછે તેનો દેવતા પાડી ચલમ પીએ." એમ કહી રબારીએ ચકમક વતી દેવતા પાડ્યો ને ચલમ ભરી પીવા લાગ્યો. આથી ભર-

વાડના નાકમાં સળવળાટ થઈને છીંક આવી. તેના જોરથી રબારી, હજામ, બીપીઓ ને નવસો નવાણું સાંઢ બહાર નીકળી પડયાં !!! હજામનો ગર્વ તદન ઉતરી ગયો.

આ વાત તદન અશક્ય છે તેથી તે ગપ કહેવાય છે. તેનો હેતુ વાતમાં ખુલ્લો છે.

વાર્તા ૩૩ મી.

ઢેઢ પાસે *વિષ્ટિ કરાવવાનો કામદારનો ઠરાવ.

અગાઉના વખતમાં એક રજવાડામાં કારભારીની જગો ખાલી પડી. તે જગા ઉપર એક માણસની નિમણુક કરવાનું ઠરાવ્યું. રજવાડાની રીત મુજબ એક કારભારી બે ચાર વર્ષ કારભાર કરી શકે, તે દરમિઆન કાંતો નોકરી છોડવાની ફરજ પાડે કે કાંતો તે પોતાની મેળે છોડીદે. આમ ટુંકી મુદતની નોકરી લેવામાં કારભારી પૈસો ભેગો કરવાનો મુખ્ય મતલબ રાખતા હતા, તેમાં તેમનો ઘણો દોષ કાઢીએ એવું નહોતું; કારણકે રાજાઓ પણ એવીજ રીત રાખતા હતા કે નોકરી છોડતી વખત કારભારીનો દંડ કરી બોરડીખંખેરવાને ચૂકતા પણ નહિ. આજ કાલ જમાનો ફરતો જાયછે, પરંતુ આગળ-

* પંચાત.

ના વખતની વાતો સાંભળીએ છીએ ત્યારે ઘણા કારભારીના ઘરબાર લૂટી લીધેલા, ઘણાને અંધારી કોટડીમાં કેદમાં ઘોચી ઘાલેલા ને ઘણાને દેશપાર કરેલાના અનેક દાખલા જાણીએ છીએ.

નવો કારભાર લેનાર ગૃહસ્થને ખાત્રી હતી કે આપણને એક વખત નોકરીમાંથી રજાતો આપશે ને રાજાની નજરમાં આવે તેમ બૂરી હાલત કરી દંડ પણ લેશે, માટે રાજાને કેટલો દંડ આપવો પડશે એ વાતનું મુકરર અગાઉથી થાયતો ઠીક. આમ વિચારીને તેણે રાજા પાસે માગી લીધું કે, "રાજાજી, આપ મને કારભાર સોંપોછો તો ઘણી ખુશીની સાથ હું કામ બજાવવા તૈયાર છઉ. તેમાં મારી કાંઈ કસુર કે ભૂલ આવેતો આપ મને નોકરીમાંથી દૂર કરોતો ભલે, પણ તેનો ઈનસાફ કરી દંડ આપના હાથથી કરવો નહિ એમ હું માગુંછું."

રાજા—હું મારા હાથથી ન કરૂં તો બીજું કોણ કરે?

નવો કારભારી—આપણે ઠરાવીએ તે ત્રાહિત માણસ દંડ કરે.

રાજા—તે કોણ ત્રાહિત માણસ?

નવો કારભારી—મારો સગો નાતીલો કે પીછાન વાળો નહિ. તેમજ આપની હજુરમાં રહેનારા કે રાજ્યના નોકરો પણ નહિ. ઢેડ લોકો ત્રાહિત થઇને વિષ્ટિ કરી જે ઠરાવે તે દંડ આપવાની કબૂલત આપુંછું.

રાજા—વળી ઢેડ જેવી નીચ જાત તે વિષ્ટિમાં હોતી હશે!

મારેતો મારા હાથથી ઇનસાફ કરી દંડ કરવો. તું આમ કહેછે તો હું વિચારીને હલકી શિક્ષા કરીશ. માટે તું ડરેછે કેમ?

નવો કારભારી—આપના હાથથીતો દંડ ઠરાવવા હું ખુશી નથી. એતો ઢેડ લોકો ઠરાવે તેજ મારે આપવું ને એમ ઠરાવ કરો તોજ હું તે જગોએ રહેવા ખુશી છઉં. નહિતો મારી મરજી નથી.

રાજાનો વિચાર કારભારીને રાખતી વખતજ કાઢી મૂકવાનો નહોતો, તેથી આવી નીચ જાત પાસે પોતાનો ઇનસાફ કરાવવાનું કારભારી શામાટે માગતો હશે, તે બાબત કાંઈ પણ લાંબો વિચાર કર્યા સિવાય તેની અરજ રાજાએ કબૂલ રાખી, અને કારભારીની પાઘડી બંધાવી.

તેણે કારભાર ઉપર નિમાયા પછી પૈસા કઈ રીતે પેદા થાયછે એના ઇલાજ શોધવા માંડ્યા. ફરિઆદીની ફરિઆદ સાંભળી પ્રથમ તેનેજ ઉધડો લેવો. તેમજ સામાવાળાને પણ માર મોઢે અમલના દબાણથી કબુલ કરાવી, કામનો ફેંસલો બંને તરફનું ગૃહણાત કર્યા પછી કરવો! સેહેજ કામમાં લંબાણ કરી ઘણા દિવસ કરવા! તે વિનાતો લોકો કાંઈ સુંવાળા નથી કે તુરત આપી દે! પ્રજા ઉપર જુલમાત ભરેલા કરો નાખવા. ખેડુતની અથાગ મેહેનતનો ભાગ અરધો કરી નાખવો. ચોર તથા લૂટારાને ઉત્તેજન આપી તેમાંથી ભાગ લેવા એવા અનેક તરેહના પૈસા પેદા કરવાના સાધનો શોધી કાઢ્યાં, ને તે મુજબ અમલ કરવા માંડ્યો. બે વરસમાંતો હજારો રુપિ-

આ મેળવી લીધા. આથી લોકો ત્રાહી ત્રાહી પોકારવા મંડ્યા. આખર અસહ્ય જુલમ થવા લાગ્યાથી લોકોએ ટોળાબંધ એકઠા થઈ *ઉચાળા ભરવાની શરૂઆત કરી. આ હકીકત રાના જાણવામાં આવવાથી રૈયતને બોલાવી ધીરજ આપી કે એક કારભારીને હું રજા આપુંછું અને તમે સુખે રહો.

રાજાએ કારભારીને બોલાવી કહ્યું, "તમે રૈયત ઉપર ઘણો જૂલમ ગુજારોછો, માટે તમને બરતરફ કરીએ છીએ, અને તમારી કસૂર બદલ"—(રાજાને બોલતાં અટકાવીને વચમાં) કારભારીએ કહ્યું, "સાહેબ, મારો ઇનસાફ ઢેડ કરે એવો આપે ઠરાવ કર્યોછે તે પાળવો જોઇએ."

રાજાએ ઠરાવ મુજબ ઢેડના આગેવાનોને બોલાવ્યા.

ઢેડના પાંચ છ પટેલીઆ, **ટીહલો**, **ટાબલો**, **સવલો**, **ભાવલો**, **દાનીઓ**, **કુદીઓ** હાજર થયા. તેઓ રાજાને સલામ કરી બોલ્યા કે " માબાપ, તમારા ઢેડ હાજર છે. એમને શો હુકમ કરોસો ?"

રાજા—અમારા કામદારે લોકો ઉપર ઘણો જુલમ કર્યોછે તેથી તમો બરાબર વિચારીને બોલો કે તેનો દંડ શું લેશું ? તમને તેની વિષ્ટિ કરવા બોલાવ્યા છે, પણ જોજો, હો, તે કામદારથી કાંઈ ડરીને ઓછું નામ પાડશો નહિ. તેનેતો નોકરી ઉપરથી કાઢી મૂકેલછે.

---

* ગામ છોડી જવા સારૂ ઘરની ઘરવખરી ગાડામાં ભરવાની તૈયારી કરવી તે.

૬૨

ઢેડો—બહુ હાર, સાબ, તમુ જેવા માથે ધણી બેઠાસે ને અમે કરીએ શું કામ?

એમ કહી ઢેડ લોકો એકાંત જગોપર જઈ પરસ્પર વાતો કરવા બેઠા:—

ટીહલો—કેમ ભાઇઓ, તમારો શો મતછે? આતો વહટી કરવાનું આપણે માથે આવ્યું છે માટે વચારીને જવાબ દેવો.

ટાબલો—હા, હા, આતો આપણે માથે ભરૂાંત નાખી છે, તો "**સરપ મરે નહિ ને લાઠી ભાગે નહિ**" એમ કરવું જોઇએ.

સવલો—અરે, આતો કંઈ નાની હુની વાત નથી, જો બરાબર દંડનો આંકડો ઠરાવો નહિ તો બધા મલકમાં તમારી ધજા બંધા હે.

માવલો—ધજા બંધાહે એટલું ચેમ! પણ મારીને વાતો રહી જહે કે ફલાણાના કામમાં ઢેડ વહટીદાર હતા તો આમ કર્યું!!

દાનીઓ—એ બધી વાતો કરતાં આવડે છે*પણ કાંઈ નામ પાડહોકે નહિ?

કુદીઓ—મારૂંતો એમંજ કેવું છે કે ફરી ફરીને કામદાર હાથમાં આવવો નથી, માટે એવું કરોકે તે પણ આખો જનમારો હંભારે.

"આપણેતો પાંચ વીહું રૂપિઆ દંડ કરવાનું કહીએ છીએ." બીજો કહેછે, "અરરર્ એતો ગજબ થાય! બચારો એટલું મઘું લાવે આંથી? માટે ઓછું જોઇએ" ત્રીજો કહેછે, "હુંતો બે વીહું રૂપિઆ દંડના કહુંછું એ બરાબર છે." ચોથો કહે છે, "એમ પણ થાય નહિને એમ પણ થાય નહિ. કાંઇક વાજબી આંકડો ઠરેતો ઠીક કહેવાય" એમ ધારી છેવટ હામા, હામા, કરતાં બે વીહું ને ઉપર દહ રૂપિઆ દંડના ઠરાવ્યા ને બોલ્યા કે "આખો જનમારો રળી રળીને મરી જહે તોપણ દંડ પૂરો થહે નહિ." આ આંકડો કામદારના પોતાપર પણ થયેલ જુલમના શરત રાખી તેમના મનસુંતો દાઝના ભરેલ અંતઃકરણથી ઠરાવવામાં આવ્યો હતો, તે રાજાની પાસે કહી દીધો. પચાસ રૂપિઆનો નજીવો દંડ કામદારે કરેલ ગુનો જોતાં કાંઇ બિસાદમાં નહોતો, પણ પ્રથમથી રાજાએ કોલ આપેલ એટલે તે પ્રમાણે પાળ્યા વગર એ વચનપાળ રાજાને છુટકો નહોતો, તેથી તેટલો દંડ કબુલ રાખ્યો. પરંતુ એથી રાજાને મોટો અચંબો થયો કે આમ ઓછો દંડ કરવાનું કારણ શું! એથી જરૂર ઢેડ લોકોએ કાંઇ પણ રૂશ્વત ખાધી હશે, એવો શક રહ્યો. એ બાબત રાજાએ બીજા માણસોને પૂછતાં ખુલાસો કર્યો કે "ગરીબ માણસની ગુંજાસ છેક નાની હોયછે, તેમના મ્હોમાં મોટી રકમ પોષાય નહિ. આખો જન્મારો રળે ત્યારે તેમની પાસે એક કે બે વીશો રૂપિઆની મુડી થાય, તો પોતાને ભાગ્યશાળી માને તેથી તેમણે 'આપ એવો જગ' જાણીને આ

આંકડો ઠરાવ્યો છે; લાંચ રૂશ્વત કાંઇ લીધી નથી." આથી રાજાના મનનું સમાધાન થયું.

આ વાત બતાવી આપેછે કે વિષ્ટિ કરવામાં મોટા માણસને રાખવો નહિ તેની નજર મોટી તેથી ફેંસલાનું રૂપ મોટું થઇ પડે. પણ પોતાથી નીચા દરજ્જાના ગરીબને નાખવાથી ફેંસલાનું રૂપ ધાર્યા ઉપરાંત થતું નથી

વાર્તા ૩૪ મી.

એતો મિઆંભાઇકા ખેતહૈ,[1] બોડી બમનીકા નહિ.

બાદશાહી વખતમાં અમદાવાદથી બે મુસલમાન સ્વારો નોકરીનો હુકમ થવાથી પરગામ જવા નીકળ્યા. મિયાંને ઘેરતો હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરતાં હતાં. પોતાનું પોષણ બહુ મુશ્કેલીથી થતું,તો ઘોડાને પેટપૂરે ખાવાની આશાજ શી! બિચારા ઘોડાના પેટમાં હાથહાથના વા પડ્યા હતા.ખેતરોમાં લીલી-હરીઆળી જેવા ને ઘોડાચડ ઢંકાઈ જાય એવો ઊંચો મોલ જોઇને મિયાંઓએ તો ઘોડા માંહે છૂટા મૂકી દીધા, પણ ખેતરના માલિકને ખબર પડવાથી જોરથી હાંકોટો કર્યો કે ફસકુ મિયાંઓ તરત ઘોડા બહાર કાઢી લઈ, જાણે કંઇજ બન્યું નથી

---

[1] વિધવા.

તેમ ડોલતા ડોલતા આગળ ચાલ્યા. થોડેક ગયા એટલે એક સ્વાર બોલ્યો, "યે ખેતરમેં કોઈ આદમી દીખા જાતા નહિ હે, હમ્મેં ઘોડા છોડ દેંગે ?" તેના સોબતીએ હા કહી તેથી ખેતરનો મોલ ચરવા ઘોડાને છૂટા મૂકી દીધા. એ ખેતર કોઈ બિચારી વિધવા બ્રાહ્મણીનું હતું. તે વખત તે ત્યાં હતી. તેના ખેતરમાં ઘોડા પેઠેલા જોઈ સ્વાર પાસે જઈ પગે લાગી ઘણાજ કાલાવાલા કર્યા પણ દૈત્યને દયા શાની આવે ? મિંયાંભાઇએ કાંઈ ગણકાર્યું નહિ એટલુંજ નહિ, પણ ઉલટી બે ચાર ગાળો દઈ મારવાની ધમકી આપી. બિચારી અબળા જાત શું કરે ! લાચાર થઈ નુકશાન થયું તે જોયા કર્યું. મિંયાભાઇએ તો ઘોડા ચરાવતાં ચરાવતાં આગળ ચાલવા માંડ્યું. બ્રાહ્મણીનું ખેતર પૂરૂં થયું અને જોડે બીજું ખેતર આવ્યું, તોએ પણ બ્રાહ્મણીનુંજ હશે એમ ધારી તેમાં પણ ચરાવવા જારી રાખ્યા. મિંયાં ફસકુઓને ખબર નહિ કે એ કોઈ જાગીરદારનો વજીફો છે, નહિ તો શેઢાપર ચઢત પણ નહિ.

જાગીરદારના માણસોએ પોતાના વજીફામાં ઘોડા સ્વાર સહિત પેઠેલા જોઈ, એકદમ દોડી કાંઈ પણ પૂછપરછ કીધા વગર બંને સ્વારોને ઘોડેથી હેઠે નાખી મારવા માંડ્યા. એટલે એક મિંયાં બોલ્યો કે, "તુમ કાયકુ હમૂ લોકકું મારતા હય, તુમેરા કુચ્ચ બિગાડતો નહિ કીયા ? એ ખેતરતો બોડી બમનીકા હે, હમ્મે તુમેરા ક્યા લીયા ?"

એતો મિયાંભાઇકા ખેત હે, બોડી બમનીકા નહી હે"

આમ બોલી સ્વારોને મણુના છપાંચશેરી કરી જવા દીધા.

હવે પછી મિંયાંએ ખેતરોમાં પેઠા અવલ તેના ધણીના નામઠામ પૂછવા ટેવ રાખી. જો જવાબમાં બોડી બ્રાહ્મણીના, રાંડીકુંડી બાઇના, કે સાધુ વેરાગીના ખેતરો જણાયતો ખુશી-ની સાથ ઘોડા ચરાવા મંડી જાય, પણ જો મિંયાં બાઇના, કે કોઈ રજપુત ગરાશીઆના જણાયતો "ચલો ભાઈ ચલો" કહી ચાલવા માંડે.

હીચકારા લોકો નબળા ઉપર જે જુલમ ગુજારેછે તે ઉપરની વાત બતાવી આપેછે. તેઓ સબળાથી તો સદાય દોઢ ગાઉ દૂર રહેછે. અર્થાત **પોચે તેને હાડ વિસમે છે ને જ્યાં લાગે ત્યાંથીતો ભાગે છે.** ધિક્કાર છે એવા હિચકારાઓને.

વાર્તા ૩૫ મી.

સોકા હુવા સાઠ, આધા ગયા નાઠ, દશ દેઅંગે, દશ દીલાઉંગે, ઓર દશકા દેના બી ક્યા ઓર લેના બી ક્યા.

વીરમ ગામમાં એક કસ્બાતિ રહેતો હતો તેને એવી ટેવ હતી કે લેવું એનું પાછું આપવુંજ નહિ. આથી તેની શા-ખ ઘણી ઘટી ગઇ. કોઇ પાઇ ધીરે એવું રહ્યું નહિ. પ્રથમ-

ના ધીરનાર એક વાણિઆનો કાંઇ હિસાબ બાકી રહ્યો હતો. વાણિઓ વારંવાર ઉઘરાણી કરે પણ કસ્બાતી ગણકારે નહિ એટલે વાણિયો વિલે મોઢે પાછો જાય. કસ્બાતી થયો એટલે તેની સાથે ઝાઝી ખેંચતાણ થાય એમ નહોતું, તેથી પટાવી ફોસલાવીને પૈસા કઢાવ્યા સિવાય બીજો ઉપાય નહોતો. એમ અગમ બુદ્ધિ વાળો વાણિઓ સારી રીતે સમજતો હતો.

મિયા સાહેબને એક વખત પૂરા ખુશ મીજાજમાં જોઇ કહ્યું, "મિંયા સાહેબ આગળનો હિસાબ સમજીને ખાતું ચુકતું કરો તો સારૂં. એક વખત ખાતું ચૂકતું થયું તો પછી નવે સરથી બીજી જણસ ભાવ જોઇએ તે આપવા ના નથી. દુકાન તમારી છે, જે જોઇએ તે મગાવી લેજો." આથી પોતાને વાણિઓ નવું ધીરશે એમ લાલચમાં મીંયાભાઇ પડ્યા ને જાણ્યું કે જુનો હિસાબ પતાવી દઇશું તો પછીથી વાણિયો ધીરશે ખરો તેથી હિસાબ કરવાની હા પાડી.

વાણિઓ હરખાતો હરખાતો દુકાને જઇને બે ચાર ચોપડા બગલમાં ઘાલી આવ્યો. આડા અવળા આંકડા મુકી હિસાબ ગણી કાઢી, વ્યાજનો ખરડો તૈયાર કર્યો, તો રૂપિઆ સો લેણા નીકળ્યા તે કહ્યા.

મિંયા સાહેબ--તોબાહ અલ્લા! બડી ગજબકી બાત! રકમ તો ભારી હય! લેકીન સો રૂપિઆ તો તું તેરે મ્હુંસે કહેતા હૈ. તબ કિતને લેને કે બિચાર હૈ?

વાણિઓ—કેટલા કેમ! વ્યાજ સાથે લેણા નિકળેછે તે

સો રૂપિયા. એમાં કાંઇ ચાલે નહિ. 'હિસાબ કોડીનો ને બક્ષીસ લાખની." આંખમાં એક રજ સમાય તો હિસાબમાં એક પાઇ પણ સમાય".

મિંયા—અબે બનિઆ, બીઆજ કેસા! હમ મુસલમીન કું તો હરામ હૈ.

વાણિઓ—હં-બરૂંજતો-દીકરો હોય છે તો વહુ આવેછે. રૂપિઆ આપ્યાછે તો બ્યાજ માગીએ છીએ. અમથા કાંઇ માગતા નથી. અમારે આમાં બીજી શી આવક છે? વાણિઆનો દીકરો ધીરે એટલીજ રકમ પાછી લે તો શું બીજી માગીને પેટ ભરે?

મિંયા—દેખ તેરે હિસાબ કરના હોય તો મેં બોલું ઇસ તરહસે કર. ખાલી શીર ફીરાના મત. બીઆજ તો મૈં નહિ દેંગા.

વાણિઓ—(મનમાં) (કેટલેક વરશે માંડ માંડ હિસાબ કરવા બેઠાછે ને ખેંચતાણ કરી તો પડ્યો રહેશે. ફરીથી આ જન્મારે તો રૂપિઆ મળવાની આશા નથીજ. માટે જેમ એની મરજી હોય તે પ્રમાણે હિસાબ કરી નાખવો ઠીકછે એમ ધારી, (મોટેથી)ઠીક મિયા સાહેબ,જેમ તમારી મરજી હોય તેમ કરો.

મિંયા—અચ્છા તબ સુન. સોતો તેરે મુંહસે કહેતા હૈ તો "સોકા હુવા સાઠ, આધા ગયા નાઠ; દશ દેંગે, દશ દીલાવેંગે; ઔર દશકા દેનાબી ક્યા ઔર લેના બી ક્યા!" ચલ ચલાજા, હિસાબ હો ચુકા ઔર દેણાબી દે ચુકા.

———— •

મતલબ કે—સોમાંથી ચાળીશ વ્યાજના ગયા. બાકી સાઠ રહ્યા, તેમાંથી અરધા છુટના મૂક્યા એટલે ત્રીશ રહ્યા. દશ આપીશ, દશ કોઇ પાસેથી અપાવીશ, અને પછી દશજ રહ્યા. તો એમાં આપવું શું! ને લેવું એ શું!. વાણિઓ બિચારો વિસ્મિત થઇ ગયો જે આ શો ગજબ! લેણા સો રૂપિઆ ધૂળધાણી કરી નાખેછે! એક રાતી પાઇ રોકડી તો આપતો નથી, ફક્ત રૂપિઆ વીશ આપવા કહેછે, તે પણ નસીબમાં હશે તોજ આવશે! તેથી લાચલાજ હોઇને દુકાને જઇ બેઠો.

આ વાત લઇને ન આપનાર દેવાળીઆ લોકોના પ્રસંગમાં કહેવામાં આવેછે. તેમ કરનાર વ્યવહારહિન થઇ આખર કોઇ ધીરતું નથી ત્યારે દુઃખી થાયછે.

વાર્તા ૩૬ મી.

લાખ વેચંતી લક્ષ્મી, ભિખંતો ધનપાળ,
અમર મરંતો મેં શુણ્યો, (તો) ભલો મારો ઠીંઠણુ પાળ ;

સુરતમાં એક વિજયકુંવર નામની સ્ત્રીને ઠીંઠણપાળ નામના કુલીન અને ઘરના ગૃહસ્થ ધણી સાથે નાનપણમાં તેનાં માબાપે પરણાવી હતી. તે લાયક ઉમરની થઇ એટલે સાસરે આવી. સાસરામાં સર્વ પ્રકારનું સુખ હતું પણ તેના ધણીનું ઠીંઠણપાળ નામ સાંભળી તેને ખેદ થયો. અરે દૈવા ક્યાં મારૂં

નામ વિજયકુંવર અને ક્યાં ઠીંઠણપાળ ! કેવું કાનનેજ ડરામણું ને ખરાબ લાગે છે ! વળી તેનો અર્થ શો ? તેતો કાંઇ જણાતોજ નથી. અર્થ વગરના આવા કઢંગા નામ પાડનારને ધિક્ક છે? અરેરેરે ! મારે માટે તે ક્યાંથી નવું નામ ઉત્પન્ન થયું ! માણસોનાં કેવાં કેવાં ચંપકરાય, નવનિધરાય, નટવરરાય મનમોહનરાય, પ્રિતમલાલ, મનસુખલાલ વગેરે સુંદર, મન હરણુ અને ઉત્તમ નામ છે. વળી ગુણ પણ નામ પ્રમાણેજ હશે ! જેનું નામ ખરાબ તેનામાં ગુણ ક્યાંથી સારા હોય! અરે, તેવા નામ ઉપર ઉલટ આવેજ કેમ ! સારા ને વિદ્વાનનો સંગ તેવાને હોયજ ક્યાંથી ? પછી તેનામાં સારા ગુણ કેમ હોય ? એમ ખેદ કરવા લાગી. વળી તેની સહીઅરો જ્યારે ભેગી થાય, ત્યારે પરસ્પર પોતાના ધણીના નવલશંકર, દોલતરાય ગૌરીશંકર, ગિરધરલાલ, જગજીવનદાસ, કેશવરામ, ભગવાનલાલ વગેરે કાનને પ્યારાં લાગે એવાં સુંદર નામના દાખલા આપી તેને બહુજ ખીજવે, તેથી વિજયકુંવરના મનમાં શોક થયાં કરે. એ ચિંતામાં તેનું શરીર ઉતરી ગયું. ઠીંઠણપાળના નામની સોચનાને લીધે તેના ઉમદા ગુણ તરફ તો તે ધ્યાન આપતી નહિ, તેથી તેણીના મનનું સમાધાન થઇ રોષ ભરેલા નેણ શી રીતે ઉતરે ! હવેતો તેને દરેક માણસનું નામ પૂછવાની ટેવ પડી ગઇ હતી તેથી જેને તેને નામ પૂછ્યાં કરતી હતી.

એક વખત વિજયકુંવર પોતાની હવેલીના ઓટલા ઉપર

નિરાંતથી બેઠી હતી, તેવામાં એક ગરીબ બાઇ હાથમાં થોડી લાખ લઇ વેચવા નીકળી. તેણે વિજયકુંવરને કહ્યું, કે, "અરે બાઇ સાહેબ, તમારે લાખ જોઇતી હોયતો લઇ લો. તેની કિંમત જે તમારી નજરમાં આવે તે આપો. મારે તે વેચવાની ઘણી જરૂર છે એમ આગ્રહ કરી ફરી ફરી કહ્યું."

વિજયકુંવરે પ્રથમતો તેણીને હાથમાં લાખ, દેખાવે કંગાલીઅત ને **ભુખરૂબારસ** જેવી જોઇ સામું પણ જોયું નહિ. છેવટ તેના આગ્રહથી પુછ્યું, "અરે બાઇ, તું આમ કેમ છેક દીનતા બતાવે છે? તારૂં નામજ શું એવું છે કે?

લાખવાળી બાઇ—મારૂં નામ તો લક્ષ્મી છે.

વિજયકુંવર—તારૂં નામજ સાક્ષાત્કાર લક્ષ્મી છે, તો પછી તારે આ લાખના થોડા પૈસા ઉપજાવવા સારૂ ઘેરઘેર આથડવું પડે છે શા માટે?

લાખવાળી બાઇ—નામ લક્ષ્મી એમાં શું વળ્યું! ઘરમાં ખાવા દાણો ને રાતી પાઇ સરખી નથી. છોકરાં બૂમો પાડતા હશે. તેથી જ્યારે આ લાખ વેચીને એના દાણા લાવી રોટલા કરીશ, ત્યારે ખાવાનું પામશું. નામ પ્રમાણે ગુણ હોયતો હુંતો ઘણી રાજી છઉં. પણ એમ બને કેમ? નામતો માણસો સારાં સારાં પાડે છે, પણ **ધૂળ ઉપર લીંપણ;** મારા પડોશમાં ગલાલ અને કંકુ નામની બાઇડીઓ કાજળથી કાળી છે, ઝવેર ને મોતી તો ફૂટી બદામની ગણતીમાં નથી, ગુલાબતો ગંધાતું

રહે છે ને **સાકર** કડવા ઝેરી છે. વધારે શું કહું? માટે નામ પ્રમાણે ગુણ હોયજ નહિ.

એમ કહી તેતો ચાલી ગઇ. થોડી વાર થઇ ત્યાં એક **ધનપાળ** નામનો માણસ ભિખ માગવા આવ્યો, તેણે વિજયકુંવરને કહ્યું કે, "બાઇ, તમારા હૃદયમાં પ્રભુ વસે તો કાંઇ આપો. **હાથે તેજ સાથે** છે, તમને ધર્મ થશે. મારી આંતરડી ઠરવા દેશે. ને તમારૂં ભલું થશે.

વિજયકુંવર—અરે ભાઇ, તું આમ ભીખ માગતો ફરે છે તે શું, તારૂં નામ એવું **ભિખારીદાસ** છેકે શું?

ધનપાળ—ના, બાઇ, મારૂં નામતો **ધનપાળ** છે. પણ તેમાં કામ શું આવે. મારો જન્મ બધો ભીખ માગવામાં ગયો છે.

વિજયકુંવર—વળી ધનપાળને પણ ભીખ માગવી પડે કે? શું, નામ એવા ગુણ ન હોય કે?!

ધનપાળ—અરે બાઇ, નામ એવા ગુણ હોય ક્યાંથી? એક મિંયાંનું નામ **દરીઆવખાં** હતું, પણ પાણી વગર તરસ્યો મરતો હતો; નામમાંથી એક ટીપું પાણી પણ કામ ન આવ્યું. અરે! **શીતલદાસ** નામનો સાધુ ઘણો ક્રોધી હતો. **નાગાનંદ**તો સુશોભિત વસ્ત્રાલંકારથી ગરકાવ રહે છે. **હનમાનદાસ**તો બબે બાઇડીઓ રાખે છે.

એવામાં એક **સંતોષદાસ** નામનો સાધુ આવ્યો ને વિજયકુંવર પાસે સવાલ નાખ્યો. ત્યારે તેણીએ પૂછ્યું કે "મહારાજ, તૈયાર રસોઇ જમી લેશો કે સીધું લેશો." સંતોષદાસે કહ્યું કે,

"તૈયાર રસોઇ પાવેંગે ઔર થોડા બોત સીધા પણ લેંગે." આથી ધનપાળના કહેવાની વિજયકુંવરને ખાત્રી થઇ કે નામ પ્રમાણે ગુણ હોતા નથી.

એવામાં પડોશમાં રહેનાર એક વાણિઆ ગુજરી ગયો તેની ભૂમરાણ પડી. વિજયકુંવરે તજવીજ કરીતો માલમ પડ્યું કે તે **અમરચંદ** નામનો વીશ વર્ષનો જુવાન હતો. **અમર** નામ છતાં મરી ગયાનું સાંભળી, તે બાઇની તમામ ભ્રાંતિ દૂર થઇ. અરે નામ એવા ગુણ હોતા નથી. માટે નામ નઠારૂં હોય તોપણ શું ને સારૂં હોય તોપણ શું? પણ ગુણ સારા હોયતો દીપી નીકળે છે. હું અત્યાર સુધી અંધારે કુટાઇને નામ ઉપરથી ગુણનું અનુમાન કરી રોષમાં રહી, તે મોટી ભૂલ કરી છે એમ પસ્તાવો કર્યો. પછીથી તેની સહીઅરો મળી ખીજવવા લાગી ત્યારે કહ્યુંકે, **"લાખ વેચંતી લક્ષ્મી, ભિખંતો ધનપાળ; અમર મરંતો મેં શુણ્યો(તો)ભલો મારો ઠીંઠણપાળ."** માટે મારો ધણી ઠીંઠણપાળ નામનો છે તેજ ભલો સમજવો, કેમકે તેના ગુણ તરફ જોતાં ઘણો સારો છે.

નામ ગમે તેવું હોય તો તે ગુણ કર્મની સાથે સંબંધ રાખતું નથી, માટે સારા નામ ઉપર મોહિત થવું ને નરસા નામને વખોડવું એ કેવળ અજ્ઞાનતા છે.

વાર્તા ૩૭ મી.

અક્કલ બડી કે ભેંસ.

અગાઉ એક સમયે ઉન્હાળાના વખતમાં લીંબડીના રાજાજી શિકારે નીકળ્યા હતા. શિકારની શોધમાં ઘણું ફરવું પડ્યું. એટલામાં ખરા બપોર થવાથી તાપ ઘણો લાગવા માંડ્યો. તરશ કહે મારૂં કામ! ચાકર પાછળ રહી ગયો હતો, તેથી જાતે પાણીની શોધ કરવા માંડી પણ નહિ મળવાથી નિરાશ થઇ એક ઝાડની ઘટા નીચે બેઠા. એવામાં એક કણબીના બે છોકરા આવી ચડ્યા. તેમને રાજાજીએ તરશની વાત કરવાથી તુરત દોડી જઇ તેમની જાણીતી જગાએથી પાણી લઇ આવ્યા; તે પીને રાજાજી ઘણા ખુશી થયા, ને પેલા કણબીના છોકરાને જે માગે તે આપવા કહ્યું.

મોટો છોકરો વિચારમાં પડ્યો કે અરે જીવ! આપણે શું માગવું? રાજા સાહેબ રાજી થયા છે. માટે હાલમાં કાંઇ ગાય ભેંસ આંગણે નથી,ને દુધ છાશ વગર ઘણા દુઃખી થઇએ છીએ, તેથી જો રાજાજી એક ભેંસ આપેતો ઘણું સારૂં.આથી ઘરનાં બધાં રાજી થશે. આવો મનસુબો કરીને બોલ્યો કે, "રાજા સાહેબ, તમે જો ખુશી થયા હોતો મને એક સારી જોઇને ભેંસ આપો." રાજાએ તે આપવા કબુલ કર્યું.

નાના છોકરાએ વિચાર્યું કે, હે! જીવ! મોટા ભાઇએ

ભેંસ માગી, તેમ આપણે કાંઇ જાનવર માગવું નથી. તે જાનવર જ્યાં સુધી હેયાત હોય ત્યાં સુધીજ ફાયદો. રાજા પાસે તો એવી ચીજ માગવી કે હમેશાં જીંદગાની સુધી ટકી રહે. ધન, માલ, ઢોરાં ઢાંખર, વાડી વજીફા, ઘરબાર કે હવેલીની કાંઇ દરકાર કરી નહિ. અરે ! એતો બધાં રાજાજી આપે ! પણ આપણે લોકભાઇ, વગર ભણેલા, અક્કલ વિનાના, તેને કેળવતા શું આવડે ! વળી તે આપણી પાસે રહી પણ શકે નહિ ! ફોસલાવી ખાનારા ઘણા મળે ! માટે અક્કલ માગીએ તો કામ થાય ! અક્કલથી બધું મળી રહેશે અને તેમાંથી ભાઇઓનો ભાગ પણ પડવાનો નહિ. ચોર ચોરી જઇ શકે નહિ. રાજા દંડી શકે નહિ. જન્મારા સુધીનું સાથીપણું તો અક્કલ છે. હે રાજા સાહેબ ! "તમે ખુશી થયા હોતો મને અક્કલ આપો." રાજા કહે, "અરે ! હું ફરી કહુંછું કે તું તારા ભાઇની માફક માલ મત્તા કાંઇ માગ. અક્કલમાં શું તારૂં વળવાનું છે ?" પણ સમજુ છોકરાએ તેજ કબૂલ રાખ્યું.

રાજાજી પોતાનું વચન પાળવા બંનેને રાજ મેહેલમાં સાથે લઇ ગયા. જેણે ભેંસ માગી હતી તેને સારી જોઇને એક ભેંસ બક્ષિશ આપી, તે લઇ રાજી થઇ ચાલતો થયો. જેણે અક્કલ માગી હતી તેને અક્કલ આપવા સારૂ પ્રથમ ભણાવવો જોઇએ તેથી એક પંડિતને બોલાવી તેને પગાર કરી આપી ભણાવવા માંડ્યો.

ભેંસ લેનાર મોટા ભાઇએ પોતાના ઘેર જઇ ભેંસ બાંધી. હમેશાં પટલાણી તેને ખડ કપાશીયા ખવરાવે, એટલે તેના ગજા મુજબ દૂધ દેતી હતી. તેથી ઘરનાં સર્વ માણસો દૂધ, દહીં, છાશ ને ઘીથી સુખી થવા લાગ્યાં. તેઓ અકલ માગનાર નાનાભાઇને ધિક્કારતા હતા. જુઓ, ભાઇએ ડાહ્યા થઇને અકલ માગીતો ઉલટા રાજાને કબજે રહેવું પડ્યું ! છોકરાં છૈયાંને દૂધ દહીંનાતો ઓરતા, પણ જાડી પાતળી છાશ પણ મળતી નથી ! ! અરે ભાઇ ! અકલનો કાંઇ દોકડો પણ ઉપજવાનો છે ! આતો તુરત પારખું ! છોકરાં *નવનીત ખાય છે ને રાજી થાય છે ! જો ઇશ્વર કરશેતો થોડા રોજમાં મોટા ગજાદાર થઇ પડશે ને પછી ખેડ કરશેતો કેટલા બધા રુપિઆની ઉપજ આવશે ! દૈવ ઇચ્છાથી છ મહિનામાંતો તે ભેંસ ગુજરી ગઇ ને પાછો હતો તેવોને તેવો થઇ રહ્યો. છોકરાં છૈયાં દૂધ દહીં વગર હાથ ઘસવા લાગ્યા. પણ કરે શું ? કાંઇ ઇલાજ નહિ તેથી મોં ચુંબીને બેશી રહ્યો.

અકલ માગનાર નાનાભાઇને પંડિતે પ્રથમ વાંચન જ્ઞાન કરાવ્યું. પછી તુરત નીતિ શતક, પંચતંત્ર, ઇત્યાદિકનો અભ્યાસ કરાવ્યો. તેને શીખવાનો ઘણો શોખ હતો ને તેમાં ઘણું ધ્યાન આપતો, એટલે પૂરો અકલબાજ નીવડ્યો. કેટલાક દહાડા શીખ્યા પછી તેની હુંશિઆરી જોઇ રાજાજી પ્રસન્ન થયા. પોતાના રાજ્યના કણબી વગેરે ખેડૂત હતા તે સર્વનો દેશ પટેલ

*માખણ.

ઠરાવી પાઘડી બંધાવી અમૂક પગાર બાંધી આપ્યો. સર્વ ખેડુતના કામકાજનો રાજ્ય તરફનો સંબંધ દેશ પટેલની મારફત ચાલતો હતો, તેથી સર્વનો તે અધિપતિ ઠરી ચૂક્યો. તેને પગાર મળતો હતો તથા પોતે કેટલીક જમીન રાખી ખેડાવતો, સુધરાવતો, અને દરેક ખેડુની નીપજ ઉપર તેનો લાગો કરી આપવામાં આવેલ, તે સર્વની હજારો રૂપિઆની ઉપજ તે અક્કલવાળા દેશ પટેલને થઇ પડી.

એ રીતે કેટલેક દહાડે અક્કલ માગનાર ભાઇનો પાસો ચડિઆતો જોઇ ભેંસવાળો મોટો ભાઇ વિચારમાં પડ્યો. અરે ! આપણે ભેંસ માગી તે મરી ગઇ ! અક્કલવાળો તો આજે મોટો દેશ પટેલ થઇ પડ્યો છે ! એમ કહી પોતાની મૂર્ખાઇને માટે પસ્તાવો કરવા લાગ્યો.

રાજાજી એક દિવસ સ્વારી કરી નીકળ્યા, તે પેલા ભેંસવાળાને જોઇ સવાલ કર્યો કે, પટેલ, "**અક્કલ બડી કે ભેંસ?**" તો કહે, "અક્કલ મોટી સાહેબ ! ભેંસતો મરી ગઇ ને હું હેરાન છું"!

બીજા સર્વ પદાર્થ કરતાં અક્કલનું શ્રેષ્ટપણું આ વાત બતાવી આપે છે.

વાર્તા ૩૮ મી.

વાણિઆની ભમ પાંચશેરી.

એક પરદેશી સિપાઇ બજારમાં સીધું સામાન લેવા ગયો હતો. વાણિઆની દુકાનપર જઇ આટો, દાળ, ઘી અને ચોખા વગેરેનો ભાવ પૂછવા લાગ્યો. વાણિઆએ તેની કિમ્મત કહી, તે આકરી લાગવાથી સિપાઇએ ફરીથી ઓછી કિમ્મતે માગણી કરી. છેવટ હા, ના, કરતાં સારૂં સધર્યું, પણ વાણિઆએ સિપાઇની ઓછા ભાવની માગણી કેવળ પ્રપંચ કરવાના ઇરાદાથી કબૂલ કરેલી હતી. મિઆંભાઇના મનમાં જે આપણે વાણિઆને છેતરીએ છીએ ને વાણિઓ જાણેકે મિઆંને છેતરૂં છઊં. વાણિઆના મનમાં એમકે આ તરકભાઇ કાટલામાં શું સમજે છે, તેથી સીધાની જણસો કૂડ કાટલે જોખવા માંડી. સિપાઇ રોજ સીધું વેચાતું લાવતો હતો તેથી તેને સુમાર આવી રહ્યો હતો કે શેરકે દોઢશેર તે આટલુંજ દેખાય. વાણિઆએ જૂદી જૂદી ચીજો તોળીને આપી તે સિપાઇને ઓછી લાગી, અને શક આવ્યો કે કાંતો વાણિઆનો કાંટો ખાદીલો છે યાતો કાટલાં ઓછાં છે તેથી બધી વસ્તુ તોળી આપ્યાપછી સિપાઇએ પોતાને હાથે તોળી જોયું તો ખાત્રી થઇકે ત્રાજવામાં તો કાંઇ ખાધ નથી; કાટલાં ઓછાં હોવા જોઇએ! તેથી વાણિઆને કહ્યું કે, "તારા કાટલાં ઓછાં છે માટે અધિકારી પાશે લઈ જવા પડશે." વાણિઆને એથી

ઘણો ગભરાટ ઉપજ્યો. સિપાઇ કાટલાં લઇને ઉભો થવા ગયોકે વાણિઆએ તેને સમજાવી પટાવીને બેસાડવા પ્રયત્ન કર્યો, તેમ તેમતો સિપાઇભાઇનો શક મજબુત થતો ગયો. મિંઆંભાઇને વાણિઓ વળગી પડ્યો, તેને તરછોડી નાખી ચાલવા જાય છે, એટલામાં અડોશ પડોશના દુકાનદારોએ એકઠા થઇ સિપાઇભાઇને ચારે તરફથી ઘેરી લીધો. મિંઆંભાઇ આકળો પડી જઇને ગાળો દેવા લાગ્યો ને નાશી જવાનો પ્રયત્ન કર્યો, પણ ફાવ્યું નહિ. આખર પોતાના રક્ષણ અર્થે હાથ ચલાવવો-શરૂ કર્યો. પછી વાણિઆ પણ ભૂલે શાના ? તેમણે પણ કપડામાં કાટલાં નાખી તે કપડાના ઘા કરવા માંડયા. જે વાણિઆ સાથે વાંધો પડયો હતો, તેતો એટલો રીસે બળી રહ્યો હતો કે તેણે કપડામાં પાંચશેરી નાખી સિપાઇના વાંસાપર **ભમ પાંચશેરી** કરવા માંડી. આથી મિંયાભાઇ કાટલાં પડયાં મૂકી લાગ આવ્યો કે મુઠ્ઠીઓ વાળીને નાઠો તે પાછું ફરીને જોયું પણ નહિ.

કપડામાંનાં કાટલાનાં મારથી સિપાઇને કાંઇ લોહી કે બીજી નિશાની થઇ નહોતી, પણ અમૂઢ માર ઘણો વાગેલ હતો. તેથી સિપાઇએ અધિકારી પાસે જઇ ફરીઆદ કરીને પોતાને માથે બનેલ હકીકત સર્વ વિસ્તારથી કહી બતાવી, એટલે તે બાબતનો પૂરાવો માગ્યો, પણ વાણિઆઓના એક સંપને લીધે કોઇ પૂરાવો મળી આવ્યો નહિ, તેથી સિપાઇની ફરીઆદ સાબિત થઇ શકી નહિ, ઉલટી મારી ગઇ.

આ ઉપરથી વાણિઆભાઇની ભમ ખાંચશેરી એક કહેવત ચાલી. એક સાખી છે કે:—

કસબે તરક ન છેડીએ, ઉનાળે અંગાર;
વગડે જટ ન છેડીએ, બજાર બીચ બકાલ.

જેઓનું જ્યાં જોર હોય ત્યાં તેઓને છેડવાથી મોટી આફતમાં આવી પડાય છે. એનો ચિતાર આ વાત બતાવી આપે છે.

વાર્તા ૩૯ મી.

મિઆં અને રજપુતની વડાઈ.

(ગપ સામુ ગપ.)

દિલ્લીમાં રહેનાર ફેકુમિઆં અને રણધિરસિંહ એ મિત્ર હતા. એક સમયે તેઓ હાસ્ય વિનોદની વાતો કરતા હતા. તે વખત ફેકુમિઆં પોતાના દિલોજાન દોસ્ત રણધિરસિંહને કહેવા લાગ્યો કે, "યાર, અબ જમાના ફિર ગયા! કુચ્છ કહેનેકી બાત નહિ. હમેરા બાપુ બાદશાહકા બડા રિસાલદાર થા, ઉસ્કે તાબેમ ઘોડેસ્વાર થે ઇસ્કીતો કુચ્છ ગીનતીબી નહિં હો શકતી! ઘો-

ડેકે વાસ્તે તબેલાબી ક્યા બડા!! ઉસ્કા એક છેડા ઉત્તર તો દુસરા દખ્ખન!!!!"

સમજુવાન રણધિરસિંહ વિસ્મીત થઈ ગયો પણ **ગોળે મરે તેને વિખે નહિ મારવાનું** ઉત્તમ ધોરણ ધ્યાનમાં લઈ વિચાર્યું કે એને એના જેવીજ ટાઢા પહોરની તોપથી સમજાવવો એ વધારે સારૂં છે. તેથી તે બોલ્યો, "ભાઈ, એ વાત બાદશાહના વખતની હોય તેમાં નવાઈ નહિ. મારા બાપને હથિઆરનો ઘણો શોખ હતો, અનેક જાતનાં દેશી પરદેશી હથિઆર-ભિળાં-કરી રાખતાં હતાં, તેમાં એક ભાલો એવડો મોટો હતો કે તેનો એક છેડો જમીનપર તો બીજો આસમાનમાં!

ફકુડખાં—ઓતો બડા ગપ! એત્તા બડા ભાલા રખતેથે કીધર!! સારે દિન હાથમેંતો નહિ રખતેથે!! રખનેકા ઠિકાના બતાઓ તબ તુમ્હારી બાત સચ્ચી નહિતો બડા ગપ.

રણધિરસિંહ—(હસતો હસતો) તમને ખબર નથી!! એ ભાલોતો તમારા બાપના તબેલામાંજ મૂકતા હતા!!!!

આ સાંભળી મિઆંભાઈ ઘા માની ચૂપ થઈ ગયા. (હવે જો રણધિરસિંહને જૂઠો પાડવા એવડો તબેલો નહોતો એમ કહેવા જાયતો પોતે કહેલી વાત પણ ખોટી પડે.)

કોઇની વાત ખોટી હોયતો તેને મોઢેજ ખોટી કહેવાના કરતાં કહેનાર માણસને રીસ ચડે નહિ અને પોતાની વાત

ખોટીછે એમ સહજ સમજી જાય એવી યુક્તિ આ વાત બતાવી આપેછે.

વાર્તા ૪૦ મી.

લાખમત લડબડી, સોમત સડસડી, પણ એક મત બિચારી બાપડી તે ઉભે માર્ગે મેલ્યાં તાપડી.

એક સસલો, સર્પ અને શિઆળ એ ત્રણે ભાઇબંધ હતા, તેથી તેઓ એક ખડની ગંજીમાં એકઠા રહેતા હતા. એક વખત તે ગંજી દૈવયોગથી સળગી તે જોઇ ત્રણે જણા ગભરાયા, અને એક બીજાને પૂછવા લાગ્યા કે, આ વખત સૌ સૌની અક્કલ દોડાવવાની છે, માટે ઉગરવાનો શું ઉપાય સૂઝેછે?

સર્પ—મારીતો કાંઇ ફિકર કરવી નહિ.હુંતો લાખ મતિવાળોછું જેથી ગમેતો સડેડાટ આડો અવળો જમીનપર દોડી જાઉં કે જમીન માંહે પેસું અગર ઉંચે ચડી જાઉં, પણ આ વખતતો ઝાડપર ચડી જવું ઠીક લાગેછે, માટે હુંતો આ પાસેના ઝાડપર ચડી જઇશ.

સસલો—મારી અક્કલ કાંઇ ઓછી નથી. હું સો મતિવાળોછું. હું જમીનપર દોડી જાઉં એટલુંજ નહિ, પણ જમીનની માંહે પણ પેશી જાઉં, તેથી હુંતો અહિંઆ નીચે મારૂં દરછે તેમાં પેશી જઇશ.

શિઆળ—તમે બધા ઘણી મતિવાળાછો પણ હુંતો એક મતિવાળોછું. આપણેતો ફકત એકજ તરેહનું જ્ઞાનછે કે કાંઈ સંકટમાં હોઈએ તો ભાગી છૂટવું, માટે હુંતો ભાગીને દૂર જઈ રહીશ.

એમ કહીને ત્રણે જણાએ સૌ સૌનો રસ્તો પકડ્યો. ગંજી જોરથી સળગવા માંડી તેની જ્વાળા પાસેના ઝાડને લાગવાથી ઝાડનાં પાંદડાં તમામ બળી ગયાં અને સર્પ શેકાઈને તેનું ખોખું લટકતું રહ્યું. સસલો એજ ગંજી નીચે દરમાં પેઠો હતો તે ત્યાંજ ઉપરના તાપના લીધે સડસડી ગયો.

શિઆળ જે ત્યાંથી ઘણે દુર નાશી ગયો હતો તે માત્ર બચ્યો. તેણે આવીને પોતાના મિત્રોના હવાલ જોયા અને બોલ્યો કે, **"લાખમત લડબડી, સોમત સડસડી, પણ એક મત બિચારી બાપડી, તે ઉભે માર્ગે મેલ્યાં તાપડી."**

સંકટના વખતમાં ખરેખરી હોંશિઆરીની પરીક્ષા થાયછે. હોંશિઆરીનું અભિમાન ધરાવનારાઓએ તે વખતે પોતાનું અભિમાન છોડી દઈ લાંબો વિચાર કરવો જરૂરનો છે. પણ એમ નહિ કરતાં એમાં શું છે? એમ તુચ્છ ગણી કામ કરવા જાયતો સંકટની બેડી તુટવાને બદલે ગળામાં સજ્જડ જડાઈ જાય છે.

વાર્તા ૪૧ મી.

તારા જેવો લાખ રૂપિઆ આપનાર મળશે, પણ મારા જેવો ના કહેનાર નહિ મળશે.

આખા ગુજરાત અને મુંબઈ ઇલાકાના ઘણા ભાગમાં આ અતિ પ્રસિદ્ધ ખરી વાત છે કે સુરત વાસી બ્રહ્મક્ષત્રી રા. અંબાશંકરજી પોતાના ખરા અંતઃકરણના પ્રમાણિક પણા માટે ઘણા પંકાયાછે. તેઓ ઇન્સાફના કામમાં કોઈની સિફારસ કે શરમ રાખતા નહિ. તેમને લાંચ રૂશવતનો ઘણો તિરસ્કાર હતો, ને સાચવટને માટે ઘણા ખંતી હતા. તેમના વિષેના એ ઉત્તમ ગુણની શાબિતી માટે એક વાત કહેવામાં આવેછે, તે પૈસાના લાલચુ માણસોને હેરતમાં નાખ નારી છે,

એક વખત અમદાવાદના પ્રિન્સિપાલના હોદ્દા પર તેઓ હતા, તે દરમિઆન એક લક્ષાધિપતિ પારેખના કુટુંબમાં વારસાની મોટી તકરાર ઉઠી. તે તકરારી મુકદ્દમો સત્યમૂર્તિ અંબાશંકરજીની કોર્ટમાં દાખલ થયો. તેથી મોટા ખટપટી મુકદ્દમાનો ચૂકાદો કરવાનું કામ તેમને શિર આવી પડયું. પક્ષકારો એક બીજા એવા મમત પર આવી ગયા હતાં કે ખર્ચના આંકડા સામું નહિ જોતાં પોતાનો હાથ ઉપર આવે એમ કરવાની દરેક પેરવીમાં ચૂકતા નહિ. બીજી બધી પેરવી બની શકે તે કરી, પરંતુ જ્યાંસુધી ઇન્સાફ કરનાર અધિકારીને મેળવી લીધો નથી, ત્યાં સુધી કામનું શું? ને ધારેલ કામ પાર

પડવાનો ભરોશો શું? તેથી છેવટે ઈનસાફનો કાંટો મરડવા વિચાર ધાર્યો. એક પક્ષવાળાએ પ્રિન્સિપાલ સાહેબ પાસે એકાંતમાં જઈ કહ્યું કે, "હું આ વખત એક લાખ રૂપિઆ તમને આપવાને આવ્યોછું. તેનું કારણ એ કે મારો કેસ જે આપ સાહેબની કોર્ટમાં ચાલેછે, તેનો ચૂકાદો મારા લાભમાં કરવો જોઈએ."

આવી મોટી એક લાખ રૂપિઆની રકમ, બીજી રીતે બોલીએ.તો સાડી બાસઠ મણ રૂપું, યાને એકસો પચીશ શેર સોનું, પ્રિન્સિપાલ સાહેબ રા. અંબાશંકરજીની દાનત ભ્રષ્ટ કરવા પૂરતી નહોતી, એમ કહેવાને કોણ હિંમત કરે એમછે? પણ આફરીનછે તેમના પ્રમાણિકપણાને! ને બલીહારીછે તેમની સત્યતાને! કે એક લાખ રૂપિઆ ધગધગતા અંગારા જેવા લાગ્યા કે રખે ને સ્પર્શ થશે તો દુઃખ થશે, એમ ધારી ઉલટા ક્રોધ કરી બોલી ઉઠયાકે, "અરે, પારેખ, તમે મને પૈસાની લાલચમાં ફસાવી ગેરઈનસાફ કરવાની આશા રાખતા હો તો તે ફોકટછે. તમારા તે રૂપિઆને હું કાંકરાના ઢગલા તુલ્ય ગણુંછું, માટે એ વાત મારી પાસે કરવી નહિ."

પારેખ કહેછે, "અરે, સાહેબ, ગુસ્સે શા માટે થાઓછો, જરા વાતતો સાંભળો. સરકારના નોકરી આંખો જન્મારો કરશો તો પણ આટલી રકમનું મ્હો જોવાના નથી. જ્યારે લક્ષ્મિ ચાંદલો કરવા આવીછે, ત્યારે શું કામ મ્હો ધોવા જવું પડે! સરકાર તો નોકરીની સગીછે, જ્યાંસુધી નોકરી થશે ત્યાંસુધી

પગાર આપશે. કાંઈ કસૂરમાં આવ્યા કે તુરત જાણે ઓળખ-જ નથી. 'તેરા સૂત ને મેરાવાણા' કરશે. વખત પર દૈવયોગે કાંઈ આંખ માથુ દુખ્યું, તો સરકાર કાંઈ બૈરાં છોકરાંની પરવશી કરનાર નથી. ઘરમાં કાંઈ ટકો પૈસો હશે તો વાપરશે ને ખાશે. નાની નાની રકમ માટે હારહાર કુતરાં ભસાવવા જેવું આ કામ નથી. આતો એક મોટી રકમ છે. તેનો હાથો માર-વા ચૂકવું એ પછીથી પસ્તાવા જેવું છે. આ વાત હાથો હાથ છે તો પછી કોઇના જાણવામાં આવનાર નથી. એ બાબતની કહો તે ખાતરી કરી આપું, કે હવેથી એ વાત કોઈના કાન-પર જાય નહિ. કદાચ કોઈ મૂર્ખ લોકો અનુમાનથી વાત ચ-લાવશે તો તમારી સાખ એવી છે કે સમજુ માણસ કહેના-રને તોડી પાડશે, ને માનશે નહિ."

પ્રિન્સિપાલ સાહેબે કહ્યું, "પારેખ, તમે ગમે તેમ મને લલચાવવાનું કરો, પણ તેથી મારૂં એક પણ રૂવાંટું બદલા-વાનું નથી. તમે એક લાખ રૂપિઆ આપવાનું કહોછો તેથી પણ વધારે કહો તો પણ મારે મન તો તે તૂચ્છ છે. હું અની-તિથી પૈસો મેળવવાને બેદરકારછું."

પારેખે કહ્યું, હવે એ બધું ક્યાંસુધી ડહાપણનું બોલ્યા કરશો, ચટ દઇને હા પાડોની, કે તેનો પછવાડેથી પસ્તાવો તો ન થાય. કારણ કે જો આ વખત ચૂક્યા તો મારા જેવો બીજો કોઇ લાખ રૂપિઆ આપનાર નહિ મળશે."

પ્રિન્સિપાલ સાહેબે કહ્યું, "છટ! છટ! હરામખોર, હું કહુંછું

તે યાદ રાખ કે **તારા જેવો લાખ રૂપિઆ આપનાર તો મળશે. પણ મારા જેવો ના કહેનાર નહિ મળશે."** હવે જા, એક વખતને માટે તારો ગુન્હો માફ કરૂંછું, ને વધારે કહેતો નથી, નહીંતો એક ઘડીમાં આબરૂ પાડત. આ સાંભળી પારેખ મૂંગે મોઢે તરત ચાલતો થયો."

ઉપરની વાત શુદ્ધ અંતઃકરણ તથા નીતિથી ચાલનાર, લાંચ રૂશવતને ધિક્કારનારના એક્કા તરીકે વપરાયછે, તે ખરે ખરી બનેલ હોવાથી પૂર્ણ રીતે બોધ લેવા જેવી છે. પૈસો જોઇને મોટા મુનિવર ચળી જાય. સતિઆના સત છૂટે. મિત્ર તે વેરી ને વેરી તે મિત્ર થાયછે, ઇનસાફનો ગેરઇનસાફ ને ગેરઇનસાફનો ઇનસાફ પણ તેથીજ થાયછે. આ દુનિઆમાં ઘણા માણસો ઉપરથી નેકીનો ડોળ બતાવેછે. પણ તે **"ન મળી નારી તો સદા બ્રહ્મચારી"** એ કહેવત મુજબ ચાલનારા હોય છે. તેઓ તોજો કસોટીમાં કસાય તોજ ખરા ખોટાની બરાબર પરિક્ષા થઈ શકેછે. લાખ રૂપિઆ જેવી મોટી રકમનો ઢગલો નજરે જોઇ લાલચમાં નહિ ફસાતા પોતાના સત્યને વળગી રહેનારને હજાર વાર બલીહારી છે, તેવા શુદ્ધ અંતઃકરણ વાળા તો હજારો બલ્કે લાખોમાં કોઇકજ વિરલા નિકળી આવેછે. તેનેજ ધન્ય છે! ધન્યછે તેના અધિકારને ને બલીહારીછે તેના હુકમને! ધન્ય છે તેવા માણસની કિર્તિને ને ધન્યછે તેના માતપિતાને!

લાંચ રૂશવતના પૈસા પેદાકરનારને પ્રથમ તો ઠીક લાગે છે, પણ હરામના પૈસાથી સુખ મેળવવાં ધાર્યાં હોય તે બદલ અનેક તરેહનાં દુઃખો આવી પડેછે. હરામ ધાનતથી હજારો તથા લાખો રૂપિઆ ભેગા કરેલાને, સુખી હાલતમાં નહિ જોયેલાના ઘણા દાખલા મળી આવેછે. અરે, તેવા પૈસાથી બધાવેલી હવેલીઓ, મેડીઓ ને જરૂખાઓ તેમજ મેળવેલી માલ મિલ્કતો અગ્નિનો ભોગ થઈ પડેછે! યાતો પૈસા કમાવનાર લેણીઆતો મળેછે! કાંતો અનેક જાતના વ્યાધિથી પોતાનું શરીર એવી રીતનું પીડા વાળું રહેછે કે પોતાના પૈસાનું કાંઈ પણ સુખ નહિ પામતાં આખો દિવસ મનને બળાપો રહ્યા કરેછે! યાતો સંતાનનું સુખ હોતું નથી. સંતાન હોયછે તો કપૂત ને નામ બોળે એવા થાયછે, અગર પાપી પૈસા એની આગળજ ઉડાવી મૂકનારા નિકળેછે. અરે, તેમ નહિ તો યુવાન વહુ દીકરીનો રંડાપો જોવાના દિવસો આવેછે. એવા અનેક તેરહનાં દુઃખ-પીડાઓ અનીતિના પૈસા મેળવનારને માથે આવી પડેછે. આખરે **"ધર્મો જય ને પાપે ક્ષય"** છે, એ સદા અંતઃકરણમાં કોતરી રાખી નીતિથી વર્તવું જોઇએ.

વાર્તા ૪૨ મી.

કોડી હરામ ને બચકા હલાલ.

કલકત્તા શહેરમા નેકીખાં કરીને એક મૂસલમાન રહેતો

હતો. તે પોતાને ખરો પ્રમાણિક માણસ કહેવડાતો હતો. બિચારો ઘરનો ગરીબ હોઇને ગુજારા જોગ જે મૂકી પાકી રોટલી મળતી તે ઉપર સંતોષ માનતો હતો. પસા મેળવવામાં સાચાનું જૂઠું ને દગો ફટકો કરવો એ તેને કડવું ઝેર જેવું લાગતું હતું. નોકરીમાં કાંઇ [1]બોણી કે [2]ચેરીમેરીની આશા રાખતો નહિ. ઘણી વખત રૂપિઆ, પૈસા, જૂજ કિંમતના ઘરેણાં જેવી બીજી વસ્તુઓ જડેલી તે તેના માલિકને ખોળીકાઢી આપેલી હતી. તેવા દાખલા તેને નીતિવાન કહેવાને શાબિતી આપતા હતા. આવી રીતની ચોખ્ખી વર્તણુકથી તેની શાખ સારી વધી. સૌ કોઇ નેકીખાંને નીતિવાન માણસ તરીકે ઓળખવા લાગ્યા, ને તેના નામ પ્રમાણે ગુણ જોઇ શાબાશી આપતા હતા;એટલુંજ નહિ પણ પ્રસંગોપાત તેનો દાખલો આપતો હતો. નીતિથી વર્તવામાં નેકીખાંએ પોતાની જુવાની ગાળી, પણ ગુજારો ચલાવા જેટલી પેદાશ હોવાથી **"દરની માટી દરમાં સમાઇ જતી,"** એટલે પેસા જમાવ થયા નહોતા.

નેકીખાં એક દિવસ સાંજ વખતે એક શેરીમાંથી જતો હતો. તેવામાં રસ્તામાંથી એક કોડી ને બચકો એ બે વાનાં જડ્યાં ઘેર આવીને બચકો છોડ્યો તો માંહેથી એક દાબડો નિકળ્યો. દાબડો ઉઘાડીને જોયો તો માંહેથી હીરા, મોતીના લાખો રૂપિઆની કિંમતના દાગીના નિકળ્યા. નેકીખાં આ જોઇ ચકિત

1 તહેવાર ઉપર સલામ કરી માગવામાં આવે છે તે.
2 રૂસ્વત.

થઈ ગયો. પણ પોતાની હમેશની આદત મુજબ તેનો માલિક શોધી કાઢી સ્વાધિન કરવાનો નેક વિચાર તેનાં મનમાં આવ્યો. બીજી તરફથી કિંમતી જવાહિરના ચળકાટનો મોહરૂપી નિશો ચડ્યો, તેણે તેની ખરી સમજણને ખસેડી દીધી, એટલે વિચાર થયોકે નીતિથી વર્તતાં **કાળાના ધોળા** આવ્યા;પણ ઘડપણમાં હાથપગ ન ચાલે ત્યારે બેઠા ખાઈએ એવું સાધન તો આપણી પાસે થયું નહિ. આ બચકો સાતે પેઢીનું તેવુ સાધન છે. તે ખુદાએજ પ્રસન્ન થઈ આપ્યો હશે, માટે તે આપી દેવો ઠીક નહિ. રાખીશું તો કોણ જાણવા બેઠું છે, કદાચ જાણે તોય શું! આપણી શાખ એવી સારી પડી રહી છે કે કોઈ જાતનો વહેમ આવી શકે એમ નથી, વળી તે લાવતાં કોઈએ જોએલ પણ નથી. અરે, આપણે ક્યાં કોઈને ત્યાં ઠગવા કે ચોરવા ગયા હતા! આતો સહેજ મળી આવેલ છે, એ બાબત ગોરખનાથે કહ્યું છે કેઃ —

***"સેહેજ મિલાસો દૂધ બરાબર, મંગ લિયાસો પાણી;**
ખેંચ લિયાસો રક્ત બરાબર, ગોરખ બોલ્યા વાણી."

માટે સેહેજે મળી આવેલ છોડવું નહિ. (ત્યાં મનમાં બીજો વિચાર થઈ આવ્યો.) "અરે! આ શું મને માઠા વિચાર થઇ આવે છે! હું તે બોલુંછું કેમકુંછું! આટલી બધી ઉમરમાં જાણે કીંવા અજાણે એક પાઈ સરખી પણ મેં હ-

---

* મેહેનત વગર—અનાયાસે—ઇચ્છા વગર.

રામની રાખી નથી. હવે તો '**બોતગઇ ને થોડી રહી, થોડેમે ઘટ જાય. એક પલકકે કારણે બાજી ક્યું ગુમાય**'? જેટલાં વરસ ગયાં એટલાં હવે ગાળવાનાં નથી. **ઘડપણ છે તે મરણનો કાંઠો છે.** માટે થોડા સારૂ વાળામાં ધૂળ નાંખવીનહિ, ને હમેશનો જાળવી રાખેલો નિયમ તોડવો નહિ. હવે તો માલિકને શોધી કાઢેજ છૂટકો છે.

પણ લક્ષ્મિનું જોર ઘણું છે. જેરથી શ્રીમંતો ચળે છે તો ગરીબ નેકીબાંનું તે ગજુ શું? તેની અવસ્થા ગરીબ હોવાથી લખેશરી થવાની આશાએ મન ડગમગ્યું. વળી નવો સંકલ્પ થયો કે હવે જ્યારે **લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે મ્હોં ધોવા જવું નહિ.** માંડ માંડ બાજી હાથ આવી છે તે છોડવી નહિ. પણ ઇશ્વરે આટલા દિવસ પ્રમાણિકપણું સાચવ્યુંછે, તે નિયમ સચવાય ને દાગીના રહે, એ બંને વાત બનેતો રંગ રહે! માટે માલિક શોધવા સાદ તો પાડવો. પણ બચકાનો સાદ ધીમેથી પાડશું એટલે સાંભળશેજ કોણ? ને માલિક થશેજ શી રીતે! એટલે એની મેળેજ ઘેરબેઠા ગંગા થશે! એમધારી ગામમાં સાદ પાડતા નિકળ્યો. (ઘણાજ મોટા સાદે) "**કીસીઇઈઈકી કોઓડીઇ** (ધીમેસાદે) **કીસીકા બચકા** (મોટેસાદે) **હાથ લગા હય, જીસકા ગયા હોયગા સો બોલીઓ.**" આવીરીતે સાદ પાડતો પાડતો આખું ગામ ફરી વળ્યો પણ કોઇ માલિક મળ્યો નહિ! ક્યાંથી મળે! કોડીની બાબત મોટેથી બોલતો અને બચકાનીતો એટલે ધીમેથી બોલતો કે તેના પોતાના કાન પણ કદિ સાંભળતા નહિ

હોય ! માત્ર હોઠ હાલતા દેખાતા હતા. આખર કોઇ માલિક થયું નહિ ત્યારે નેકીખાંએ માલ વગરની કોડીને તો હરામની કહી, તેનો માલિક મળેથી પાછી આપવા સારૂ અનામત રાખી. પણ શ્રીમંત થવાના બચકાને હલાલ ઠરાવી પોતાના ઉપયોગમાં લીવો. તે દિવસથી "કોડી હરામને બચકા હલાલ" ની કહેવત પ્રસિદ્ધીમાં આવી.

પ્રમાણિકપણું લોકોને દેખાડવા માટેજ નથી. ખરા અંતઃકરણનું પ્રમાણિકપણું તેજ ખરી નીતિ છે. દ્વિઅર્થી અથવા સયુક્તિ બોલી સામાને છેતરવું એ મોટો અપરાધ છે; તેમજ પોતાની પાસે જ્યાં સુધી જૂજ બાબતનો પ્રસંગ આવતો હોય તેમાં નીતિથી વર્તવું પણ કોઇ મોટો લાભ જોઇ મન સ્થિર રાખવું નહિ અને લાલચમાં ફસાઇ જવું એ નીતિમાં ઉતરતા દરજ્જાનું અને અપકીર્ત્તિવાળું ગણાય છે.

વાર્તા ૪૩ મી.

હાથે ન ચીંધું હું તો મોઢે ન બોલું. લીંટે લીંટે હાલો મારા ભાઇલા; ખાડામાં છે ખદબદીઆં.

ભલો કરીને એક કોળી ભગત હતો. તે ડોકમાં નાની મોટી ઘણી માળાનો જથો રાખતો ને એજ તેનો હમેશનો શણગાર હતો. તે એક હાથમાં તંબુરો ને બીજા હાથમાં કાં-

સીઆ રાખતો. કપાળમાં ગોપીચંદનનું ટીલું ને માથાપર ટોપી એવે વેષે મોઢેથી રામ, રામ, રામના અવાજ આખો દિવસ ને રાત્રીએ પણ નિકળ્યા જતા હતા. સૌ કોઈ ભગતને જોઈ હાથ જોડે, પગે લાગે અને વખતે ખાટલો ઢાળી આપી બેસવા વિનતિ કરે. ભગત પરમેશ્વરના ઘરની બે ચાર ડાહી ડાહી વાતો કહે, અને ભજનો ગાય, તેથી બધા લોકો પ્રસન્ન થતા હતા. એની નાતના લોકો ભલા ભગતને માટે અભિમાન ધરાવતા અને ભગતનો હુકમ તે પરમેશ્વરનો હુકમ ગણતા હતા. ભગતનો વેષ **"ઉપરકી અચ્છી બની પણ ભીતરકી રામજી જાણે"** એમ હતો. મોઢેથી બોલે પણ પાળવાનો કોઈ પણ જાતનો નિયમ નહોતો.

એક સમયે ભલો ભગત કાશિની જાત્રાએ નિકળ્યો. કાશિ જઈ ગંગામાં સ્નાન કરી સૌ જાત્રાળુઓને કાંઈ કાંઈ વાતનું નિયમ લેતા જોઈ ભગતે પણ નિયમ લીધું કે મારે આજથી માછલાં મારવાં પકડવાં નહિ. આ નિયમ તેની નાતની રીતભાત મુજબ ઘણું ઉત્તમ મનાતું હતું. ભગત જાત્રા કરી ઘર તરફ વળ્યો. પોતાનું ગામ અરધોક ગાઉ દૂર રહ્યું, ત્યાં આગળ એક તળાવડું હતું; ત્યાં થોડી નિરાંતથી બેસવાનો નિશ્ચય કર્યો; અને બેઠો. તળાવની એક બાજુએ એક નાના ખાબોચીઆમાં પુષ્કળ નાનાં મોટાં માછલાં કૂદતાં અને ખદબદ કરતાં ભગતના જોવામાં આવ્યાં. આથી ભગતનું ચીતડું ચાલ્યું. કોળીભાઈને પોતાનો કૂળ ઉદ્યમ સાંભરી આવ્યો. પરંતુ તે

વખતે પોતે ગંગાજીમાં લીધેલું તાજેતર નિયમ યાદ આવવાથી તુરત વેળાતો અટક્યો. પણ જીવ તલપાપડ થવા લાગ્યો. આવો ભાવતો શિકાર મૂકીને જવું તે ભગતજીને મર્યાનો ઘા થઇ પડ્યો. છેવટે નિયમ સચવાય ને કામ થાય, એવો ત્રિજો રસ્તો શોધી કાઢ્યો. (હાથે મારવા નહિ, ને મોઢેથી મારવાનું કહેવું નહિ.)તે ખાડા આગળથી પોતાની—લાકડી વતી લીંટો કાઢતો કાઢતો ગામને પાદર આવ્યો,ને પોતાના આવી પહોંચવાના ખબર ગામમાં કર્યા.નાતીલા તથા સગાવહાલાંએ વાજતે ગાજતે સામૈયું કર્યું. ઝાંઝ પખાજ ને તંબુરાના નાદ વચ્ચે ગાતા ગાતા ગામ તરફ આવ્યા. પણ એ બગ ભગતનો જીવ ખાબોચીઆમાં વળગી રહ્યો હતો. પોતે લીધેલ નિયમનો ભંગ કરવો નહોતો, એટલે આખરે ભજનને અંતે ગાવા મંડ્યો કે, **'હાથે ન થીંધું, હુંતો મોઢે ન બોલું, લીંટે લીંટે હાલો મારો ભાઇલા;ખાડામાંછે ખદબદીઆં."**આ માર્મિક ગીતનો ખરો અર્થ તેના ખરા સાગ્રીદ સમજી ગયા. એક જણ લીંટે લીંટે ગયો તો ખાડામાં મોટાં મોટાં માછલાં ખદબદતાં જોયાં; તેને ઘેર લાવી તેનો ખોરાક પકવી ઠગ ભગતને પીરસ્યો, એટલે તે આનંદથી ખાઇ ગયો.

આ વાર્તા નીતિમાં કનિષ્ટ દરજ્જાના માણસોને લાગુ પડેછે જેઓ બધી રીતની ઉપર ઉપરની બોલવાની સફાઇ

એવી બતાવે છે કે તેમાં મણા નહિ, પણ તે પ્રમાણે વર્તતા નથી, તેઓ ખરેખરા અનીતિવાળા છે. તેમને આ દુનિઆમાં ઘણા ફિટકાર મળેછે અને આખર વિશ્વાસ ભંગ થઈ પૂરા અપમાનને લાયક થાય છે.

વાર્તા ૪૪ મી.

સાહેબ! પાઘડી તરફ તો નજર રાખો! તો કે પાઘડી ભેંસ ચાવી ગઈ.

રેવાકાંઠાના એક સંસ્થાનમાં અનાડીદાસ કરીને એક ન્યાયાધીશ હતો, તે ન્યાયની ગાદીને લજવે એવો હતો, કેમકે કૃત્યનોતો અન્યાયાધીશ હતો. આથી જો અન્યાયાધીશની જગો આપી હોત તો નામ પ્રમાણે કામ એમ ધારી કોઈ ઠગાત નહિ. એ (અ) ન્યાયાધીશની પાસે એકાદ મુકદ્દમો, ટંટો કે ફરિઆદ આવી કે જાણે ગોળનું ગાડું મળ્યું! એમ ખુશ ખુશ થઈ જતો. ન જૂએ વાદી કે પ્રતિવાદીની હકીકત-પણ તેમાંથી પૈસા કેવી રીતે પેદા કરવા એ તરફ પ્રથમ લક્ષ દોડાવતો. કેટલાક રૂશવતીઆ અમલદારો એક પક્ષની લાંચ લઈ તેના લાભમાં ચૂકાદો આપેછે, પછી તેમની હકીકત વાજબી હોય કે ગેરવાજબી હોય તે જોતા નથી. કેટલાકતો પ્રથમ બંને પક્ષનું લેછે, ને તપાસ કરતાં જેનો દાવો ખરો હોય તેના લાભમાં

ચુકાદો આપી તેનો અવેજ રાખેછે ને હાર પામેલ પક્ષકારનો અવેજ પાછો આપી દેછે. કેટલાક એવા હોયછે કે બેઉ પક્ષનું હોઇઆં કરી જાય અને જે તરફનો અવેજ વધારે આવ્યો હોય તેના લાભમાં ઉતરે છે. અનાડીદાસ છેલ્લી જાતનો (અ) ન્યાયાધીશ હતો. તે બંને પક્ષનું વિવા ને બારમું જમી જતો હતો, પણ અવસરે પાછો ભૂખ્યો ને ભૂખ્યો, તૃપ્તિ પામતો નહિ.

એક વાણિઆના એક ખવાસની સ્ત્રિ પાસે રૂપિઆ ૨૫૦ લેણા હતા, પણ તે બાઇ એક દોકડો આપે નહિ, તેથી તેણે અનાડીદાસની કોર્ટમાં ફરિઆદ માંડી વાણિઓ (અ) ન્યાયાધીશની વર્તણુંકથી સારી પેઠે વાકિફ હતો, તેથી રૂપિઆ ત્રીશની પાઘડી લઇ તેને ત્યાં ગયો અને અરજ કરી કે, "સાહેબ, અમૂક ખવાસણ પાસે અઢીસો રૂપિઆ લેણાછે, પણ આપતી નથી; તો (પાઘડી રજુ કરીને) આ ફૂલ ત્યાં ફૂલની પાંખડી કબુલ રાખી મારા લાભમાં ચૂકાદો આપવા મહેરબાની કરશો." અનાડીદાસે કહ્યું, "ઠીક, તારે કાંઇ ચિંતા રાખવી નહિ" પાઘડી તુરત પેટીને સ્વાધીન કરી.

ઠરાવેલ દિવસે કામ ચલાવવા માંડયું તે વખતે કોર્ટે વાદીની તરફેણમાં પોતાનું વલણ બતાવ્યું, તેથી ચતુર ખવાસણ સમજી ગઇ, "અરે, આ હરામીને પેટમાં દુખતું હોય એમ લાગેછે, માટે અજમો ફકાડયા વગર સુખ પડે એમ નથી." આવો મનસૂબો કરી કોર્ટ પાસે મૂદત માગી. રૂસ્વતીઆ

અમલદારો તો કામોની મૂદતપર મૂદત નાખી લોકોને કનડગત કરી પૈસા પડાવવામાં પક્કા હુશીઆર હોયછે. એમ કરવાનો હેતુ એકે ભૂતને બાકળાંનું નૈવેદ્ય ધરવાની તક મળે. અનાડી દાસે આઠ દિવસની મૂદત ખુશીની સાથ આપી.

બે ચાર દિવસ થયા એટલે ખવાસની સ્ત્રિ જે ઘણી સ્વરૂપવાન હતી, તે ઠાઠ માઠ કરી અનાડીદાસને ઘેર ગઈ. ચિત્તાકર્ષક અંગ સ્થિતિ રાખી નેત્રના ચાળા તથા મંદ મંદ હાસ્યથી વાતો કરવા લાગી. પણ પૈસાના લોભીઆ અમલદારો સ્ત્રિના મોહપાસમાં સહજ ફસાતા નથી. આખરે તે બાઇએ વાતમાં ને વાતમાં કહ્યું કે "આપ કબીલદારછો ને ભેંસ નથી તો છોકરાં છાશ દૂધ હેરાન થતાં હશે. મારે ભેંસ દૂઝણી છે તે આપ રાખો. હું એકલીછું તો મારે બહુ જરૂર નથી."

અનાડીદાસે હા પાડી, એટલે તેણીએ ભેંસ લાવીને તેને ત્યાં બાંધી ને વિનંતી કરી કે "આ મુજ ગરીબની કિંમત માત્ર ભેટ ધ્યાનમાં લઈ મારા ઉપર જે વાણિઆએ ફરિઆદ કરી છે તેનો ફેંસલો મારા લાભમાં આપશો." અધર્મિ અનાડીદાસે તે કબુલ કર્યું, અને ભેંસના રૂપિઆ મળ્યા બાબતની ખોટી પોહોંચ ખવાસણ પાસેથી લખાવી લીધી.

ઠરાવ મુજબ બરાબર આઠ દિવસે વાણિઆની ફરિઆદ રજુઆત પર આવી. વાદી પ્રતિવાદી તથા બંને પક્ષના સાક્ષીઓની જુબાની લઈ, તેમની દલીલ સાંભળી લીધા પછી કોર્ટે ઠરાવ સંભળાવવો શરૂ કર્યો.

"વાણિઆએ બાઇને ભોળવીને ખોટી બાકી કઢાવી છે, અને બીજું આ દાવાને મૂદતનો બાધ આવે છે. વળી-"

આટલું તે અમલદાર બોલ્યો, એટલે વાણિઆના પેટમાં ફાળ પડી કે માર્યા! આતો આપણે પાઘડી આપી છે તે ભૂલી ગયો લાગેછે અને કાંતો ખવાસણે કાંઇ સ્ત્રી ચરિત્રમાં ફસાવી પાડ્યો હશે, તો આપણો દાવો રદ જશે માટે આ વખત પાઘડી વગેરેની વાત યાદ આપવી જરૂરનીછે. એવા હેતુથી વચમાં બોલી ઉઠ્યો કે, "સ્ત્રી ચરિત્ર નવ લાખછે, તેના બોલવાપર ભરૂસો શા માટે રાખોછો? સાહેબ![1] પાઘડી તરફતો નજર રાખો!" પાઘડીનું નામ સાંભળી તે અમલદાર ગુસ્સે થયો ને બોલાઇ જવાયું કે, "[2] પાઘડી ભેંસ ચાવી ગઈ." તું લુચ્ચો છે માટે તારો દાવો રદ કરવામાં આવે છે.

---

૧ "સાહેબ પાઘડી તરફ નજર રાખો" એનો એક અર્થ તો એમ નીકળેછે કે સ્ત્રીઓ ઘણાં ચરિત્ર બતાવેછે, ને જૂઠું પણ બોલેછે; માટે તેના બોલવા પર ભરૂસો ન રાખો; અને આપણે પાઘડી બાંધનાર પુરૂષો જૂઠું નહિ બોલીએ તો મારા બોલવા પર ધ્યાન આપો. બીજો અર્થ એમ થાયછે કે મેં જે પાઘડી આપેલ છે તે તરફ ધ્યાન આપો.

૨ "પાઘડી ભેંસ ચાવી ગઇ" એનો અર્થ એ કે તારી પાઘડી ભેંસ ખાઇ ગઇ અને તેથી તે મારા ઘરમાં રહી નહિ,

આ વાત નીતિમાં નીચમાં નીચ દરજ્જાના મહા પાપીને દુર્ગુણી માણસોના દાખલા તરીકે છે, કેમકે એકતો કાંઇ પણ હક વગર હરામના પૈસા લેવા અને તેમાં પણ પાછો દગો દેવો, એ સૌથી ખરાબ હરામખોરીનાં લક્ષણ છે. આવાં કાળાં કૃત્યો કરનાર પાપી માણસોનો કદિ જય થતો નથી.

વાર્તા ૪૫ મી.

તને તો મીંઆઉં પણ તારા બાપને પણ મીંઆઉ!

દમણ ગામમાં બોત્રાશા નામે કોઇ મોટો વેપારી રહેતો હતો. તેને વેપારમાં ભારે ખોટ આવી ને ઘણો દેવાદાર થઇ ગયો, જેથી પોતાની દુકાન બંધ કરી ઘરમાં સંતાઇ રહ્યો. લેણદારો સખત ઉઘરાણી કરવા મંડ્યા, આંટા પર આંટા ખાય પણ પત્તો લાગે નહિ. કેટલેક દહાડે તેમના જાણવામાં આવ્યું કે, બોત્રાશા અમુક ગુપ્ત જગાએ ઘરમાં ભરાઇ બેઠોછે, તે ઉપરથી લોકોએ તેના પાસે ઉઘરાણી કરવા જવાનો નિશ્ચય કર્યો. આ વાત બોત્રાશાના જાણવામાં આવ્યાથી ગભરાયો કે, હવેલોકો અહીંઆ આવશે તેને શો ઉત્તર આપીશ ?

માટે તારા તરફનો પાઘડીનો લાભ મને મળ્યો નહિ. બીજો અર્થ એ કે સામાવાળાએ ભેંસ આપી તેથી તારી હલકી કિંમતની પાઘડી નકામી થઇ ગઇ. અર્થાત ભેંસ ચાવીને નકામી કરી નાખે તેમ ભેંસે તારી પાઘડીને નકામી કરી નાંખી.

માટે તેણે પોતાની પીછાનવાળા, પણ તેના લેણદાર, ધીરજલાલ શેઠની સલાહ લેવાનો ઇરાદો કરી તેને પોતાની પાસે બોલાવ્યો.

બોઘાશા—શેઠજી, આપ જાણોછો કે, હું હાલ ઘણી તંગ હાલતમાં આવી પડ્યો છું. મારે એટલું બધું દેવું છે કે રૂપિએ એક *રામ મુજબ ચુકવવા જેટલી મારી પૂંજી નથી. આપનું જે દેવું છે તેતો હું પૂરે પૂરૂં પતાવીશ. પરંતુ હાલ બીજા લેણદારોની કનડગતમાંથી મોકળો કરાવો તો તમારા જેવો પ્રભુએ નહિ એવો કાંઇ ઉપાય બતાવો કે તેઓ ઉઘરાણી કરેતાજ બંધ થઇ જાય.

ધીરજલાલ—જો ભાઇ, તને ઇલાજ તો બતાવું પણ '**ગરજ સરી કે વૈદ વેરી**' એ પ્રમાણે થાય નહિ.

બોઘાશા નાજી, એમ નહિ થાય; હું શું બેવકુફ છું જે કરેલો ઉપકાર ભુલી જાઉં !!

ધીરજલાલ—તો ઠીક, સાંભળ. એ બાબતનો ઇલાજ હું છે. કોઇ લેણદાર ઉઘરાણીએ આવે તેને બીજો કાંઇ ઉત્તર નહિ આપતાં, "**મીંઆઉં**" '**મીંઆઉં**' કર્યા કરવું. એથી કરીને લેણદારો ધારશે કે, આ બિચારો ગાંડો થઇ ગયો છે, તો "**પડ્યા પર પાટુ શી મારવી?**" એટલે ઉઘરાણી કરતા બંધ પડશે.

આ ઉપાય બોઘાશાને ઠીક ગમ્યો. બીજે દિવસે થાપણ

---

* આનો.

મૂકનારા તથા વેપાર કરનારા તમામ લેણદારો આવી તકાજો કરી કહેવા લાગ્યા:—

એક વેપારી—બોધાશા, અમારો હિસાબ ચુકવી આપો

બોધાશા—મીંઆઊં !!!

બીજો વેપારી—પાધરો જવાબ આપતાં કાંઇ મોઢું દુખે છે. રૂપિઆ ગણી આપોને?

બોધાશા—મીંઆઉં !!!

સરાફ—મીંઆઊં વાળા તો! જાણ્યું બધું ડહાપણ! બાપની મત્તા હતી જે રૂપિઆ કોથળી ભરીને લઇ ગયો હતો: જો બિચારો! લેતી વખત તો નાણાવટી થઇને આવ્યો હતો: પણ યાદ રાખ, કે રૂપિઆ લીધા વગર જનાર નથી.

બોધાશા—મીંઆઊં !!!

કઠિઆરો—ભલા માણસ! મેં તો થાપણ મૂકી છે. એમાં શું ખાધું પીધું છે? કોઇ ઉતાવળના વખતમાં અમારા જેવા ઘર ખુણીઆના રૂપિઆ કામે લાગતા-તે હવે **બેઠાની ડાળ શા માટે કાપે છે?** અમને ગરીબને તો આપ!

બોધાશા—મીંઆઊં !!!

એક લેણદારનો દીકરો—દેવાળીયાના દીકરા, તું સમજ તો નહિ કે "**આં વાંઝીયાનો માલ છે તે તને પચશે?**" પણ આતો પછવાડે આવડા આવડા દાંત વાળા બેઠા છીએ, તે તારો જીવ લેશું! માટે ઝટ દઇને રૂપિઆ કાઢી આપ.

બોધાશા—મીંઆઊં !!!

પિંજારો—બોધાભાઇ, આ શી ગજબ, રુપિઆ લેતી વખત અમને **"સો મણની તળાઇમાં સુઇ રહેવાનું"** કહેતા હતા, ને હવે આ શું સમજવું? અમારો **શાંક રોષ ને પ્રાણ શોષ** જવા દો ને રુપિઆ આપો.

બોધાશા—મીંઆઉં !!!

રાંડીરાંડ—અરે ભાઇ ! **રાંડી રુએ, માંડી રુએ, પણ સાત ભરથારી તો મ્હોંએ ન ઉઘાડે એમ હોતું હશે !** તમે ઘણી તરફની આવકવાળા, લાખોના વેપાર કરનારા, સારી શાખવાળા થઇને આમ શું બોલોછો ! મેં મારા રાંડી રોળાની થાપણ મૂકી છે, તે ઉપર મારો રંડાપો છે, માટે સારો જવાબ આપો.

બોધાશા—મીંઆઉં ! ! !

સોની—શેઠ, તમારે પારકા ઘર ઉપર આ બધી ધામ ધુમ ને વેપાર શા માટે કરવો પડતો હતો. પોતાનું ઘર તપાશીને વાત કરવી હતી. એવું શું **'સોનું પેહેરીએ કે કાન તૂટે.'** આ લીધા છે રુપિઆ તેતો આપવા પડશે.

બોધાશા—મીંઆઉં ! ! !

ખોજો—શેઠ, **જુબાના પતીક** જેવા રુપિઆ ગણી આપ્યા છે ને હવે આડો જવાબ શા માટે આપોછો ? લેતી વખત આપવા પડશે એમ જાણતા નહોતા !

બોધાશા—મીંઆઉં ! ! !

આવી રીતે જૂદા જૂદા લેણદારોએ અનેક પ્રશ્ન કર્યા,

પણ તેનો ઉત્તર "મીંઆઉં." "મીંઆઉં" સિવાય બીજો કાંઇ બોધાશા પાસેથી મળ્યો નહિ, તેથી તે ગાંડો થઇ ગયો છે, એમ ધારી તે બધાએ નિરાશ થઇ ઉઘરાણી કરવી બંધ કરી.

આ ઇલાજ બોધાશાને રામબાણ જેવો થઇ પડયો; ઉઘરાણી રૂપી દુઃખ દૂર નાશી ગયું જાણી તે ખુશી થયો. પણ પછીથી તે લાભકારી વાત જોઇ હરામના આવેલ રૂપિઆ જોડે મડા ગાંઠવાળી બેઠો. ગમે તેમ થાય પણ **'દમડી શીર કહું પણ તુજે ન છોડું'** એવા ઠરાવપર આવી ગયો.

કેટલાક દિવસ વિત્યા પછી ધીરજલાલ શેઠે વિચાર્યું કે, હવે તો બોધાશાના સઘળા લેણદારો ઉઘરાણી કરતા બંધ પડ્યા હશે, માટે હવે જઇને મારાં નાણાંતો પકવી લાવું. આ ઉમેદથી ધીરજલાલ શેઠ બોધાશાને ઘેર આવી પોતાના લેણા રૂપિઆની ઉઘરાણી કરતાં, બોધાશાએ "**મીંઆઉં**" ! ! ! કહ્યું. ધીરજલાલ શેઠતો ચકિત થઇને કહે છે, "અરે ભલા આદમી ! ! મને પણ **મીંઆઉં**" ! ! ! "**તનેતો 'મીઆંઉં,' પણ તારા બાપને પણ 'મીંઆઉં,'**" બોધાશાએ ઉત્તર દીધો. આથી ધીરજલાલ પસ્તાઇને વીલે મોઢે ચાલ્યો ગયો.

દુનીયામાં કેટલાક સ્વાર્થના ભુખ્યા હોય છે. પોતાનો અર્થ સર્યો એટલે ઉપકાર કરનારને આંખના પાટા જેવો ગણે છે. તેમજ જેઓ ફકત પોતાનો લાભ તાકી બીજાનું ખરાબ કરવા

પડ્યાછે તેને "હાથના કરેલ હૈયે વાગે છે," તે વખત પુરો પસ્તાવો થાય છે.

વાર્તા ૪૯ મી.

શું કરીએ ભાઇ, પાટીદાર મૂઆ છીએ ! ! !

નડિઆદમાં એક લાલભાઇ પાટીદાર રહેતો હતો. તે પોતાની જ્ઞાતિની કેટલીક બૂરી રસમને લીધે તંગ હાલતમાં આવી ગયો હતો. પાટીદાર કહેવાય એટલે ઘરનાં બૈરાંને ગરાશીઆની માફક ઓઝલ જોઇએ. બહારનું કામકાજ બૈરાં હથુ લેવાય નહિ ! ભાઇ સાહેબના આંગણામાં દરરોજ કસુંબા ને વખતો વખત હુંગાપાણી નીકળવા જોઇએ ! ઘરની સત્તા હોય યા ન હોય, ઉપજ બરાબર આવી હોય કે નહિ, પણ ચાલી આવતી રીત મુજબ ખરચ તો રાખવુંજ જોઇએ ! લાલભાઇ બિચારાને તે પ્રમાણે રાખવું પડતું હતું. કદાચ તે સમય જોઇ ચાલવામાં કર કસર કરેતો *લાજ જતી રહે ને

---

*લાજનો અર્થ આ વાતના પ્રસંગમાં લોકોએ ઉલટો માનેલો છે. ખરી લાજ ને મોટાઇ સમજતા નથી પણ પોતાની હાલત વગર કુળની-ન્યાતની-બાપદાદાના-વખતની રસમ મુજબ આપવું-ખરચવું વગેરે રીતભાત રાખે જવી ને ફુલણ થઇ ખોટી પતરાજી બતાવવી તેનું નામ લાજ કહેવરાવે છે. માટે આ જગોએ એ અર્થ સમજવાનો છે.

ન્યાતમાં ચર્ચા થાય ! તે બીકને લીધે લાજને જેમ તેમ હાથે પગે લાગી રાજીરાખવામાં આવતી હતી ! અરે ! પણ લાજ તે કાંઇ આંખની શરમ રાખે છે! ઘણા માસ અને વરસ સૂધી તેને રાજી રાખી હોય પણ કાંઇ સેહેજ રીવાજ કે રીતમાં ફેર પડ્યો કે તુરત રીસાઇ જવા લાગે ! તેને તો પૈસા સાથે યારી! પૈસા વગર તે ચાલી જાય! ગરીબ માણસો, જે બિચારાઓના હાથ સંકડાશમાં હોય તે સામું જોઇ તેઓ વર્તવા જાય તો લાજ અવળું મોઢું કરી બેસે ! અરે લાજ ! તું તે કેવી ! તારાં માબાપ કોણ ! તારો વિચિત્ર ગુણ જોઈ હિંદુસ્તાનના મુર્ખ લોકો ત્રાય ત્રાય પોકારે એમાં નવાઈ નથી ! કદાચ કોઇ વખત લાલભાઇ કરકસરથી વર્તવાનું કરેતો, તે ક્યાં કે, પોતાનાં છોકરાં છૈયાં ને બૈરીનાં આગળ! પણ પરાયા લોકો આગળ તો પોતાનો ડોળ દમામ કાયમજ રાખતો. કોઈ બહારનું આવે કે તુરત પાંચ દશનું ખરચ કરી નાખવા ફૂલને ઘોડે ચડે ! કરજના નગારાપર બ્યાજના ડંકા રાત્રિ દિવસ ગડગડતા જાય, તેની દરકાર લેશ માત્ર કરે નહિ. બહાર ફરવા નીકળે ત્યારે લાલભાઇનો ઠાડ એક તાલુકદારને શોભા આપે એવો હતો. હાથમાં રૂપામય કરી નાખેલો હુક્કો, માથે ત્રીશ પાંત્રીશ રૂપિઆની લાલ ઘુંમ પાઘડી, ઓઢવાનું એક વેંત રેશમની કોરનું અંગ વસ્ત્ર, અને પેહેરવાનું સવા બે ગજી પનાનું હીરકોરી ધોતીયું જેની પાટલી એક હાથ જમીન સાથે ઘસડાતી વાસીદું વાળતી હતી. આવાં સારાં ને કીમતી-પેહેરેલ તથા ઓઢેલ

ધોતીયાં ધૂળમાં ઘસડાઇને રોળાતાં હતાં. તે જોઇ એક જણે કહ્યું, "ભાઇ, ધોતીયાં ભોંયે ઘસડાય છે." લાલભાઇએ (કંટાળીને બોલતો હોય તેમ) ઉત્તર આપ્યો કે, "શું કરીએ ભાઇ, પાટીદાર મૂઆ છીએ, તેથી એવાં લાંબા પનાનાં ઘસડાતાં પેહેર્યાં વગર ચાલે કેમ?" આ સાંભળી પેલો માણસ પાટીદારની ખોટી પતરાજીવાળી ને નાહક કરજના ખાડામાં ઉતારનારી બુરી રસમને ધીક્કારી ચાલતો થયો.

આ વાત અસલની ચાલી આવતી રીતભાતને તાબે રહી ખરચના બોજા વધારતા જાય છે, ને તેમાંજ લાજને મોટાઇ માને છે, તેમની મૂર્ખાઇ બતાવવા માટે છે. ઘણા લોકો એવી અગાઉના વખતની મોટાઇ તથા માનને વળગી રેહેવાથી દુઃખી થયા છે ને થાય છે, તો સમજુ માણસે પોતાની હાલત અને દેશ કાળને અનુસરી વર્તવું એજ ડહાપણ છે.

વાર્તા ૪૭ મી.

માને બચકું ભરનાર છોકરો.

પાલીતાણામાં એક છોકરો નાનો હતો ત્યારથી તેનો બાપ ગુજરી ગયો હતો. નબાપા છોકરાને તેની માએ ઘણોજ માથાપર ચડાવ્યો હતો. તેને કાંઈ પણ કેહેજ નહિ, બહાર રમતમાં જાય તે વખત તેને કોઈ જરા હાથ સરખો અડાડે કે તુરત ઢોંગ કરી રોતો રોતો તેની મા પાસે દોડી જાય. તેની મા આંખો ભાંડતી લાંબા હાથ ઉછાળતી લડવાને દોડી આવે.

એમ તેની માનું જબરૂં ઉપરાણું હોવાથી છોકરો ઘણો સ્વછંદ પણે વર્તવા લાગ્યો, ને ધીરે ધીરે કાંઈ ખાવાની જણસ ભાવ ત્યાં લાગ ફાવે ત્યાંથી ચોરી લાવવા શીખ્યો. કોઈ વખત માલ ધણીને ખબર રહે ને તેની માને કહેવા જાય તો ઉલટી સામી થઈ પોતાના છોકરાનો કાંઈ વાંક ગણે નહિ, તેમ છોકરાને છાની રીતે તે બાબત ઠપકો પણ આપે નહિ; એટલે તે કામ સારૂંજછે એમ છોકરાએ જાણવા માંડયું. હવે તો તે કોઇના પાઈ, પૈસા ઉપાડવા લાગ્યો, ને લાવીને તેની માના હાથમાં આપે તે વખત રાજી થઇને છોકરાને સાબાશી આપે, પણ મૂર્ખી એટલું પણ ન પૂછે કે તું આ ક્યાંથી અને શી રીતે લાવ્યો? પરાયો હરામનો માલ ખાનાર રાંડને તે બધું ગળ્યું સાકર જેવું લાગ્યું. આવી રીતે તેની માને ગમ્યું તે કરવાની પોતાની ફરજ સમજતો હતો, તેથી ધીમે ધીમે મોટી મોટી ચોરીઓ કરવા લાગ્યો. કોઇ વખત માણસના ઝપાટામાં આવી જાયતો પૈસાનું ખરચ કરી છૂટી જતો હતો, તેથી એકે વખત તેને ચોરીના નરસા પરિણામની શિક્ષા થઈ નહોતી. આથી તે પોતાનો ચોરીનો ખાસ ધંધો લઈ બેઠો હતો, ને મોટા ચોરના નામ તરીકે પ્રસિદ્ધીમાં આવ્યો હતો. હવે તેણે મોટી લૂટફાટ, ચોરી ને ધાડનાં કામ કરવાં માંડ્યાં. એક વખત તેવા કામમાં એક માણસનું તેના હાથથી મોત થયું, અને પોતે પકડાઈ ગયો. એક ઇનસાફી અધિકારીની પાસે તેનું કામ ચાલ્યું, અને તેને ફાંશીની શિક્ષા થઈ. કોઈ વખત કોઈ જાતની શિક્ષા થ-

પેલી નહિ, અને એકદમ જીવ જવાની વાત આવેલ જોઈ તેને ઘણો ખેદ થયો. અરે દૈવ! હું પ્રથમથી જાણતો હોતકે આમાંથી ફાંશીની શિક્ષા થાયછે, તો હું તે કામ કરતજ શું કામ? અરે, મને કોઈ મારાં સગાં વહાલાં કે સંબંધીએ પણ આજ સુધી ખબર પાડી નહિ! તેમનું ભુંડું થજો! તેમનો નર્કમાં વાસ થજો! અને તેમનો વંશ જજો! અરે, બીજા કોઈ તે શું કામ મને ખબર પાડે ને શીખવે! મારીમા, જેનું તે શીખવવાનું કામ, તેણેજ કાંઈ કર્યું નહિ! હું જે વખત કાંઈ નમાલી ખાવાની જણુસ કે પાઈ પૈસો ચોરી લાવતો તે વખત તેને ટાઢો હિમ જેવો લાગતો હતો, ને સાબાશી આપતી હતી. આ મારૂં ઘર ઘાલનાર તેજછે, મને ફાંશીએ ચડવાનું કારણ આપનાર તેજછે, અને પોતાના છોકરાની પ્રાણઘાતક પણ તેજછે. અરે દૈવ! આ વખતતો હું કેદમાં છું, પણ જો જરા મને છૂટો મેલ તો એજ અભાગણીનો જાન લઉં. મારેતો મરવું છેજ. એમ અતિશય ક્રોધના આવેશમાં આવી ગયો. રોમાંચ ઉભાં થતાં આંખો લાલ ઘુમ બની રહી, મ્હોંમાંથી ક્રોધાવેશમાં જુસ્સાભર બોલ નીકળવા લાગ્યા. છેવટ ન્યાયાધિશને અરજ કરી કે "મને હવે મારી માંની છેલ્લી મુલાકાત થવી જોઇએ." તેની અરજ ખુશીની સાથ કબૂલ રાખી. માંદીકરાનો મેળાપ કરાવ્યો. માંની આંખમાં ચોધાર આંસુ ચાલ્યાં જતાં હતાં તે જોઈ સૌ કોઇને દયા ઉત્પન્ન થઈ આવી, ને હૃદય પીગળી ગયાં; અભાગણી માના આ વખતના અપા-

ર દુઃખનો દરિઓ ઉછળતો જોઈ વજ્ર જેવી છાતી પણ ફાટી જાય! સૌ કોઈ ધારતા હતા કે બંનેના મેળાપ વખત છોકરો રડી પડશે, પણ તેથી ઉલટોજ બનાવ જોયો.

રડતી ને કલ્પાંત કરતી માના દયામણા ચેહેરાએ ક્રોધાધિન થયેલા છોકરાના મનપર કાંઈ અસર કરી નહિ, પણ તેના સામું જોતાં વેંતજ ઉલટો વધારે રીસે ભરાયો, ભવાં ચડાવ્યાં, ને કાંઈ કાનમાં વાત કહેવાનું બ્હાનું કાઢી તેના મ્હોં નજીક મ્હોં લઈ ગયો. કાંઈ પણ બોલ્યા સિવાય નાક ઉપર દાંત પીસીને બચકુ લીધું ને નાકનું ટેરવું તોડી પાડ્યું. તેની માતો, "ઓયરે બાપ! ચંડાળ છોકરાએ ખાધીરે! અરે મુકાવોરે મુકાવો!" એમ બૂમો પાડવા મંડી. સિપાઇઓ આડા પડ્યા ને બંનેને જૂદાં પાડ્યાં. છોકરોતો બોલવા લાગ્યોકે, "લે, રાંડ! લેતી જા! હું ફાંશીએ જાઉછું તે બધા તારા પ્રતાપછે! હું જે વખત પાઈ પૈસા ને ખાવાની ચીજ ચોરી લાવતો હતો તે વખત જો મને સાબાશી નહિ આપી હોત, અને ધબ સરીખા ધબ્બા મારી, તડાક લઈને લપડાક અડાવી, વોય વોયના અવાજ વચ્ચે ચુંટીખણી, લાલ ચોળ ચામડી કરી હોત, તો આજ આ મારી દશા આવત નહિ. તું મારી પ્રાણઘાતક ઠરી છે. અરે! તને આટલી શિક્ષા બસ નથી! શું કરૂં, હું પરાધિન છું! તું મારી હેતુ થઈ દુશ્મનનું કામ કરનાર છું ને હવે કલ્પાંત શાને કરેછે! તારાં કર્મનાં ફળ તને મળેછે! તેં તારા હાથથી છોકરાને ખોયોછે! બીજાનાં માબાપની પેઠે તે વખત મારી દુ-

રૂમન થઈ હોત, મને ઠપકો આપી સારી શિખામણ આપી હોત તો આ રોવાના દહાડા તારે આવત નહિ. જા, તારૂં કાણું કર !" એટલું કહી તેણે રજા લીધી. છોકરાની બુઢ્ઢી માના ઉપર દયામણી નજરથી જે લોકો પ્રથમ જોતા હતા, તેમણે આ તમાસો જોયો એટલે તેમના મન ઉપર ઉલટી અસર થઈ. સર્વ તેણીનો વાંક કાઢી ધિક્કારવા લાગ્યા.'

નાનપણથી છોકરાને સારી શિખામણ આપી તેના દરેક કૃત્ય ઉપર દેખરેખ રાખવાનું કામ માબાપનું છે. નઠારાં કૃત્યને માટે તેને હમેશાં ટોકતાં રહેવું જોઇએ, નહિતો જે છોડ મૂળમાંથી વંઠેછે તે સદાય એવોજ રહેછે, માટે માણસનું મૂળ નાનપણ છે. તે બરાબર સબ્યા વિનાનું હોયતો પછીથી તે માણસ સારૂં થાય છે.

આ વાત છોકરાનાં માબાપને દાખલો લેવા જેવી છે.

વાર્તા ૪૮ મી.

"રજીયા ગઢવીક્યાં ગયા હતા તોકે ઘેરના ઘેર ને ભરડકા ભેર!"

અમદાવાદ પાસે રાણીસર ગામમાં રજીયો ગઢવી કરીને એક ચારણ રહેતો હતો. તેના ઘરમાં ગરીબી હાલતે વાસો કરેલ હતો. માંડમાંડ કરીને તેનો ગુજારો ચાલતો હતો. ખાવામાં ઘી, ગોળ કે શાક તરકારીનાંતો સ્વપ્નાંજ હતાં; ફક્ત જાર

ખાંડીને ભરડકું રાંધવામાં આવતું, તે મુખ્ય ખોરાક હતો.

રળીયો ગઢવી વાચાળ ને ભટક બોલો, તેથી જ્યાં જાય ત્યાં વાતોનાં ગપ્પાં મારવા બેશી જાય! બીજો ઉદ્યમ કાંઈ મળે નહિં! થોડાએક ગામડાના ગરાશીઆની ઓળખાણ હતી ત્યાંથી વર્ષે કળશી જાર આવતી, તે ઉપર પોતાના ઘરનો નીભાવ થતો; કોઈ કોઈ વખતતો ઘરમાંની જાર ખૂટી જાય ત્યારે દેવું કરી લાવવી પડતી. એમ બે ચાર રૂપિઆ દેવા થાય ત્યારે પાછી કમાવાની સૂજ પડતી હતી.

હમેશનાં જારના ભરડકાના આહારથી રળીયો ગઢવી અને તેના ઘરનાં કંટાળી ગયાં હતાં. તેની સ્ત્રિએ ભારે કંટાળો આપવા માંડ્યો તેથી કાયર થઇ રળીયા ગઢવીએ થોડા દિવસ બહાર જઇ આવવાનો નિશ્ચય કર્યો. તે ધારતો હતો કે આઠ દશ દિવસ હું બહાર રહીશ તેટલો ભરડકાનો બચાવ થશે. તે બચાવ પછીના દિવસમાં સારો ખોરાક ખાવામાં કામે લાગશે. બહાર જઇ બીજી કાંઇ કમાણી કરી આવવાનો જોગ હતો નહિં. ફક્ત પોતાનું ખાધા ખરચ બચાવવું એ હેતુથી સવારમાં ઉઠીને રળીયો ગઢવી પરગામ ગયો. ત્યાં દશ દિવસ ઓળખાણ પીછાનવાળાને ઘેર રહીને ઘર તરફ વળ્યો.

રસ્તામાં વિચારવા લાગ્યો કે,, હાશ! હવે આ મારો દશ દિવસનો ખોરાક બચ્યો છે, તો તે બદલ કાંઈ ઘી, ગોળ, ઘઉં લાવીને સારા તેહેવારના જેવી રસોઈ કરી ઘરના સૌ જણ ખાઇશું. આજે દાઢ ગળી થવાનીજ! આજનો દહાડો

દીવાળીનો સમજાવો! વાહ કંસાર તો કંઇ કામનો નહિ, પુરણપોળી અચ્છી મજા આપશે; જોડે તરકારી બે ત્રણ જાતની લાવવી; વેંગણતો ગરમ પડવાનાં, પણજોડે પટાટા આવવાના; અરે! પાપડી તો કેમ રહી જાય છે! એમ અનેકતરેહના ભોજન સંબંધી વિચાર કરતો ચાલ્યો આવે છે. મોઢામાં પાણી પણ આવી જાય છે તો તે હળવેથી ગળામાં ઉતારી પાડેછે, ને વળી વિચાર શરૂ કરે છે. એમ કરતાં ગામને પાદર આવ્યો. એટલામાં પોતાની પીછાનવાળાં દશ આદમી આવી પહોંચ્યાં; "ગઢવી રામરામ! ગઢવી રામરામ!" કહી લાંબા હાથ કરી ભેટવા લાગ્યા. રળીયા ગઢવીએ પૂછ્યુંકે, "આમ કયે ગામથી આવોછો ને કયે ગામ જવું છે?" તેઓએ જવાબ આપ્યો કે "તમારા ગામમાં કામ છે, માટે આવ્યા છઇએ. ઠીક થયું તે તમે અહીંજ મળ્યા! અમારે ઘર પૂછવાની પંચાતી મટી!" આ સાંભળી પેટમાં ફાળ પડી. પણ શું કરે! સાથે આવવાનું માગી લેછે, તેને ના કેમ પડાય? '**હવેતો રોતાંએ પરોણો ને હસતાંએ પરોણો!**' એમ ધારી સામે મ્હોડે તે દશ માણસો સહિત ઘેર આવ્યો. રસ્તાના વિચાર રસ્તામાં રહ્યા, ને પોતાનું હમેશનું ભોજન ભરડકું બનાવવા કહ્યું. પરોણા એક રોજ રહી પોતાને ગામ ગયા. આથી ગઢવીનો દશ દિવસનો બચેલ ખોરાક તણાઇ ગયો. બીજે રોજ રળીયો ગઢવી ગામમાં નીકળ્યો. ત્યારે એક તેના મિત્રે પૂછ્યું કે, "કેમ! **રળીયા ગઢવી ક્યાં ગયા હતા!!**"

રણીયો ગઢવી—"ઘેરનાઘેર ને બરડકા બેર," જાય ક્યાં બાઇ, જાણતો પણ એવું એજ. ઘણાએ દશ દિવસ બહાર ગયો હતો પણ બરડકું• મટ્યું નહિ. ઉલટો પંથ કરી હેરાન થવું પડ્યું તે નફામાં રહ્યું.

દૈવની ગતિ અકળ છે. લાભ ધારીને કરેલ કામમાં અણધાર્યો અલાભ બની આવેછે. માણસના કરેલ વિચાર કાંઇ કામ આવી શક્યા નથી. **"આદર્યા અધવીચ રહે ને હરિ કરેસો હોય,"** એ વાતમાં કાંઇ સંશય નથી.

વાર્તા ૪૯ મી.

જશતો જાન ગયે મીલે!

એક ફતેખાં કરીને મિઆં હતો તે પોતાના ગામથી થોડે દૂરના ગામમાં હવાલદારી કરતો હતો. પોતાની વીશ વર્ષની ઉમરથી નોકરી કરતાં ચાળીશ વર્ષની ઉમર થવા આવી, તેથી વતનમાં જઇ રહેવાની મરજી હોઇને નોકરીનું રાજીનામું આપ્યું. પરંતુ વીશ વર્ષ સૂધી નોકરી કરી તે મુદતમાં ગામના લોકની સાથે હળીમળીને મોઢે મીઠાશ રાખી રહેવાથી તેનાપર સર્વ ખુશી હતા. મિઆંને ખાધાપીધાંનું કાંઇ ખરચજ એસતું નહોતું. હમેશાં એક પછી એક ઘરવાળા તેને ખવરાવતો હતો. વળી કોઇ વિવાહ કે કારજના પ્રસંગ ઉપર મિઆંને જમવાનું

પેહેલું મળતું. કેટલાક પટેલીઆ જોડેતો એવો સંબંધ બંધાઇ ગયો હતો કે વાર તેહેવાર અને કોઇ કોઇ સાધારણ પ્રસંગ ઉપર મિઆંને નોતરવામાં આવતો હતો; એટલે સુધી લોકો તેના ઉપર પ્રીતિ રાખતા કે જાણે પોતાના કુટુંબનો માણુસ હોય નહિ! જતી વખત મિઆં ઉપર ભાવ દેખાડવા થોડે સુધી વળાવા આવ્યા. છેવટ સલામ કરી 'આવજો આવજોના' શબ્દોથી પરસ્પર રજા લીધી. ગામના લોકતો જ્યારે જ્યારે મિઆંની વાત નીકળે ત્યારે તેની તારીફ કરતા હતા, અને મિઆંને મળવાની કોઇવાર આતુરતા રાખતા હતા.

એક વખત પટેલીઆના છોકરા તથા ગામનાં માણસો મળી પંદર જણ એક દૂરને ગામ મેળો થતો હતો તે ઉપર જવાને તૈયાર થયા. રસ્તામાં મિઆંનું ગામ આવવાનું હતું, જેથી રાજી થતા થતા તેને મળવાના ઉલ્લાસમાં રસ્તો કાપવા લાગ્યા. ગામને પાદર ગયા ત્યારે એક પોહોર દહાડો પાછલો બાકી હતો. પૂછતાં પૂછતાં મિઆંને ઘેર ટોળું ને ટોળું ઉભું રહ્યું! મિઆંઆવકાર આપી સૌને ઉભા થઇ મળ્યા ને સલામ કરી બેઠા. મીઆંએ કહ્યું, "ધન ઘડી! ધન દહાડો! આજ તુમ સબ પટલ લોક હમારે ઘરકું મીજબાન આયે, હમૈં બોત બોત ખુશ હુવા!"

મેઢેથી ઉપર પ્રમાણે બોલ્યો પરંતુ મિઆંના મનમાં તો કાંઇનું કાંઇ થવા બેઠું! અરે! પંદર વીશ ઘોરાક* આવીને બેઠા

* મરદ

છે! પણ તેમને ત્યાં હજારો વખત આપણે ખાધેલું છે, તો એક વખત ખવરાવેવાની ના કેમ કહેવાય! પ્રથમજ પરોણા આવ્યા છે તેને રોટલા-ખીચડી પણ આગળ ધરાયજ નહિ! આતો કંસારના મેમાન છે! તેથી પાંચ સાત રૂપિઆનિ ઘેર ગોળી આવે એવું છે! અરે ખુદા! આતો પૂરી કમબખ્તી આવી! ખર્ચ કરવાની મરજીતો નથી પણ મોંઢેથી તો ભલું મનવવું જોઇએ! કાંઈ યુક્તિથી ખરચમાંથી બચીએ અને ભલાઈ લેવાય એવું બનેતો ઠીક! આવા આવા અનેક વિચારો મિઆં ભાઇના મનમાં એક પછી એક આવવા માંડ્યા.

આખર સૌના સાંભળતાં બીબીને કહ્યું કે, "એ સબ અપને બોત પીછાનવાલે હૈં, ઔર મૈંને બોત દફે ઉન્હકે વાં ખાના અચ્છા અચ્છા ખાયા હય, તો ઉન્હોંકે વાસ્તે કંસારકી તેયારી બનાઓ, ઔર કિસીકું રસોઇ પકાનેકું બોલાવ. મૈં બજારમેં ઘી, ગુડ, તરકારી વગેરે લાતા હું." એમ કહી સૌ મેમાનને ઘેર બેસારી બહાર ગયો. મેમાને જાણ્યું કે મિઆંનો ભાવ આપણા ઉપર ઘણો છે. જુઓને કંસાર કરવાને કહ્યું ને ઘી ગોળ લેવા પણ ગયો. વાહ! શું ભલો માણસ છે! સિપાઇતો આવા હોય નહિ. "મીઆં ભાઇની યારી તે ઝાંપાલગી સમજવી" એમ કહેવાય છે તે કૃતેખાં ખોટું પાડે છે!

મિઆંના મનમાંતો કપટ હતું તેથી તુરત પોતાના ભાઈબંધ જાલમખાંને ઘેર ગયો અને સર્વ વાતથી વાકેફ કરી કહ્યું કે, "દેખ યાર, અબીતો આજ શરમ તેરે હાથમેં હય. જશકા

જશ મીલને મીજબાનકું ખીલાના ન પડે એસા ઉપાય કરના. મેરી હાલત અબી કૈસી હય સો તુમ જાનતેહો. એ સાલા પાંચ સાત રૂપિઆકા નુકશાન કરજાય ઉસ્મે અપને ક્યા નફા? અબીતો ઉનકા બાવાકી પરવાબી નહિ હૈ." જાલમખાં કહે છે, "અચ્છા, દોસ્ત, મેરી પાસ ઉસ્કા ઉપાયતો હૈ, લેકીન બોત મુશ્કિલ બાત હૈ.

ફતેખાં—કૈસા મુશ્કિલ હૈ, બોલતો સચ્ચ.

જાલમખાં—દેખ, મેરા એસા ઈરાદા હૈ કે મૈં પાંચદશ આદમી જમા કરકે તેરા ઘરકી નજીક આઊં, ઔર ગાલીદેકે બોલુંકે, "એ સબ મીજબાનકુ નીકાલ, એ મેરા ગુનેગાર હૈ, નહિતો મૈં માર ડાલુંગા." ઉસી બખત તુમને મેરી સામને હથિઆર લેકે ઉસ્કી તરફસેં લડાઈ કરનેકું તૈયાર હોના એ બાતસેં સબ મીજબાન ડરકે મારે ભાગ જાએંગે, કબી ન ભાગ જાવેતો મેરી તરફસેં બખતપર બંદુકકા ભડાકાબી કરના પડેગા. ભડાકા મૂનકે પીછે તો એ સબ ભાગ જાએંગે. મગર ઉસી બખત બડી હુશિયારી રખના. કબી ગોલી લગીતો જાન જાનેકા સદાહૈ.

ફતેખાં—યે બાતતો મીજબાનકું નીકાલનેકી બહુત અછી હૈ. લેકીન બંદુકકી ગોળીકી બાત અછી નહિ હૈ.

જાલમખાં—તબ, ચલ, ચલે જા તેરે ઘરકું. જશ ખાબી પીબી કીસ તરેહસેં મીલે? "જશ તો જાન ગયે મીલે!" તેરેકું માલૂમ હૈ?

ફતેખાંનો દ્રઢ વિચાર મેમાનને કાઢી મૂકવાનો હતો તેથી તે ધબાજ કબુલ રાખ્યો, ને પોતાને ઘેર જતી વખત જાલમ-ખાંને પાછળથી આવવાનું કહેતો ગયો.

ફતેખાંએ ઘેર આવી કમાડ બંધ કરીને મેમાનોને વાસ્તે હોકા ભરાવ્યા ને અગાઉના વખતની વાતચીતો કરવા માંડી.

જાલમખાંએ બીજા પાંચ સાત આદમીને બોલાવ્યાં. ઢાલ, તરવાર અને બંદુક હાથમાં લઈ લીધી, જામગરી સળ-ગતી રાખી ફતેખાંના ઘર આગળ તે માણસો સહિત આવી હોકોટો કર્યો કે, "અરે હરામી લોક! આ જગેઓ અપની મે-દાનમે! હમેરા બડા નુંકશાન કરકે ઘરમે ઘુસ ગયા હો તો તુમ સબ ક્યા સમજતે હો!! ચલો! સતાબી કરો. અરે ઓ ફતેખાં ફસકું, સુનતા ક્યું નહિ? નીકાલ સબ લોકકું બહાર!!" પેલા બિચારા ગામડીઆ લોકો તો ચોંક્યા કે આતે કોને બ-હાર નીકળવાનું કહેછે. ફતેખાંએ તેમને શાંત પાડી અંદરથી તાકુકો કર્યો કે "ઓ જાલમખાં જુલમી, તુમ કિસ્કું નિકાલને-કું બોલતે હો?

જાલમખાં—તુમેરા મીજબાનકું! ઉન્હોને હમારા બડા ગુન્હા કિયા હે!

ફતેખાં—ક્યા ગુન્હા કિયા હે!

જાલમખાં—મેરા બાવા ધનુકા ગાઉમેં નોકરથા ઉસીબખ્ત ધનુને ઉન્કુ મારડાથા.

ફતેખાંના પૂછવાથી પેલા ગામડીઆએ જાલમખાં સાં-

જાણે તેમ જવાબ દીધો "કે ના બાઇસાહેબ, અમેતો કાંઈ જાણતા નથી! તેમજ એમના બાપને પણ દીઠા નથી! તો અમોએ તેમને માર્યા તે ક્યાંથી હોય!!!"

જાલમખાં—જદ તુમને નહિતો તુમેરા બાઇને મારા હોગા! નહિતો તુમેરા બાપુનેતો મારા હોગા! એ સબ એકકા એકજ હૈ કે દુસરા? યાદ રખો, મૈં અબી છોડને વાલા નહિ! યહ હથિઆરસેં માર મારકે ટુકડે ટુકડે કર ડાલુંગા.

ગામડીઆઓ ગભરાવા લાગ્યા, તે જોઈ ફતેખાંએ પેલા ગામડીઆઓને હિંમત આપી કે જાલમખાંનો શો ભાર છે? તમને હું બેઠોછું ત્યાંસૂધી તો ઉની આંચ આવવા દેનાર નથી. એમ કહી તે પણ ઢાલ, તરવાર, બંદુક લઈ લડવાને તૈયાર થયો.

આથી પટેલીઆઓને હિમ્મત આવી તથા તેઓ નિર્દોષ હતા, તેથી તેમના મનમાં એમજ હતું કે આતો કોઇકને બદલે કોઇકને વઢવા આવેલ જણાય છે, તેથી થોડીવારમાં ફતેખાં સમજાવી કાઢી મૂકશે. આમ વિચારીને તેઓ નિર્ભય પણે બેશી રહ્યા.

ફતેખાં ખડકીનાં બારણાં ઉઘાડાં મૂકી વચમાં ઉભો ઉભો કહેવા લાગ્યો કે, "એ જાલમખાં જુલમી, હમેરા ઘરકી લાજ લેતા હૈ? એ સબ હમેરા ઘરકે મીજમાન! ઉન્હોકુ મારનેકું આયાતો ઉનકી પેહેલાં મૈં તુમેરી સાથ લડુંગા. મૈંબી સિપાઈ બચ્ચા હોં! લડનેમેં કુચ્છ કમતી નહિ હોં!"

જાલમખાંએ આ બોલવાની કાંઈ ગણત્રી કરી નહિ. તે જાણતો હતો કે "ઉને પાણીએ કાંઈ ઘર બળવાનું નથી!" પણ હજી ગામડીઆઓ ડગ્યા નહિ, માટે કાંઈ તડાકા ભડાકા તો બતાવ્યા વિના છૂટકો નથી. એમ ધારીને બંદુક હાથમાં લીધી. પાંચ દશ ગાળો પણ દીધી, અને "અબે ફતેખાં ફસ્કું, નીકાલતા હય કે નહિ! દેખ તેરીબી કમબખ્તી આઈહે!" એમ કહી ખાલી બંદુકના બહાર કરવા માંડ્યા. આથી પટેલીઆઓને ચટપટી થઈને તુરત ઉભા થઈ નાશી જવાનો રસ્તો શોધવા મંડી પડ્યા. પણ વિચાર થયો કે ફતેખાં તેમની તરફથી જબરી લડત કરશે એવી આશાથી મન કર્યું ને જવાનું બંધ રાખ્યું. વળી સાંજ પડી જવા આવી હતી તેથી બીજે કંઈ જવું ગમતું પણ નહોતું. આવી રીતનું પટેલીઆઓનું નિડરપણું જોઈ ગોળી ભરી બંદુક તૈયાર કરી ફતેખાં ઉપર તાકી. (મનમાંતો ભીંત સામી નિશાની કરી હવે પછી એવા હાલ બધાના કરવાની ચેતવણી આપવાનો હેતુ હતો.) તુરત તેનો બહાર કર્યો. ફતેખાંએ પ્રથમથી જાણ્યું હતું કે ગોળી વાગવાની નથી. તેથી તેણે ખસી જવાની તજવીજ કરી નહિ ને ગોળી છૂટી તે હાથપર વાગી, તેથી લોહી વહેવા માંડ્યું. આ દેખાવ પટેલીઆએ જોયો કે પોતાના હાથ હેઠા પડ્યા. ને તુરત વંડી ઉપરથી ઠેકી ઠેકીને બીજે રસ્તેથી નાઠા તે નજીકના ગામમાં, અંધારૂં થતાં પહોંચી ગયા.

ફતેખાંને વાગી જવાથી જાલમખાં દિલગીર થયો, પણ

તેમની લડાઈનો હેતુ જશનો જશ મેળવી પટેલીઆઓને ખ-વરાવ્યા વિના નસાડવાનો હતો તે પાર ઉતરેલો જોઈ સંતો-ષ થયો.

ફતેખાંએ તેના મિત્ર જાલમખાંને કહ્યું કે તુમ કહેતેથે કે, "જશતો જાન ગયે મીલે." એ બાત સચ્ચ હૈ.

ફીતુરનો જશ મેળવવા ઇચ્છવું એના જેવી નાદાની બીજી થોડીજ હશે. તે ખરેખરૂં કપટ છે, ને કોઈ રીતે ગુપ્ત રહેતું નથી. આખરતો જાહેર થાયછેજ, તે વખત જશને બદલે જુતીઆં ખમવા પડે છે. તેમજ કોઈ ફીતુરમાં જશ લેવા જાયછે તો તેને અસત્ય, વિશ્વાસઘાત, વગેરે નિચ પાપી કામો કરવાં પડેછે, ને છેવટ પોતાનો જાન પણ જોખમમાં ઉતારવો પડેછે; એમ બતાવવાનો આ વાતનો હેતુ છે, માટે તેવા પ્રપં-ચથી સદા દૂર રહેવું જરૂરનું છે.

વાર્તા ૫૦ મી.

ફરીથી પાઘડી બાંધ.

રાણપુર ગામમાં એક વખત કલેક્ટર સાહેબનો મૂકામ થયો. દેવયોગે સાહેબનો ઘોડો નાશીને ગામ તરફ આવ્યો. સિપાઇઓ તેની પાછળ ગામમાં આવ્યા, પણ કાંઇ પત્તો

લાગ્યો નહિ, તેમાંના એકે દૂકાનપર બેઠેલા એક વાણિઆને પૂછ્યું, "કોઇ ઘોડા પાસ રસ્તેસે ભાગા જાતા તુમને દેખા"?

"હા, જમાદાર* સાહેબ, (એક દિશા તરફ આંગળી કરીને) એક ઘોડો આ તરફ જતો હતો ખરો."

(રોફથી) "તબ ચલઓ! બતાવ કોનસી બાજુ ગયા? ચલ હમારી સંગ, ઘોડાકા પત્તા લગાનેકું."

"જમાદાર સાહેબ, કહેવાની કાંઇ ગુન્હેગારી લેવી છેકે શું? અહીંથી તમારી સામેને રસ્તે ગયો છે. એ રસ્તે જશો એટલે ઘોડો હાથ આવશે. એમાં મારે સાથે આવવાની શી જરૂર છે?"

"અબે એ બનિઆ, કલેકટર સાહેબકા ઘોડા તુમને આંખુંસે દેખા, મગર બતાનેકું સંગ નહિ આતા, તો શક આતા હૈ કે તુમને છૂપા રખા હોગા. મૈ કલેકટર સાહબસે બોલુંગાકે ફલાને બનિએને આપકા ઘોડા છૂપાયા હૈ."

વાણિઆ ભાઇને તો '**નિમાજ પઢતાં મસીદ કોટે વળગી**,' તેથી ડરીને નરમ ઘેંસ થઇ ગયો.

સાચું બોલતાં આવી રીતની જંજાળમાં આવી પડેલા પોતાના પાડોશીને જોઇ જોડેની દૂકાનવાળા વાણિઆએ કહ્યું, "**ફરીથી પાઘડી બાંધ.**"

આ માર્મિક વેણનો ખરો અર્થ સમજી જઇ વાણિઆએ જમાદારને કહ્યું, "પણ હેં હેં હેં!! જમાદાર સાહેબ, મેં જે ઘોડો જોયો તેને તો બે સિંગડાં હતાં!! તમારા સાહેબના

ઘોડાને કેટલાં હતાં ! ! ! !

"હેવાન, ઘોડેકું શિંગ કૈસા ! ! એ તો બેલ હોગા" ! !

"ત્યારે જમાદાર સાહેબ બેલ હશે ! મારી આંખે ઝાંખ વળે છે, તેથી બરાબર દેખી શકતો નથી."

આ સાંભળી સિપાઇ ચાલતો થયો.

જ્યારે એમજ જણાયકે બળે ફાવીશું નહિ, ત્યારે વાણિઆની પેઠે કળે કરીને સંકટમાંથી મૂક્ત થવાને તજવીજ કરવી. જ્યારે પોતાનું આપેલ વચન રદ કરવું હોય, અથવા તેમાથી છટકી જવું હોય તેવા પ્રસંગમાં આ વાત વપરાય છે.

વાર્તા ૫૧ મી.

કંથડો કુંજર ચઢયો, કનક કડાં દો હથ્થ,
માગ્યાં મુક્તાફળ મળે, (પણ) ભિખને માથે ભઠ.

ભાવનગરમાં માધવજી ભટ કરીને બ્રાહ્મણ રહેતો હતો. શાસ્ત્રાનુસાર પોતાનો ધર્મ શું તે કાંઇ સમજતો નહિ. જરા વાંચતાં લખતાં નાનપણમાં શીખેલ, તે પણ ભોગ જોગે ભૂલી ગએલ હતો. પોતે બોલીનો વાચાળ હોવાથી માની લીધું કે, વિદ્યા ભણવાથી વિશેષ શું છે ! ભણેલા-ઘણા ભૂખે મરે છે; વેદીઆ-ઢોર જેવા હોય છે. આજ કાલ હજારો બ્રાહ્મણો નવી નવી યુક્તિ કરી ભીખ માગવાનું લઇ બેઠા છે, તે કરવા આ-

પણ ક્યાં કમ હુશિઆર છીએ ? આપણો તે ધંધો ઇશ્વર સલામત રાખે તો બસ છે ! બાપદાદા એમના એમ ભીખ માગી મરી ગયા, તેમને કાંઇ અડચણ પડી નથી, તો આપણ જેવાને અડચણ શેની પડવાની છે ! માટે ભણવાની માથાકૂટ કોણ કરે ! એવા નિશ્ચયથી તેણે પોતાને મળેલ બ્રાહ્મણના અમૂલ્ય અવતારની ખરેખરી કરજો સમજી કાંઇ સાર્થક કર્યું નહિ, પણ પોતાનો વંશ પરંપરાનો વારસામાં ઉતરેલો ભીખ માગવાનો ધંધો શરૂ કર્યો; અને તેમાં ઘણી અક્કલ દોડાવી યુક્તિઓ કરી, તે વાંચનાર નીચેની હકીકતમાં વાંચી અજાયબ થશે.

"ભીખ ને ભારો તે સવારનો સારો," એ કહેવતને અનુસરી ભટજી સવારના ઉઠે ત્યારથી તે દશ બાર વાગતા સૂધી, હાથમાં વટલોઇ સાથે ઘરોઘર ભટકવું શરૂ કરે. પાઠ પૂજા, સંધ્યા વંદનાદિ પોતે જાણતો હોય તો કરેકના ! વખતપર નવાયું તો ભલે, નહિતો વગર નાહે પણ ભસ્મ ઝુંશી યા ટીલા ટબકાં કરી નીકળે. પુરૂષ કરતાં સ્ત્રિ વર્ગમાં તેનું વધારે ફાવતું; કોઇને ધર્માત્માતો કોઇને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, કોઇને **સવરીબાઇ** તો કોઇને **મીરાંબાઇ**, કોઇને **અનપૂર્ણા** તો કોઇને **મહાલક્ષ્મી**, વગેરે ઉમદી ઉપમાઓ આપી ફૂલાવી પટાવી પુષ્કળ લોટ દાળ આદિ ઘેર લાવતો; આ સવારનું તેનું નિત્ય કર્મ હતું.

સંક્રાંતનું પર્વ આવવાનું હોય ત્યારે આઠ દિવસ આગળથી ને આઠ દિવસ પાછળથી ભટજી ગામડામાં માગવા નીકળે, **"સંક્રાંત પુન્ય પર્વણી"**ના લાંબા સાદથી ખેડુઓનાં દાણાનાં

ખળાં ગજાવી મૂકે. સવારથી સાંજ સુધીમાં ત્રણ ચાર ગામને ફેરો ફરી, બે ત્રણ મણ દાણાનો કોથળો ભરી, મજુરની પેઠે માથે ઉપાડી ઘેર લાવે. ખુદ સંક્રાંતને દિવસે શેહેરમાં માગવા નીકળે, કેમકે શેહેરવાળા તો પર્વ વગર આપે નહિ; તેમ પર્વના દિવસે શેહેર ને બધા ગામડામાં ફરી શકાય નહિ, જેથી પક્કા બ્રાહ્મણે સંક્રાંતનું પૂછડું લાંબુ કરી દીધું.

બળેવ આવે ત્યારે ભટજી રક્ષા બંધનથી (રાખડી બાંધી) બીજાનાં દુઃખ કાપવાને પરગજુ થઇ પડે. સવારથી સાંજ સુધીમાં ઘરોઘર અને ઊંબરે ઊંબરા ફરી વળે. ઘરનાં નાનાં મોટાં સ્ત્રિ પુરૂષો તથા છૈયાં છોકરાંને રક્ષા બંધન કરે એટલુંજ નહિ, પણ ખડીયા, કલમ, દોતણીઆરૂં, રજીયાં, ચોપડા, ઘોડીયાં અને ઢોરાં ઢાંખરને પણ રાખડી બાંધવા ચૂકે નહિ. તેનું કારણ કે કાંઇપણ કરતાં ઘર ધણી ખુશી થઇ, દાણા યા પાઇ પૈસાની દક્ષણા આપે. એ રીતે રક્ષા બંધનના કલ્યાણકારી કામ સારૂ ભાઇબંધ, દોસ્તદારો, ઓળખીતા, જોએલા, સાંભળેલા, ને છેવટ રસ્તાની ઝપટમાં આવતાની હાજરી લીધા વગર છોડે નહિ. બેસતા વર્ષને રોજપણ તેજ મુજબ આશિર્વાદ આપવા નિકળે. આથી ફરીને ભટજીની થયેલ ઓળખાણ કદાચ આપણે ભૂલી ગયા હોઇએ, પરંતુ આ તેહેવાર ઉપર તેતો ખસુસ કરીને યાદ લાવી દર્શન આપેજ આપે. આવી ભટજીની વર્તણુકથી કેટલાક કંટાળેલા લોકોએ આખી બ્રાહ્મણની કોમને "બ્રાહ્મણભાઇ માગે ને ભગવે"

એમ પ્રસિદ્ધ રીતે કહેવા માંડયું; જોકે સર્વ તેમ હોતા નથી.

વર્ષના અમુક ભાગમાં એક વખત ટેલીઆ ભટ બની ટેલ નાખવા માંડે. શિઆળો હોયતો ડગલાની ટેલ નાખે. લાંબા સાદથી 'ટેલીઆ ભટની ટેલ છે, દાતારને મન સેહેલ છે;' 'ડગલો ડગલો થાય છે, શિઆળો વહી જાય છે;' 'ડગલે ડગલે પીળી પટી, તે ડગલો ભટે પેહેર્યો નથી;' 'ડગલે ડગલે રાતી કોર, તે ડગલો પેર્યાનો કોડ." એવા એવા લાંબા ઘાંટાના કાન ફોડનારા, તથા જે સાંભળી રોતાં છોકરાં છાનાં રહેને ઊંઘતા જાગી ઉઠે, તેવા અવાજથી પેહેલીને પાછલી રાતે શેહેરમાં સાદ પાડે. કેટલાક દિવસ તેની ટેલ થાય, એટલે શેરીના કે શેહેરના મુખ્ય માણસો ખરડો કરી ભટજીની વાંચ્છના મુજબ ડગલાડોટી, કે બીજી ચીજો પૂરી પાડે.

કોઇ વખત કંકુના ચાંદલા કરી રૂપિઆ મેળવવાની ટેલ કરે. એક થાળીમાં શેર દોઢ શેર કંકુ લઇને જે માણસો રસ્તામાં મળે તેમને ચાંદલો કરે, ને ઘેર ઘેર ફરીને ચાંદલા ઉપરાંત ઘરનાં બારણાંની સાથે કંકુના થાપા મારે. એમ બે ચાર મહિના ફરફર કરી, છેવટ તમામને કંટાળો આપે. ના કહેતો માને નહિ, ને પોતાનું કામ કરેજ જાય. છેવટ દક્ષણાની ઉઘરાણી શરૂ કરે. દક્ષણામાં રૂપા નાણું જોઇએ કે ઘણા દાહાડાની મેહેનત માટે તે વગર તો ચાલે કેમ! વળી આટલા દિવસતો મુંગે મોડે ચાંદલા કરવાના હતા, પણ હવેતો બીજી યુક્તિ કરવીજ જોઇએ; તેથી કોઇએ ખરેખરૂં આપ્યું હોય મા

ન આપ્યું હોય, તોપણ, લાંબા ઘાંટાથી "**એક રૂપિઓ બો. ચડભાઈના ઘરનો આવ્યો છે, કાશી ક્ષેત્રમાં વાળ્યો છે; અરધો રૂપિઓ હાલીબાએ આપ્યો છે,**" એ પ્રમાણે બૂમો પાડે.

આવી રીતે બોલીને બીજાઓને તેમ આપવા લલચાવે. જશના ભુખ્યા માણસો પુણ્ય તે શું, એ વાત સમજ્યા વગર ને પોતાનો જશ ગવરાવવા ખાતર, ભટજીને રૂપા નાણું આપવા માંડે. ભટજીને જે મળે તેથી વધારે પડતું બોલી આખા ગામમાં આપનારની નામના ગાય. આ રીતે થોડા મહિનામાં કેટલાક રૂપિઆની ઉપજ કરી નાખે.

કોઈ વખત ભટજી એ ચાર સાગ્રિતો કરી ચુંદડી, કંકુ, નાળિએર, નાડાછડી, ત્રિશુળાદિ લઈ પર ગામ નીકળી પડે. ગામ વચ્ચે જઈ થાળી પીટી લોકો એકઠા કરે. પૂરાં માણસો ભેગાં થયાં કે એક જણ ચાદર ઓઢી, ધુણવા માંડી, સાક્ષાત બહુચરાજી માતાજી આવ્યાનો ડોળ બતાવે. તેના સાગ્રિતો '**ધન્ય મા, ધન્ય મા**' ના અવાજ વચ્ચે માતાજી આવ્યાની નિશાનીઓ માગે. એટલે મ્હોંમાંથી નાળિએર, કંકુ, નાડાછડી, વગેરે કાઢી આપે. આવી રીતના દેખાવથી ભોળા લોકો દાણા કુણી, પાઈ પૈસો, દીવાનું ઘી, વગેરે માતાજીની આગળ હાજર કરે તે લઈને ચાલતા થાય.

આવી રીતની અનેક યુક્તિ ભટજીએ કરવા માંડેલી, તેથી પાસે થોડી મુડી થઈ. તેનાં બે ખેતરો લીધાં તથા વ્યાજે રૂપિઆ આપવા માંડ્યા; તેની ઉપજ પણ આવવા લાગી,

પણ ભીખારી ભટજીનો જીવ તે ક્વચિતજ ભીખારી મટે, એમાં નવાઇ નહિ; તેની સાબિતી નીચેની હકીકત વાંચનારને બતાવી આપશે."

બીજા બ્રાહ્મણો ભણીને કથા કરતા હતા, તે જોઇ અભણ ભટજીને પસ્તાવો થવા લાગ્યો; તેથી ધીરે ધીરે અભ્યાસ કરવા માંડયો. થોડી મુદતે કથાઓ વાંચવાનું ભાગું ખોખરૂં જ્ઞાન થયું, કે પોતાની આપ બુદ્ધિ અને વાચાળ શક્તિથી કથાઓ વાંચવી શરૂ કરી. કોઇ વખત કોઇને ઘેર, તો કોઇ વખત શેરી કે મંદિરમાં વાંચે; તેમાં પણ કથાની ખરી ખુબી સાંભળનારાઓ સમજી શકેછે કે નહિ, ને તેનો હેતુ પાર પડી શકેછે કે નહિ, એની તો દરકારજ શું કામ હોય ? ફક્ત લોકો રંજન થઇ ખડખડ હસેછે કે નહિ, એ ઉપર મુખ્ય ભટજીનું ધ્યાન જતું હતું; તેથી 'કથા ત્યાં વાર્તા' હોવીજ જોઇએ, એમ કહી આડી તેડી સંસારની માયાને વિષયની રમુજી વાતો, કિસ્સા વગેરે વખતો વખત કહેવા માંડે. તે સાંભળવાને ઘણા લોકો ખુશીના સાથ એકઠા થાય. કથામાં ભટજીને જે જમવાનું કહે તેના જમણની હકીકત, પૂરૂં મીઠું મરચું ભભરાવી પદ્યના આકારમાં મોટું [1] ડીંગળ કરી, ગાઇ બતાવે, એટલે બીજાઓ તુરત પોતાના જશ ગવરાવવા માટે જમવાના નોતરાં ઉપરા ઉપર આપે જાય. છેવટ કથાની પૂર્ણાહુતી થતાં સુધીમાં ભટજી કેટલાક દાણા દુણી, લુગડાં લત્તાં, વાસણ

---

૧ અતીશયોક્તી વાળું—ગપ્પ ભરેલું પદ્ય.

કુસણ, ને રુપિઆ આદિ પેદા કરી લે.

આવી રીતે ભટજી પોતે પૈસાની સારી મુડી ને સ્થાવર મિલ્કતનો ધણી થયો, પણ ધંધો તો ભિક્ષાનો ને ભિક્ષાનો રાખે ગયો. જાહેર વાતચિત ને સરકાર દરબારમાં પણ પ્રસિદ્ધ રીતે ભિક્ષાનો ધંધોજ બોલે જાય. એ વાતની કાંઇ લાજ કે શરમ લેખવે નહિ. એક વખત કોરટમાં ભટજીની કોઇએ સાહેદી આપી સમન કરાવ્યો, તેથી કોરટમાં હાજર થવું પડ્યું. ત્યાં આગળ તેમનો ધંધો પૂછવામાં આવ્યો કે ભિક્ષા વૃતિનો બેધડક રીતે લખાવ્યો ને સાહેદી તો ખરેખરી પૂરી. મૂળ કોરટે તો ભટજીના ભીખારી ધંધાનો ખ્યાલ નહિ લાવતાં તે સાહેદી ઉપર વજન રાખી ફેંસલો આપ્યો. તે કામની છેવટ અપીલ હાઇ કોરટમાં ગઇ, તે વખત વિદ્વાન જડજે ભીખારી ભટજીની સાહેદી ઉપર મોટી ટીકા કરી તેના બોલવાને નીચેની કોરટે વજન આપ્યું હતું તે ભૂલ કરાવી ભીખારી સાહેદી ઉપર ભરોંસો નહિ રાખતાં, નીચેની કોરટનો ઠરાવ ફેરવ્યો. આ ઉપરથી વાંચનાર એ ધંધાની કેટલી આબરૂ સમજશે !

એક વખત ભટજીએ વૈષ્ણવના મંદિરમાં શ્રીમદ્‌ભાગવતની સભા માંડી હતી, તેની પુર્ણાહુતીને રોજ કોડીલા વૈષ્ણવોએ મહારાજા સાહેબનો હાથી પુરતા સાજ સહિત માગી આણી, ભટજીને હાથીપર બેસાડી ઘેર મૂકવા ચાલ્યા. શ્રીમંત વૈષ્ણવોએ વસ્ત્રાલંકારથી ભટજીને રાજવંશી જેવા બ-

નાવી દીધા હતા. આગળ ઢોલ, ત્રાસાં, નગારાં, વાગે જાયછે સેવકોનાં ટોળાં ચાલ્યાં જાયછે, વચ્ચે વચ્ચે ઉડતા ગુલાલથી આકાશ રાતું થઇ રહ્યું છે, પાછળ ભાવિક સ્ત્રિઓ ઈશ્વર વિવાહનાં ગીતો મધુર રાગથી ગાયછે, તેમાં ભટ્ટાણી પણ ચાલી આવેછે, એવી અનેક તરેહની શોભા થઇ રહી છે. ચાલતાં ચાલતાં વરઘોડો શાક પીઠ આગળ આવી પહોચ્યો, ત્યાં આગળ એક ગૃહસ્થ માણસ ધર્મ દાખલ મૂળા વહેંચતો હતો, ને બ્રાહ્મણ સાધુને એકેક મૂળો આપતો હતો. તે જોઇ હાથીપર બેઠેલ ભટજીએ જાણ્યું કે, "**માગ્યા વગર મા પણ પિરસતી નથી**' તો બોલ્યા વગર રહેવાથી શેઠને શું ખબર પડશે કે આ બ્રાહ્મણછે તેને મૂળો આપું! અરે! તેમ થયું તો મુળો ખોયોનો! અને '**મફતકે મુલેકી કેલે જેસી મજા**' આવવાની નહિતો! અહો જીવ! આતો ઠીક નહિ. એમ ધારી તુરત લાંબે સાદેથી મુળો માગ્યો, તે લેવા ભટ્ટાણી ઉભી રહી.

આ વખત એક પરદેશી કવિ ભટજીની સ્વારી જોવા ઉભો હતો, તે અત્યાર સુધી ભટજીને મોટો જમીનદાર કે સરદાર જાણતો હતો, પણ તેણે મૂળો માગ્યો, તેથી સમજ્યો કે આ કોઈ લોભી અને ભિક્ષુક છે. આથી તેને ઘણો ધિક્કાર આવ્યો, અને ભટ્ટાણી જે મૂળો લેતી હતી તેના પ્રત્યે કહ્યું કે,

"કુંથડો કુંજર ચઢયો, કનક કડાં દો હથ્થ,
માગ્યાં મુકતાફળ મળે, (પણ) ભિખને માથે ભઠ્ઠ.,,

આ ફિટકારની કાંઇ દરકાર ન કરતાં બહ્માણી મૂળો લેઇ ચાલી ગઇ.

—

હાલના કેટલાક અભણ ને હઠીલા ભુદેવો પોતાનો ધંધો સદાયનો ભીખ માગવાનો માની બેઠા છે, અને શાસ્ત્રાનુસાર પોતાની ફરજ શું, તે તો ધ્યાન પર લેતા નથી, પણ આળસ તથા લોભને વશ થઇ નવી નવી, કપટ વાળી, ભોળા લોકોને ભરમાવનારી, ને પેટ ભરવાની યુક્તિયો વાપરી, બ્રાહ્મણ પદને જે લાંછન લગાડવા બેઠા છે, તેનો આભાસ સંક્ષેપથી આ વાતમાં બતાવેલો છે. તેઓ પૂરતા ધિક્કારને લાયક થાયછે. અરે! તેઓ પોતાને બીજાથી ઉત્તમ સમજતા હોય તો તેમણે પોતાનાં કર્મ પણ ઉત્તમ રાખવાં જોઇએ. ભીખ જેવો નીચમાં નીચ ને ફિટકાર લાયક બીજો કયો ધંધો કહેવાય? તેથી ઘણા ગેરફાયદા થતા આવ્યા છે. તેથી કરીને વિદ્વાન બ્રાહ્મણને ખરૂં ઉત્તેજન મળવું જરૂરનું છે તેને મળતું નથી, ચોર અને સાહુકાર એક હોય તેમ થયું છે. એ વિદ્વાનને ગેરઇનસાફ આપનારૂં છે. તેથીજ અથાગ શ્રમ વેઠીને વિદ્વતા મેળવવા થોડા બહાદુર નરો આગળ પડેછે, ને તેથીજ વિદ્યાની વૃદ્ધિ મનમાનતી રીતે થતી નથી. હાલ

વિદ્યાહીન થઇ જવાનું મુખ્ય તેજ કારણ છે. વળી ભીખથી લોકો આળસુ થઇ જાયછે, ઉદ્યમ ઘટી જાયછે ને દેશની મોટી ખરાબી થાયછે. ભિખારી લોકો સદાના દેશને માથે મોટા બોજા રૂપ થઇ પડેછે. તેઓ હમેશાં પારકી આશા પર રહેછે, પણ **"પારકી આશ તે સદાય નિરાશા"** એ બોલ હમેશાં યાદ રાખવો જોઇએ. આગળનો વખત બદલાઇ ગયો છે, ને હવે એવો વખત આવતો જાયછે કે દેશમાંથી પૈસો ઘટતો જાયછે, લોકોનું ભોળપણ ઓછું થતું જાયછે. તેથી માગ્યું પણ મળવું કઠણ થઇ પડવાનું છે એમાં શક નથી. માટે વિદ્યાભ્યાસ જારી રાખવો એ બ્રાહ્મણનો મુખ્ય ધર્મ છે. અંગ્રેજી ગુજરાતી ભણેલાને ઉત્તેજન મળેલાં છે, ને મળતાં જાયછે; તેમજ સંસ્કૃતને પણ કેટલાક રાજા અને સખી ગૃહસ્થો તરફથી ઉત્તેજન શરૂ થયેલ છે. હાલમાં ભાવનગરમાં વેદશાળા, પાઠશાળા, વગેરે સંસ્કૃત ભાષાની વૃદ્ધિ કરવા જે ઉત્તેજન અપાયછે, તે ખરેખાત સ્તુતિપાત્ર છે, તેમજ બીજા રાજ્ય તરફથી પણ મળવા શરૂઆતો થતી જાયછે, માટે હવે ભીખ છોડી વિદ્યાભ્યાસ કરી મન ગમતા બીજા ઉદ્યમ કરવા જોઇએ.

વાર્તા પરમી.

રાઇના પાડતો રાતે વહી ગયા !!

રામદાસ કરીને એક વાણિઆના ઘરમાં મધ્ય રાત્રીને સ-

મયે ચોરોએ ખાતર પાડવા માંડ્યું. રામદાસનું ઘર અલાયદું આવેલ હતું, ને રાત ઘણી અંધારી હતી, તેથી બૂમ પાડેતો કોઈ મદદે આવે એમ નહોતું. હવેતો માત્ર કાંઈ તદબીર કરીને ચોરને છેતર્યા સિવાય અન્ય ઉપાય નહોતો. આખરે લાંબો વિચાર કરતાં, પોતાના વાડામાં રાઈ સૂકવી હતી તે વાત યાદ આવવાથી, પોતાની સ્ત્રીને (ચોરોને સંભળાવવા માટે મોટે સાદે) કહેવા લાગ્યો "સાંભળે છે કે, વાડામાં રાઈ સૂકવી છે, તે કેમ ભરી લીધી નહિ. અરે! મને મોટું નુકશાન કરવા બેઠી જણાય છે! રાંડને ઘર તરફની કાંઈ દરકાર છેજ નહિ! આજે દેશાવરી કાગળો આવ્યાછે તેમાં રાઈની ખરીદી ઘણી છે, તેથી રાઈ કાલેતો રૂપિઆની રૂપિઆભાર પણ મળવી મુશ્કેલ પડશે! માટે તે દુકાને લઈ જવીછે તો સવારે વેહેલી ઉઠીને ભરી લેજે. તેમાં જો ભૂલ પડીતો તારી વાત છે!"

આ વાત ચોરોએ સાંભળીને ખાતર પાડવાની ખટપટ કોરે મૂકી, નિરાંતે વાડામાંથી રાઈની ગાંસડીઓ બાંધી ચાલતા થયા. એ રીતે વાણિઓ, પોતાના ઘરનો તમામ કિમતી માલ બચી જવાથી ઘણો પ્રસન્ન થયો.

બીજે દિવસે સવારમાં ચોરોએ પોતાના એક ઓળખીતાને રાતની સર્વ વાતથી વાકેફ કરી, રાઈનો નમુનો આપી વેચવા મોકલ્યો. તે આખા ગામમાં ફરી વળ્યો તો કોઈ પોણાબે રૂપિએ, કોઈ બે રૂપિએ મણ માગે; એથી વધારે ભા-

વે કોઈ માગે નહિ. મધ્યાન સુધી રખડી રખડીને થાક્યો; છેવટ અણજાણે જે વાણિઆની રાઈ ચોરાઈ હતી તેની દુકાને વેચવા આવ્યો: વાણિઓ દુકાનમાં હતો, તેને બહાર બોલાવ્યો ને પૂછ્યું, "શેઠજી, રાઈ લેવીછે?" શેઠે કહ્યું, "કેમ આપોછો?" રાઈ વાળાએ કહ્યું, "રુપિઆની રુપિઆભાર!" શેઠ કહે, "રુપિએ મણ આપતા હોતો આપો, નહિતો રસ્તો પકડો." રાઇવાળો આશ્ચર્ય પામી કહેવા લાગ્યોકે, "કાલ કાગળોમાં રાઈની ખરીદી ઘણી આવીછે તો રુપિઆની રુપિઆભારૂ મળવી કઠણ પડશે! તેમ છતાં તમે બધા વેપારીઓએ સંપ કર્યો હેકે કેમ? એમ ઓછે ભાવે આપવાની નથી! તમે વિચારી ભાવ પાડ કરો, તો તો આપીએ."

રામદાસને માલમ પડ્યુંકે "આતો મેંરાત્રે વાત કરી તેજ કહેછે. માટે મારા વાડામાંથી ચોરાઇછે તેજ રાઈ હોવી જોઇએ". તેથી તેણે કહ્યું, "**રાઇના પાડતો રાતે વહી ગયા,**" અત્યારે તો મેં કહ્યો તે ભાવછે."

આથી રાઇવાળો શરમીંદા થઈ ઉતાવળે ચાલ પકડીને રાઈની સર્વ હકીકત કહેવા ચોરોને ઘેર ગયો. રામદાસે તેની પછવાડે જઇને ચોરોનાં ઘર જોઈ લીધાં. પછી અધિકારીને જાહેર કરી, ચોરોને મુદ્દાના માલ સહિત પકડાવ્યા, તેથી તેમને શિક્ષા થઈ.

આ વાત ચોરીનાં પાપી કામ એની મેળે ખુલ્લાં થઇ

આવેછે એ બતાવી આપેછે. તેમજ આ કહેવત જે પ્રસંગ ગયા વખતને સારો જાણી સંભારવામાં આવેછે તેવા પ્રસંગમાં પણ કહેવાય છે.

વાર્તા ૫૩ મી.

આણંદ પૂછે પરમાણંદ, માણસે માણસે ફેર;
એક નાણું ખરચે ન મળે, એક *ત્રાંબીયાના તેર.

(એક કામમાં અનેક કામ કરવા બાબત).

પોરબંદર ગામમાં એક શેઠને ત્યાં પુષ્કળ દોલત હતી. શેઠની દુકાનનું સઘળું કામકાજ તેનો ઘણા વર્ષનો જૂનો ને વિશ્વાસુ મુનિમ ચલાવતો હતો. તે પૂરો ખબરદાર, સર્વ વાતનો અનુભવી હોવાથી શેઠને દુકાન તરફના કાંઇ ઉચાટ-ફિકર હતાંજ નહિ. એ મુનિમના તરફનો શેઠને ઘણો સંતોષ હતો. તેમજ મુનિમ ઉપર શેઠનો પ્રેમ પણ ઘણો હતો. દરેક કામ કાજમાં તેને પોતાની બરાબર માન આપતો હતો. મુનિમને ત્યાંના કોઈ કામ અવસર ઉપર પાંચ પૈસાની બક્ષિસ પણ શેઠ કરતો હતો. મુનિમ શેઠના તરફ બરાબર વફાદાર રહેતો ને પોતાના ઘરના કામની માફક પૂરી કાળજી અને ઉલટથી શેઠનું કામ બજાવતો હતો.

શેઠની પાસે મુનિમનું આવું માન પાન શેઠાણીથી ખમાયું નહિ. શેઠાણીનો ભાઇ કાંઇ કામ-ધંધા વગર બેઠેલ હતો.

---

* જે રાજ્યમાં કોરીના ચલણછે ત્યાંનું ત્રાંબા નાણું.

તેને એ મુનિમની જગોપર રાખવા તેની વૃત્તિ થઇ. સ્વાર્થને અંગે માણસ આંધળું ભીંત થાય છે. તેથી જે વખત શેઠ મુનિમનાં વખાણ કરવા કે તેના કામની તારીફ કરવા બેસે, તે વખત શેઠાણી તેમાંથી કાંઇ નહિને કાંઇ ખોડ કહીબતાવે. પ્રસંગ જોઇ તેના કામની ટીકા કરી વાંકું પણ બોલે. શેઠને શેઠાણીની વાત કાંઇ પસંદ નહોતી આવતી, પણ હઠીલી સ્ત્રિની સામી માથાફોડ કરવી, એમાં કાંઇ ફળ નહિ, એમ સમજીને શેઠ કાંઇ જવાબ આપતો નહોતો. એક વખત લાગ જોઇ શેઠાણીએ હઠ લીધી કે તમે મુનિમને પગાર ખવરાવોછો તે શું તમારો સગો છે ? પોતાના સગાંનોતો ભાવ પૂછતાં નથી! મારો ભાઇ કેટલા દિવસથી વગર ધંધે બેઠો છે, તો પરાયા પગાર લઇ જાય છે તેથી તે ઘરનો માણસ શું નરતો! એને મુનિમનું કામ સોંપશો તો એ પણ મુનિમના જેવુંજ કરશે.

શેઠ જાણતો હતો કે મુનિમનું કામ એનાથી નહિ બની શકે, પણ શેઠાણીના આગ્રહને તાબે થઇ સારૂં લગાડવા સારૂ મુનિમને રજા આપી, પોતાના સાળાને તે જગોએ રાખ્યો. સ્ત્રિને દેખાડવા માત્ર મુનિમને રજા હતી; તેનો પગાર ચાલુ રાખ્યો હતો, તેથી મુનિમ દુકાનપર આવ્યા સિવાય શેઠના તરફનું કામકાજ કરે જતો હતો.

અનુભવ વગરનો અણઘડ નવો મુનિમ દુકાનનું કામ શું કરી શકે? બિચારા, શેઠાણીના ભાઇના બાપ ગોત્રમાં કોઇએ તે કામ કરેલ હોયતો જાણેકની ! અનુભવ વગર કાચું ! એક

વખત ગામને પાદર પરદેશી ઘીનાં ૫૦૦ કુડલાં વેચવાને સારૂ આવ્યાં હતાં, તે લેવા સારૂ નવા મુનિમને મોકલવામાં આવ્યો. પ્રથમ તે ઘીનો ભાવ પૂછી આવ્યો. ફરીને મોકલતાં બીજી વખત કેવો તોલ તે પૂછી જોયો. ત્રીજી વખત કેવા રૂપિઆનો ભાવ કહ્યો છે, એમ જૂદા જૂદા ત્રણ ચાર આંટા ખાધા ત્યારે એક ઘીનો ભાવ નક્કી થયો. તે પછી એ ઘી લેવું કે નહિ, એ સારૂ ગામમાં ઘીનો શો ભાવ ચાલેછે, એ તપાસ કરવા મોકલ્યો. પોતાને કાંઈ ભાન નહિ એટલે શેઠ કહે તેટલું કરે, આથી શેઠ પણ કાયર થઈ ગયો.

એટલામાં જૂનો મુનિમ સવારમાં પાદર ગયો હશે, તેના જોવામાં ઘીનાં કુડલાં આવ્યાથી તુરત ત્યાંજ તમામ પાંચસે કુડલાંનું સાટું કરી, પોતે શેઠના નામથી લઈ લીધાં. તે વખત બીજા ગામના વેપારીઓ ઘી લેવા હાજર હતા, તેમને થોડાં થોડાં ઘીનાં કુડલાં એકેક રૂપિઆના નફાથી પરભાર્યાં વેચી દીધાં ને રૂા. ૫૦૦ નફાના ગાંઠે બાંધી શેઠની આગળ મૂકી બધી વાત કહી આપી.

શેઠ ઘણોજ પ્રસન્ન થયો ને શેઠાણીને કહ્યું કે, "આ જો! તારો ભાઈ ચાર વખત ઘી આગળ જઈ આવ્યો, જેટલું કહ્યું તેટલું કરીને આખર પાછો આવ્યો, અને આ જૂના મુનિમે વગર પૂછે પોતાની અક્કલથી ઘી ખરીદ કરી વેચી પણ દીધું, જેના નફાના રૂા. ૫૦૦) લાવી આગળ ધર્યાછે. હવે કહે, એમાંથી કોણ હોશિઆરને સારો! તારો ભાઈ બતાવ્યુંજ

કામ કરે તે શા કામનું ? **એક કામમાં અનેક કામ** તેની અકલના જોરથી કરી લાવેતો તે મુનિમપણાને લાયક કહેવાય."

શેઠાણી—ઓહો! કોઈ કામમાં એમ પણ થાય, તેમાં તમે તેનું વાંકું તે શું બોલોછો ? કામ કરવાથી ધીરે ધીરે આવડે ! **કોઈ શીખીને અવતરતું નથી !**

શેઠાણીનાં વચન સાંભળી શેઠ વગર બોલ્યા રહ્યા. શેઠાણીએ છાની રીતે પોતાના ભાઇને કહ્યુંકે, "હવેથી હુશિઆરી રાખતો જા. આજે શેઠ વઢતા હતા, માટે એક કામમાં અનેક કામ સાથે કરવાની ટેવ રાખવી."

શેઠને એક છોડી બાર વર્ષની થવા આવી હતી. તેના લાયક હુશિઆર સોળ વર્ષનો વર જોવા સારૂ શેઠાણીએ તેના ભાઇને મોકલવાનું પસંદ કીધું, અને તેને તૈયાર કર્યો. જતી વખત તેને શીખામણ આપી કે "સારા કુળનો, ખાનદાન, હુશિઆર ને સોળ વર્ષનો વર શોધી લાવજે, હો ! વર્ષ વધારે કે ઓછાનો ન જોઇએ. બરાબર સોળ વર્ષનો જોઇને સગપણ કરજે. વળી બીજો ફેરો થાય નહિ માટે વિચારીને જે કાંઈ પૂછવું હોય તે પૂછીલે."

શેઠાણીના ભાઇએ વિચાર્યુંકે આમાં બીજું કાંઈ પૂછવાનું નથી, પણ કદાચ સોળ વર્ષનો વર ન મળ્યો, તો વળી પૂછવાનો ફેરો રહેશે; માટે આ વખત ખુલાસો કરૂંતો ઠીક. તેથી કહ્યુંકે "**જો સોળ વર્ષનો એક વર ન મળેતો આઠ આઠ વર્ષના બે શોધી લાવું તો ચાલેકની ?**"

આથી શેઠાણી ઘણું રીસે ભરાઈ કે મુર્ખને એટલી અક્કલ નથી કે બે વર તે હોય! પણ પોતાનો ભાઈ એટલે તેને વધારે શું કહી શકે? ટુંકામાં કહ્યું કે "જા, તું તારે દુકાનનુંજ કામ કર." એમ કહીને મોકલવો બંધ કર્યો.

શેઠતો આ બધી મૂર્ખાઈ કાંઈ બોલ્યા વગર જોયાજ કરતો હતો, કેમકે તેના મનને નક્કી હતું કે શેઠાણીનો ભાઈ મુનિમની જગાએ નીભવાનો નથી. તેના કામથી એની મેળે તેની બેનને વાંક સુજશે ને રજા દેશે.

થોડે દહાડે શેઠને શરીરે મંદવાડ થયો, તે એકદમ વધી ગયો, તેથી વૈદને બોલાવવા સારૂ શેઠાણીએ તેને મોકલ્યો. વૈદને બોલાવીને ઘેર આવતાં તેણે વિચાર કર્યોકે, **એક કામમાં અનેક કામ** કરવાની ભલામણ મારી બેન તરફથી થઈ છે, તો આ વૈદને બોલાવી જાઉછું, પણ શેઠને કસર વધારેછે ને કદાચ આરામ ન થયો તો વળી ખાંપણ, નાળિએર, સૂતર, વાંસ વગેરે લાવવાના આંટા ઘણા થશે; એ ઠીક નહિ. સાથેલાગાં એ બધાં વાંનાં લઈ જવાય તોજ **એક કામમાં અનેક કામ** કર્યાં કહેવાય. એમ ધારી વૈદને પરભારો શેઠ પાસે ઘેર મોકલી પોતે ખાંપણ ઈત્યાદિક લઈ ઘર તરફ વળ્યો. વળી સુઝ્યું કે દૈવ ઈચ્છાથી નઠારૂં પરિણામ આવ્યું તો સગાં વહાલાંને કહેવા જવું પડશે; માટે તે પણ બે ચાર સગાંમાં કહેતો જાઉં કે ફરીને આંટો ન પડે. એથી સગાંઓને

કહેતો ગયો કે "શેઠને બહુ કસરછે તે તમે સૌ તાકીદે આવી પહોંચજો."

શેઠાણીના ભાઇએ સૂતર, વાંસ વગેરે ઘેર લાવીને એક ખુણામાં નાખ્યાં. તે જોઇને તેની બેહેને પૂછ્યું કે "આ-બધું શું લાવ્યો?" તેણે ઉત્તર આપ્યો કે "તું કહેતી હતી કે **એક કામમાં અનેક કામ** કરવાં જોઇએ, તેથી વૈદને તેડવા ગયો તે ભેળાં રસ્તામાંથી આ ખાંપણ, સૂતર, શ્રીફળ, વાંસ વગેરે સામાન પણ લેતો આવ્યો ને સગાંને કહેતો પણ આવ્યો છઊં. કદાચ તેમનો જીવ ન રહ્યો તો મારે બીજો ફેરો રહે એમ મેં રાખ્યું નથી."

આટલી વાત થઈ એટલામાં તો બારણે ચાર પાંચ બા-ઈડા આ આ આઃ આ આ આઃ આ આ આઃ કરતાં આવી પહોંચ્યા! આથી શેઠાણીને પગથી માથા સૂધી જ્વા-ળા ઉઠીને તેના ભાઇને કહ્યુંકે, "અરે, પીટ્યા. ગજબના કર-નાર તું તારા બનેવીને મારવાનું ધારેછે ને મને રંડાપો આ-ણેછે! જા! તું તારૂં કાળું કર! તું તો એવો મૂર્ખછું કે તું **એક મૂર્ખમાંથી સો સો મૂર્ખા થાય!"**

એમ કહી શેઠાણીએ તેને રજા આપી, એટલે શેઠે જૂના મુનિમને બોલાવી પાછો રાખ્યો. આ ઉપર એક સા-ખી છેકેઃ—

આણુંદ, પૂછે પરમાણુંદ, માણસે માણસે ફેર;
એક નાણું ખરચે ન મળે, એક ત્રાંબીયાના તેર.

માણસ સૌ સરખાં હોતાં નથી. માણસની કિંમત તેના ગુણ કર્મપરથી થાય છે. એ બતાવવાનો આ વાતનો હેતુ છે.

વાર્તા ૫૪ મી.

આડું બોલનાર મિઆં.

મુંદ્રામાં એક આડેખાં કરીને મિઆં હતો, તેની ટેવ વિચિત્ર હતી. કોઇ પૂછે તેનો જવાબ સીધી રીતે સામા માણસને મળે નહિ. મિઆંના લાભની વાત પુછવામાં આવે તેનો જવાબ પણ એવોજ આપે, તો બીજી વાતનો આડો જવાબ આપે એમાં નવાઇ શેની! તેથી બનતા સુધી તેને કોઇ બોલાવતું નહિ.

એક રોજ ધીરજરામ તથા સૂરજરામ કરીને બે પંડિત મિત્રોને પરસ્પર વાદ થયો, તેમાં ધીરજરામ કહે કે, "જો આપણે ભલાઇ ને નરમાશથી વર્તીએ તો સૌ માણસો આપણી જોડે તેમજ વર્તે. તે બાબતમાં જે માણસ બીજાં માણસોનો વાંક કાઢેછે તે તેમની ભૂલ છે. સામો માણસ આડો ચાલે, તેનું કારણ આપણેજ આપણા તરફથી આપેલું હોવું જોઇએ, એ ન્યાયશાસ્ત્રનો મોટો નિયમ છે."

બીજા પંડિત સૂરજરામે કહ્યું કે, "આપ કહોછો તે નિ-

યમ છે ખરો, પણ એ સર્વને લાગુ પડે એમ નથી. કેટલાક માણસોના સ્વભાવજ એવા હોયછે કે ભલાઇ ને નરમાશથી તેના સાથે વર્તીએ "તોપણ તે તો સામો ને સામો" થયા કરેછે. કહેવાયછે કે "જાડા પડ્યા સ્વભાવ, જાયગા જીવસે."

આ વાત ધીરજરામને ગમી નહિ તેથી એનું સમાધાન કરવા સારૂ બંને એક જગોએ બેઠા. ત્યાં આગળ આડેખાં મિઆં નીકળ્યો. તેની સાથે પોતાનો છોકરો આંગળીએ વળગેલો હતો. મિઆંને જોઇને, સૂરજરામે વાતચીત કરવા માંડી.

સૂરજરામ—જમાદાર સાહેબ, સલામ છે સલામ!

મિઆં—(સામું જોઇ મનમાં) સલામ વાલા કોન હય? (મોટેથી) બોલ, ક્યા, કામ હૈ કુચ!

સુરજરામ—કામ તો શું! તમે ઘણા દિવસે આજ દેખાયા તેથી આનંદ થયો ને તમને બોલાવ્યા.

મિઆં—મૈં તો સારા દિન ગાઉ મે ફીરતા હૌં ઓર તુમકુ દેખતા હૌં, લેકીન તુમ આંખ બંધ કરકે ચલતા હોગા તો કીસ તરેહસેં હમકુ દેખ શકે?

સુરજરામ—આ છોકરો આંગળીયે વળગેલો છે તે તમારો છે?

મિઆં—સુભાન અલ્લા! હમેરા નહિ તો ક્યા તુમેરા હૈ!

સુરજરામ—ઘણી ખુશીની વાત! આવડો મોટો દીકરો છે. પણ તેનું શરીર ઘણુંજ નબળું છે, તો તમે આ શિઆળામાં કાંઇ પાક કે દવા ખવરાવો તો શરીરે પુષ્ટ થશે.

મિઆં—અચ્છા! મર. સુકસુકકે લકડી હો જાયગા! તેરે યે બાતકા ક્યા કામ હય?

સુરજરામ—જમાદાર સાહેબ, અમે તો તમારા છોકરાના ભલાની ખાતર કહીએ છીએ, તે શરીરે સારો થાય ને ઇશ્વર તેને સો વર્ષની આવરદા આપે એમ અમો ઇચ્છીએ છીએ.

મિઆં—ક્યા? તુમેરે કહેનેમેં જીંદગાનાં લંબી હોતી હય? તેરા ચલે તો ઇશ્વર માર ડાલીએ!

સુરજરામ—મિઆં, તમારૂં નામ શું? હું ભુલી ગયો છું, તે કહોને ?

મિઆં—તેરે ક્યા કામ હય? ચલ નહિ બોલતા.

સુરજરામ—અરે ભલા માણસ! માણસ માણસની સાથે વાત કરીને પૂછે, તેમાં તમે આડો જવાબ શા માટે દો છો?

મિઆં—(અતિ ક્રોધ કરીને) ભલા કિસકુ કહેતા હય ? હમ તો ભલા નહિ લેકીન બુરાજ હય! દેખ, અબી હમકુ પૂછેગા તો માર ડાલુંગા!

એટલામાં એક ટંટાખોર ભગલો ભંગડ જતો હતો, તેને સંભળાવા સારૂ સૂરજરામે મિઆંને કહ્યું કે, "તમે અમને તો આડા જવાબ આપોછો ને વળી મારવાની ધમકી આપોછો તો ધ્યો! હવે આ ભગલા ભંગડને કેમ પાંશરો જવાબ આપશો?

મિઆં—ઉસકા બાવાકી ક્યા પરવા હય? ઉસ્સે હમ ડરને વાલા નહિ. ઇસકુ તો ક્યા, લેકીન ઇસકા બાબાકુ બી ઐસા જવાબ દેવે!

ભગલો ભંગડ આ વાત સાંભળીને સમજ્યો કે મને કાંઈક મિઆંએ કહ્યું, તેથી પૂછવા લાગ્યો કે "કેમ મિઆં, મને કહોછો ?!"

મિઆં—હાં! તુમતો ક્યા, લેકીન તુમેરા બાવાબીસેં કહું. હમ ડરને વાલા નહિ, ડરે ઓતો દુસરા! તો કાયકુ તુમકુ નહિ કેહે શકે ?

ભગલોભંગડ—જમાદાર, જવાદોને, તમારૂં નામ ઠામ મેં કાંઈ લીધું નથી ને નકામા સામા થાઓછો તો એમાં માલ નહિ. વખત પર મારા જેવો કોઈ મળ્યો તો વાંસો હલકો થશે.

મિઆં—તુમ ક્યા મારને વાલા?! તેરી તાકાત ક્યા હે? એક ઠોંસાસેં જમીનપર ગીરા દેંગા! તેરી મરજી હોય તો આજા.

ભગલોભંગડ—ઠીક, આવી જાઓ.

એમ કહી બંને વઢી પડ્યા. મિઆંએ કેટલોક માર ખાધો ત્યારે નરમ પડ્યો. માણસો આવી પહોંચ્યાં તેમણે બંનેને જુદા પડ્યા.

આથી સૂરજરામના કહેવાની ધીરજરામને ખાત્રી થઈ.

આ વાતની મતલબ ખુલ્લી રીતે તેમાં આવી ગઈ છે.

વાર્તા ૫૫ મી.

ઘી ખાતા, ગુડ ખાતા ને બરાબર ચાલતા ક્યું નહિ.

એક અબુધ નામનો આરબ એક રાજાની નોકરીમાં હતો. એક વખત ત્રીજોરી પરગામ મોકલવાની હતી તે સાથે તેની નોકરીની ફરમાસ થઇ. તેથી સળગતી જાંમગીરી વાળી-રૂપાનું પતરૂં જડેલ બંદુક ખાંધ પર મૂકી; કમરમાં જમૈયો, છરી, તલવાર, અને માબર વગેરે લટકાવી તૈયાર થયો; ને ત્રીજોરીની ગાડી જોડે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં ગાડીનું [2]ઠાઠું છોડે નહિ. ગાડી ઉભી રહે તો પોતે ઉભોજ છે; ને જ્યાં ચાલી કે તે પણ ચાલ્યોજ છે. નહિ ભુખ કે તરસની દરકાર! નહિ ટાઢ કે તડકાની અને નહિ અંધારી કે અજવાંળી રાતની દરકાર! આરબની નિમકહલાલ જાત જે ગુણોથી પંકાઇ છે તે સર્વ ગુણ તેનામાં હતા. મુખ્ય એક નિમકહલાલી પર બરાબર સુરત હતી. રસ્તામાં ઘી ગોળની રાતબ આપવા રાજાનો હુકમ હતો, તે મુજબ આ આરબને પણ ઘીગોળ મળતાં હતાં. ચાલતાં ચાલતાં એક છાણનો પોદળો ભોંય પર પડેલ આવ્યો તે પ્રથમથી અબુધના જોવામાં નહિ આવ્યાથી તે ઉપર અચાનક પગ પડ્યો, તેમ તે ઢળતી જમીન ઉપર હોવાથી પગ લપસ્યો. એટલે શરીર હાથમાં રહી શક્યું નહિ, ને અબુધ ભોંય પર પડી ગયો. તે જોઇ જોડેના તમામ માણસો ખડખડ હસ્યાં.

આથી તમોગુણી આરબે પૂરી રીતે પોતાની મશ્કરી

---

૧ ચાલતાં. ૨ ગાડાનો પછવાડાનો ભાગ.

થયાનું માન્યું, ને તેમ થવાનું કારણ–તેનો પગ જે બરાબર રીતે ચાલ્યો નહિ ને લપસી ગયો–તે ગણ્યું. પગના એ મોટા વાંક બદ્દલ તેને શિક્ષા કરવાનો તેણે નિશ્ચય કર્યો. તુરત કમર પર હાથ નાખી રૂપેરી મ્યાનમાંથી જમૈયો બહાર કાઢીને પોતાના પડી જનાર પગ પ્રત્યે બોલ્યો કે, "**ઓ પગકું ઘી ગુડ ખિલાયા ઓર તેરેકું નહિ ખિલાયા? "તું બી ઘી ખાતા ગુડ ખાતા ને બરાબર સહતા કયું નહિ?** બરા નિમક હરામ! બરા નિમકહરામ!" એમ કહી જોતા જોતામાં જમૈયો તે પગ ઉપર લગાવી દીધો ને જાણે પોતાના પગને શિક્ષા કરી મગ્ન થતો હોય એવું ડોળ બતાવ્યું. એવું જોઇ સર્વ કોઇ તેની સમજણને માટે વિસ્મય પામ્યા; પણ કરે શું! જે બન્યું તે નહિ બન્યું થવાનું નહિ. પગમાંથી લોહી વેહેવા માંડ્યું! જરા વાર થઇ ત્યાંતો ઘા ઠર્યો ને તેથી તેના પગ ભોંય પર માંડી શકાય તેમ રહ્યું નહિ, એટલે ગાડી ઉપર બેસારી મુકામ પર લાવ્યા. ત્યાં કેટલાંક દિવસ દુઃખ પામી, પાટા પીંડી ને દવા દારૂ કરવાથી આખર આરામ થયો.

આ વાત એકજ તરેહનું જ્ઞાન ધરાવનારાઓનું ભોળપણ બતાવેછે.

૨૦૩

વાર્તા ૫૯મી.

એક થા રામ, ઔર એક થા રાવન, ઓ લે ગયા ઇન્કી જોરૂતો ઉન્ને મારી ઉસ્કી ગામડી; હો રહી રામા રામડી.

એક જગોએ ઘણા દિવસથી માણભટ કથા વાંચતા હતા. ત્યાં આગળથી બે ચાર બંધાણી મિઆંભાઇ વગેરે કેફના નિશામાં ચકચૂર બનેલા, હાથમાં હોકા ગુડગુડાવતા ચાલ્યા જતા હતા. એક મિઆંએ સવાલ કર્યો કે "યારો, એ ક્યા! બોત દીનસેં ખાલીપીલી રાગડા ખેંચકે ધુમ મચાતા હય, ઔર બાંચતા હય સો ક્યા બાબત હય?" એ સાંભળી એમાંથી એક બુઢ્ઢો મિઆં બોલ્યો કે, "દેખો, હિંદુ લોકભી કૈસા હે કે **રજકા ગજ ઔર કાગકા વાઘ** બનાતા હય." બીજાએ પૂછ્યું કે "કેમ, ખાંસાહેબ, આપ એમ બોલોછો?"

બુઢ્ઢો મિઆં—દેખોતો સઇ, આજ છ માસ તકસેં યે બમન રામકથા લંબા લંબા ઘાંટા કરકે કહેતા હય, લેકીન ઓ બાત કૈસી છોટી હય સો તુમ સબકુ માલૂમ હોયગી.

બીજો મિઆં—નહિજી, નહિ, રામકથાકી બાત હમકુ માલૂમ નહિ હય.

બુઢ્ઢો મિઆં—ઓ બાત એતની હય કે '**એકથા રામ, ઔર એકથા રાવન, ઓ લે ગયા ઇન્કી જોરૂતો ઉન્ને મારી ઉસ્કી ગામડી; હો રહી રામા રામડી.** 'ઇતની બાતમેંસે કૈસી લંબી ચોડી બનાઈ હય!!!

આથી ત્રિજો કહેવા લાગ્યો કે બસ! ઇતનીજ બાતકી એત્તી બડી કિતાબ બનાઈ? એતો સબ બમન લોકકી ખાનાપીના ઔર મોજ મજા કિસ તરેહસેં પેદા કરના ઇસ્કી તદબીર હોયગી."

બીજાએ કહેવા માંડયું કે "ચાચા, તુમ કહેતે હો એસાજ હય."

આ વાર્તા ૧૧મી વાર્તા સાથે સંબંધ ધરાવનારી છે.

વાર્તા ૫૭ મી.

"વાણિઆે તણાયો" તો કે' "લાભે લોભે તણાતો હશે."

જેતપુરમાં એક મગદળશાહ કરીને વાણિઆ હતો, તે એવો તો આપમતલબીઆ ને પૈસાનો લાલચુ હતોકિ, પાપ કે પુન્ય, નીતિ કે અનીતિ, સાચ કે જૂઠ, લાજ કે શરમ કંઈ ગણતો નહોતો. **પરમાર્થમાં પાછો ને સ્વાર્થમાં આગળ** હતો. કોઈ ગરીબ કે નિરાશ્રિત માણસને મદદ કરવાના કામમાં સામેલ થવાની ચોખી ના. તે બાબત કોઈ તેને કહેતો જવાબ આપે કે અરે! એમાં નફો શું? કામ ધંધો ખોટી થઇએ તો આપણે! પાંચ પૈસાની કમાણી જાય તો આપણી! ગયો વખત ફરી આવતો નથી. તે અમુલ્ય વખત કાંઈ પેદા કર્યા વગર જવા દેવો એ ઉદ્યમી માણસનું કામ નથી. એમાં પાઈની

પેદાશ નહિ ને પડીની નવરાશ નહિ! એ કામ કોણ કરે! માટે પૈસા પેદા કરે એજ ખરો મરદ સમજવો. એ રીતે પૈસા સાથેજ ફક્ત યારી રાખતો અને તેનેજ પોતાનો પરમેશ્વર સમજતો. પોતાના પાડોશી કે સગાં વહાલાનું કામ પણ કાંઈ લાભ વગર કરવાનો વિચાર તેને સ્વપ્નામાં પણ આવે નહિ. કદાપિ કોઈ સગું અથવા ઓળખીતું આગ્રહ કરીને સોદો લેવા બજારમાં સાથે આવવાનું કહે, તો શરમને લીધે ના પડાય નહિ તેથી જાયતો ખરો, પણ આંટો ફોકટનો ખાય નહિ; આંટા જેટલુંતો દલાલીના રૂપમાં કાઢ્યા વગર રહેજ નહિ, પછી ભલે, ને બેહેન હોય કે ભાણેજ! માશી હોય કે મામો હોય! પણ દુકાનપર પગ મૂકે કે તરત દુકાનદારને પારશીથી સમજાવી નાખે. "[1]સત્તર આનીથી વધારે કરવી નહિ, મારે પાઈ હરામ બરોબર છે." આવી રીતે સગાંવહાલાંમાંથી પણ જો આંટા જોગું ન કાઢે તો વાણિઓ માંદો પડે. કોઈ સમયે પરગામ જતો હોય અને કોઈ પાડોશી કે દોસ્તો કાંઈ ચીજ મંગાવે તો જે કિમ્મત બેઠી હોય તેથી વધારે કિંમત ગમે એવા આકરા સોગનપર પણ લે. કોઈ ભેદુ એને એની હરામખોરી બાબત કહે તો જવાબ આપે કે પાઈતો વિલાયત નિપજે છે. મંગાવેલી ચીજ લાવતાં કેટલા આંટા ફેરાની વિપત્તી પડે છે, તે શું ફોકટ સમજવી? બહાર નિકળ્યા ને પેદા કર્યા વિના આવ્યા તો હીજડા સમજવા."

---

1 રૂપિઆ એકે આનો એક.

કોઈ વખત કાંઈ તકરારનો નિવેડ કરવા પંચાતમાં નિમવામાં આવેતો ગુસ્સે થઈ તુરત પંચાતની ના પાડે ને જવાબ આપેકે "પારકી પંચાતમાં કોણ પડે! એમાં નફો શું? **પંચાતીઆના છોકરાતો ભૂખે મરે.** અમેતો પંચાત કરવાના નથી."

આવી રીતે લાભ વગરની કે પરમાર્થની વાતમાં પાછો, પણ જો સ્વાર્થની વાત આવી તો તુરત આગળ પડે. પોતાને એક પૈસો પેદા થતો હોય ને સામા ધણીને હજારનું નૂકસાન થતું હોય, તો તેના મનમાં અરેકાર આવેજ નહિ, ને સામા ધણીના નુંકસાનની દરકાર નહિ કરતાં પોતાનો અર્થ સાધે. એમ ઘણાને નુકસાની પમાડેલી હતી, પણ કોઇનું દુઃખ ટાળેલું નહિ, કે નહિ દુઃખમાં ભાગ લીધેલો; દુઃખી માણસને જોઈ તેને શાન્ત કરેલું નહિ, કે નહિ તેનો કાંઈ વનો કરેલો; જો **વનો હોયતો વેરી પણ વશ થાય.** આતો કોઈ તેનો હેતુ રહ્યો નહિ, કેમકે સૌના પ્રસંગમાં તેણે સ્વાર્થ બુદ્ધિના દાખલા આપેલા, તેથી કરીને મગદળશાહની મજબુત છાપ સર્વના અંતઃકરણમાં કોતરાઈ ગઈ કે તે કાંઈ પણ કામ સ્વાર્થ યા પૈસાના લોભ વગર કરતોજ નથી. કોઈ વખત તેમ કરવું ભૂલી જાય, પણ લોકોના ખ્યાલમાંથી તો તે વાત ખસે નહિ, તેથી દિનપરદિન તેના ઉપર લોકો કરડી નજરે જોવા લાગ્યા.

એક દિવસ મગદળશાહ પરગામ ગયો ત્યાંથી પોતાને ગામ આવતો હતો. ચોમાસાના દિવસ હોઇને ભાદર નદીમાં **પૂર આવેલું તેથી** થોડો વાર કાંઠે બેઠો. સાંજ પડવા આવ

તેથી મનમાં બીક લાગી કે, જો આ કાંઠે રહી જઇશું તો રાતના ચોર આવી લુંટી જશે. પાણી ઉતરવા માંડયાં હતાં. છાતી છાતી પૂર પાણિ હશે એમ ધારી મગદળશાહેતો પાણીમાં ચાલવા માંડયું. અડધેક આવ્યો એટલે પાણીનું જોર બહુ થયું. મગદળશાહના ટાંટીઆ ઉંચકાવા લાગ્યા. ઘણાએ ફાંફા મારે પણ પગ ઠરે નહિ. પાણીના વેન સામે કોનું બળ ફાવી શકે! મગદળશાહ તણાવા માંડયો, તેને ગામ તરફના કાંડાપરથી હજારો માણસો જોતા હતા. તેમાંથી કોઈ બોલ્યું કે અરે! બિચારો કોઈ આદમી તણાતો જાયછે! જેને તરતાં આવડતું હોય તે કાઢવા પડોતો મોટું પુન્ય થાય! લોકો બોલી ઉઠ્યા કે "એતો આપણા ગામનો મગદળશાહ વાણિઓ તણાયો, એને માટે કોઇએ ફિકર કરવી નહિ.; એ અમથો તણાય એવો નથી. **લાભે લોભે તણાતો હશે** મતલબ કે કોઈ વસ્તુ તણાતી હશે તે લેવા પાછળ જતો હશે, એ રીતે બોલી મગદળશાહને કોઇએ કાઢયો નહિ, તેથી તણાઇને મરી ગયો.

આ વાત—જાહેરમાં બૂરી નામના કાઢનારૂ માણસ ફિટકારને પાત્ર થઈ અંતે ઘણું દુઃખ પામે છે, એ ચિતાર બતાવી આપે છે. "**નામે શાહુકાર રળી ખાય ને નામે ચોર માર્યા જાય.**" એ કહેવત આ વાતને મળતી છે.

વાર્તા ૫૮ મી.

ફૂટ ભણજે.

કોઈ એક ખેડુત ખડનું ગાડું ભરી ગામ જતો હતો. માર્ગમાં તેની પિછાનવાળો એક કાઠી તેને મળ્યો. કાઠીભાઈ પૂરાં બંધાણી હોવાથી, બંધાણીનું (જીવન હુક્કો,) તેતો તેના હાથમાં સળગાવેલો હાજરજ હતો. પણ તે ઉપર ગાડાવાળાનું ધ્યાન નહોતું. ગાડાવાળાએ કાઠીને પગ ઘસડતો જોઈ, પોતાના ગાડા ઉપર બેસવાનું કહ્યું.

કાઠીભાઈને તો 'ભાવતુંહતું ને વૈદે કહ્યું' તેવું થયું. ગાડું દેખીનેજ પગ થાકી ગયા હતા, તેથી તરતજ પાછળથી ગાડા ઉપર ચડી બેઠો; ને નિરાંતે હુક્કો ગડગડાવવા માંડ્યો. હુક્કાનો ગડગડાટ કાને પડતાં ગાડાવાળો ચમકીને બોલ્યો, " અરે બાઈ! **ગુણના ભાઈ દોષ!** ગાડામાં ખડ ભર્યું છે! દેવતાની ચિણગારી ઉડી ખડમાં પડી તો પછી કાંઈ બાકી રહેશે કે!! માટે દેવતા નીચે ફૂંકીદો."

કાઠીભાઈ—એમ દેવતા તે ઉડતો હશે? અમે રાત દિવસના *હેવાયા તે ઉડવા દઈએ નહિ. અમાને બંધાણીને તો હુક્કા વગર એક પળ પણ ચાલે નહિ. તારે ફિકર રાખવી નહિ. તને નુકસાન નહિ થવા દઉં.

ગાડાવાળો—દૈવની ગતિ ન્યારી છે. કદાપિ પવનનો સપાટો આવ્યો ને ચિણગારી ઉડી ગાડું સળગ્યું તો—

* ટેવવાળા.

૨૦૯

કાઠી—અરે ભાઈ! એમ દેવતા ઉડે નહિ. ને ગાડું સળગેજ નહિ.

ગાડાવાળો—પણ સળગેતો—

કાઠી—પ્રભુ એટલાંવાનાં કરે નહીં, તું તારે ફિકર મૂક.

ગાડાવાળો—પણ કદાચ તેમ થયું તો—

કાઠી—તો ફટ ભણજે!!!

ગાડાવાળો—હું તને ફિટકાર કરૂં એથી મને નુકસાન થાય તેનો બદલો શી રીતે વળે? તને ફિટકારજ મળે અને મારૂં ઘરતો બેઠું રહે!!

એમ કહી કાઠીને નીચે ઉતાર્યો.

આ વાત નુકસાનનો બદલો ફિટકાર આપી વાળવાના પ્રસંગમાં વપરાય છે, કેટલાક માણસોને પોતાના સ્વાર્થ આગળ સામા ધણીનું નુકસાન નથી સૂઝતું, એ મોટી ભૂલ છે. સમજુ માણસનું કામ છે કે બીજા કોઇને નુકસાન ન થાય એવી રીતે પોતાનું કામ પાર પાડવું.

વાર્તા. ૫૯ મી.

ધીરે ધીરે જાયગો, સબ દેવનકો સાથ;
રેહેગી કાષ્ટકી પૂતળી, ઓર પથ્થરકે પારસનાથ.

શ્રાવકના એક મોટા દેરાશરમાં ડાહ્યો કરી પૂજારી હતો. દેરાશરમાં ઘણી મૂર્ત્તિઓ હતી, તેમાં કેટલીક સોનાની અને

કેટલીક રૂપાની હતી. ફક્ત પારસનાથની મૂર્ત્તિ પાષાણની હતી, તેની આસપાસ લાકડાની પૂતળીઓ મૂકેલી હતી.

લાલચુ પૂજારીની દાનત બગડવા માંડી, તેથી દેરામાંથી સોના રૂપાની મૂર્ત્તિઓ તફરકાવા લાગ્યો. કોઈ ન હોય એવી વખતે છૂપી રીતે તે પૂજારી એકેક મૂર્ત્તિ ઘેર લાવે, તેને ભાગી કડકા કરે અને કડકાને સોની પાસે ગળાવી તેનો ઢાળીઓ પડાવી પરગામ જઈ વેચી આવે.

એક પછી એક દશ બાર મૂર્ત્તિઓ ઉઠાવી ગયો, એટલે શ્રાવકોના જાણવામાં આવ્યું કે મૂર્ત્તિઓતો ઓછી થઈ માટે પૂજારીથી તજવીજ કરવી જોઇએ. પૂજારીને બોલાવી પૂછતાં તેણે કહ્યું કે, "શ્રાવકો, એનું કારણ મને શું પૂછોછો! દેવની વાતો અલૌકિક છે! મને સ્વપ્નામાં દેવો આવીને કહી ગયાછે કે, "**ધીરે ધીરે જાયગો, સબ દેવનકો સાથ; રહેગી કાષ્ટકી પૂતળી, ઔર પથ્થરકે પારસનાથ.**"

શ્રાવકો અધીરાઇથી કહે છે, "ત્યારે તેનું કારણ કાંઈ કહ્યું હશે ખરૂંકની?"

પૂજારી કહેછે, "હા" દેવોએ કહ્યું, 'આ મૃત્યુ લોકમાં અમારે હવે રહેવું નથી, અમારેતો દેવલોકમાં વાસ કરવો છે. બસ! મૃત્યુલોકનો અમારાપરનો ભાવ જોઈ લીધો.' મેં ઘણા કાલાવાલા કરી કહ્યું કે, "અહો! મહા પ્રભુઓ, તમે જ્યારે દેવલોકમાં સીધાવશો ત્યારે અમારા શ્રાવકોના અહીં શા હાલ? તેમણે કોનાં દર્શણ કરી પાપથી મૂક્ત થવું? ભાવિક શ્રાવકો

ઉપર આટલો બધો કોપ કરવો ઘટે નહિ; પણ તેમના ઉપર દયા કરવી જોઇએ." મેં આટલી બધી વિનતી કરી ત્યારે તેઓએ કહ્યું કે, તમારો ઘણો આગ્રહ છે માટે એક પથ્થરના પારસનાથ અને લાકડાની પૂતળીઓ રહેશે.

પૂજારીનું આવું સયુક્તિ બોલવું ભોળા શ્રાવકોએ ખરૂં માન્યું. પૂજારીએ તેમના ભોળપણનો લાભ લઈ તમામ સોનારૂપાની પૂતળીઓ ઉઠાવી જઈ વેચીને રૂપિઆ ઘરમાં મૂક્યા. પથ્થરના પારસનાથ ને લાકડાની પૂતળીઓ જેનું રૂપાંતર કરતાં પાઈ પણ ઉપજે નહિ તેજ માત્ર રહેવા દીધાં. છેવટ શ્રાવકોને કહ્યું કે "આ મૂર્ત્તિઓ હમેશાં રહેશે, એ વાતમાં કાંઈ સંશય નથી!"

આજ કાલ ધૂતારા માણસો ધર્મના સંબંધમાં જૂઠી વાતો જાહેર કરી ભોળા લોકોને ભરમાવે છે. તેઓ જે યુક્તિથી ભોળવે છે, તેમાંની એક યુક્તિ આ વાતમાં આવેલી છે.

વાર્ત્તા ૬૦ મી.

પંડ્યો પાડો ને કૂતરો, ત્રણે જાત કજાત,

નાગર કાગડ ને કૂકડો, ત્રણે જાત સજાત.

પાટણ શહેરથી એક સંઘ જાત્રા કરવા સારૂ નિકળ્યો. ગામ બહાર નિકળ્યો કે એક કૂતરો તેમનાં ગાડાં જોડે ચાલ્યો. એક મજલ આવી મૂકામ કર્યો, ત્યાં પેલો કૂતરો પણ હાજર

જોઇને સઘળાના મનમાં આવ્યું કે આ કૂતરાથી હવે આપ ણે ગામ પાછું જવાશે નહિ, આવ્યો તો ભલે! હવે તો **હસતાં પણ પરોણો અને રોતાં પણ પરોણો!** એ નિમકહલાલ પ્રાણી રસ્તામાં ઉપયોગી થઇ પડશે. સૌ સંઘવાળા ખાવા આપશે. એમ ધારી સાથે લીધો. સંઘની કૂચ પર કૂચ થવા લાગી. કૂતરો અમન ચમનથી મજા કરતો ચાલ્યો જાયછે. સંઘના લોકો તેના પર ઘણી માયા રાખતા હતા. ખાવાનું એટલું આપતા કે ખાઇ ખાઇને કૂતરો ¹ઓકરી જતો હતો. પરદેશની અંદર પોતાના ગામનું કૂતરૂં પણ ક્યાંથી? સ્વદેશી ²મનુષ્ય તો શું? પણ પશુ વનસ્પતિ ઉપર પણ પરદેશમાં

૧ ખાઇ ખાઇને ખુબ ધરાઇ જવું.

૨ એક યુરોપિયન એક સિદીને ચાકર તરીકે ઇંગ્લાંડ લઇ ગયો હતો. ત્યાંના મોટા અને સુંદર મહેલો ને મકાનો, બાગ બગીચાઓ અને કારખાનાં વગેરે જોયાં, પણ કશાથી તેને આનંદ ઉપજ્યો નહિ; દિલગીરી એકે પોતાના વતનનું માણસ તો રહ્યું પણ પશુ પંખી પણ નજરે પડે નહિ. આથી સિદી ઘણોજ હોલદોલ બની ગયો હોય તેમ બાવરો બાવરો ઉદાસી ચહેરે રહેતો હતો. એક વખત પોતાના શેઠની વાડીમાં ફરતો હતો, તેવામાં ખજુરીનું ઝાડ જોયું. તે જોતાંજ એકદમ તેની પાસે જઇ તેને બાથ ભીડી રોઇ પડ્યો, અને બોલ્યો કે, "અરે! મારા સ્વદેશી! તું મારી પેઠે અહીં ભુલું પડ્યું છે કે શું?" આ વખત શેઠ પાસે ફરતો હતો તેણે સિદીને ઝાડથી છોડાવી તેમ કરવાનું કારણ પૂછ્યું. સિદીએ પોતાના મનની તમામ વાત કહી. આથી સર્વને સ્વદેશ તરફ કેવી લાગણી હોયછે તેની ખાતરી થાયછે.

ઘણી પ્રિતી ઉપજેછે; તેથી માયાળુ સંઘવાળા કોઈ કોઈ વાર તે કૂતરાને ગાડામાં બેસાડતા હતા. કોઈ વાર ગાડા નીચે તે ચાલતો, ત્યારે એવો ડોળ કરતો કે જાણે આખું ગાડું પોતેજ ખેંચતો હોય, અને તેમ કરી ગાડામાં બેસનારને શિખામણ આપતો હોય કે "તમે જે હું આમ કરૂંછું, મેં આમ કર્યું, મારે આમ કરવું છે એવો જે દુનિઆનો ભાર ઉપાડવાનું મિથ્યાભિમાન ધરાવોછો તે હું આ ગાડું ખેચી જાઊંછું તેની બરાબર છે ! કૂતરાને સંઘનાં માણસો તરફથી સર્વ વાતનું સુખ હતું. પણ રસ્તામાં ગામ આવ્યું કે તેના ભોગ મળતા. અજાણ્યા ને પરદેશી કૂતરાને જોઇ તેના નાતીલા તમામ આગતા સ્વાગતા કરવાને દોડી આવતા! પ્રથમ બે ચાર જણ આવે કે (ભસવા) ભાષણ કરવા માંડે એટલે બીજાઓ એકઠા થાય! ઘણા એકઠા થયા કે તેની આસપાસ ફરી વળી બાથો ભીડે તેથી આ બિચારો ચૂંથાઈ જાય, તેઓ ઘણા તેથી આ એકને ઘણું આકરૂં પડે પણ ઇલાજ નહિ! લોહીલુહાણ થાય ત્યાં સુધી સરભરા પુરી થાય નહિ! નાસે તો પાછળ પડી પકડી પાડે! છેવટ સંઘના માણસો બહુ મુશ્કેલીથી તેને છોડાવે ત્યારેજ છુટો થઇ શકે! દરેક ગામ આવે ત્યાં આવી રીતે કૂતરાની પંચાતી તો હાજરજ. તેથી ગામ આવે ત્યારે કૂતરાને ગાડા ઉપર બેસારી, કપડા વતી ઢાંકી રાખવા લાગ્યા. થોડે દહાડે સંઘ કાશિએ જઇ પહોંચ્યો. ત્યાં એક માસ રહી પાછો ફર્યો, અને કેટલેક દહાડે સંઘ કૂતરા સહિત પોતાને ગામ આવ્યો.

ઘણા મહિના સુધી ફળીઆનો કૂતરો બહાર ગામ ગએલો તે આવી પહોંચ્યો, તેથી ફળીઆના તમામ કૂતરાં પૂછડીએ હલાવતાં હલાવતાં અને મોઢું ચાટતાં આસપાસ ફરી વળી સમાચાર પૂછવા લાગ્યા. તેઓમાં એક ડાધીઓ હતો તે બોલ્યો, "કેમ ભાઇ, તું આટલા દિવસ ક્યાં ગયો હતો, ત્યાં શું કર્યું, કેવી મજા કરી, તે સઘળું અમને કહે તો ખરો ?"

કૂતરો કહે, "હું આપણા ગામના સંઘ જોડે કાશિએ ગયો હતો ત્યાં અને રસ્તામાં ઘણા પ્રકારની મજા ભોગવી છે. ખાવા પીવાનું પૂરૂં સુખ હતું. અહીં જેમ દશ વીશ ઘેર આંટા ખાઇએ, તેમાં અરધ ઘેરથી ધોકલા ને અર્ધ ઘેરથી રોટલા મળે ત્યારે માંડ પૂરૂ થાય, તેમ મારે નહોતું. મને હોંશથી તુ તુ કરી ઘી ચોપડેલી રોટલી, પકવાન વગેરે આપતા હતા. રસ્તામાં થાકી જાઉં તો ગાડામાં પણ બેસાડતા હતા આ બધા સુખમાં એક આપણી જાતની તરફથી પરમ દુઃખ હતું. તેઓ જ્યાં મળતા ત્યાં મને **હાથ જીભ** કઢાવતા હતા. (જોરમાં ભસવા સારૂ જીભ કાઢવી પડે તે.) છેટેથી પરદેશી પરોણો દેખે કે લાગલાજ દોડી પહોંચી સામૈયું કરે અને આસપાસ વિંટળાઇ વળે! પ્રથમતો મોઢેથી સરભરા કરે, પણ પછીથી હાથ પગ છતાં, મોઢેથીજ સરભરા કરવાનું ઠીક ન લાગતું હોય, તેમ હાથે પગે આપણી તો ચંપી કરે અને ગાલ પર જોરથી બચી પણ લે! સેવામાં તો કસર નહોતી! પણ સારાં ભાગ્યે સંઘના દયાળુ માણસોના વચ્ચે પડ-

વાથી મોતના પંજામાંથી બચતો,તમોને વાત કહેવા આવી શક્યો છઉં. આપણી જાત કેવી અદેખી છે! કહેછે તે ખરૂંછે કે;-

પંડયો પાડો ને કૂતરો, ત્રણે જાતં કજાત,
નાગર કાગડ ને કુકડો, ત્રણે જાત સજાત.

આ વાત કૂતરા જેવી પરસ્પર અદેખાઇ ધરાવનારા માણસોને શિક્ષા માટે છે. માણસોમાં એવા સ્વભાવ વાળા ઘણા હોયછે કે જેને કૂતરા કરીને લોકો ઓળખેછે. કૂતરાનો સ્વભાવ એ છે કે કોઇ પણ પર શેરીના કે અજાણ્યા કૂતરાને જોયો કે તેના પ્રત્યે તુરત ઝેર વેર દેખાડવું. વળી એકજ ફળીના જેઓ રાત દિવસ ભેગાં રહેતાં હોય છે, તેઓ પણ જ્યારે ખાવાનું હોયછે તે વખત એવાં વઢી મરેછે કે તે ખાવાનું ઢળી ફુટી કે ધુળમાં ભળીને નિરૂપયોગી થઇ જાય તો ભેર! પણ નરમાશ રાખી એક બીજાને ખાવા આપે નહિ. વળી એક વધારે ખાઇ જાય તો બિજાને ઓછું રહે, તેની એટલી બધી ઇર્ષા કરે કે કાંઇ કહેવાની વાત નહિ. જરા વધારે બિજાને ગયું તોય શું! એમ મોટું મન રાખે નહિ. એવા સ્વભાવના માણસો પોતાના કુટંબ, સગાં અને ન્યાતીલા સાથે એવીજ વર્તણુંક ચલાવેછે. તેમજ કેટલાક તો પોતાને કાંઇ. નફા નુકશાન વગર બિજાનું સારૂં જોઇને બળી મરેછે, તેમને પણ ઘણા ફિટકાર છે. હમેશાં માણસે યાદ રાખવાનું છે, કે પોતાને કાંઇ નુકશાન ખમતાં પણ સલાહ સંપ રહે તેમ કરવું. નુકસાન ખમવું એ ડાહ્યા માણસનું કામ છે. કહેવત છે કે

નમે સો ભારી.' આજ કાલ દરેક વર્ણમાંથી કેટલીક નાતો અને નાતોમાંથી તડાં થયેલાં જોવામાં આવેછે, તેનાં કારણો-માં એક કારણ કુતરાં જેવી પ્રકૃતિના માણસો પણ છે. તો પોતાના કુટુંબ, સગાં અને ન્યાતીલા સાથે સંપથી વર્તવું જરૂરનું છે.

વાર્તા ૬૧ મી.

વે દિન કહાં કે મિઆંકે પાઉમે જૂતી !

મિઆં ખડુ કરીને ગામડામાં રહેનાર એક મૂસલમાન હતો તે બિચારાને કાંઈ પણ નોકરી નહિ મળવાથી ખડનો ભારો લાવી વેચી પોતાનો નિભાવ ઘણી મુશ્કેલીથી કરતો હ-તો. પંડપર ફાટલ તુટલ લૂગડાં એ મિઆંનો શણગાર રહતો. લૂખો સૂકો જારનો રોટલોને આછી–પાતળી છાશ તેનું ભોજન હતું. પગમાં પગરખું પહેર્યાને પંદરેક વર્ષ વિતી ગયાં હશે. એટલી મૂદતમાં રૂપિઆ સવા રૂપિઆ ખરચી પગરખાં લે-વાની * પોંચ આવી નહોતી. તેની સ્ત્રી મરીઅમ ઘણી ભલી હતી. રેંટીઆ પૂણીની ઉપજવડે પોતાના ખાવિંદને ઘર ચ-લાવવામાં તે મોટી મદદગાર થઈ પડતી હતી. મિઆંભાઈ પોતે હિણુકમાઉ પણ મિજાજનો ભંડાર હતો. કહેવત છે કે **"નબળો માંટી બૈરીપર શુરો."** હર વખત મિઆંભાઈ બી-બીને સતાવ્યા કરતો પણ સમજુ બિચારી મરીઅમ ખુની-

---

* શક્તિ.

આદનું ફરજંદ હોઇને ખામોશ પકડતી.

એક વખત મિઆંભાઇએ ઘણી તકરાર કરતાં બીબીને ન કહેવાનાં વચન કહ્યાં તેથી બીબીએ નમ્રતાથી મિઆંને કહ્યું કે—"મિઆંસાહેબ, અબ બહુત હુઈ; મેરે તેં માફ કરના."

મિઆં—ક્યા બહુત હુઈ? કુછ મારીતો નહિ?

બીબી—ઇતનાહી બાકી હૈ! આ બી મરજી હોવે તો કર લો.

મિઆં—(ગુસ્સે થઇને) રંડી! જાદે ટકટક કરેગી તો સાત તલીકાં જૂતીઆં માર મારકે હડી તોડ ડાલુંગા.

બીબી—"વે દિન કહાં કે મિઆંકે પાઉમે જૂતી!"

આ સાંભળી મિઆંનું વેણ પોતાના મનમાંજ પેશી રહ્યું.

પોતાની પાસે ન હોય તેવા સાધનની બડાઈ મારનાર મૂર્ખના દૃષ્ટાંતની આ વાત છે.

વાર્તા ૬૨ મી.

વન પતણ્યું—કુહાડીમાં હાથો ભળ્યો.

એક કઠીઆરો કુહાડીનું પાનું લઈ રાનમાં લાકડાં કાપવા ચાલ્યો. ત્યાં એક જગોએ મુકામ રાખી લાકડાં કાપવાનું શરૂ કર્યું તે જોઈ સઘળાં વૃક્ષો દિલગીર થવાને બદલે ખડખડ હસવા લાગ્યાં. અરે! આ કેવો મૂર્ખ છે! કુહાડી-

ના પાનાથી તેનું કાર્ય સિદ્ધ થવાનું નથી. ભલે તેને જે માથાકુટ કરવી હોય તે કરે ! તેથી આપણે કાંઈ પણ બીતિ રાખવાની નથી.

કઠીઆરો પાનાવતી ઘા કરે પણ તેથી જરા છાલજ ઉખડે, ઝાડનાં ડાળાં કે ડાળીઓને કંઈ અસર થાય નહિ. અંતે નિરાશ થઈ પાછો આવ્યો. તે જોઈ તેના મિત્રોએ પૂછ્યું, "કેમ ભાઈ, આજ વિલે મહોડે શા માટે છો?"

કઠીઆરો—ભાઈ આ કુહાડી લોઢાની છે પણ તેનાથી કાંઈ ઝાડ કપાતું નથી ને લાકડાં મળતાં નથી, તો શી રીતે ગુજારો ચલાવવો એ ચિંતામાં છઉં.

મિત્રો—તું કેવી કુહાડી લઈ ગયો હતો તે બતાવ.

કઠીઆરો—આ લોઢાની સરસ ધારવાળી કરાવી છે તે કુહાડી લઈ ગયો હતો.

મિત્રો—અરે ! આ હાથા વગરની કુહાડી શું કામની ? વન પતળ્યા વગર કે કુહાડીમાં હાથો ભળ્યા વગર કાંઈ થવાનું છે ? જો તેમાં તું લાકડાનો હાથો નાખી પછી ઝાડવાં કાપીશ તો એકેક ઘાએ બબે કટકા થશે.

કઠીઆરાએ તે મુજબ સુતારને ત્યાં જઈ કુહાડીમાં લાકડાનો મજબુત હાથો નખાવ્યો ને બીજે દિવસે રાન કાપવા ચાલ્યો.

આગળને ઠેકાણે જઇ કુહાડી હાથમાં લીધી તે જોઈ રાનનાં બધાં ઝાડ દીલગીર થયાં, ને સુકાઈ જવા લાગ્યાં. **અરે ! હવે 'વન પતળ્યું—કુહાડીમાં હાથો ભળ્યો' ત્યાં શો**

ઈલાજ ! (લાકડાનો હાથો આપણી જાતનો છતાં તેજ તેનો સંગી થઈ બેઠો એટલે તેની મદદથી કુહાડી ચાહે તે કરી શકવાની.) હવે જીવવાની આશા ફોકટ છે !

એવામાં કઠિઆરાએ હાથાવતી ભડોભડ ઘા કરવા માંડ્યા એટલે ફડોફડ કડકા જૂદા પડવા લાગ્યા. જરા વારમાં ઉપડે નહિ તેથી પણ વધારે લાકડાં કાપીને માથે ચડાવી ચાલતો થયો.

આ વાત જોડી કાઢેલી છે પણ તેમાંથી સાર એ લેવાનો છે કે જ્યાં સુધી એકત્રપણું ને એક સંપછે, ત્યાં સુધી સામા ધણી તરફથી જે પ્રયત્ન કરવામાં આવે તે નિષ્ફળ થાય છે, પરંતુ જે વખત પોતાના પક્ષમાં ફાટફૂટ થઈ તેમાંથી કોઈ સામા પક્ષમાં મળેછે તે વખત પછી દુશ્મન સામે ટકી શકવું મુશ્કિલ થઈ પડેછે. એવી રીતે ફાટફૂટ થવાથી ઘણાં રાજ્યો પાયમાલ થઈ ગયાના દાખલા મશહુર છે.

વાર્તા ૯૩ મી.

મિઆંભાઈનો ગોખલો.

જુનાગઢમાં એક તીસમારખાં નામે મુસલમાન રહેતો, તે ઘણો મુફલીસ હાલતમાં આવી ગયો તેથી પોતાની હવેલી વેચવા તૈયાર થયો. એક વાણિઆએ તે હવેલી અમુક કિ-

મતથી વેચાતી લીધી. હવેલીમાં એક ગોખલો હતો તે વેચાણના સાટામાં ગણવામાં આવ્યો નહોતો. "એ ગોખલો પોતાના મીરનો છે, તેથી તેમાં ધૂપ દીવો કોઈ વખત કરવો પડેછે. તે ગોખલો વેચવામાં આવેતો વેચાણ લેનાર ધણી ગોખલો કાઢી નાખે તેથી અમોને ખોટું લાગે," એવું બહાનું બતાવી ગોખલાપર મિઆંએ પોતાનો હક રાખ્યો. વાણિઆએ ગોખલાની વાતને દમ વગરની ગણી કાંઈ લક્ષ આપ્યું નહિ, ને વિચાર્યું કે મિઆંભાઈ પોતાનાં આખી હવેલીની માલેકી લખી આપે છે, તો પછી ગોખલો રહ્યો તોય શું ને આવ્યો તોય શું!!! તેની દરકાર થોડીજછે!" તેથા કરીને ગોખલાપરનો મિઆંનો હક કબૂલ રાખ્યો. એ રીતે ઇમારતનું વેચાણ ખત થયું તેમાં પણ ગોખલો મિઆંભાઇનો છે એમ મજકુર લખવામાં આવ્યો.

વાણિઓ હવેલીમાં જઈ વાસ કરીને રહ્યો, ને સુખચેનમાં દહાડા કાઢવા લાગ્યો. મિઆંભાઈ કોઈ કોઈ વખત તેનો તહેવાર હોય, ત્યારે ગોખલાની સંભાળ લેવા આવે, ધૂપ ધુમાડો કરે, થોડી વાર બેસે, કલમો પઢે અને ચાલ્યો જાય. કેટલીક મુદત તો વાણિઆને તેથી કાંઈ હરકત જણાઈ નહિ, પણ કોઈ વખત ઘરનાં માણસો બારણું બંધ કરી પોતાનું કામ કરતા હોય, ત્યારે મિઆંભાઈ અચાનક આવી બૂમો પાડે અને બારણું ખોલવા વિલંબ થાય તો ધાંધલ મચાવી લોકોનું ટોળું એકઠું કરે. આથી વાણિઆને ઘણું માઠું લાગવા માંડ્યું. વખતપર સામા થવાનું મન કરે, પણ લાચાર! દ-

સ્તાવેજમાં ગોખલાપર તેનો હક કબુલ રાખ્યો હતો, તેથી ના પાડવું ચાલે એમ નહોતું. મનમાં ઘણો પશ્ચાતાપ કરવા માંડે કે "અરે! મારૂં હૈયું ફુટી ગયેલું કે મેં મિઆંભાઇના ગોખલાનો હક કબૂલ રાખ્યો. તે વખત આ બાબત મને ઘણી નજીવી લાગી પણ હવેતો મહા પીડાકારી થઈ પડી, આ તો **"કાગના વાઘ'** જેવું થયું."

એમ અનેક તરેહના વાક્યથી ખેદ કરતો હતો. મિઆંભાઇએ આથી **બળતામાં ઘી હોમવું** શરૂ કર્યું, ને વધારે તોર પર ચઢવા માંડ્યું. પેહેલાંતો તે ખરે તહેવારે આવતો પણ હવેતો તેણે થોડી થોડી મુદતે કાંઈ કાંઇ તહેવારનું બાનું બતાવી આવવા માંડ્યું. વળી પેહેલાંતો તે પોતે એકલો આવતો પણ હવેથી પાંચ દશ ભાઇબંધોને સાથે તેડી લાવે, ધાંધલ મચાવે, અને વાણિઆના ઘરના બૈરાંની ઠઠ્ઠા મશ્કરી પણ કરે. આવી આવી રીતે ઘણું કનડવા માંડ્યું. **'હાડીઆને મન હસવું પણ દેડકાનો જીવ જાય'** તેમ આ મિઆંભાઈ તો પોતે ગમત માનતો, પણ વાણિઆને તો ઘણું ભારે પડતું હતું. એક વખત વાણિઆથી તે સહન થઈ શક્યું નહિ, તેથી મિઆંભાઈ જોડે મોઢે મોઢે વઢવાડ મચાવી પણ તેથી તેણે ઉલટો **'સર્પ બાંડો કર્યો'!** મિઆંભાઈ તો વધારે જોરપર આવી ગયો ને વાણિઆને પૂરી વિપત્તી પાડવા નિશ્ચય કર્યો.

એવામાં વાણિઆને ત્યાં તેના દીકરાના લગ્ન નિરધાર્યાં હતાં તેથી વિવાહના માંગલિક કામ સારૂ શુશોભિત મંડપ

કરાવ્યો હતો ને હાંડીઓ, ઝુમર, તખતા વગેરે બિલોરી કાચથી સારી રીતે શણગારવામાં આવ્યો હતો. એક બાજુ બૈરાંઓ સારાં સારાં વસ્ત્રાલંકાર પહેરી સમય સમયનાં મંગળ ગીતો ગાતાં હતાં. ગામ પરગામનાં પોતાનાં સગાં વહાલાંઓ વિવાહ માલવા આવ્યાં હતાં. ન્યાતને જમવાને માટે સાંજના પાંચ વાગતાનાં નોતરાં ફરી વળ્યાં હતાં. તેથી નિમેલ વખતે ન્યાતીલાઓ તરેહ તરેહનાં રેશમી વસ્ત્ર પેહેરી જમવાના ઉછરંગથી આવવા લાગ્યા ને એક પંક્તિબંધ બેશી ગયા. તે વખત તેમને માટે બનાવેલાં ઉમદા પકવાન વગેરે પિરસવા શરૂ થયાં. વાંનીઓ ઘણી હતી તેથી એક પછી એક પિરસતાં પા કલાક થઈ ગયો, તોપણ પિરસવાનું કામ ખલાસ થયું નહોતું. પંક્તિમાં પત્રાળી માંડી બેઠેલ જમનારાઓના મ્હોમાંથી પાણી છુટવા માંડયું. એક છોકરોતો ઉતાવળો થઈ તેના બાપને પૂછ્યાજ કરતો કે "હવે આ જમવાની શી વાર છે." એક ગામડીઓ જમવા આવેલ તે તો જોડેના આદમીને પૂછતો કે "આતે જેટલું પીરસ્યું છે એટલુંજ ખાવાનું કે બીજું જોઇતુ હશે તો મળશે ?" તેમ બીજાઓ પણ પેટની પૂજાને માટે ટાંપી રહ્યા હતા. પણ કાળની ગતિ ન્યારી છે. જમવાને મ્હોં આગળ ધરેલ પત્રાળી ખાવીછેજ એમ બેધડકથી કોણ કહી શકનાર છે! "**આદર્યા સો અધબિચ રેહે ને હરિ કરેસો હોય.**" એ વાક્ય કોણ ખોટું પાડનાર છે ? અહીં જે વખત જાય છે તેમાં જમવા આડું ભયંકર વાદળ ચડી આવશે એમ કોના જાણવામાં હોય !

સર્વ પીરસાંઈ રહ્યું ને ન્યાતને જમવાનો આરંભ કરવાની

આજ્ઞા આપવામાં આવી. એટલામાં મિઆંભાઈ પોતાના ચાર પાંચ સોબતી સાથે એક બકરૂં લઈ હવેલીના ગોખલા આગળ હાજર થયા, અને બકરૂં ગોખલા નજીક મૂકી, એક જણને તેનો વધ કરવા હુકમ કર્યો. આ સાંભળતાં જમવાનું જમવાને ઠેકાણે રહ્યું? જેના પત્રાળીમાં હાથ તેના પત્રાળીમાં, મોઢામાં તેના મોઢામાં રહ્યા; જમવાનો કોળીઓ ગળે ઉતરે કે કરે! વળી જમતાં ઉઠાય પણ કેમ! તેથી હાં! હાં! હાં! એમ મનાઇનો પોકાર સર્વ તરફથી ઉઠ્યો. બેચાર મોટા શેઠીઆ હતા તેમણે મિઆંને વિનવવા માંડ્યો કે, "તમે હિંદુના ઘર-માં આ શો ગજબ કરવા બેઠા છો? અરે! વળી આ વખતેજ!" મિઆંએ કહ્યું, "ક્યા, હમ બીનહકસેં કરતે હૈ? ઘરકા મા-લિકસેં વાકિફ હોકે પીછે તકરાર કરનેકુ આઓ. એ ગોખલેકી નજીક હમ ચાહેસો કર શકે. બિચમે બોલનેકા દુસરેકા ક્યા અખત્યાર!"

મિઆંનું આવું જુસ્સાબંધ બોલવું સાંભળી લોકો ચૂપ થઈ ગયા. ઘરધણી બિચારો ઘણી મુશ્કેલીમાં આવી પડ્યો. આંગણે ન્યાત જમવા બેઠેલી, તેથી ટંટો કર્યો પાલવે નહિ. તેમજ મિઆં હકદાર હોવાથી ઉલટા સરકારના વાંકમાં આવી જવાની દેહેશત વાણિઆને લાગી. અંતે ન્યાતીલાઓની સ-લાહ મુજબ કાંઇક રૂપિઆ આપી, ગોખલાપરથી મિઆંનો હક ઉડાવું તો હમેશને માટે સુખ થાય એમ વિચારી મિઆંને પૂછ્યું, "મિઆંસાહેબ, તમારો ગોખલાપરનો હક કેટલે રૂપિએ વેચવા ખુશી છો?" મિઆંને લાગ્યું કે આ વખત આપણે માગશું તે પ્રમાણે મળશે તેથી તેણે કહ્યું, "કે જીતને રૂપિએ

હવેલીકે દીએહે, ઇતને રુપિએ ગોખલેકે દો તો મેરા હક છોડું."

લાઇલાજે વાણિઆએ તેટલી રકમ આપી મિઆંને વિદાય કર્યો.

કાંઈ પણ કરાર યા કબૂલત વખત ખૂબ સંભાળથી કામ લેવાનું છે. સામા ધણીનો કાંઈ હક, હિસ્સો, પગપેસારો યા લગતી વાત બનતાં સુધી રાખવી કે કબૂલ કરવી નહિ. પણ સૌ સૌનો સ્પષ્ટ હક હિસ્સો કરી અલગપણું થાય તેમ કરવું, નહિતો સદાનો ટંટો ઉભો રહેછે, ને વખતપર નઠારૂં માણસ હોયતો ઘણુંજ દુઃખ આપે છે. એ બતાવવાનો આ વાતનો હેતુ છે.

વાર્તા ૬૪ મી.

પટેલના છોકરાનું ગદ્ધા પૂચ્છ.

યાને

લીધી વાત મૂકવી નહિ.

પેટલાદમાં હઠી પટેલ કરીને કણબી રહેતો હતો, તે એની નાતમાં ડાહ્યા માણસ તરીકે ગણાતો હતો. ચાર માણસમાં તેને પૂછાણું હતું.

હઠી પટેલને ભારે મંદવાડ આવ્યો. મરણની તૈયારીમાં હતો તે વખતે તેને ફિકર થઇકે મારો એકનો એક છોકરો મારૂં

નામ રાખશે કે નહિ, તેથી ઉંડો નિશ્વાસ મૂક્યો. આથી પટેલના છોકરાએ પોતાના બાપને પૂછ્યું, "બાપા, આટલો બધો નિશ્વાસ શા કારણે મૂકવો પડ્યો? તમને શી વાતનું દુઃખ છે? શું કાંઈ કસર વધારે જણાય છે?"

બાપે કહ્યું, "બેટા, મંદવાડની કસર હોય કે નહોય, તેની હું ચિંતા કરતો નથી. કારણ કે એક વખત મરવું તો છેજ.તો પછી વહેલું મરવું તોએ શું?! અને મોડું મરવું તોએ શું! મને ચિંતા માત્ર એટલીજ થાયછે, કે તું મારૂં નામ છતું રાખશે એમ મને ભરસો પડતો નથી, પણ ઉલટું મારૂં નામ બોળૂશે એવો શક રહેછે."

છોકરો.—બાપા, તમારૂં નામ બોળીશ તો તો મને જીવતો છતાં મૂઆ જેવોજ સમજવો. જરૂર તમારૂં નામ છતું રાખીશ. તમારા જીવને કોઈ પણ રીતે સંતોષથી ગતિ પામવાદો. તમારે જે કાંઈ કહેવું હોય તે કહો. હું તે મારા ખરા દિલથી પાળીશ.

પટેલ—બેટા! કાંઈ પણ ટેક રાખવી એજ મનુષ્યનું સર્વોત્તમ ભૂષણછે. ટેક વિનાનો માણસ જીવતો મૂઓજ સમજવો. કહેવતછે કે **"જેણે રાખી ટેક તેને મળ્યા અનેક;"** માટે બેટા! જો, આપણે ખેતીનો ધંધોછે તો જે વાત કરવાને ધારીએ તે કરે છૂટકો કરવો. અધૂરૂં મૂકવાથી પછી થતું નથી, માટે **લીધી વાત મૂકવી નહિ** એ ટેક રાખજે.

છોકરો—બાપા, તમારા કહ્યા મુજબ ટેક રાખીશ. તમારા જીવને નિરાંત આપો.

પટેલને શાંતિ વળી ને બે ત્રણ કલાકમાં દેહ છોડ્યો. પટેલ-

નો છોકરો બાપની શિખામણ અમલમાં લાવવાને અધિરો થઈ રહ્યો હતો. એક વખત ચોમાસામાં પોતાના ખેતરમાં કેટલાંક ઢોર [1]મોલ ચરી જતાં હતાં તેને કહાડી મૂકવા તે તેની પાછળ પડ્યો. દોડતાં દોડતાં કાદવપરથી પગ લપસ્યો, તેથી ભોંયપર પડ્યો. પણ ઝટ દઇને પાસે ઉભેલા ગધેડાનું પૂછડું પકડી ઉભા થવાનો પ્રયત્ન કર્યો. છોકરાના પડવાના ધબકારાથી તથા તેણે પૂછડું પકડ્યું તેથી ગધેડાએ ચોંકીને નાસવા માંડ્યું. પેલો છોકરો પૂછડા સાથે ઘસડાતો જાય પણ પૂછડું છોડે નહિ. ગધેડાએ મુંઝાઇને પાટુઓ મારવા માંડી, તે-કોઈ માથામાં તો કોઈ છાતીપર, કોઈ વાંસામાં તો કોઈ પડખામાં, કોઈ હાથમાં તો કોઈ પગમાં એમ તેને તડાતડ વાગવા લાગી. શરીર અથડાઈ અફળાઇને છોલાઈ ગયું. માથામાંથી લોહી વહેવા લાગ્યું. આવી દુઃખી સ્થિતિમાં આવી ગયો પણ બાપની આજ્ઞા પ્રમાણે **'લીધી વાત મૂકવી નહિ,'** એ ટેક જાળવી રાખવા નિશ્ચય કરી પૂછડું પકડી રાખ્યું. મૂકેતો બાપનું નામ બોળાય! ભેગાં થએલાં લોકો ઘણુંએ સમજાવે કે "ભાઈ, પૂછડું છોડીદે," તો કહેકે "મારા બાપાનું નામ બોળવા કરતાં મરવું બહેતર છે!" જ્યારે સમજાવવાથી ન માન્યું ત્યારે લોકોએ બળાત્કારે પૂછડું મૂકાવી દઈ ઘણોજ ઠપકો દીધો.

માબાપની આજ્ઞા માનવી અને ટેક રાખવી એ બે વાત નિઃશંક સ્તુતિ પાત્રછે, પણ વિચાર કરવો જોઇએ કે અમૂક કામમાં ટેક પકડવી ઘટારત છે કે નહિ.

---

[1] ખેતરનું વાવેતર.

કોઈ શિખામણનું વચન કહે તેના શબ્દના અર્થનેજ વળગી રહેવું એ વાજબી નથી, તેનો હેતુ તથા પરિણામ તપાસવો જોઇએ. એમ નહિ કરવાથી કેવું દુઃખી થવાયછે તે ઉપરની વાતપરથી જણાય છે.

વાર્તા ૬૫ મી.

દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.

એક ગામડાની રહેનાર ભરવાડ પાસેના મોટા શહેરમાં આવી સાંજસવાર દૂધ વેચી જતી. પ્રથમતો ચોખ્ખું દૂધ લાવી વેચવા માંડ્યું તેથી તેની શાખ સારી રીતે વધી ને ઘણાં ઘરાક આવવાં લાગ્યાં. એક દિવસ તેની દાનત બગડી. શહેરમાં આવતાં પાદરે વચમાં નાની નદી આવતી હતી, ત્યાંથી થોડું પાણી દૂધમાં નાખી લીધું ને શહેરમાં તે પાણીવાળું મિશ્ર દૂધ વેચી નાખ્યું. તેના પૈસા વટલોઈમાં નાખી પોતાને ગામ જવા નીકળી. શહેરમાંથી બહાર નદીને કાંઠે આવી પૈસા બહાર કાઢી કાંઠાપર મૂક્યા ને દૂધનું વાસણ ધોવા બેઠી. તેવામાં સમળીએ આવી દૂધવાળા પૈસાને પોતાનો ભક્ષ જાણી ઝપટ મારી, તેમાં થોડા પૈસા ચાંચમાં આવી ગયા; તે લઈ ઉંચે ચડી, પણ પોતાનો ભક્ષ નહિ જણાયો, તેથી ચાંચ પહોળી કરી પૈસા પાડી નાખ્યા, તે પાણીમાં પડ્યા.

ભરવાડે બહુ કલ્પાંત કરવા માંડ્યું એટલે તેની એક સહીઅર જેણે તેણીને પાણી ભેળવતાં જોઈ હતી, તેણે કહ્યું, "બાઇ, નકામું કલ્પાંત શું કામ કરેછે એતો 'દૂધના દૂધમાં ને

પાણીના પાણીમાં" ગયા. આથી દગાખોર ભરવાડે ચુપ થઈ બાકીના પૈસા ગણી જોયાતો તે ખરા દૂધની કિંમત બરાબર થયા, ને પાણી બદલના જે પૈસા વધારે આવ્યા હતા તેટલા-જ પાણીમાં ગયા માલૂમ પડયા!

કુડનેખુડ, દગા કીસીકા સગા નહી, વગેરે લોકો અનેક દ્રષ્ટાંત આપેછે તે ખરૂંછે. અનીતિથી પેદા કરેલ પૈસાથી સુખી થવાની આશા રાખવી ફોકટ છે. ઈશ્વર કાંઈ પ્રત્યક્ષ લાકડી લઈ શિક્ષા કરતો નથી, તેની શિક્ષા ગેબી થાય છે.

વાર્તા ૬૬ મો.

આંધળા વાણિઆએ માગેલું વરદાન.

પ્રભાસ પાટણમાં **રામદાસ** કરીને એક વાણિઓ હતો. તેણે છેક નાનપણથી શીળીમાં આંખો ખોઇ હતી. બિચારો બચપણથીજ અંધ એટલે સૃષ્ટિના પદાર્થો કેવા હશે તેનું એને ભાન નહોતું. અધુરામાં પૂરૂં તેનાં માબાપ પણ નાનો મૂકીને મરી ગયાં હતાં તેથી તેને જ્યાં ત્યાં રખડી રઝળી પેટ ભરવું પડતું હતું. કોઇ કોઇ વખત તો કડાકા પણ થતા. ફાટયાં તુટયાં વસ્ત્ર-ચીથરાંજ કહીએ તો તે, પેહેરી ટાઢ તડકો વેઠવાં પડતાં. આવી રીતનાં અનેક દુઃખથી એ બિચારાને સંસાર ખારો ઝેર-દુઃખનો દરિઓ થઇ પડ્યો! પણ શું કરે? આયુષ્ય તો ભોગવેજ છુટકો; કાંઇ **સૂતરનો ત્રાગડો નહિ જે તોડી નાંખે!** દુઃખે પાપે દહાડા કાઢતો હતો એટલામાં

એને કોઇ ધર્મનો આસ્તિક ભક્તિવાન ગૃહસ્થ મળી ગયો, તેણે તેને રાત્ર દિવસ સર્વ શક્તિમાન ઈશ્વરના ગુણ ગાવાનું શીખવ્યું. આંધળો બીજું કામ પણ શું કરે? કાંતો દળે કે ગાય? સુરદાસ વાણિઆનું ચિત્ત ગાવામાં લાગ્યું. જે કિર્તન, પદ કે સ્તુતિ એક વખત સાંભળતો તે તેના હૃદયમાં એવું ઠસી જતું કે ફરિથી ભૂલતો નહિ. ઈશ્વરી નિયમજ એવો જણાયછે કે જેની એકાદ ઇંદ્રી ખોડ વાળી હોય તો બીજી વધારે તીવ્ર હોયછે. આ વાણિઓ અહોનીશ કિર્તન ગાતો તેથી મોટો ભકત કહેવાણો. એની ઇશ્વર સ્તુતિ સાંભળી માણસો સાનંદાશ્ચર્ય પામી ધન્યછે! ધન્યછે! એમ વાણી ઉચરતા હતા.

એક વખત વાણિઓ સોમનાથ મહાદેવના દેવળમાં મગ્ન બની કિર્તન ગાતો હતો. તેથી મહાદેવજી પ્રસન્ન થઇ ગયા અને આકાશવાણીથી વાણિઆને કહ્યું કે "તું આ સમયે વર (વરદાન) માગે તો આપવા તૈયાર છું, માટે એક વચન માગી લે."

વાણિઓ વિચારમાં પડ્યો કે માગવું શું ? મારે ઘણી બાબતની ખોટ છે! જો આંખો માગું તો તેમાં લાભ શો ! પાસે પૈસા તોછે નહિ, તેથી દેખતો થયો તો પાછા રળવા કમાવાના ઉચાટ માથે પડશે, માટે એતો ઠીક નહિ. વારૂ ! દ્રવ્ય માગું, તો પણ આંખ વગર તેનું સુખ શી રીતે ભોગવું! એતો પારકાને લાભકારી થાય માટે એ પણ માગવું વાજબી નથી. જો બાયડી માગું તો તેનો ને મારો ગુજારો ચલાવવાની પુરી મુશ્કેલી! મારૂં ગુજરાન બીજાને આધારે થાયછે, તો એ પીડા શું કરવા વ્હોરી લઉં ! એ રીતે એકે વાત રૂચે નહિ. વાણિઓ ઘણું મુંઝાવા લાગ્યો. ફકત એક

વચનમાં વરદાન માગવા કહેલું છે તેથી આટલી બધી બાબત જૂદી જૂદી તો મગાય નહિ. આંખો, દ્રવ્ય, અને સ્ત્રી છોકરાં વગેરે સંસારી તમામ સુખ એક વચનમાં મળી જાય એવું એક વાક્ય સાંભરવું જોઇએ. થોડીવાર વિચાર કરી બોલ્યો કે હે ભોળાનાથ! તમારૂં વચન સાચું હોય તો માગુછું કે **"મારા દીકરાના દીકરાની વહુને સાત માળની હવેલી પર સોનાની ગોળીમાંથી માખણ ઉતારતી જોઉં!"** (મતલબ કે આંખો, દ્રવ્ય, સ્ત્રી, આવી ગયું) મહાદેવે કહ્યું. **"તથાસ્તુ."**

આ વાત ડહાપણ ભરેલી ને અગમબુદ્ધિનો સારો ચિતાર બતાવનારી છે. કાંઇ અરજ કે માગણીના પ્રસંગમાં દાખલા તરીકે કહેવામાં આવેછે. એવા ખરેખરા સયુક્તિક વાક્યમાં આ માગણી છે કે કાંઇ તેમાં બાકી રહી જતું નથી કે કોઇ ખોડ કાઢી શકે.

વાર્તા ૬૭ મી.

મેસાણાના ભાટ જમે કાલ.

ગાયકવાડના કડિ પ્રગણામાં મેસાણા કરીને ગામછે, ત્યાં ભાટ લોકોની વસ્તી વધારે છે. તે ભાટોના વાણિઆપર કેટલાક પ્રસંગે જમવાના હક કરેલા હતા. એક વખત વાણિઆ મહાજનમાં કાંઈ પ્રસંગ હતો તે પ્રસંગમાં ભાટ લોકો જમવાનો હક કહેવા લાગ્યા. વાણિઆ તે હકનો ઇનિકાર કરતા હતા.

આથી ભાટલોકો ભેગા થઈ મહાજનના ઉપર લાંઘવાને બેઠા. બરાબર બે દિવસ ભુખ્યા તરસ્યા લાંઘ્યા, પણ તેથી પક્કા ઠરાવના મહાજન કાંઈ ડગ્યા નહિ; એટલે ભાટ લોકોએ ત્રાગાં કરીને મહાજનના મુખીઓને લોહી છાંટવાનો નિશ્ચય કર્યો. તેઓ હાથમાં છરા, છરી, કટાર, તલવાર લઇને એકદમ ધશી આવ્યા. આવી રીતનું ધાંધલ જોઈ ધર્મ ઘેલા ને વેહેમી લોકોને અરેરાટ વછૂટ્યો, અને કહેવા લાગ્યા કે, "આતો હમણા મોટો ગજબ થશે, ભાટના લોહીના તરસ્યા વાણિઆ કાંઈ પણ માનતા નથી, પણ લોહી પડાવવામાં તેમના ઉપર ઈશ્વરનો કોપ થશે ને ભુંડું થઈ જશે! બિચારા ભાટ-વાંણિઆં પાસે હક કરીને કહેવા નહિ જાયતો બીજા કેની પાસે જશે? એતો મહાજનની ગાયો છે. 'ગાયના ઉપર પલાણ' મહાજનને જોઇએ નહિ." આવી રીતની ભાટના પક્ષની વાતો કહેવા લાગ્યા ને વાણિઆઓને તિરસ્કાર આપવા લાગ્યા. આખર ગામની દરેક કોમના મુખ્ય મુખ્ય માણસો વાતમાં પડ્યાને મહાજનને કહ્યું કે, "ભાટ લોકોનો તમે ત્રાસ લેવો રહેવા દો ને તેમને જમાડો." ઘણું આગ્રહવાળું બધાનું કહેવું સાંભળી મહાજને કબૂલ કર્યું, પણ તે વખતે તો જમવાનું હતું નહિ, તેથી "કાલ જમાડશું" એમ કહ્યું. ભાટ લોકોએ એ બાત મુખ જુબાનપર રાખવા દુરસ્ત ધારી નહિ, તેથી લખીત ઠરાવ કરી આપવા કહ્યું. એ વાત સૌને ગમી ને મહાજન પાસેથી કાલરોજ જમાડવાનું લખત માગ્યું. કાબેલ તથા ભાટની કાંગારોળથી કંટાળી ગુસ્સે થએલ વાણિઆઓનું દિલ ચોખ્ખું નહોતું. જો કે ભાટની માગણી મુજબ એક લખત કરી

આપ્યું ખરૂં, ને **'મેંસાણાના ભાટ કાલે જમે,'** એમ કબૂલત લખી આપી ખરી; પણ તેમાં તારીખ નાખવામાં આવી નહોતી, એ એક પેચ હતો. ભાટ લોકોને પણ તારીખનું યાદ આવ્યું નહિ. લખત લઈ તે રોજ સૌ ભાટ પોત પોતાને ઘેર હરખાતા હરખાતા ગયા. ભૂખ્યા હતા તેથી ઘેર ખાધું, ને બીજે રોજ જમવાની રાહા જોઈ બેઠા.

પક્કા વાણિઆઓએ નક્કી કર્યું હતું કે, જમાડવા નથી; કેમકે એક વખત રેહેમ નજરથી જમાડ્યા તો પછી હમેશનું લાકડું ભાટ બ્રાહ્મણનું પેઠું તે નીકળવાનું નહિ. કહેવાય છેકે, **"સામું જુએ ત્યાં ઉભા રેહે, ને આવો કહે ત્યાં બેસે; ભાટ બ્રાહ્મણનું લાકડું તે, વણ છોલ્યું પેસે."**

બીજે રોજ જમવાને માટે સીધું લેવા મહાજન પાસે ભાટ લોકોએ આવી માગણી કરી, પણ મહાજન એમ કહીને બેઠા કે આજ નહિ કાલે જમાડશું. ભાટોએ કહ્યું કે, "ભલે કાલે જમાડે, એક દિવસમાં ક્યાં ખારું મોળું થઈ જવાનું છે?" વળી બીજે રોજ જઇને સીધું આપવાનું કહ્યું ત્યારે પણ જવાબ મળ્યો કે, "કાલે વાત." એમ ૩-૪ રોજ મહાજને કાઢી નાખ્યા ત્યારે ભાટ લોકો તકરાર કરી કહેવા લાગ્યા કે, "તમે કાલ કાલ કરે જાઓછો ને અમને ફેરા ખવરાવોછો, તેમ કરવાનું કારણ શું? તમારાજ હાથનું દીવા જેવું લખત છે. એમાં કાલ એક દિવસની વાત હતી ને તમે તો હવે વાયદા કરોછો પણ એમ છૂટકો થવાનો નથી!"

મહાજને કહ્યુંકે, "અમારૂં લખત લાવીને જુઓ; તેમાં એક દિવસની વાત ક્યાં લખી છે?"

તુરત લખત લાવીને વંચાવ્યું તો માંહેથી લખાણ નીકળ્યું કે **'મેસાણાના ભાટ કાલે જમે.'** તેનો જવાબ મહાજને દીધોકે, "કાલ જમાડવાની કબૂલતછે, આંજ જમાડવાની નથી, માટે જ્યારે કાલ થાય ત્યારે આવજો."

ભાટે કહ્યું, કે, "આજનો દહાડો તે પાછલા દહાડાથી ગણોતો કાલ થાયછે કે નહિ? માટે જમાડો."

મહાજને કહ્યું કે, "એમાં કાંઈ તિથી નાખીછે, અથવા ફલાણી તિથીથી ગણવાનું અમે લખી આપ્યુંછે? લખતમાં તિથી નથી માટે હવેતો જ્યારે કાલ થાય ત્યારે આંવજો;" ભાટોએ કહ્યુંકે, "એમતો કાલનો કોઈ દિવસ છેડો આવે નહિ."

મહાજને કહ્યુંકે, "તેમાં અમે શું કરીએ. જો તમારે જરૂર હતી તો લખતમાં બરાબર ચોકસ લખાવી લેવું હતું."

ભાટોની રીસ ઉતરી ગયેલી તો હતી ને તેમનો ફરીથી તકરાર કરવાનો જુસ્સો રહેલ નહોતો, તેથી વગર બોલ્યા પોતાની ભૂલને તાબે થઈ બેશી રહ્યા. તે દિવસથી, **મેસાણાના ભાટ જમે કાલ**, એ કહેવત પ્રસિદ્ધ થઈ.

કાંઈ પણ કૃત્ય અંતઃકરણથી કરવાનું નહોય ને ફક્ત મોઢેથી હા કહી, વાયદે ચડાવવાનું હોય તેવા કાંમના પ્રસંગમાં **'મેસાણાના ભાટ જમે કાલ'** એ કહેવત વપરાય છે. તેમજ મુદ્દાના અધૂરાં લખાણથી કેવાં પરિણામ નિપજે છે તે પણ આ વાત બતાવેછે.

વાર્તા ૬૮ મી.

પટેલ ડાહ્યો કે તેનો છોકરો?

મહિકાંઠામાં રહેનાર ગાંડો પટેલ કરીને એક કણબી જબરી ખેડ કરતો હતો. તેથી પૈસેટકે સુખી હતો એટલુંજ નહિ પણ રાજદરબારમાં તેનું સારૂં માન હતું.

બેસતાં વર્ષને દિવસે રાજાને સઘળા લોક[1]ઝાર કરવા જાય છે તે પ્રમાણે પટેલ બીજા કામમાં પડેલ તેથી પોતાના છોકરાને ઝાર કરવા માટે દરબારમાં મોકલ્યો. ઝાર થઈ રહ્યા પછી પાન, સોપારી, ને અત્તર સર્વેને આપવામાં આવ્યાં. પટેલના છોકરાને અત્તર આપવામાં આવ્યું તે પોતાની હથેળીમાં ચોપડાવી લીધું. બીજા લોકો પાન સોપારી ખાવા લાગ્યા, તેથી પટેલનો છોકરો સમજ્યો કે આ બધું ખાવાનું હશે તેથી હથેળીમાંનું અત્તર તૂરત ચાટી ગયો! આ જોઈ રાજા તથા કચેરીના માણસો ખડખડ હસી પડ્યા!

થોડે દિવસે પટેલ કાંઈ કામ પ્રસંગે દરબારમાં આવ્યો ત્યારે રાજાએ કહ્યું, "પટેલ, તમે તમારા છોકરાને કાંઈ કચેરીની રીત ભાત કેમ શીખવતા નથી ને વાકેફ કરતા નથી." થોડા રોજપર તે કચેરીમાં આવ્યો હતો તે વખતે અત્તર આપ્યું તે તુરત ચાટી ગયો!" પટેલે કહ્યું. "સાહેબ, એ બાળકને શું ખબર પડે? એ તો મુર્ખો જે તુરંત ચાટી ગયો, હું હોત તો ઘેર લાવીને બાજરાના રોટલા ભેગું ચોળીને ખાત નહિ!"

---

[1] જૂહાર?

૨૨૯

રાજાને વિચાર થયોકે **પટેલ ડાહ્યો કે પટેલનો છોકરો?** આ બેમાંથી કોને ડાહ્યો કહેવો એ મુશ્કેલ કામ છે.

એકુ લોકોને ઊંચી પંક્તિના ખાનપાન અને બ્યવહારની કાંઈ પણ ખબર હોતી નથી એ બતાવવાનો આ વાતનો હેતુછે.

વાર્તા ૬૯ મી.

સૂર્ય સામે લડાઈ ચલાવનાર મિયાં.

ગુજરાતમાં મુસલમાનનો એક નાનો કસબો હતો. ત્યાંથી નજીક ત્રણ ગાઉ ઉપર એક શેહેર આવેલું હતું. ત્યાં સરકારની મુખ્ય કચેરી હતી, તથા કસ્બાતીઓનો લેવડ દેવડનો સર્વ રીતનો સંબંધ હોવાથી હરવખત તેમને શેહેરમાં આવવું પડતું હતું. કસ્બાતી મિઆં સાહેબો પૂરા બંધાણી હતા. બંધાણીઓની આ કહેણીછે કે, "**શિઆલેકા પરોઢ, ઉન્હાલેકા દોપેર, ઔર ચોમાસેકી રાત; અલ્લા મરણુ દીજીઓ મગર ગમન મત દીજીઓ.**" તે મુજબ તડકામાં જવા આવવાને બદલે તો મરણને વધારે પસંદ કરના. આથી મિઆં ભાઈ સવારમાં *શીરાવીને નીકળતા તે હુકો ગડગડાવતા ઠચુક ઠચુક કરતાં કલાક નવ દશને સુમારે શેહેરમાં આવી પહોંચતાં. કચેરીના ને બીજા કામથી ફારક થઈને ચાર પાંચ વાગતાને સુમારે પાછા વળતા તે સાંજના છેક સાત વાગતે

---

* ખાઈને-સવારમાં ખાવાની ક્રીયાને શિરાવવું કહેછે.

ઘર ભેળા થતા. કસબાથી કચેરીનું શહેર ઉગમણી દિશાએ હતું, તેથી સવારમાં જતી ને સાંજના આવતી બેઉ વેળા તેમને સૂર્ય સામે આવતો હતો. સૂર્યનો તડકો બરાબર મ્હોં ઉપર આવતો હોય તો ગમે તેવા માણસને પણ આકરો લાગ્યા વિના રહે નહિ, તો અફીણના બંધાણી મિઆંસાહેબોને લાગે તેમાં શું આશ્ચર્ય! નિત્યની આ તડકાની પીડાથી મિઆંભાઈ તદ્દન કંટાળી ગયા અને એ દુઃખ ટાળવાને માટે ઇલાજ ખોળવાના ઇરાદાથી તમામ કસ્બાતીઓએ ભેગા થવા નિશ્ચય કર્યો. સૌને દુઃખરૂપી કૂવો આડો આવતો હતો તેથી તે બાબત કોઇએ આનાકાની નહિ કરતાં ઉલટથી એક પછી એક ચોરાપર આવી બેઠા એટલે વાત શરૂ થઈ.

એક મિઆં—દેખો યારો, યે સૂરજ અપને પીછે લગા હૈ. જીસ વખ્ત શહેરકુ જાતે ઉસ વખ્ત સામને આતાહૈ, ઔર પીછે આતે ઉસ વખ્તભી સામનેકા સામને!

બીજો—તોબાહ અલ્લાહ! સામને આતા ઇતનાહી નહિ હૈ મગર આંખુમે પૈઠકે અંધે કર ડાલતા હૈ. ઇસ્કા કુચ્છ ઇલાજતો કરનાહી ચાહીએ.

ત્રીજો—બડે ભાઈ, તુમ સચ્ચ કહેતેહો. ઐસા ઇલાજ કરનાકે ફીરસે સામને આના ન પાવે!

એક વૃદ્ધ મિઆં—તુમ સબ લડકોંકી મુઆફક બાતચિત કરતેહો, ઇસ્સે ક્યા ફાયદા હોગા? ઇલાજ કરના હોવે તો ચલો સબ ફજરમેં મેરી સંગ અપને અપને હથિઆર, ઢાલ, તરવાર, બંદુક, બરછી ઔર તીરકામઠે સબ લેકે! કમબખ્ત સૂરજકી ક્યા ઔકાત કે અપની સામને રહ શકે? અપને

સબ અઢારે ભાઈ હે ઔર સામને યે એકીલા સૂરજ! ગોલી ઓર તીરકે મારસે સૂરજકા ટુકડે ટુકડા કર ડાલેંગે!

આ વૃદ્ધ મિઆંની વાત ટુંક અક્કલના અને છીછાછળા મનના મિઆંભાઈઓને ગમી ને સૌ એક મતે તે પ્રમાણે કરવા કબૂલ થઈ ઘેર ગયા. રાત્રિએ સૂતા પણ ઊંઘ આવી નહિ. અનેક પ્રકારના તુરંગ આવવા લાગ્યા. ક્યારે સવાર થાય અને હથિઆર બાંધી મેદાનમાં નીકળી મર્દાઈ બતાવીએ! એકાદ સૂરજનો ટુકડો હાથમાં આવેતો આપણે ઢાલપર જડી દઈશું વગેરે ભિન્ન ભિન્ન હવાઈ તુરંગમાં વહાણું વાયું.

સવાર થતાં ચાંદભાઈ, સુલતાનભાઈ, અહમદમિઆં, મહમદમિઆં, અક્કડખાં, ફક્કડખાં વગેરે અઢારે ભાઈઓ હથિઆરબંધ થઈ ગામ વચ્ચેથી નીકળ્યા. આ તમાસો ગામના એક સમજુ પણ પ્રપંચી વાણિઆના દીઠામાં આવતાં, પૂછવા લાગ્યો કે, "મેહેરબાનો, આ સર્વે હથિઆર બાંધી તૈયારી કરીને ક્યાં ચાલ્યા." એક મિઆંએ ઉત્તર આપ્યો કે, "સૂરજકી સામને લડાઈ કરનેકુ ઓર ઉસકુ માર મારકે નીચે ગીરાનેકુ જાતે હૈ. ક્યા હમ કુચ્છ કમતી હય?" વધારે પૂછગાછ કરતાં ઉપરની તમામ હકીકત વાણિઆના જાણવામાં આવી તેથી મનમાં હસ્યો. આ મૂર્ખના સરદારો કેવળ અશક્ય કામ પાર પાડવા ઇચ્છેછે તો તેમાં કાંઈ એઓનું વળવાનું નથી. એ એમની મોટી મૂર્ખાઈનો લાભ આપણે ન લઈએતો વાણિઆના દીકરા શાના!

આમ વિચારી સમય ઓળખીને ઝાંપા બહાર તમામ

મિઆંભાઈ એકઠા થયા હતા ત્યાં જઈ વાણિયે કહ્યું કે, "તમે એકદમ સુરજની સામે લડાઈ કરવાને તૈયાર થયાછો, પણ તેને આગળથી ખબર આપી છે? અગર તેનો મત વઢવાનો કે તાબે થવાનો છે તે તમે કાંઈ જાણ્યો છે? શૂરાપુરૂષો આમ અણચીંતા કોઈ ઉપર ચઢાઈ કરતા નથી, માટે તમારે પ્રથમથી વિષ્ટિ ચલાવવી જોઈએ."

વાણિઆનું આ કહેવું સર્વને બાજબી લાગ્યું. એક ડાહ્યામાં ખપનાર મિઆંએ કહ્યું કે, "તુમ્હારી બાતતો સચ્ચીહે લેકીન ઉસકી ઓર હમારી પંચાતમેં કોન પડેગા, ઓર ઉસકી પાસ પેંગામ કોન લે જાયગા?

વાણિઓ—અરે મિઆં સાહેબ, **નેળના ગાડાં કંઈ નેળમાં રહ્યાં સાંભળ્યાં છે!** પાંચ પૈસા ખરચ કરવા હોયતો બધુંએ થાય.

મિઆં—ખર્ચકી કુચ્છ ગીનતી નહિ. એતો ચઈએ ઈતના કરેગે, લેકીન કામ કરનેવાલા કોન હે?

વાણિઓ—કામ કરવાવાળો હું તૈયારછું. રૂપિઆ પાંચસેં તમારે આપવા પડશે. તો તમારો અને સૂર્યનો કજીઓ હું પતાવી દઈશ.

મિઆં—પાંચસો રૂપિઆ કુછ બડી બાત નહિ. દો પાંચસો ક્યું નહિ હોતા! હમ કુછ * મુજીખાં નહિ હે કે દેનેસે પીછા હઠે! હમ સબ દેનેકું તૈયાર હૈં.

વાણિઓ—ઠીક ત્યારે, અત્યારેતો સૌ સૌને ઘેર જાઓ;

* લોભી.

રાત્રે હું સૂરજની સાથે વિષ્ટિ કરી તમને એ બાબતના સમાચાર દેવા આવીશ.

સઘળા મિઆંસાહેબો પોત પોતાને ઘેર ગયા. વાણિઆ પોતાની દુકાને જઈને વિચાર કરવા બેઠા કે અરે દૈવ! **ગાંડાના ગામ કંઇ જૂદાં વસતાં નથી,** પણ તેઓ બીજા માણસોની ભેળા ગામમાંજ વસેછે! શેહેર અહીંથી ઉગમણી દિશાએ છે તેથી જતી આવતી વખત સૂર્ય સામો આવેજ આવે! એટલી સેહેલી બાબત પણ તેમના મગજમાં આવતી નથી! કુદરતી નિયમનો કોઇથી ફરે એમ નથી, પણ મિઆંઓ પોતાનો વખત બદલે એટલે શેહેરમાં જવાનો વખત સાંજનો ને પાછા વળવાનો વખત સવારનો રાખે તો પીડા મટી શકે ખરી, માટે એ ગાંડીઆઓ પાસે જવા આવવાનો વખત ફેરવાવવો અને રૂપિઆ પાંચસે પડાવી લેવા ચુકવું નહિ.

આવો ઠરાવ કરી રાત્રે વાણીઓ કરીને મિઆંભાઈ પાસે ગયો. ત્યાં તમામ તેના રાહ જોઈ બેઠા હતા; હોકાનો ગડગડાટ થતો હતો; કોઈ અફીણના જોરથી માથું નમાવી ઝોકાં ખાતાં હતાં; તો કોઇ રૂમસામના બાદશાહોની વાતો કરતા હતા, તે સાંભળી બીજા હોંકારા આપી રાજી થતા હતા. વાણિઆને આવતો જોઈ તેમણે તેને આદરમાન આપી બેસાર્યો ને એક બુઢ્ઢાએ પૂછ્યું, કયું શેઠ, કૈસી ખબર હે!"

વાણિઓ—ખબરમાં શું પૂછવું! તમારા સામે આજ ચાર ખુંટ ધરતીમાં કોણ થઈ શકે એમ છે! જ્યાં સૂરજને વાત કરીકે "અમારા ક્સ્બાતી તમારી સાથે લડાઈ કરવા તૈયાર થયા છે." એ તેવાંજ તેનાતો ગાત્રજ શીથિલ થઈ ગયાં! જાણે

તેલમાં માખી ડૂબી હોય તેવો થઈ ગયો! તેણે કહ્યું 'જે મિઆં સાહેબો કહે તેમ કબૂલ છે. હું કાંઈ તેમનાથી બહુ નથી, પણ તેણે—'

બુઢો મિઆં—(વચ્ચે બોલી ઉઠ્યો) દેખો, સૂરજ કૈસા નરમ ઘેંસ જેસા હો ગયા! હં અં અં! પીછે ક્યા? (વાણિઆને આગળ વાત ચલાવવા કહ્યું.)

વાણિઆો—(કહેવું જારી રાખ્યું) પણ તેણે કહ્યુંછે કે 'એક મારી વાત પણ કસ્બાતીઓએ મંજુર રાખવી'.

મિઆં—એ બાત ક્યા હૈ? સૂરજ એસા ડર ગયા હૈ, તબ હમ કાયકુ ઉસ્કી બાત મંજુર ન રખે! અલબત રખે.

વાણિઆો—તેનું કહેવું એવુંછે કે 'તમારે સાંજે શેહેરમાં જવું અને સવારે પાછા આવવું, એટલે કોઈ વખત સામે આવીશ નહિ.'

બુઢામિઆં—યે બાતકી કુછ ફિકર નહિ. અપના ડરાયા ડર ગયાતો એ જો મંગતા હૈ સો હમારે કબૂલ હૈ. લેકીન ઉસ્કી પાસ ફીર જાકે કેહ આના કે અબ કભી સામને આયેગા તો ટુકડે ટુકડા કર ડાલેંગે!!!

વાણિઆો—એમાં શો શક? હું જઈને એને કહી આવીશ. માટે ઠરાવ મુજબ રૂપિઆ મને આપવા જોઈએ.

કસ્બાતીનાં ઘરમાં તો કાંઈ રૂપિઆ હતાં નહિ તેથી તુરત કરજે કાઢી રૂપિઆ પાંચસો આપ્યા તે લઈ વાણિઓ મિઆં સાહેબોની મુર્ખાઈને હસતો હસતો ઘેર આવ્યો.

૧૨૨

આ વાત કુદરતના નિયમ વિરુદ્ધ અશક્ય બીના બનાવવાની ઇચ્છા રાખનારા મૂર્ખ ને અક્કલના દુશ્મન માણસોના દ્રષ્ટાંત તરીકે વપરાય છે. તેમજ તેવા બેવકૂફ લોકોને પ્રપંચી લોકો કેવી યુક્તિ વાપરી સંતોષ પમાડી ઠગે છે, તે બતાવી આપે છે.

—✣—

વાર્તા ૭૦ મી.

એત્તા સૂત કોન કાંતે મેરી માંઇ !!!

અમદાવાદમાં બીબીજાન નામની એક ઓરત રહેતી હતી. આ બાઇ પોતાના તમોગુણ વાળા સ્વામિના તાબામાં રહેનારી, ગરીબ પણ મહેનતુ, ઘરવળી, પોતાની હાલતને અનુસરી રેંટીઆ પુણીનું કામ કરનારી હતી. અતિ બારીક સુતર કાંતનાર તરીકે તેની પ્રખ્યાતિ ઘણી સારી હતી. જ્યારે આ દેશમાં મિલોના થોબલાં નહોતા, ને વિલાયતી સુતર આવતું નહોતું ત્યારે ઘણાંજ ઝીણાં કપડાંઓ વણવામાં વપરાતું બારીક સુતર આવી બીબીઓની કારીગીરીનો નમૂનો હતો. તે અતિશય ઝીણું કાંતતી હતી તેથી રોજ પાશેર સુતર તેનાથી માંડમાંડ કંતાઇ શકાતું હતું. મહિના સવા મહિનાની અરસી જેટલો દશ શેર રૂથી વધારે મોટો જથો તે કોઇ પણ વખત પોતાના ઘરમાં રાખતી નહિ. વજનમાં આટલુંજ. પણ પીંજાએલું રૂ દેખાવમાં મોટા ઢગલા માફક લાગતું હતું. આ જોઇ ઘરનાં છૈયાં છોકરાં દીંગ થતાં હતાં.

“અહાહા! ઇતિના બડા રૂકા ઢગલા !” એમ બોલી રાજી થતાં.

એક વખત બીબીજાન પોતાની દશ વર્ષની નાની છોડી સહિત ગામ જવાને નિકળી. રસ્તામાં ચાલતાં રૂની મોટી મોટી ગાંસડીઓ ભરેલ ૨૫-૩૦ ગાડાની હારની હાર જોઇ, છોડીએ તેની માને પૂછ્યું, "અમા, એ સબ બડી બડી ગઠડીમેં ક્યા હોગા?" તેની માએ કહ્યું, "બેટી, તેરેકુ ખબર નહિ? એતો સબ રૂકી ગઠડી હે." છોડીએ ઘણીજ આશ્ચર્યતાથી કહ્યું, "અધધધ! **એતા સુત કોન કાંતે મેરી માં!!**"

છોકરાંઓને ઘરમાં રાખવાથી બહારની હકીકતોથી કેવળ અણવાકેફ રહેછે. પછી બહારનો સાધારણ બનાવ પણ તેમને મનતો અદ્ભૂત થઇ પડેછે. **કૂવામાંનું દેડકું મહાસાગરની વાત શું જાણે?** તેને મન તો કૂવો એજ સઘળી દુનિઆ. માટે છોકરાંઓને બહાર બીજાઓ સાથે સામેલ થવાં દેવાં જોઇએ કે સર્વ બાબતોથી જાણીતાં થાય.

વાર્તા ૭૧ મી.

તને માન છેકે તારી છડીને?

અગાઉના વખતમાં એક રાજના એક મદોન્મત હવાલદારની ટેવ લોકોને ઘણો ત્રાસ આપવાની હતી. હવાલદારનું મુખ્ય કામ રાજના કામ કાજ માટે મજૂરો વેઠે પકડી પૂરા પાડવાનું હતું. તે જેમ મજૂરોને તાકીદથી વેઠે પકડી આણી કામ જલદીથી કરાવે તે પ્રમાણે તેની હુશીઆરી ગણાતી. કામમાં જરાક વિલંબ થાયતો મિઆં કમ હુશીઆરમાં ખપે. મૂળ

બિચ્ચાંભાઈ, ને રાજનો હુકમ મળ્યો એટલે પૂછવુંજ શું! હવાલદારને મજૂર લોકો દેખે કે તેમના પેટમાં ફાળ પડે; નાસાનાસ અને દોડા દોડ થઈ રહે એટલુંજ નહિ, પણ લાગ આવ્યોતો સંતાઈ જાય. એમ થઈ રહે તેમાં નવાઈ પણ શી? પાસે આવી પહોંચ્યો કે 'આગુસેં લાત ઓર પીછુસેં બાત' ચાલવા માંડે. હવાલદાર હાથમાં લાંબી લાકડી રાખતો હતો, તેને તો મજૂરોના બરડા સાથે ઘણી જૂની ઓળખાણ થઈ ગયેલી હતી, તેથી ઝટ મેળાપ કરે. વચમાં હવાલદારની ડાંગ અને મજૂરોની ટાંગની કુસ્તી પણ ચાલે. આવા જુલમથી લોકો ઘણા કંટાળી ગયા હતા, અને કોઈ કોઇતો એવો લાગ જોતા હતા કે દાવમાં આવેતો બિચ્ચાંભાઇનો વાંસો ખોખરો કરી નાખવો કે હાથા ચાલાકી કરતાં અટકે.

એક વખત હવાલદાર, ઢેડ લોકોને વેઠે પકડવા ઢેડવાડામાં ગયો. ઢેડ બિચારા તેજ વખતે મજૂરીએથી આવી વિસામો લેવા બેઠા હતા, તેઓ જમ જેવા હવાલદારને દેખી જ્યાં લાગ ફાવ્યો ત્યાં ભરાઈ જવા દોડ્યા. થોડા એક અભાગ્યાઓ હવાલદારના પંજામાં ફસાયા.

હવાલદારે તેમને કહ્યું, "ચાલો મારી સાથે."

ઢેડોએ કહ્યું, "હવાલદાર સાહેબ, હજી હમણાજ અમે મજૂરીએથી આવીને બેઠા છઇએ. હરવખત તમે અમનેજ પકડી જાઓછો તેથી અમે બહુ હેરાન થઇએ છીએ. જરા સબૂર રાખો ને વિચારો તો સારૂં!"

હવાલદારે તેમની વિનંતી પર કાંઈ પણ ધ્યાન નહિ આપતાં આંખ ફેરવી કહ્યું. "અલ્યા એ હરામખોરો, તમે મારો

હુકમ માનો છો કે નહિ? કોઈ નહિને આ તો હું છું! (પોતાનો જમણો હાથ છાતી ઉપર લગાવીને) આપ્યો હુકમ તે પાછો જવાનો નથી. હવે જો જરા વાર કરી તો મારમેઢે આગળ કરીશ.''

ઢેડોમાં એક પટેલીઓ હતો તે આ સાંભળી બોલ્યો, ''ભાઈ, તું આટલો બધો અહંકાર શું કરવા કરે છે? તું તો શું પણ તારો પીર પાછો ફરે! પણ **''તને માન છે કે તારી છડીને!''** તારા હાથમાં રાજાની છડી છે તેથી અમે બીએ છીએ માટે લાચાર!!!

હવાલદાર ક્રોધ આણી બોલ્યો, ''હું અં અં! મને માન નથી! જો છડીને માન હોય તો આ છડી પડી.'' આમ કહી પોતાની પાસે જે છડી (રાજચિન્હ) હતી તે જમીનપર નાખી દીધી, અને ઢેડોને હાકોટા કરી ગાળો દેવા લાગ્યો.

ઢેડો તમામ ભેગા થઈ ગયા અને વિચાર્યું કે આ તો આપણા ધણી દરબારનો હુકમ ચલાવતો નથી, પણ પોતાના ઘરનો ચલાવે છે, તો આપણે શા માટે માનવો! એ પણ આ વખત તો વસ્તી છે ને આપણે પણ વસ્તી છઈએ. વસ્તી વસ્તીપર હુકમ ચલાવશે તો રાજા શું કરશે? વળી એણે છડી નાખી દીધી ને આપણા ધણીનું મોટું અપમાન કર્યું છે. આવો લાગ ફરી ફરીને આવશે નહિ માટે ચૂકવું નહિ. ઢેડો તો 'હમ મારા બાપા, કરતા હવાલદાર પર તૂટી પડ્યા ને મારી મારીને તેને નરમ ઘેંસ જેવો બનાવ્યો. પોકે પોક મૂકી હવાલદાર રોવા લાગ્યો ત્યારે આટલામાં ઘાલી તેને ઘેર નાખી આવ્યા.

હવાલદારે દરબારમાં ફરીઆદ કરી તેથી રાજાએ ઢેડોને બોલાવી મંગાવી હવાલદારને મારવાનું કારણ પૂછ્યું. ઢેડોએ

બનેલી તમામ હકીકત કહીતો રાજાની નજરમાં હવાલદારનો વાંક જણાયો. ડેકોને રજા આપીને હવાલદારને નોકરીમાંથી કાઢી મૂક્યો.

આ વાત જે નોકર પોતાના ધણી-રાજાનું માન જાળવ્યા-વિના પોતાના આપ બળવડે જે કામ કરેછે, તેને નસીયત આપવા માટે ઉપયોગીછે. નોકરો જે કામ પોતાના ધણી-શેઠની મરજાદા સાચવીને કરેછે તે કામ સુધરેછે. નોકરો ધણી વડેછે; તેમને જે હુકમ કે અખત્યાર મળેલ હોયછે તે તેમના ધણી-ની મોટી કૃપા સમજવાનીછે. તેમ છતાં કેટલાક નિચ માણસો અધિકાર ઉપર આવેછે ત્યારે આંધળા બની જઈ બહુ ગર્વ ધરાવેછે, પણ સમજવું જોઇએ કે તેમને જે અખત્યાર મળેલ છે તે તેમનો નથી, પણ જેના તરફથી મળેલછે તેનો છે; માટે અધિકારીના ખરી મોટાઇ તો તેનો અવળો ઉપયોગ નહિ કરતાં ગરીબ તવંગર ઉભયની સાથે સભ્યતાથી વર્તવામાં છે.

વાર્તા ૭૨ મી.

ખખેકે ખીલા હેઠ કે નવસે નવાણું રોકડા.

નવસારી ગામમાં કુલીઆ મોચીએ આખી જુવાની ચા-મડાં ચૂંથવામાં કાઢી, રાત દિવસ અથાગ મહેનત કરી, કરકસ-રથી ફક્ત જાર બાજરાનો રોટલો, છાશ અને મીઠું ખાઇને ન-વસે નવાણું રૂપિઆની મૂડી કરી હતી. કબાક કેટલ, પેટી

કે પટારો, ડામચીઆ કે મજૂસ, એમાંનું એકે તેણે રૂપિઆ રાખવાને સલામત ધાર્યું નહિ. ચોર ચોરી કરવા આવેતો જરૂર ઉપર કુહેલી ચીજો તો ખોળ્યા વગર રહેજ નહિ, તેથી ઢોરને બાંધવાના ખીલા હેઠે રૂપિઆ નવસેં નવાણું એક હાંડલામાં મૂકી દાટ્યા હતા. આ દાટેલા રૂપિઆનો વિચાર વારંવાર આવ્યા કરતો તેથી તે સદા મગન રહેતો. નાતમાં એ પૈસાદાર ગણાવા લાગ્યો, અને તે પોતાને પણ પૈસાદાર લેખતો હતો. કોઈ પગરખાંનાં ઘરાક આવે, તેની સાથે વાત ચીતમાં મૂખ્ય એજ પુછતો કે "તમારે શું મૂડી છે?" આવા ઉછાંછલા સવાલનો જવાબ કોઈ આડો અવળો આપી દે. પણ મોચીને તેથી નિરાંત વળે નહિ. ફરી ફરીને પૂછી અમૂક સંખ્યાનો આંકડો કહેવરાવે ત્યારેજ પીછો મૂકે. જો કોઈ નવસેં નવાણુંથી વધારે કહેતો બોલે નહિ. પણ કોઈ એથી ઓછી કહે કે તરતજ ગર્વથી બોલેકે "બસ એટલીજ! મારી પાસે તો બધા નવસેં નવાણું છે."

એક જણે પુછ્યુંકે "તારા ઘરમાં પેટી પટારો, કબાટ કે મજૂસ કાંઈ નથી. 'છતને અછત ગમે નહિ.' આટલી મૂડી હોયતો છાની કેમ રહે? એ રૂપિઆ તું રાખતો ક્યાં હઈશ!" મોચીએ ઉત્તર દીધોકે "**ખમકે ખીલા હેઠ કે નવસેં નવાણું રોકડા.**"

એમ કરતાં કરતાં મોચીભાઈને તો રાત દિવસ મૂડી પૂછવાની રમણતા રહી. હાલતાં ચાલતાં, બેસતાં ઉઠતાં, કોઈ મળેતો એને એજ સંબંધી વાતો પૂછે. થોડે થોડે પૂછવાની ટેવ મૂકી દીધી અને પોતાની મૂડીનું ભ્રમણ થયું. જોડા શીવતાં, ચામડાં કાપતાં, હરતાં ફરતાં, સૂતાં ઉઠતાં "ખમકે ખીલા

હેઠકે નવસેં નવાણું રોકડા," એમ કોઈવાર મોટે તો કોઈ વાર ઝીણે સાદે બોલ્યા કરે.

એક વખત કુલીઆના ઘરમાં ચોર ચોરી કરવા પેઠા. ચારે ખૂણે ચોરો ફરી ફરીને થાક્યા પણ કાંઈ મળ્યું નહિ, ને મળસકું થવા આવ્યું, તેથી નિરાશ થઈ જતા રહેવાની તૈયારી કરતા હતા; તેવામાં કુલીઓ ઊંઘમાં બોલી ઉઠ્યો કે, "અખેકે ખીલા હેઠ કે નવસેં નવાણું રોકડા." આથી ચોરો ચમકીને ભાગવા જતા હતા, પણ ફરીથી કુલીઓ કાંઈ બોલ્યા ચાલ્યા વગર શાંત પડી રહ્યો; તેથી ચોરોએ જાણ્યું જે "કુલીઆને નવસો નવાણુંની મૂડી છે તે ખીલાની નીચે દાટેલી છે, તે ઊંઘમાં બોલી ગયો છે માટે ચાલો, ખીલા નીચે ખોદી જોઈએ."

ખીલા નીચે ખોદ્યું તો હાંડલામાંથી રૂપિઆ નવસેં નવાણું મળ્યા તે લઈ ચોર ચાલતા થયા.

મોચીએ સવારમાં ખીલો ઉખેડી નાંખેલો તથા તે નીચે દાટેલા હાંડલામાંના રૂપિઆ ચોરાઈ ગયેલા જોઈને ઘણું કલ્પાંત કરવા માંડ્યું. એક સમજુ માણસે તેને ઠપકો આપી કહ્યું કે "અખેકે ખીલા હેઠકે નવસેં નવાણું રોકડા" એવી લાચરી કરે જતો હતો તે કોઈ હરામખોરે સાંભળ્યું હશે, તેથી ખીલો ખોદી કાઢી રૂપિઆ લઈ ગયો. તેમાં તારોજ દોષ છે. હવે કાંઈ દેખવાનું નથી માટે કલ્પાંત છોડીદે." કપાળે હાથ દઈ મોચીએ તેમ કર્યું.

આ વાત ટુંકા પેટના ઉછાંછળા-છાલકા મનના માણસ જેમના અંતઃકરણમાં કાંઈ વાત પડદે રહી શકતી નથી, અને

બહાર કાડ્યા સિવાય તો આફરો ચડેછે તેવાઓને નસિઅત આપનારી છે. 'હોઠ બહાર તે કોટ બહાર' સમજવું. છૂપી રાખવાની જે વાત એક વખત હોઠ ફફડાવી બહાર કાઢીતો તે ગામના તમામ લોકોને જાણ થઈ શહેર બહાર નિકળી સમજવી. એ રીતે છૂપી વાત જાહેર થઇતો તેનું પરિણામ સારૂં આવે નહિ. કહેવતછે કે 'આંધી મૂઠી લાખની ને ઉઘાડી રાખની.'

વાર્તા ૭૩ મી.

વેદીઆં ઢોર.

ભણ્યા પણ ગણ્યા નહિ.

સોજીત્રામાં રહેનાર વેદમૂર્ત્તિ ગકુલશંકરને વિદ્યાધર નામનો પુત્ર હતો, તેને સાત પૂરાં થઇને આઠમું વર્ષ બેઠું એટલે શાસ્ત્રની આજ્ઞાનુસાર ઉપવિત સંસ્કાર કર્યો, અને તેજ વર્ષે કોઈ સારા કૂલિન ગૃહસ્થની કન્યા સાથ લગ્ન પણ કરી દીધાં. ગકુલશંકરના બાપદાદા વેદીઆ હતા, તેથી ઘરમાં અગ્નિહોત્રનો કુંડ હતો. ત્યાં વેદોક્ત રીતિ પ્રમાણે સદા ક્રિયા થતી હતી. પોતાનો ચાલતો આવેલો ધંધો છોકરો પણ ચલાવે તે માટે ઘણો ખાંતિ હતો. તે સારૂ ગકુલશંકરે ગાફલ ન રહેતાં વિદ્યાધરને વેદનો અભ્યાસ કરાવવો આરંભ્યો. પ્રાતઃકાળમાં સ્નાન કરી ફળીમાં દર્ભની સાદડીપર સામસામા બેશી છોકરાને મોઢેથી વેદના મંત્ર ભણાવવા માંડ્યા.

ગકુલશંકર—ॐ गणानान्त्वा गणपति

વિદ્યાધર—ઉમ ગણનન—

ગકુલશંકર—રાંડના ! સ્પષ્ટ ઉચ્ચાર કર—

વિદ્યાધર—(ઊંઉ કરી ગળગળો થઈ જઈ) उमगनाबांता

છોકરાથી બરાબર શુદ્ધ ઉચ્ચાર નહિ થયા, તેથી ક્રોધ-માં આવી જઈ ગકુલશંકરે તેના વાંસામાં બે ચાર સોટી બચી કાઢી; આથી છોકરાએ તાણીને રોવા માંડ્યું. તેના મા આવી પહોંચી, ને પોતાના ધણીને કહેવા લાગી કે છોકરાને મારી નાખવો છે કે શું ? એમ વિદ્યા આવતી હશે ? હવેથી જો એને મારવો હોયતો મારે ભણાવવો નથી.”

આમ થવાથી ગકુલશંકરે વિચાર્યું કે ઘેર રહીને છોકરો ભણશે નહિ માટે પરદેશ મોકલવો. તેથી છોકરાને કાશિએ ભ-ણવા મોકલી દીધો. ત્યાં ગુરૂની આજ્ઞા મુજબ વિદ્યાધરે ચાલવા માંડ્યું. રાત્ર દિવસ મેહેનત કરી ગુરૂ આપે તે પાઠ મોઢે કરવા ચૂકે નહિ. અગત્યના કામ સિવાય શાળા બહાર જતો નહિ. આવી રીતે વેદ ભણવામાં પોતાનું લક્ષ ચોંટાડી પોપટીઊં જ્ઞાન સંપાદન કર્યું. વ્યવહારી બાબતપર બિલકૂલ લક્ષ આપતો નહિ, તેથી તેવા જ્ઞાનથી તદન અજાણ્યા રહ્યો. સુમારે દશ વર્ષ કાશિમાં રહ્યો તે અરસામાં ચારે વેદ પાઠે કર્યા. તે એવી રીતે બોલ- તો કે જાણે ગંગાના ધારા છૂટી. તેમાં વળી -હ્રસ્વદીર્ઘનો પણ દોષ આવે નહિ. ગુરૂએ તેના આવા સારા અભ્યાસથી પ્રસન્ન થઈ તેને ઘેર જવાની આજ્ઞા આપી,તેથી પોતાની અઢાર વર્ષની વયે વતનભણી. વળ્યો. કેટલેક દિવસે સોજીત્રાથી ત્રણ ગાઉ ઉપર આમ છે ત્યાં આવી પ-

હોંચ્યો. મધ્યાન્હનો વખત થયો હતો તેથી તે ગામના પાદરે એક નદી વહેતી હતી તેમાં સ્નાન કરી કંઈક ટીમણ કરી લેવાનો વિચાર કરતો હતો. તેવામાં તેના ગામના પિછાનવાળા ત્રણ ચાર જણ મળ્યા. ઘણા દહાડે વિદ્યાધરનો મેળાપ થયો તેથી ખૂબ હર્ષથી ભેટયા. તેઓમાં એક જરા ટીખળી હતો તેણે પૂછ્યું,—"મહારાજ ક્યાં સુધી અભ્યાસ કર્યો ?"

વિદ્યાધર—ચારે વેદ પૂરા.

ટીખળી—શાબાશ! હવે તમારી બરાબરી કરે એવો આ પ્રાંતમાં કોઈ નથી.

વિદ્યાધર—મારે ઘેર સૌ કુશળ છે ?

ટીખળી—હા. સૌ ક્ષેમ કુશળ છે. પરંતુ (વેદમૂર્તિની બ-વહારના જ્ઞાનમાં કેવી એક કુશળતા છે તેની પરીક્ષા કરવા માટે) એક શોકકારક બનાવ બન્યો છે.

વિદ્યાધર—(અધીરો થઈને) તે શો? મને ઉતાવળે કહો ભાઈ.

ટીખળી—તમો વસ્ત્ર ઉતારીને નદીમાં ઉભા રહો એટલે કહું.

વિદ્યાધર—(નદીમાં ઉભો રહી) લો, હવે કહો.

ટીખળી—તમારી સ્ત્રી રાંડી છે.

વિદ્યાધર—શીવ! શીવ! શીવ! આવો કોપ!! (આમ બોલી ન્હાતો ન્હાતો પોક મૂકીને રોવા લાગ્યો.)

ટીખળી—હવે તમે છાના રહો અને ઘેર જલદી જાઓ.

વિદ્યાધર—હું શું મોઢું લઈને ઘેર જાઊં! મારા તો પગજ ઉપડતા નથી!!

ટીખળી—શું કરીએ! એમાં આપણો ઇલાજ નથી!

વિદ્યાધરે કપડાં પહેરી ઘરભણી ચાલવા માંડ્યું. બે ત્રણ ખેતરવા ચાલ્યો એટલે વિચાર થયો કે, "મારે ઘેર જવું તે શી રીતે? મને કાંઈ આવી બાબતનું જ્ઞાન નથી." તેથી પાછો વળી પેલા ટીખળીને પૂછ્યું કે "મારે ઘેર પાધરા જવું કે કેમ?"

ટીખળીએ સલાહ આપી કે, "તમારે માથે ધોતીઉં ઓઢી દરવાજેથી પોક મૂકવા માંડવી તે ઘર સુધી ચાલુ રાખવી. પછી ઘેર પહોંચ્યા કે ત્યાં બેશી થોડી વાર રોયા કરવું, ને ઘરના માણસો આવી છાના રાખે એટલે રહી જવું."

વિદ્યાધરતો પેલા ટીખળીના સલાહ પ્રમાણે પોક મૂકતો ઘર આંગણે જઈ બેઠો. આડોશી પાડોશી જોવાને એકઠાં થયાં. તેના રોવાનો સાદ સાંભળી તેની વિધવા બેન ઘરમાંથી બહાર આવી, અને જુએછે તો પોતાના ભાઇને પોક મૂકતો દીઠો, તેથી ઘણું આશ્ચર્ય પામીને પૂછવા લાગી કે, "ભાઈ, તમે આજ દશ વર્ષે ઘેર આવ્યા તેથી અમારે દિવાળીના દિવસ જેવો આનંદ થયો, પણ તમે રોતા કેમ આવ્યા?

વિદ્યાધર—મહા દૈવકોપ થયો!

બહેન—શો કોપ થયો?

વિદ્યાધર—મારી સ્ત્રી રાંડીછેને!!

બહેન—અરે! ભાઈ, એ શું બોલોછો! તમે બેઠાછો અને તમારી સ્ત્રી તે રાંડે!!

વિદ્યાધર—જોને બેન, હું બેઠા છું રાંડી છે, તો તે કેમ ન રાંડે?

વિદ્યાધરનું આવું અતિ મૂર્ખાઈ ભરેલું બોલવું સાંભળી તેના બહેન શરમાઈને ઘરમાં જતી રહી. ભેગા મળેલા લોકોએ કહ્યું કે, "તમે કાશિએ જઈને ગમે એટલું વેદનું જ્ઞાન મેળવી આવ્યા પણ આખર "વેદિઆં ઢોર," "ભણ્યા પણ ગણ્યા નહિ."

જે લોકો કેવળ એકજ પ્રકારનું જ્ઞાન સંપાદન કરવાની અપેક્ષાએ વ્યવહારાદિક અનેક વિષયોને વિસારે મૂકે છે, તેઓ જનમંડળની હાંસીને પાત્ર થાય છે, માટે ઘટારતછે કે વર્તમાન ચર્ચા તથા વ્યવહારીક રીત રીવાજથી વાકિફ રહેવું.

વાર્તા ૭૪ મી.

આધી જાર મિઆં ભાઈકી.

લખ્યાં બોલ્યાં,

લખાણું તે વંચાણું.

એક રસુલખાં કરીને મુસલમાન પાલણપુરમાં કોટવાળ હતો. ગામના લોકપર જ્યારે કોટવાળ હુકમ ચલાવતો ત્યારે દીલ્લીનો બાદશાહ પણ એના મોં આગળ કાંઈ બિસાતમાં નહિ. કોટવાળસાહેબ શું બોલેછે, તે સાંભળવાને લોકો એક કાન થઈ રહેતા. મિઆંભાઈ એકલું મિઆંપણુંજ કરતો નહોતો, પણ ભેળું મુત્સદીપણું પણ કરતો હતો.

એક સાહુકાર પોતાના ઘર આગળ એક મોટી ખાણ

સાફ કરાવી માંહે જાર ભરાવતો હતો. ખાણુ લગભગ ભરાઈ રહેવા આવી તેજ વખતે રસુલખાંનું ત્યાં આગળથી નિકળવું થયું. પેલો સાહુકાર ખાણમાં જેટલી જાર નાખી તેની હકીકત કાગળપર લખી ખાણુમાં મુકવાની તેયારી કરતો હતો, તે જોઈને કોટવાળે પૂછ્યું, "શેઠ, ક્યા કરતે હો? શેઠે કહ્યું, "કોટવાળસાહેબ, આ ખાણુમાં જાર નાખીછે તેનો આંકડો ખાણુમાં મૂકવા માટે તૈયાર કરૂંછું."

કોટવાળ—વાહ! ક્યા અચ્છા કામ હૈ! ખાનમેં જાર રખતાહોઓ કોઈ બખત બહુત કામ આવેગી. (મનમાં) અપનકું ખુદાને રૂપિએ દીયે નહિહૈ સો કહાંસે જાર લાકે ડાલે ગરીબી બડી બૂરી બાતહૈ! ખુદાકી મરજી! લેકીન ઈસ્મે કુછ અપની લગતી તો રખના ચહીએ. (એમ વિચારી નીચેથી જારનો એક દાણો લઈને તેના બે અરધા કટકા કરી એક અરધી જાર હાથમાં રાખી મોટેથી કહ્યુંકે). હમારીભી આધી જાર ઈસ્મેં ડાલતાં હૈં ઓ તુમારા કાજમેં "આધી જાર મિયા ભાઈકી" લીખલો.

વાણિઓ—કોટવાલ સાહેબ, અરધી જાર તે વળી ખાણુમાં નખાતી હશે? તે કામની શું? માટે અમારે તમારી અરધી જાર નાખવીએ નથી ને લખવું એ નથી.

કોટવાળ—મૈ આધી જાર ડાલતા હૈં, ઔર ઐસી બાત કુછ હોવે? તુમેરી મુઆફક ખાણુ ભરે જાર સ-

બ લોક કહાંસે લાવે? તુમ કાયકું નહિ લીખો!
લીખનાતો ચાહીએ.

વાણિઆએ એ રોકી કોટવાળના ઘણા આગ્રહને લીધે દ-બાઈ જોઈ તેનું મન રાખવા જારનો અડધો દાણો ખાણમાં નાખવા દિધો, ને કાગળમાં લખ્યું કે "**આધી જાર મિયા બા-ઈકી.**" તે કાગળ વાંસના ભુંગળામાં મૂકી ખાણમાં નાખ્યો ને ખાણ ખુળ માટીથી બંધ કરી લીધી.

કેટલાંક વર્ષ વિત્યા પછી દેશમાં મોટો દુકાળ પડ્યો. અના-જની ઘણી મોંઘવારી થઇ તે વખત પેલા શેઠે પોતાની જાર-ની ખાણ ઉખાળી. કોટવાળ ખાણ ઉખાળ્યાની વાત સાંભળી તુરત તે ખાણ આગળ આવીને ઉભો. વાણિઆએ જાર કુ-ઢાવવા માંડી એટલે મિઆંએ કહ્યું કે, "અબે બનીયા, ઈસમેં મેરી આધી જાર હે; તો આધી તુ લેજા, ઔર આધી હમે-રેવાં પહુંચવાવ."

શેઠે કહ્યું, "વાહ! કોટવાળ સાહેબ, ગળે પડોછો કે શું? તમારો એમાં ક્યાં ભાગ છે કે માગવા આવ્યાછો?"

એમ શેઠ અને કોટવાળ વચ્ચે રકઝક ચાલતી હતી તે-વામાં પુષ્કળ લોકો એકઠા થઈ ગયા.

મિઆં—(લોકોને) દેખો યારો, યે ખાનમેં મેરી આધી જારહે, ઇસબાતકા એ કમજાત બનીઆ ઇનકાર કરતા હૈ. તોબાહ અલ્લા! બડી તાજુબીકી બાત હોતીહૈ!

લોકો—કેમ શેઠ, કોટવાળની અરધી જાર ખાણમાં હો-યતો શા માટે તેમનો અરધો ભાગ આપતા નથી?

શેઠ—અરે, ભાઈ, મિઆંભાઈ પાસે પૈસાનો બહુ *તાકડો

* જોગવાઈ.

૨૨૯

ખરીદની, તે જારની ખાણુ નાખે ! એવું લખાણ પત્રણ, શાહેદી પુરાવા હયીકની ! તે કોટવાળ બતાવે છે ?

કોટવાળ—સચ્ચ બાત ! યે બાતકિ "જૂંગલમેં કાગદ હે, વો ખોલકે દેખો. ઇસ્મેં સબ લીખ્ખા હોયગા.

શેઠ પાસેથી એ કાગળ લઈ વાંચી જોયું તો "આધી જાર મિઆંબાઇકી" એમ લખેલું નીકળ્યું. તેથી તેનો અર્થ કરીને લોકોએ અરધો અરધ જાર મિઆંબાઇની ઠરાવી. શેઠને યાદ આવ્યાથી ઘણુંએ કહ્યું કે, "મિઆંએતો ફક્ત જારનો અરધો દાણો મારી મરજી વગર નાખ્યો છે ને હવે મિઆં ભાઈનું બાકીનું ખાણની અરધી જાર પોતાની કહે છે." પણ લોકોએ એ માન્યું નહિ તેઓ સમજ્યા કે જારનો અરધો દાણો કોઈ નાખવા આપે નહિ ને તેમ હોયતો લખતમાં લખે પણ નહીં. માટે મિઆંભાઇને રડાવવાને વાણિઆ આ તદબીર માત્ર કરે છે. એથી ગળેપડુ મિઆંભાઈ ફાવી ગયા, ને ગરીબ વાણિઆ પાસેથી ખાણની અરધી જાર લીધી. આથી વાણિઓ દિલગીર થયો. સૌ લોકોએ 'લખ્યાં બોલ્યાં' ને 'લખાણું તેમ વંચાણું' એમ દિલાસાના વેણુ કહી વાણિઆને શાંત કર્યો.

આ વાતનો હેતુ એછે કે લખાણ કરવું તે ઘણુંજ વિચારીને કરવું. તેમાં પણ કોઈના સંબંધનું લખાણ, જેનો આગળ ઉપર કોઈ વખત ઉપયોગ થવાનો હોય, એવું લખાણ તો ખસુસ કરી પૂરી વિગતથી ખુલાસા સાથે લખવા

રિવાજ રાખવો. હમેશાં ટુંકા લખાણ વિચાર વગર લખવાથી લાંબી મુદતે તેના જે હેતુ ધારેલા હોય, તેથી ઉલટા જણાઈ આવે છે; પછી તે વખત મોઢાની ખરી વાત યાદ હોય તે કોઈ માનવું નથી ને કામ આવતી પણ નથી.

—•—

વાર્તા ૭૫ મી.

ભરવાડને વા'લો વગડો.

ભરવાડ રાતદિવસ પોતાના ઢોર ચરાવવાને વગડામાંજ રહેછે. જે ઠેકાણે પંદર વિશ દિવસની નિરાંત થાય એટલો ચારો મળે તે જગ્યાએ ઝુંપડી બાંધી પડાવ નાખે છે. વધારે દિવસ રહેવા જેવું હોય તો કૂબો પણ બાંધે છે. ગામતો તેમના પડાવથી ઘણાં છેટાં રહે, તેમાં તેઓ આનંદ માની લે છે. વગડામાં ઢોર ચારવાં, બાંએ સાદે તેમને બોલાવવાં, * તગડવાં, અને તેમની ડોકમાં હાથ નાખી લાડ કરાવવાં એજ પોતાની જીંદગાનીનો લાહાવો સમજે છે.

એક જોધણ કરીને ભરવાડ હતો. તેની ગાય કોઈ મુંબઈમાં રહેનાર સાહેબે વેચાતી લીધી. તે ગાયને મૂકવા સારૂ તેને મુંબઈ સુધી જવું પડ્યું. ભરવાડ તો મુંબઈ નગરી જોતાંજ ચકિત થઈ ગયો. જેઓએ સુરત, અમદાવાદ વગેરે શહેરો જોયાં છે, તેઓ મુંબઈની અપૂર્વ શોભા જોઈ દીગ્મૂઢ થઈ જાય તો બિચારો વગડામાં રહેનાર ભરવાડ તે કોણ માત્ર !

* દોડાવવાં.

સાહેબનો બંગલો વાલકેશ્વર ઉપર હતો, ત્યાં ભરવાડને રાખ્યો. બીજે દિવસે સવારમાં ભરવાડને કુદરતી હાજત લાગી, તેથી તેને તે બંગલાને લગતા એક પાયખાનામાં જવાનું સાહેબના ચાકરે કહ્યું. ભરવાડતો અંદર ગયો તેવોજ પાછો આવી કહેવા લાગ્યો," એની જુહનું વરી ચૂલાપર બેહવાનું તે કૂણને ઠીક પડે ? મરને હાત દિ થાય પણ આપણે તો વગડો મળહે તાંણેજ જહું."

નોંઘણને મુંબઈ જોવા સારૂ સાહેબના ચાકરો તેડી ગયા. કોટને નાકે ઉભો રાખ્યો. ત્યાંના ઊંચા ઊંચા મકાનો જોઈ ભરવાડ ભાઈના ડોળા ફાટી ગયા. ત્યાંથી તેને પારસી બજારમાં લઈ જવા માંડ્યો ત્યાંતો ચમકીને ઉભો. સોબતીઓએ પૂછ્યું, "નોંઘણ, કેમ ઉભો રહ્યો ?" ભરવાડે કહ્યું, "ઉહું! હુંતો આવવાનો નથ, બાપલીઆ ! ઘરપર ઘર એમ ઉપરા સાપરી સૌ હાત ચઢાવી દીધાછે, પણ રાંઢવાં બાંધ્યાં નથી, માટે પડેતો ઘુંદાઈ મરૂં તેથી હુંતો આવનારો નથ." એમ કહી પાછો વળ્યો.

રાત્રે ભરવાડભાઈ સૂતા હતા, તે ઓરડામાં એક ઘડિઆળ મૂકેલું હતું, તે ટીક ટીક થયા કરે, તેથી તેને ઊંઘ આવી નહિ. મનમાં વિચારવા લાગ્યો કે મેં વગડામાં ઘણાંએ જનાવર બોલતાં સાંભળ્યાં છે, પણ આવુંતો એકે દીઠું નથી! આતો આખી રાત બોલ્યાંજ કરે છે તોપણ થાકતું નથી !!

મળસ્કું થયું એટલે તેની સાથે સૂતેલા સાહેબના ચાકરોને મોટેથી કહ્યું, " તમારા હંઘાનો દિ ઉઠ્યો સે તે આ ગામમાં રહોશો, હુંતો મારે ઉઠતો કે જવાનો."

બંગલાના માણસોએ તેને રહેવા અને બીજું નવું નવું જોવા માટે સમજાવીને કહ્યું, પણ માન્યું નહિ. તેથી કહ્યું કે, "તમેતો ભરવાડ તે ભૂત જેવાજ. આપણાની ખીસકોલી આંબાના રસમાં શું સમજે? તમને ભરવાડને વાગ્યો વગડો, માટે શહેરની લહેરની તમને ખબર હોય નહિ. માટે જા, ભાઈ, અહીં રહેવાનું તારૂં કામ નહિ."

જે માણસે જેમાં સુખ માની લીધું તેમાંજ તેને સુખ લાગે છે. વગડામાં રહેનાર લોકો શહેરને વખોડી પોતાના રહેઠાણને અતિ આનંદમય માની લેછે. બીજાં અનેક સુખો તેને દુ:ખમય લાગે છે.

વાર્તા ૭૬ મી.

સીદી ભાઈનો છોકરો સહુથી રૂપાળો!!

અવંતીપુરના રાજાએ કોઇ કારણ સર નીમ લીધું હતું કે ગામમાંથી કોઈ એક છોકરાને ઘોડે બેસાડી ઘણી ધામધૂમથી ગામમાં ફેરવવો, તેથી પોતાના ઘણા વિશ્વાસુ સીદી નોકરને હુકમ કર્યો કે "એક ઘણા રૂપાળા છોકરાનો વરઘોડો ચડાવવો છે માટે તારી પસંદતાનો એક રૂપાળામાં રૂપાળો છોકરો લઈ આવ."

આ હુકમ સાંભળીને સીદીભાઇ તુરત રસ્તે પડ્યો. ચાલતાં ચાલતાં મનમાં વિચાર કરેછે કે રૂપાળામાં રૂપાળો છોકરો રાજાએ મંગાવ્યો છે, પણ તે પસંદ કરવાનું મારી મર-

જી ખરું સાચું છે. મારી નજરમાં તો મારા પોતાનાજ છોકરા જેવો બીજો કોઈ રૂપાળો જણાતો નથી. તો પણ તપાસ તો કરૂં. ગામમાં ફરવા માંડ્યું; કોઇ છોકરો તેની નજરમાં ઠીક લાગે નહિ; કોઇનું નાક ચપટું તો કોઇનું મોઢું લાંબું લાગે; કોઇની આંખ ઝીણી તો કોઈનું કપાળ ટુંકું; કોઇ ડુઘણ વગરનું જણાયું નહિ. છેવટે સીદી ભાઇએ નિશ્ચય કર્યો કે મારા પોતાનાજ છોકરાને લઈ જવો; એનામાં મને કાંઈ પણ ખામી લાગતી નથી. "ઘરના છોકરાં ઘંટી ચાટે, ને ઉપાધ્યાને આટો" એમ હોય નહિ. તેથી સીદીભાઇ પોતાના છોકરાને સાથે લેઇ રાજાની સન્મુખ આદબ કરી:—

સીદી—સાહેબ, આપના હુકમ પ્રમાણે લાવ્યો છું. અને તે આપ સાહેબની હજૂરમાં મારી સાથે ઉભો છે.

રાજા—(આમ તેમ જોયું પણ કાંઈ રૂપાળો છોકરો દીઠો નહિ તેથી ગુસ્સે થઇને) કયો છોકરો તું લાવ્યો છે ?

સીદી—તાબેદારનો છોકરો, (આંગળીથી બતાવે છે.) હાજર છે તે.

રાજા—(વિસ્મિત થઇ) આ સીદીના છોકરાને રૂપાળો કોણ કહે ! ! !

સીદી—ખાવીંદ, છોકરો પસંદ કરવાનું કામ આપે મને સોંપ્યું હતું. મારી નજરમાં એના જેવો સારો બીજો કોઇ છોકરો આવ્યો નહિ તેથી એને લાવ્યો છું; તકસીર માફ કરો.

રાજા આ સાંભળી ખડખડ હસી પડ્યો. છેવટે ગુસ્સે થઇ સીદીને તેના છોકરા સાથે રજા આપી, ને બીજા છોકરાને લાવવા હુકમ કર્યો.

પોતાની લાયકી કેટલી છે, તેનો લાંબો વિચાર કરે તો માલુમ પડ્યા વગર રહે નહિ; પણ સ્વાર્થને વશ થઇ લાયકી ઉપરાંત કરવા જાય તો તે કામ લાગે નહીં ને ઉલટો શરમ ભરેલ જઇ લેકોમાં હાંસી થાય.

વાર્તા ૭૭ મી.

અલ્લાજો ડર હોય તો અસાંજો માળીએ અચ!

કાઠિઆવાડના મચ્છુકાંઠામાં માળીઆ તાલુકો આવેલો છે. તળ માળીઆમાં અને તેની આસપાસના ગામોમાં મિઆણા જાતના મૂસલમાન વસે છે. તેઓ શરીરે કદાવર, હિંમતે બહાદુર, લડવે શૂરાપૂરા, નોકરીએ નિમકહલાલ, અને જેનું એક વખત જરા અન્ન ખાધેલ હોય તો તેને માથું આપનાર તરીકે જાણીતા છે.

એ જાતનો એક મિઆણો પરગામથી આવતો હતો. રસ્તામાં એક ધર્મ ચુસ્ત આરબ પોતાના હમેશના રીવાજ મુજબ નિમાજ પડતો હતો. નિમાજ પડતાં કોઇ વાર ઉભા રહીને, તો કોઇ વાર વાંકા વળીને, કોઇ વાર ઘુંટણ ભર બેશીને, તો કોઇ વાર ભોંય સાથે માથું અડાડીને ખુદાની બંદગી કરવી પડે છેઃ તેમ આ આરબ કરતો હતો. તે જોઇ અજ્ઞાન મિઆણાના મનમાં આવ્યું કે, " આ આરબ જરા વાર ઉભો રહે છે બેઠી જાય છે, અને વળી વાંકો વળે છે એનું શું કારણ હશે! જરૂર તે કોઇનાથી ડરે છે ને ધારીનો માર્યો આમ તેમ કરે છે! માટે તેને પૂછી જોઉં તો ખરો!" એમ ધારીઃ—

મિઆણો—અરે, જમાદાર, તું આમ ઊંચો નીચો થયા કરે છે. તે કોનાથી ડરે છે, અને શા માટે ડર રાખવો પડે છે ?

આરબ—નારે ભાઇ, મારે કોઇ માણસનો ડર છેજ નહિ.

મિઆણો—ત્યારે તું આમ શા માટે ઊંચો નીચો થયા કરે છે ?

આરબ—આતો હું નિમાજ પઢું છું. અલ્લાની બંદગી કરૂં છું.

મિઆણો—અલ્લા કોણ છે ? અને શા માટે તેની બંદગી કરવી પડે છે ?

આરબ—અલ્લાએ આપણને પેદા કરેલ છે. તે આપણું પોષણ કરે છે. આપણને જે જોઇએ તે મળી આવે છે તે એની રહેમીઅત છે. આથી કરીને તેની બંદગી કરી તેના ગુણ ગાવા જોઇએ, અને આપણા હાથથી ઘણી તકસીર બને છે તે બાબતની માફી માગવી જોઇએ; તેથીજ આ તેની બંદગી કરૂં છું.

મિઆણો—તું અલ્લાની આમ બંદગી ન કરે તો તે શું કરે ?

આરબ—તેમ ન કરીએ તો તે ગેબી શિક્ષા કરેછે, માટે એક અલ્લાનો ડર રાખુંછું અને તેનાથી ડરીને આમ કરૂંછું.

મિઆણો—"અલ્લાજો ડર હોય તો અસાંજે માળીએ અચ ! જ્યાં અલ્લાજો ડર નાહી!" મતલબ કે જો પરમેશ્વરનો તારે ડર હોય તો અમારે માળીએ ચાલ જ્યાં પરમેશ્વરનો ડર પણ નથી. આવી રીતનું ઇશ્વર સંબધી અજ્ઞાનતાનું બોલવું સાંભળી આરબ વગર બોલ્યો રહ્યો.

મિઆણા લોકો પોતાના બળ ને હિંમતને લીધે બીજા બધાથી કેવું નિડરપણું રાખતા, તે આ વાત બતાવી આપે છે; તે એટલે સુધી કે પરમેશ્વરનો ડર સૌને હોવો જોઇએ તે ડર પણ લેખતા નહિ ને માનતા હોય કે જાણે પોતાના શૂરના આવેશથી "ડર" એ ચીજ નાશ થઇ ગએલ છે, તો પછી પરમેશ્વરનો ડર પણ ક્યાંથી હોય ! આ ઇશ્વર સંબંધી પૂરી અજ્ઞાનતા અને જંગલી પણું કહેવાય. આવા લોકોને ભણાવી ગણાવી સારા સહવાસમાં રાખી, સુધારવામાં આવે તો તે શૂરવીર જાત ઘણી ઉપયોગી થઇ પડે. આ વાત અગાઉના વખતની કહેવાય છે પણ હાલમાં તે લોકો કેટલેક દરજ્જે સુધરતા જાયછે.

—◦—

વાર્તા ૭૮ મી.

હાજર તે હથિઆર.

એક વખત બાદશાહે લહુવાને પૂછ્યું કે, "સર્વથી સારૂં હથિઆર કયું?" લહુવાએ કહ્યું, "સાહેબ, દેશદેશની રીતભાત અને જરૂરીઆત મુજબ અનેક તરેહનાં હથિઆર થાય છે, તો કયું સારૂં અને કયું નહિ તે હું શું કહું? એતો જેવો પ્રસંગ. વખતપૈર એક સોયથી જેટલું કામ થાય તેટલું તરવારથી કે બરછીથી ન થાય, ખરૂંતો હાજર તે હથિઆર." બાદશાહે કહ્યું, "એ વાત કેમ મનાય?" લહુવાએ કહ્યું, "વખત આવે બતાવીશ."

એક વખત બાદશાહને લહુવો બેઉ જણા મેહેલના ઝરૂખામાં ઉભા છે, તેવામાં મેહેલની નીચે રસ્તામાં એક ગાંડો

હાથી દોડ્યો દોડ્યો આવતો હતો. ઘમરાણ થઈ રહી ને લોકો આમથી તેમ દોડવા લાગ્યા. માવતો ભાલા મારતા મારતા આવતા હતા. હાથીને પાછો વાળવા માંડ્યો, પણ કોઈ રીતે હાથી પાછો ફર્યો નહિ.

સામેથી એક મલ્લ આવતો હતો, તેણે સમયસૂચકતા વાપરી, એક કૂતરૂં ઉભું હતું તેને પાછલા પગથી ઉચકી હાથીના ઉપર ફેંક્યું. કૂતરા જેવું જીવતું પ્રાણી બૂમાબૂમ પાડતું અધરથી આવી કુંભસ્થળ સાથે અથડાયું, તેથી હાથી ઘણો બીનો ને તુરત પાછો ફરી પોતાના સ્થાનમાં જઈ ઉભો રહ્યો.

બહુવાએ કહ્યું, "સાહેબ, જોયું હાજર તે હથિયાર; માવતોના ભાલા બરછી કાંઈ કામ આવ્યાં નહિ." બાદશાહ બહુવાપર ઘણો પ્રસન્ન થયો.

સમયસૂચકતા એજ ખરૂં હથિઆર છે. હથિઆર ઘણાંએ હોય પણ ગભરાઈ જઇએતો એજ હથિઆર આપણો પ્રાણ કહાવે, પણ કાંઈ કામ આવે નહિ. હિંમત તે હથિઆર કહેછે તે પણ ખરૂં છે.

વાર્તા ૭૯ મી.

મૂતો મરૂંતો મરૂં, પણ ધને રાંડ કરૂં!

એક મારવાડી વાણિઓ પોતાની ઓરતથી ઘણો કંટાળી ગયો હતો. તે ઓરતને ઇંખણી, કર્કશા, વંતરી, ડાકણ, શીકોતરી, વગેરે મ્હોથી જે વિશેષણો આપીએ તે બધાં એમ

હતું. રાત દિવસ બિચારા મારવાડાને પજવી મૂકતી હતી. મારવાડો બહાર ઘણો રાંક બનવતો અને બેદરકારીથી વર્તતો હતો. ખુશામતતો તેને ઝેર જેવી લાગતી હતી, પણ ઘેર આવે એટલે "જિંવાની મીનડી" જેવો જોઇ લ્યો! એક હાકોટો બાઇડીનો સાંભળે કે નરમઘેંશ જેવો થઇ જતો હતો. તેને પોતાની આબરૂની ઘણી દરકાર હતી. તે તેની સ્ત્રિથી ડરીને સામો નહિ થતો એમ નહોતું, પણ પોતાના મોભા અને સમજણ સામું જોઇ બાઇડી જે કહે તે સહન કરતો હતો. ઘડીએઘડીએ એ બળાપામાં [1]ઘુંટડો ઘુંટડો લોહી સૂકાતું હતું. બાયડીને બોલાવવા ચલાવવા વગેરે ધણી સાથની વર્તણુકનો કાંઇ વિવેક હતોજ નહિ. તેનામાં સૌથી મોટો અવગુણ એ હતો કે કોઇનું કહેવું માનવુંજ નહિ. બીજાનું જોઇ દાખલો લેવાનું તેને ઘણું હલકું લાગતું હતું. તે મૂર્ખિ પોતાને સર્વથી શ્રેષ્ટ માનતી હતી. અધુરામાં પૂરૂં તે બહુ લપ્પીલી હતી; જે વાત લીધી તે વાતનો છેડો આણતીજ નહિ. કોઇ વખત કાંઇ બુગડાંબવાં લેવાનો, તો કોઇ વખત ઘરેણાં ગાંઠાનો ઝગડો માંડે તે વખત બિચારા મારવાડાને ત્રાહિ! તોબાહ! પોકરાવતી હતી. એવા વખતમાં ધણી તરફથી ધીમે સાદે, મીઠાને બોધકારક વચનો કહેવામાં આવે, પણ તે હઠીલી સ્ત્રિ મનમાં ઉતારેજ નહિ; એક કાને સાંભળીને બીજે કાને કાઢી નાખતી. કેટલીક વખત રીસમાં હોવતો 'ક્રોધી કુંભાર ગધેડાના કાન આમળે' તેમ નિરપરાધી બાળકને [2]ઢીબવા લાગે. આવી રીતનાં અનેક તરેહનાં દુઃખથી મારવાડાના દીલમાં હમેશ અગ્નિ ઝળહળ્યા રહેતો હતો, તેનું શરીર બળીને ખાખ થઇ

---

[1] એક ઘૂંટ મોઢામાં સમાઇ શકે તેટલું. [2] મારવા.

ગયું હતું. કોઈ વખત એકલો હોય ત્યારે ઊંડા નિશ્વાસ નાખી રોયાં કરે, ને વિચારે કે મારે શું સુખે જીવવું છે! આથી મરણ શું નરતું છે! માટે હવેતો આપઘાત કરવો કે દુઃખતો સહન કરવું ન પડે? અરે! એમ થવાથી છોકરાંઓના બૂરા હાલ! પણ બાયડીને તો પછવાડેથી ખબર પડશે કે રાંડીરાંડ થઇને રંડાપો ગાળવો કેવો કઠણ છે! તે કોને વઢશે ને શું ખાશે પીશે! ક્યાંથી ગુજરો ચલાવશે! માટે આપઘાત કરવાથી રાંડને દુઃખ દેવાનો હેતુ પાર પડશે ખરો. છોકરાંનાં નશીબ છોકરાં આગળ! એમ તેને સંકલ્પ વિકલ્પ થયા કરે છે. એવામાં કાંઈ ન્હાનું કાઢી રાંડે *જંગ મચાવ્યો.

વાણિઓ બોલી ઉઠ્યો કે "તું આવી રીતે મને પજવે છે તો હું આપઘાત કરીને મરીશ." તેની બાઇડીએ કહ્યું કે, "એમાં મારૂં શું જવાનું છે? તું મરીશ તો તારા જીવનો જશે." મારવાડાએ કહ્યું, "(મેંતો મરૂંતો મરૂં પણ થને રાંડ કરૂં)" ભલે મરૂંતો મરૂં પણ તને રાંડ કરૂં! એટલે પાછળથી બૂરા હાલ થશે ત્યારે ખબર પડશે!" એમ કહી ગુપ્ત રીતે ઝેર પી આપઘાત કર્યો. શંખણી બાયડીને રંડાપો આવ્યો. તેણે ઘણી રોકકળ માંડી. ધણી વગરનું પછીથી અથાગ દુઃખ પડવા માંડ્યું, તે વખત તેને પોતાની ભુલ જણાઈ આવી. એટલુંજ નહીં પણ પોતાના ધણીને જે કષ્ટ આપેલું તે બાબત તે પૂરો પસ્તાવો કરવા લાગી.

કુટુંબ કલેશ ઘણો ભુંડો છે. તેથી કંટાળો ખાઈ માણસ પોતાના જાનની દરકાર રાખતું નથી, પણ આપઘાતથી જ-

*મોટો કજીઓ.

નનો ભોગ આપી કલેશ કરનાર કુટુંબીઓને તેની ગેરહાજરીનું (વિજોગ) દુઃખ આપવું પસંદ કરે છે. એ આ વાત બતાવી આપે છે.

સમજુ માણસો આપઘાતને ઘણુંજ નીચ અને ધિક્કારવા લાયક કામ માને છે. તેવા વખતમાં તો કલેષનું કારણ શોધી કાઢી તે દૂર કરવા યુક્તિ કરવી એ ઘણું સારૂં છે. પણ મુંઝાઈને મરવું પસંદ કરવું એ નાદાનીનું લક્ષણ છે. કુટુંબ કલેષથી ઘણાનાં આખાં કુટુંબ ઉપડી ગયાના દાખલા સાંભળવામાં આવે છે માટે કુટુંબમાં કલેષ ઉત્પન્ન થઈ શકે નહીં એવી પ્રથમથીજ ચોવટ રાખવી જરૂરની છે.

વાર્તા ૮૦ મી.

આપણે આં ¹આટહું?

શવદાસ અને નાજો એ બે ભરવાડને ઘણી મૈત્રી હતી. તેઓ હમેશાં સાથે ઢોર ચરાવવાને જતા હતા. વગડામાં ઢોરને ચરવા મેલી પોતે લાકડીના ટેકાવતી આખો દિવસ ઉભા રહેતા હતા. ભૂત જેવી ભરવાડની જાતને તેથી જરાપણ થાક વર્તાતો નહિ. કોઈ વખત કાનમાં આંગળીઓ ખોશી સામસામા દૂહા ઝુણકાવતા હતા. તે જાણે કૃષ્ણ, ગોપીઓ અને ગાયોને બોલાવવાને વેણુ વગાડતા હોય તેની નકલ જેવું લાગતું હતું. કોઈ વખત મોઢાથી ડચકારા, પટકારા, રણકારા, વગેરે બોલીને જાણે ઢોરાંની ભાષાથી સમજાવતા હોય એવો

¹ ઢોરાંને ચરાવા જવું તે.

ક્રોળ લાગતો હતો. સાંજ વખતે ઢોરોને હાંકી, ખભે આડી લાકડી રાખી, પાછળ પાછળ આનંદભેર આવતા હતા. તેઓના નેશડા[1] છેટે છેટે હતા. તેમની વચ્ચે આડી નદી હતી.

એક વખત આખી રાત વરસાદ થયો, તેથી નદીનાળાં ભરાઈ ગયાં, ને કીચડ પણ થઈ ગયો; તેથી સવારમાં ઉઠતા નાજાને વિચાર થઈ આવ્યો કે, આપણે આજે ક્યાં ઢોરાં ચરાવશું? રાત્રે વરસાદ થયો છે, તો કઈ જગો નદીનાળાંની અડચણ વગર ઢોરને લઈ જવાય એવી ઠીક હશે! એ બાબત શવદાસને પૂછું તો ખરો! તે શું કહે છે, એવા ઇરાદાથી શવદાસને બોલાવવા લાગ્યો.

નાજો—શવદાસ! હે એએએ!!! આંઇ આવ આંઇ.

શવદાસ—હે એએએ! શું કામ સે શું કામ!!!

નાજો—હે એએએ! આંઈ આવ!!! મારી પાહે.

શવદાસ—અલ્યા, હે એએ એ!! કાંઈ કામ બામ કહેતો ખરો!!!

નાજો—હે એએએ! કામ વાળાના દીચરા! હે એએ! આંઈ આવ આંઈઈઈ.

શવદાસે જાણ્યું કે, પોતાનો મિત્ર આટલો આગ્રહ કરીને બોલાવે છે તો જરૂર જવું જોઈએ. કદાચિ કંઈ મોઢેથી ન કહવા જેવું જરૂરનું કામજ હોય! આતો વગડો છે તેથી સૌ જણા આવતા જતા હોય તે સાંભળે, માટે મારે જવું એ ઠીક છે એમ

---

[1] વગડામાં રહેનાર ભરવાડ વિગેરે પોતાનું રહેઠાણ કરે છે તેને નેશડો કહે છે.

ધારી કછોટો વાળી લીધો ને ધાબળો ડાંગપર ભરાવી લીધો. નદીમાં જતાં જતાં પાણી છાતીપુર થઈ ગયું, કપડાં પલળી ગયાં; ફક્ત ધાબળો-ડાંગપર ભેરવી અદ્દર રાખવાથી કોરો રહ્યો. એ રીતે પોતાના મિત્ર પાસે જઈ બોલ્યો;

શવદાસ -ભાઈ નાજા, હું કામ સે?

નાજો—કામ વનાતે બોલાવ્યો હશે?

શવદાસ—ત્યારે હું કામ છે તે કહી દેને?

નાજો—લે ! આવ્યો તો ઘોડે ચડીને હું આવ્યો સું? ઉતાવળો હું થાય સે!! ધીરે ધીરે કહેવાય સે.

શવદાસ—પણ ઝટ સરીખો બોલીદેને કે હું કામે મને બોલાવ્યો?

નાજો—મેંતો એટલા હારૂ બોલાવ્યો કે આખી રાત મે'વરહ્યો છે તો હવે "આપણે ક્યાં આટલું?"

શવદાસ—તો માળા ભૂત! એટલું પૂછવું હતું તો મને અહીં સુધી હું કામ બોલાવ્યો? હું ત્યાં બેઠો બેઠો કહેત નહિ આતો મારાં કપડાં પલળી ગયાંને ઉતરતાં દુઃખી થયો, તેતો વાત નહિ.

નાજો—ભૂતના ભાઇ! મને હું ખબર કે તું આવો આળહુ થઈ ગીયો હઈશ?

આથી શવદાસ પોતાને નાહક ફેરો ખવરાવ્યો તે સારૂ ગુસ્સે થયો, પણ ખામોશ પકડી. પછી બંનેએ ઢોરોને ચરાવા લઇ જવાની જગા મુકરર કરી. છેવટે શવદાસ નદી ઉતરી પાછો પોતાને નેશડે આવ્યો.

કેટલાક અક્કલહીન માણસો તથા અક્કલ પારખવાની આળસ કરનારાઓ સામા ધણીને નાહકના આંટા ફેરા અને તસદી આપેછે, તેમની મૂર્ખાંઈનો ચિતાર આ વાત બતાવી આપે છે.

—❀—

વાર્તા ૮૧ મી.

આલાના મૂળગા ગયા !

આંગરોળમાં આલો નામે હજામ હતો તેણે જાત મેહેનતથી કમાઈને રૂપિઆ બસેંની મુડી કરી હતી. પણ તે સામટા ગણતા કોને આવડે! તેથી દશ વીશોની જુદી જુદી દશ કોથળીઓ કરી રાખી હતી. પ્રથમનો નમુડીઓ છતાં દશ વીશોની મુડી જોઈને આલો મગ્ન રહેતો હતો, પણ એ આનંદ ક્યાં સુધી? એટલાથી સંતોષ રહી માત્ર બીજી ઇચ્છા ન થઈ હોય ત્યાં સુધી। તૃષ્ણાનો કાંઈ પાર આવતો નથી. સો રૂપિઆવાળો બસેંની, બસેં વાળો પાંચસેની, પાંચસેવાળો હજારની, હજાર વાળો દશહજારની,, દશહજાર વાળો લાખની અને લાખ વાળો કરોડની તૃષ્ણા રાખે છે; ને એમ ચઢતી ચઢતી તૃષ્ણા કેટલે સુધી વધે તે કહેવું અશક્ય છે. અહાહા! માયાનું શું પરિબળ છે! સંતોષ રાખી જાણવો એતો કોઈ વિરલા ખરેખરા જ્ઞાન શુરાનું કામ છે, તો આલા જેવા અજ્ઞાનને વધારે મુડી કરવાનો લોભ થાય એમાં નવાઈ શી? દિવસે દિવસે તેની આશા વધતી ગઈ.

આલો મોટા શેઠીઆઓની હજામત કરવા જતો, ત્યારે તેમની સાથે તેની જાતના સ્વભાવ મુજબ બીજી વાતો કરતો

તેમાં દરેક શેઠીઆને મુડી કેટલી છે તે પ્રસંગોપાત પૂછી લેતો; તે વખત લાખો રૂપિઆની મુડીનો જવાબ મળતો તેથી તેમના જેવા શ્રીમંત થવાની ભાલાને ઇચ્છા થઈ. એક સમયે એક શેઠીઆને પૂછ્યું કે "શેઠ સાહેબ, તમારી પાસે આટલી બધી દોલત શી રીતે ભેગી થઈ!" શેઠે કહ્યું, "વેપારથી દોલત વધે છે."

ભાલાને વેપાર શી રીતે કરવો તેની ગતાગમ મળે નહિ. કોઈ શેઠીઆ વેપાર કરાવેતો તેને આધારે કરવો એવો મનસુબો રાખ્યો. પછીથી જ્યારે જ્યારે શેઠીઆઓની હજામત કરવા જાય ત્યારે પોતાનો કિસબ લડાવી ખુશ કરે અને પછી વિનવે કે "શેઠ સાહેબ, પારસમણિના સ્પર્શથી લોઢું કાંચન થઈ જાય છે, અને તમારો સંગ આટલાં વર્ષથી મારે થયાં છતાં, હું તમારો વાળંદ ગરીબ રહ્યોછું, એ થોડી નવાઈ નથી! મને આવી હાલતમાં રહેવા દેવો એમાં તમારી શોભા કહેવાય નહિ. કાંઇ પણ વેપાર વણજ કરાવી કમાવી આપશો તો જગતમાં તમારી નામના થશે અને મારાં બાળ બચ્ચાં સુખી થઈ આશીશ દેશે."

આવી વખત શેઠીઆઓ ખડખડ હસીને તેને શીખામણ આપતા કે "ભાલા, એ તારા જેવાનું કામ નહિ. વેપાર છે તેમાં લાભ પણ આવે ને ખોટ પણ જાય. ખોટ જાય તે વખત તારા ઘરનું નળીઉં પણ પહોંચે નહિ. તારી ગુંજાશ શું! માટે **હાથિના ભાર તે હાથિજ ઉપાડે!** વેપારની લત જવા દે ને તું તારો ધંધો સુખેથી કરેજા. કહ્યુંછે કે "**કરતાં હોયસો કીજીએ, અવરન કિજે ઠગ, માથું રહે શેવાળમાં, ઉંચા રહે બે પગ.**"

આવા જવાબથી તે બિચારો નિરાશ થતો હતો તે તેના લાભની વાત છતાં તેને જરા પ્રિય લાગતી નહોતી. તેને ચોક્કસ હતું કે એક વખત વેપાર કરવોજ કરવો: આ ગામમાં અમથાશા ને મફતોશા વેપારથી લાખના થઈ પડ્યા! પુંજોશા રુપિઆના ઢગલાવાળા થયા ને જુઠો સંઘવી સાચી સાખની હુંડીઓ ચલાવનાર તરીકે પંકાયા! એ બધાનું કારણ વેપારજ! વેપાર વગર હું નામનો માલો પણ નમાલો રહ્યો! અરેરે! શેઠીઆઓની આંખમાં અમી નહિ જે આ આપણો ગરીબ હજામ પણ ભલે કમાતો. મારી ઘણા વરસની ચાકરી તરફ પણ જોતા નથી. કોઈ બીજાઓની આટલી સેવા કરી હોતતો ન્યાલ કરી નાખત! ખેર બન્યું તે ખરૂં! હવેતો બીજા શેઠીઆઓને શોધવા. કોઈ પરમેશ્વરનો લાલ મળશે ને તે વેપાર કરાવશે. શેઠીઆઓનો કાળ પડ્યો નથી. આવા આવા વિચાર માલાના મગજમાંથી મટતા નહોતા. જે કોઈ વેપારીની હજામત કરવા બેસે ત્યાં એજ વાત કર્યા કરે. કેટલાક વરસ એમ વિતી ગયા પણ તેનું ગજું અને શક્તિ જોઈ સમજુ માણસ તેને વેપાર કરવાની ચોખી ના પાડતા હતા, પણ માલાનો અતિ આગ્રહ અને હઠ જોઈ એક મશ્કરા અને પેટના બળેલ વાણિઆએ તેનું બહારો બહાર કામ કાઢી નાખવા નિશ્ચય કર્યો, ને જવાબ આપ્યો કે "જો તારે વેપાર કરવો હોયતો હું કહું એમ કર:—બાદશાહનું મોટું લશ્કર આ ગામ આવવાનું છે. તેને હજુ આઠ દિવસનો વિલંબછે, એમ કાગળ આવેલ છે; તો તે વખત તાંદળજાની ભાજીનો ભાવ ઘણોજ વધી જશે. લશ્કરમાં તેની એટલી બધી ઘરાકી થશે કે તે રુપિએ શેર પણ શોધી હાથ લાગશે નહિ, માટે જે

કોઈ તેનો સંગ્રહ કરી રાખશે તે ન્યાલ થઈ જાય એવો વખત છે."

આવી રીતનું વાણિયાનું મશ્કરીનું કપટયુક્ત કહેવું આલાએ ખરૂં માન્યું. પણ મૂર્ખના સરદારે તે પર કાંઈ અક્કલ ખરચી નહિ. તુરત બજાર મધેની તમામ ભાજી પીક ભાવથી ખરીદ કરી વખારે નાખી એટલુંજ નહિ, પણ નજીકના દશ દશ ગાઉ ફરતાં તમામ ગામડાંમાં અને વાડીઓમાં માણસો મોકલી ભાજીનો મોટો જથો એકઠો કર્યો. પોતાની તમામ મુડી એમાં નાખી દીધી. ભાજીની વખારને તાળું મારી મલકાતો મલકાતો ગામમાં ફરવા લાગ્યો. તે નજર આગળ રૂપિઆનો ઢગલો દેખતો ને ફક્ત હાથ લાંબો કરી લેવાની વાર માનતો હતો. ઘરમાં બાયડીને કહે કે, "હવેતો આપણે શેઠીઆ થવાનો વખત નજીક આવ્યો છે. કોથળીને ઠેકાણે મોટા ચોપડા રાખી અસ્સાને બદલે કલમોવતી હિસાબ કિતાબ રાખીશું. આપણે તમામ રૂપિઆની ભાજીની વખારો ભરી છે. ગામ પરગામ કોઇને એ ચીજ રહેવા દીધી નથી, તો બાદશાહનું લશ્કર આવશે એટલે પછી આપણને મ્હોં માગ્યાં દામ મળશે."

ભોળી હજામડીએ તે વાત ખરી માની,તેના ધણીના સાહસીક કામને માટે તે પણ ફૂલાવા લાગી. લશ્કરને આવવાની મુદત આવી પણ લશ્કર આવ્યું નહિ,તેથી તેનો ધણી આતુરતાથી આલો રાહ જોયા કરે છે, એક દિવસ એક વર્ષ જેવડો થઈ પડ્યો ! સાંજે સાંજે આવવાના રસ્તા પર જઈ આવે પણ કોઈ જોવામાં આવે નહિ. મુદત ઉપર બે ચાર દહાડા થઈ ગયા પણ લશ્કર આવ્યું નહિ, તે જોઈ હજામ તેને ક-

હેનાર વાણિયાને ત્યાં પૂછવા ગયો તો તેણે જવાબ આપ્યો કે, '**એતો * કટકના આવળા જેવ છે.**' બે દિવસ મોડું વેહેલું પણ આવે અગર બીજે રસ્તે પણ જાય; તોના નહિ! માટે તું ધીરજ રાખ. વેપારના કામછે '**ઉતાવળે આંબા પાકે નહિ.**'

એમ કરતાં પાંચ સાત દિવસ થઈ ગયા પણ લશ્કર આવ્યું નહિ ને ભાજીતો કોહીને ગંધાઈ ગઈ તેથી ગાડીઓ ભરી બહાર નખાવી દીધી. આ રીતે નફોતો પડ્યો રહ્યો. પણ બિચારા **માલાના મૂળગા ગયા !**

અતિ લોભ તે પાપનું મૂળ છે. પોતાથી બની શકે તે કામ કરવાની હિંમત કરવી, પણ બીજા કોઇના કહેવા પ્રમાણે ચાલી સાહસિક કામ કરવાથી પરિણામ સારૂ આવતું નથી. કોઈ બીજો જે વાત કહે તેપર પોતે વિચાર કરી જોવો, અને તે કહેવું ખરૂ છે કે ખોટું, એ બાબત નિશ્ચય કર્યા પછી અમલ કરવો એજ સમજુ માણસનુ કામ છે.

વાર્તા. ૮૨ મી.

"मयादत्ता, मयापिदत्ता"

"આંદા ખરીદ કરકે લેતા!"

ભરૂચ શેહેરમાં કાયચ ન્યાંતનો એક ગૃહસ્થ કુંવારો હતો. તેણે પાંચ હજાર રૂપિઆ આપી એક કન્યાની જોડે લગ્ન ક-

* લશ્કર.

રવા ઠરાવ્યું. નીચ માબાપોએ પૈસા લઇ પોતાની દીકરીઓ-ને વેચ્યાના દાખલા હિંદુઓની ઘણી ન્યાતોમાં છે. કન્યા વેચનાર માબાપ રૂપિઆનો કાંઈ ઉધારો કરતાજ નથી. પ્ર-થમથી અવેજ લીધા પછી લગ્નનો ચાંલ્લો કરે છે. તે મુજબ આ કાયચે પણ પાંચહજાર રૂપિઆ રોકડ ગણી લીધા પછી ચાંલ્લો કરી લગ્નનો દિવસ મુકરર કર્યો હતો. પોતાની ન્યાતમાં કન્યા વિક્રય બહુ બુરૂં કામ મનાતું પણ લોભને વશ થઇ ગુપ્ત રીતે આ કામ કર્યું હતું.

પરણવા આવનાર ઘણો તુંડ મિજાજનો હતો. મુત્સદીની નોકરી કરતો, તેથી મુસલમાની બોલીની તો અટકળ પડી ગઇ હતી, કેમકે મુસલમાનોની સોબતમાં રહેવું પડતું હતું.

કન્યા વિક્રય કરનાર તરફ તેનો પુરતો ધિક્કાર હતો. પો-તાની ન્યાતમાં કન્યાની અછતને લીધે કન્યા મળે નહિ, તે-થીજ લાઇલાજે સ્વાર્થ સાધવા રૂપિઆ આપી કન્યા વિક્રય કરાવેલ હતો, પણ અંદરથી તે ઘણોજ નાખુશ હતો.

લગ્નના મુકરર કરેલા દિવસે જાન લઇ વર પરણવા આવ્યો. વર કન્યા તરફના સગાંને ન્યાતીલા ભેગા થઇને મંડપ નીચે બેઠા હતા. સ્ત્રીઓ મધુર રાગથી વિવાહનાં ઉ-ત્સવનાં ગીતો ગાતી હતી.

બ્રાહ્મણોએ વર કન્યાને જોડે બેસારી લગ્નની ક્રિયા શરૂ કરી. કન્યાનાં માબાપને કન્યાનું દાન કરવાની ક્રિયા કરવા બો-લાવ્યાં. તેઓ બંને આવ્યાં. તેમને વરકન્યા પાસે બેસારી જમણા હાથમાં જળ આપ્યું, ને બાપ પાસે **"मयादत्ता"** ને મા પાસે **"मयापिदत्ता"** બોલાવીને જળ જમાઇના હાથ

થમાં મૂકવા કહ્યું. તેમજ વરને તે જળ હાથમાં લેતાં "**પ્રતિ ગૃહ્ણામિ**" કહેવા સૂચવ્યું. વરે કહ્યું કે, "નહિ નહિ! 'મેંઇ ખરીદ કરકે લેતા!" ગોરે કહ્યું કે, "એમ કહેવાય નહિ, હું કહુંછું તેમ બોલો." વર કહે, "કેમ એમ ન કહેવાય! હું ખોટું બોલવાનો નથી. આ કાંઇ કન્યાનું દાન થયેલ નથી, પણ રૂપિઆ આપી ખરીદ કરીછે, તેથી હું કહુંછું તેમ બોલવું વાજબી છે."

આથી કરીને રૂપિઆ લઇ કન્યા વેચ્યાનું ગુપ્ત હતું તે જાહેર થયું. તેથી કેટલાકને હસવું આવ્યું; કેટલાકને કન્યા વિક્રય કરનાર માબાપનો ધિક્કાર ઉપજ્યો. પેલાં કન્યાનાં માબાપ તો સગાં સાગવાં ને ન્યાતીલાની રૂબરૂ લજવાઇ ગયાં, ને નીચું જોઇ ભોંય ખોતરવા મંડી ગયાં. વરને ગોર તરફથી ફરી કહેવામાં આવ્યુ કે, "જે હું કહુંછું તેમ બોલો." પણ તેણે તો એવું ખોટું નહિ બોલવા હઠ પકડીજ રાખી. એ રીતે થવાથી કેટલાંક અંગિત સગાંઓએ કન્યાનાં માબાપને એકાંતમાં બોલાવી સખત ઠપકો આપી કહ્યું કે, "અરે! તમે આ શું નખોદ વાળ્યું! સાત પેઢીને લાંછન લગાડી બાપદાદાનું નામ બોળ્યું! અત્યાર સુધી તો કહેતાં હતાં કે કંકુ કન્યા કરી છે. પણ આ તમારૂં પાપ એનીમેળે પ્રગટ થઇ આવ્યું! અમે તમારા દુશ્મન નથી, પણ હેતસ્વી છઇએ, તેથી ખરેખરૂં કહીએ છીએ કે, આ કન્યાવિક્રયના પાપી પૈસા ટકવાના નથી, તેથી ઉલટું દુઃખ વધશે; માટે બેહેતર છે કે રૂપિઆ તેમા પાછા આપી દેવા. એમાંજ શોભા છે." એમ સમજાવવાથી પ્રથમ કન્યાની મા પીગળી, ને પછીથી તેણે તેના ધણીને સમજાવી, લીધેલ રૂપિઆ પાછા આપવા નિ-

આય કર્યો, ને તુરત તેમ કર્યું. રુપિઆ મળ્યા પછી પેલા વરે ગોરના કહ્યા મુજબ કર્યું, એટલે કન્યાદાનની ક્રિયા પૂરી થઇ. એ રીતે પેલા કાયચે લીધેલ રુપિઆ પાછા આપ્યા, તો પણ પ્રથમ લેઇ કાળા હાથ કર્યાં એ બાબત જાહેરમાં ચર્ચા થઇ સમજુઓ તરફથી ફિટકાર મળ્યો.

આજકાલ ઘણા લોક કન્યાવિક્રય માંડી બેઠા છે. તેઓની સમજ એમ હોય કે જાણે—પાળીપોષીને છોડી મોટી કરવી એમાં નફો શું ? જો છોકરાને મોટો કરવામાં આવેછે તો તે રળી ખવરાવેછે, વંશ વધારેછે, તે સ્વાર્થ રહેલો છે; આતો "ઉજડ ગામની *જમા ભરવા" જેવું થાય છે. આથી મુસલમાનની રીત સારી છે કે, **રોટી દેવી પણ બેટી ન દેવી.** પણ આતો આપણા ઘરની પાળીપોષીને મોટી કરેલ દીકરીને (કાંઇ પણ લીધા વગર) પર ઘેર આપવી એ ઠીક નહિ! એવા નીચને બુરી મતલબ પાર પાડવા કુતર્ક કરનાર ચંડાળ માબાપોને ધિક્કછે ! ધિક્કછે એમની જનેતાને ! **પથ્થર જણ્યો હોત તો ધોબીને પણ કામ લાગત!** અરે! ઇશ્વરે જે પ્રજા ઉત્પન્ન કરીછે, તે કોઇ રીતે વેચાણ કરવા નથી ! તેમાં પણ પોતાની દીકરી—જે વહાલું પેટ કહેવાયછે, તેના તરફ આવા વિચાર કરવાથી મહા પાપના ખાડામાં પડાય છે. ધર્મ શાસ્ત્ર મુજબ માબાપની ફરજ છે કે પોતાને પેટે જે સંતાન—દીકરો કે દીકરી આવે તેને પાળીપોષીને મોટાં કરવાં. દીકરી તો હમેશાં પારકે ઘેર જવીજ જોઇએ. '**આપણી દીકરી પારકે ઘેર વહુ**' એ બોલ મશહુર છે. હવે પાળીપોષી મોટી કરવાનો

---

* પેશકશી—જમાબંદી.

બદલો—પૈસા લઇને આપવી એમ કયા ધર્મશાસ્ત્ર કે પુસ્તકમાં ફરમાન છે! ઇંગ્રેજ લોકોને ધન્યછે! જુઓ કે તેનાં પોતાનાં દીકરા દીકરી નહિ, તેમને રેળી આપે એવી પ્રજા નહિ, તેમજ તેમના દેશના વતની નહિ, તેવા દુર દેશાવરના પર રાજ્યમાં વસનારા—હબસી લોકો, જેઓને જુલમી આરબ લોકો પકડીને ઢોરાંની માફક ગુલામના ધંધા માટે વેચતા હતા, તે બંધ પાડવા દયાવંત ઇંગ્રેજ સરકારે કેટલો શ્રમ અને દ્રવ્યનો ભોગ આપ્યો છે! બાપ ચીનતો બેટો ઇંગ્લાંડ; મા એશિઆમાં તો દીકરી અમેરિકામાં; ભાઇ હિંદુસ્તાનમાં, તો બેન આફ્રિકામાં; એમ એક કુટુંબના માણસોને રૂપિયાસારૂ જ્યાં ત્યાં જબરાઇથી જૂદાં પાડતા હતા! જ્યાં વેચાઇને જતા, ત્યાં બિચારાં હમેશના જાનવરની માફક કામના બોજામાં આવી પડતાં. તેમાં ફક્ત ખાધાનું મળતું, ને જરા આછાં પાતળાં લૂગડાં, તેજ તેમની મેહેનતનો બદલો હતો. આવું નીચ કામ, માણસ જાત ઉપર ઘણી દયા બેચાવનારૂં હોવાથી, ઇંગ્રેજ સરકારે કેટલું બધું ખરચ કરી લડાઇ વગેરે કરી ગુલામીનો ધંધો અટકાવ્યો, ને હબસીઓને સદાની સ્વતંત્રતા બક્ષી! એ દાખલો સાંભળીને તમારૂં હૃદય કેમ પીગળતું નથી? વજ્ર જેવું હૈયું કેમ ફાટી જતું નથી! જુઓને પૈસાના લોભથી ખરડાખખ જેવા ડોસાને બાળકી આપોછો! અરે! મડદા જોડેજ પરણાવોછો! પૈસાના લોભથી દૂરદેશાવર આપોછો! પૈસાના લોભથી કજોડું જુઓછો! અને પૈસાના લોભથી માંદા કે સદાના ખોડવાળા પુરૂષોને પણ પોતાની છોડી વેચોછો! ઘણી જગોએતો સમજણી છોડીઓનાં કલ્પાંત સાંભળી કેમ કાન બેહેરા કરોછો! હાથેવાળાની ના પાડનાર છોડીને ઊંચકીને જા-

સ્ત્રીથી પરણાવવા કેમ હાથ લાંબા ધરોછો? અરે! રામરામ!! બિચારી બાળકીનાં સુખ કે દુઃખ સામુંતો કાંઇ જોતાજ નથી! યાદ કરી જુઓકે, એવો રક્ત વેચાણનો પૈસો કોણે ભોગવ્યો છે! એવા પૈસા ભેગા કરનાર કોણ સુખી થયો છે, ને કોણ મોજમજા ભોગવે છે! એવો એક પણ દાખલો મળી આવવો કઠણ છે. પણ એ પૈસાથી બૂરી હાલતે પહોંચીને નિર્વંશ થયેલા, સદા ખાટલે પડીને ખવાયેલા, અન્ન અને દાંતને વેર થયેલા, ચોર લૂંટારાના પંજામાં સપડાએલા, કમોતે મૂએલા, એવા દાખલા કન્યા વિક્રય વાળાના હજારો મળી આવશે. હરામના પૈસા આવ્યા પછી ઉદ્યમ નાશ પામે છે, આળસ વધે છે, ખરચ વધતું જાય છે, ને એમ બિચારી નિર્દોષ બાળકીના ઘરના પૈસા જ્યાં ત્યાં વપરાઇ જાય છે. છેવટ 'અલ્લા એક બદામ' થઈ રહેછે, માટે કન્યા વિક્રય કરવો નહિ. તેમ કરનારો પોતાનો સગો વહાલો, કે મિત્ર હોય, તોપણ તેને આ વાતમાં કહ્યા મુજબ ખાસડાં મારી ધિક્કારવો, ને કન્યા વિક્રય અટકાવવો એ સમજુનું કામ છે. એવી સારી સલાહ આપનારાને હજારવાર બલીહારી છે!

વાર્તા ૮૩ મી.

પટેલકી જોરૂને તલ ચોર કર ખાયા, યે બાત પાડા કહેસો માનીઓ મત.

એક ભોજો પટેલ કરીને નાના ગામડાનો પટેલ હતો. પટલાણીનું નામ રાધા હતું. પટેલ પોતાની ખેતીવાડીનું કામ ઉલ્લાસથી કરીને કાળ ગુજારતો હતો. પટલાણી ઘરઆગળ-

નું, ઢોરાં ઢાંખર બાંધવાં, છોડવાં, ખડ પાણી નીરવાં, અને રાંધવા સીંધવાનું કામ કરવામાં આખો દિવસ ગુંથાએલી રહેતી.

પોતાના ખેતરની નિપજના થોડા તલ આવ્યા હતા તે પટેલ ઘરમાં રાખી મૂક્યા હતા. તે તલ બહાર કાઢી એક વખત પટલાણી ખાતી હતી, એવામાં કોળીમાં બાંધેલ પાડું તેના સ્વભાવ પ્રમાણે આરડ્યું. પટલાણી પટેલથી છાના પૂછ્યા ગાછ્યા સિવાય તલ લઈ ખાતી હતી તેથી બિચારી ભોળી ભડુકને ઉગી આવ્યું કે "પાડે આ વાત જાણીછે તે રખેને કોઈને કહી દેશે તો મારા વિષે ઘરમાંથી છાનું ચોરી ખાનાર તરીકે લોકોને હલકો વિચાર આવશે ! અરે ! પછીતો આ જીવતર શા કામનું !" તેથી તે બાબતના ઈલાજની તજવીજમાં તે પડી.

પટેલને આવવાના વખત ઉપર મોઢું ચડાવીને તોબરા જેવું કર્યું! તેને આવતો દેખી આડું જોઈને બેઠી! પટેલ આવી પાણી માગ્યું પણ સાંભળેજ કોણ ! તેનો બાપ ! પટલાણીને બોલાવા લાગ્યો તો બહુ વારે જવાબ દીધો કે, "તમારૂં કાંઈ ઠેકાણુંછે? આ આજ કાલનું પાડું તે પણ મારી મશ્કરી કરવા શીખ્યું ! મારેતો આ ઘરમાં રહેવું પાલવવાનું નથી. તમારે ગમેતો પાડાને રાખો ને કાંતો મને રાખો ! કાંતો પાડું નહિ કે કાંતો હું નહિ ! "

પટલાણીનાં આવાં જુસ્સા ભરેલાં-આકરાં વચન સાંભળવાપરથી પટેલ ડરી ગયો ને ગુસ્સે થવાનું કારણ ધીમે ધીમે પૂછવા લાગ્યો. પટલાણી આંખો ફેરવી બોલીકે, "આજે ત-

મારા ગયા પછી તલ સાફ કરતાં કરતાં બેહાણા મ્હોંમાં નાખ્યા, કે તરત મુઆ પાડાએ આરડી મારી ફજેતી કરવાનું કર્યું! એ આજ કાલનું પાડું મારી ફજેતી કરનાર કોણ! હું ઘરધણીઆણી છઉં! તલ ખાધા તો મારા ધણીના ખાધા! એમાં એના બાપનું શું લીધું! તમને કહે એની તો ફિકર નહિ, પણ કોઈ બીજાને મોઢે કહેતો લોકો તલ ચોરી ખાધાનું માને; તેથી મારી આબરૂ અને સાખવટને બટ્ટો લાગે, માટે એ મારી ફજેતી લૂટાવનાર પાડાને અહીંથી કાઢી મૂકો. બસ મારે ઘેર નહિ."

પટેલ—આપણે જો અહીંથી તેને બહાર કાઢી મૂકશું તો રીસનું બળ્યું બધે ફજેતી કરશે. માટે કાઢી મૂકવું એ ઠીક નહિ.

પટલાણી—હા. તમારે તો ઠીકજ છે તો, હાલ પણ આપણે ઘેર છતાં બીજાને મોઢે કહીને ફજેતી કરશે તો તેને કોણ ના કહેનાર છે?

પટેલ—અરે! તું ફિકર મૂક. ભલેને પાડું બધાને કહેતું ફરે, પણ કોઈ માનેજ નહિ એવો સારો ઈલાજ મારી પાસે છે. હું ગામનો પટેલ છું, એટલે મને કાંઈ વાર નથી.

આમ બોલી તુરત પટેલે હવાલદાર પાસે જઈને તે વાત કરી, એટલે પટેલના આગ્રહ મુજબ હવાલદારે ભંગીઆને બોલાવી સાદ પાડવા હુકમ કર્યો કે, "પટેલકી જોરૂને તલ ચોર કર ખાયા, યે બાત પાડા કહે સો માનીઓ મતા" ભંગીઆ એ મુજબ ગામમાં દાંડી પીટી સાદ પાડી આવ્યો.

આથી પટલાણી ખુશી થયાં કે હવે ઠીક થયું. મારું પીટ્યું ભલેને બધે કહેતું ફરે! પણ હવે તેનું કહેવું માનશે કોણ!

ગામના લોકો વાત જાણતા નહોતા તેમણે તે વાત જાણી અને પટેલ પટલાણીની મૂર્ખાઇને હસી પડ્યા.

આ વાત પોતાની છુપી બિના જાહેરમાં મૂકનાર મૂર્ખનો ચિતાર બતાવે છે.

વાર્તા ૮૪ મી.

લપોડ શંખ લાખ તો કહે લેને સવા લાખ!!!

એક શીતળદાસ સાધુની પાસે નાની શંખલી હતી. તેની રોજ તે સેવા પૂજા કરતો હતો. હમેશાં તે શંખલી સવા વાલ સોનું આપતી હતી, તે વડે તે સાધુ પોતાનો ગુજારો ચલાવતો હતો.

એક વખત એક અડબંગદાસ કરીને સાધુ આવી ચડ્યો, તેની પાસે એક મોટો સુશોભિત શંખ હતો, તેનું નામ લપોડ શંખ હતું, તેની સેવા પૂજા કરીને શંખને પૂછે કે કેમ! "લપોડ શંખ લાખ! તો કહે લેને સવા લાખ!!" એમ સારો ઉત્તર આપતો હતો. પણ વખત આવે ત્યારે કાંઈ આપવા કરવાની બાધા હતી. એના નામ જેવાજ એનામાં ગુણ હતા, પણ જેને અનુભવ હોય તેજ તે જાણે. બીજાતો એની બોલી સાંભળી તે ઉપર મોહિત થઈ જતા.

આ શંખની ખબર ઉપરના શંખલી વાળા સાધુને થવાથી તેનું મન ફર્યું. અરે, સવા વાલ સોનું આપે તેવી શંખલીને તે કોણ રાખે! અહો જીવ! હું પણ અભાગ્યો! જો મોટો શંખ

હોય તો તે ન્યાલ કરી નાખે! આ શંખલીથી કાંઈ પુંજી થવાની છે! એવી રીતના વિચારથી શીતલદાસ લોભાયો. લોભ બડી ભૂરી ચીજ છે. અડબંગદાસની પાસે જવા આવવાનું રાખ્યું ને એક વખત લાગ જોઈ શંખલી મૂકી લપોડ શંખ ઉપાડી ચાલતો થયો. અડબંગદાસને તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો! તેથી ખુશી થયો. શીતળદાસ હરખાતો હરખાતો લપોડશંખ લઈને ઘેર ગયો. શંખને પોતાની સન્મુખ મૂકી કહેવા લાગ્યો કે "અહાહા! આ શંખ શું શોભિતો છે! તે કેવો સુંદર છે! પેલીતો નાની શંખલી તે શા કામની! આના શંખ વિના કાંઈ દારિદ્ર જવાનું છે!" એમ કહી નાહીને શંખની પૂજા કરી છેવટ માગ્યું કે, "લાવ લપોડ શંખ લાખ" તો શંખ બોલ્યોકે "લેને સવા લાખ."

"લાવ સવા લાખ!"
"લેને બે લાખ!"
"લાવ બે લાખ!"
"લેને ત્રણ લાખ!"

આમ શંખનું બોલવું વધતું જતું જોઈ શીતળદાસજીને વધારે ખુશાલી થઈ, ને વધારે માગણી જારી રાખવામાં લાભ છે એમ સમજી કહેવું જારી રાખ્યું:—

"લાવ ત્રણ લાખ!"
"લેને ચાર લાખ!"
"લાવ ચાર લાખ!"
"લેને પાંચ લાખ!"

આવી રીતે દશ લાખ સુધી શંખે કહ્યું તે સાંભળી શીતળદાસજી ઘણો ખુશી થયો. અધધધ! આટલા બધા રૂપિઆ

મળવાના ! હવે આપણે શી કમી છે ! પણ વધારે રકમ મોટાની સાંભળવા કરતાં રુપિઆની ઢગલી નજરથી જોવાને તેનું મન વધારે ટમ ટમી રહ્યું, તેથી કહ્યું કે "જસબસ! હવે એ રુપિઆ આપ ?"

શંખ—રુપિઆ આપવાની વાત શી !

શીતળદાસ—આ તું રુપિઆ આપવાનું મ્હોંથી કહેછે તે લેવા તૈયાર છું માટે લાવ.

શંખ—હું તો ડપોડ શંખ ! કહું પણ આપું નહિ; માટે જે માગવું હોય તે માગ ! પણ મળવાની વાત સમજતો નહિ ! ! !

આ સાંભળી શીતળદાસજી સ્તબ્ધ થઈ ગયો, ને પોતાની શંખલી જે સવાવાલ સોનું આપતી હતી તે ખોવાનો ઘણો પસ્તાવો કર્યો.

લોભ બુરી ચીજછે અને કરે તેવું પામે એ બતાવવાનો આ વાતનો હેતુ છે.

વાર્તા ૮૫ મી.

मम गुरुः कूपे पतितः धावन्तु लोकाः

એક શિષ્ય ગુરુની પાસે ઘણી મુદતથી શાસ્ત્રનો અભ્યાસ કરી સંસ્કૃત સારી રીતે શિખ્યો હતો. પોતાને સંસ્કૃત આવડે છે એમ બતાવવાની એક તરફથી અપેક્ષા પૂરી હતી, તેમાં વળી ગુરુનો હમેશાંનો બોધ એજ હતો કે બોલવા ચાલવાનો વ્યવહાર ગિરવાણ ભાષામાં રાખવો. ગિરવાણ તે દેવવાણી છે. પ્રાકૃત

ભાષા નિષેધ છે, તે યાવની ભાષાથી ભેળભેળ છે. યાવની ભાષાતો કંઠે પ્રાણ આવ્યો હોય તોપણ બોલવી નહિ, એમ શાસ્ત્રની આજ્ઞા છે, માટે બ્રાહ્મણના દીકરાને સંસ્કૃત ભાષા વાપરવી યોગ્ય છે.

ગુરૂના બોધ મુજબ શિષ્યે બોલવા ચાલવાના ને લખ-વાના પ્રસંગમાં સંસ્કૃત ભાષા વાપરવા માંડી. તેને ગુરૂ સિવાય બીજા લોકો જોડે પ્રસંગ થોડો પડતો હતો, કેમકે વિદ્યાર્થી અ-વસ્થામાં તે હતો; તેથી પ્રાકૃત ભાષા વગર અડચણ ક્વચી-તજ આવતી.

ગુરૂને કાંઈ કારણસર પરગામ જવાનું હોવાથી શિષ્યને સાથે લીધો. રસ્તામાં ગુરૂને તૃષા લાગવાથી એક કૂવાપર જ-ઇને માંહિ પાણીની તપાસ કરવા માંડી. ગુરૂ કૂવામાં નજર કરવા જાય ત્યાં અકસ્માત રીતે ખસી જવાયું, તેથી માંહિ પડી ગયા. આજ્ઞાંકિત સેવક બહાર હતો તે ગભરાઈ ગયો, ને બૂમો પાડવા લાગ્યો કે, **"मम गुरुः कूपे पतितः धावन्तु लोकाः"** એમ સંસ્કૃત ભાષામાં કેટલીક બૂમો પાડી તે પાસેના ખેતરોમાં કામ કરનાર ખેડુતોએ સાંભળી તો ખરી, પણ તે બિચારા તેનો અર્થ સમજ્યા વિના શી રીતે આવે! ગુરૂની આજ્ઞા પ્રાકૃત ભાષા બોલવાની નહોતી, તેથી પ્રાકૃત ભાષા બોલે તો ગુરૂની આજ્ઞા ભંગ કરવાનો દોષ બેસે!

ગુરૂતો એકદમ પાણીમાં ડૂબવાને તળીએ ઉતરી ગયા, પણ તેમને પાણીએ ઉછાળો મારી ઉપર આણ્યા; તે વખત તેમને તરવાની યુક્તિ થોડી થોડી આવડતી હતી તે કામે લગાવી, એટલે પાણીની સપાટી ઉપર મોઢું રાખી શક્યા. ઉપરથી

શિષ્યની બુમો સંસ્કૃત ભાષાની સાંભળી વિચાર થયો કે આ ભાષાથી કોઈ લોકો આવી ભેગા થઈ શકશે નહિ, ને આખર મારે મૂંઝાઈ મરી જવું પડશે. વળી શિષ્યને તે બાબતનો કાંઈ વિચાર નથી, કે લોકો એ બોલવું સમજી શકશે નહિં. તેથી તુરત માંહેથી હાક મારી કે, **"यावत् समयः तावत् विधी"** (જેવો સમય હોય એમ ચાલવું.) એટલી સૂચના કરવાથી શિષ્ય સમજી ગયો ને પ્રાકૃતમાં બુમો મારી કે, "મારો ગુરૂ કૂવામાં પડી ગયેલ છે માટે દોડજોરે લોકો" આ સાંભળી તુરત ખેતરના ખેડુતો દોડી આવ્યા ને ગુરૂને બહાર કાઢ્યા.

આ વાત માત્ર કહેલું કાર્ય કરનારા, પણ પોતાની અક્કલથી સમયને અનુસરીને નહિ વર્તનાર લોકોના દાખલા તરીકે બોલાય છે.

હમેશાં શાસ્ત્રની, કે ધર્મ સંબંધી જે આજ્ઞાઓ છે તેમાં દેશ, કાળ ઇત્યાદિ જોઈ વર્તવાનો અપવાદ મૂકેલોજ હોય છે, એ ધ્યાનમાં રાખવાનું છે.

વાર્તા ૮૬ મી.

घृता धारे पात्रं ? किंवा पात्रा धारे घृतं ?

એક પરભો કરીને વિદ્યાર્થી નાના પ્રકારના વિદ્યાભ્યાસ કરતો હતો. એક વખત તેના શિખવામાં આકર્ષણ વિષયની વાત આવી. આકાશમાં ચંદ્ર, સૂર્ય અને લાખો તારાનું મંડળ દેખાઈ રહ્યું છે, તે સર્વ અદ્ધર કેમ કરી રહેલા છે ? શા માટે

જમીન ઉપર પડી નથી જતા? વળી આપણે રહીએ છીએ તે પૃથ્વી પણ શા આધારે (થાંભલા વગર) રહે છે! તેનો વિચાર કરતાં આકર્ષણ શક્તિ ઉપર વાત આવી. સર્વ પદાર્થને આકર્ષણ શક્તિ વળગેલી છે, તેથી એક બીજા અદ્ધર રહી શકે છે. આવી વાત તેના મનમાં ઉપલક રીતે ઠશી ગઈ હતી. આ વાત કારણો સાથે શીખવવામાં આવેલ તે મુજબ તેના મગજમાં ઉતરેલું નહિ, અને તેથી ખરી રીતે સમજ્યા વગર ખોટા ડોળથી સમજણ પડ્યાનું માની લીધું હતું. હવે તેને એ અચંબા ભરેલ વાત યાદ રહી, તેથી હાલતાં ચાલતાં કાંઈ ચીજ જોવામાં આવે કે તેના ઉપર આકર્ષણ શક્તિનું યાદ લાવે. અરે! આ તે શા આધારે રહેલ હશે! એમ તજવીજ કરેજ કરે. પણ ખરી રીતનું પરિપક્વ જ્ઞાન એ સંબંધીનું નહિ હોવાથી ભાંગાખોખરા વિચારથી સમાધાન કરી સંતોષ માને.

એક વખત કોઈ ગૃહસ્થ તરફથી પરભા વિદ્યાર્થીને શેર ઘીનું સીધું મળ્યું, તે વાડકામાં લઈને મુકામપર આવતો હતો. રસ્તામાં વિચાર થયો કે, "**घृता धारे पात्रं? किंवा पात्रा धारे घृतं?**" અરે આ તે ઘીને આધારે વાસણ છે કે વાસણને આધારે ઘી રહ્યું છે? એ સવાલ નક્કી કરવો જોઇએ! વાસણને આધારે ઘી રહેલ છે એતો નજરે જોયાથી માલમ પડે છે, પણ ઘીને આધારે વાસણ છે કે કેમ, એ મોટી શંકા છે. માટે લાવને અજમાવી તો જોઉં કે તેનો નિશ્ચય થાય! એમ વિચારી પોતાના હાથમાંનું વાસણ ઊંધું નમાવ્યું કે ઘી તુરત નીચે ઢળી ગયું! ખાલી વાસણ હાથમાં રહી ગયું. અરે!

આતો નુકશાન થયું ! પણ ધીના આધારે વાસણ નથી, એ નક્કી થયું. તે નવી શોધનો બધો વૃત્તાંત હરખાતો હરખાતો જઈ ગુરૂને કહ્યો. ગુરૂ તેની મૂર્ખાઈ સામું જોઈને હસી પડ્યા.

કાંઈ પણ અધુરૂં શીખ્યાથી તેનું પરિણામ સારૂં થતું નથી. એ વાત સૌ કોઈના જાણવામાંછે. અધુરો ઘડો છલકાય, એટલે ઢળી પડે, તેમજ અધુરૂં શીખેલ પણ છલકાય ને નુકશાન કારક થઈ પડે.

વાર્તા ૮૭ મી.

વાંકો પણ આંકો હેની, !!!

એક ટેકચંદ કરીને મારવાડી વેપારી હતો. તે વ્યવહારનો પૂરો હતો, સારી શાખ રાખવા શૂરો હતો. આથી તેની લાજ આબરૂ સારી હતી. તે એક વખત ઘણે દૂર દેશમાં વેપાર અર્થે ગયો. ત્યાં આગળ ભજામણ ઉપરાંત રૂપિઆનો માલ લીધો, તેથી વધારાના રૂપિઆની તેને જરૂર પડી; પણ તેની પીછાનવાળું કોઈ નહોતું તેથી રૂપિઆ શીરીતે મેળવવા તે પંચાતીમાં ટેકચંદ પડ્યો. ખૂબ વિચારથી તેણે રૂપિઆ મેળવવા યુક્તિ શોધી કાઢી, એક શાહુકારને ત્યાં જઈ જાહેર કર્યું કે "અમે પરદેશથી માલ વોહોરવા આવ્યા છીએ ને માલ પણ લીધો, પણ થોડા રૂપિઆ તુટેછે તે તમે અમને ધીરોતો મોટી મેહેરબાની થશે. દેશમાં ગયા પછી તુરત તમારા રૂપિઆ વ્યાજ સહીત મોકલાવી દઈશું."

સાહુકાર—તમે શા ઉપર રૂપિઆ માગોછો?

ટેકચંદ—મારી શાખ, ટેક અને વેહેવાર ઉપર રૂપિઆ માગું છું.

સાહુકાર—તમારી શાખ અને વેહેવાર કેવોછે એ અમને માલમ નથી, માટે કાંઇ ખાત્રી આપવી જોઇએ!

ટેકચંદ—શેઠજી, તમારે જે ખાત્રી જોઇતી હોય તે કરી લો.

સાહુકાર—મારે તમારી મૂછનો એક વાળ આપો.

ટેકચંદ—(મૂછનો એક વાળ તોડી આપી) લ્યો, શેઠજી, આ વાળ સાચવીને રાખી મૂકજો; તમારા રૂપિઆ મોકલાવી પાછો મંગાવી લઇશ.

સાહુકારે તેની ટેક અને વ્યવહારની પરીક્ષા કરવા સારૂ ઉલટાવીને કહ્યું કે "શેઠજી, આ વાળતો વાંકો છે, માટે બીજો સીધો આપો!!"

ટેકચંદ—"(વાંકો પણ માંકો હેની!!)" વાંકોતો ખરો પણ એ મારો છેકે નહિ? જો કે રૂપિઆ તમે વાળને આપતા નથી પણ મને આપોછો, તો મારો વાંકો કે સીધો વાળ છોડાવવાની મને પૂરી કાળજી હોવી જોઇએ, માટે બીજો તો નહિ મળે. તમો સાહુકાર થઇને મૂછના વાળની પરીક્ષા જો સમજતા હશો તો રૂપિઆ આપવા આનાકાની કરશો નહિ, પછીતો તમારી નજર પહોંચે તેમ કરો!

શાહુકારે આથી તેની ટેક ઉપર ફીદા થયો, ને અમુક વ્યાજ ઠરાવી માગેલ રકમ આપી, મૂછનો વાળ લઇ ડાબલીમાં રાખ્યો. ટેકચંદ તે રૂપિઆ લઇ ચાલતો થયો. કેટલેક દહાડે પોતાને વતન પહોંચ્યા પછી તમામ વ્યાજ સહીત રૂપિઆ સાહુકારને મોકલી વાળ પાછો મગાવી લીધો.

આ હકીકત દેશપરદેશ જાહેર થઇ. તે સાંભળી એક બીજા મારવાડીના મનમાં ઘણો અચંબો થયો. તેણે વિચાર્યું કે વાળ ઉપર રૂપિઆ મળેછે, એતો મોટા ફાયદાની વાત છે. આપણો જન્મારો વહી જશે પણ સામટી રૂપિઆની રકમ ભેગી થવાની આશા નથી; માટે વાળ ઉપર રૂપિઆ લઇ આવીએ તો સદાની નિરાંત. એમ ધારી તે પેલા સાહુકારની દુકાન ઉપર જઈ કહેવા લાગ્યો કે, "શેઠજી, મને રૂપિઆની જરૂર છે. માટે આ મૂછનો વાળ લાવ્યોછું તો તે ઉપર રૂપિઆ આપો."

સાહુકાર—ઠીક, આ વાળતો વાંકો છે, માટે બીજો વાળ આપો.

મારવાડી—એ વાંકો હોયતો પડયું રહ્યું! લ્યો, આ બીજો! (એમ કહી ચડપ બીજો વાળ આપ્યો.)

સાહુકારે તે વાળને પણ વાંકો કહી ત્રીજો માગ્યો. એમ એક પછી એક મૂછમાંથી વાળ મારવાડી તોડતો ગયો ને સાહુકારને આપતો ગયો. સાહુકાર વાંકો કહી બીજો બીજો માગતો ગયો. એમ કેટલીક વાર બન્યા પછી મારવાડી કહેવા લાગ્યો કે, "ભાઇ, હવે આટલા વાળ આપ્યા તે બધાને વાંકા કહોછો, તો એક નહિતો બધા રાખીને તમે રૂપિઆ આપો."

સાહુકાર—બધા વાંકા વાળ છે, માટે હું આપવાનો નથી. સીધોવાળ લાવે તો આપુ.

મારવાડી—વાળતો બધા વાંકા નાકળે જાય છે, સીધો વાળ હોય એમ લાગતું નથી, તો તેવો વાળ ક્યાંથી લાવું?

સાહુકાર—તેં સીધાવાળ માટે ફાંફાંતો ઘણાં માર્યાં! હું રૂપિઆ આપત તે કાંઈ સીધા વાંકા વાળની કિંમત જોઇ

આપત નહિ; અથવા તો તું રૂપિઆ પાછા ન આપે તો વાળ વેચીને રૂપિઆ ઉપજાવવા, એવા ઇરાદાથી પણ નહિ. આતો ફક્ત ટેક અને વ્યવહારની પરીક્ષા કરવા માટે રાખવાનો હતો; પણ તને કાંઇ પણ પોતાની ટેક વ્યવહાર કે શાખનું ભાન નથી, તુંતો જાણેછેકે આ રૂપિઆ ફક્ત વાળ આપ્યો એટલે બસ! આપણે આપવા પડવાના નથી; તારા જેવા માણસ જેને મૂછની કાંઈ દરકાર નથી, તેને રૂપિઆ ધીરવા તે ખોવાને માટે છે. માટે જાઓ! રસ્તો પકડો! ને ધંધો કરી રૂપિઆ મેળવો!

મારવાડી બિચારો વીલે મોઢે ઘેર ગયો.

આ વાત વ્યવહારની આંટ બરોબર સાચવનાર, ખરા સાહુકારની વાતના પ્રસંગમાં બોલાય છે.

માણસ પોતાનું વચન, મોભો ને આબરૂની ટેકમાં રહ્યાથી તે કિંમતવાન ગણાય છે. તેને હજારો રૂપિઆ જોઇતા હોય તો મેળવી શકે છે; પાસે થોડા પૈસા છતાં હજારોનો વેપાર કરી શકે છે; પણ તેથી ઉલટા ગુણ વાળાને કોડી પણ મળતી નથી.

વાર્તા ૮૮ મી.

ભગત કહેછે ભગતાણીને, સાંભળ મારી વાણી;
ત્રણ બોલાવ્યા ને તેર આવ્યા, તો દેદાળમાં પાણી.

એક ગડબડદાસ નામે સાધુ ઠાકર દ્વારો બાંધી રહેતો હતો. તેના મંદીરમાં એક સાધુડી અને એક છોકરો રહેતાં. એ ત્રણેને તે ગામના એક દાના ભગતે જમવાનું નોતરૂં દીધું.

ભગતના ઘરમાં તો ભૂખનો વાસોજ હતો. પોતે ભગત કહે-વાય એટલે ડાહી ડાહી વાતો તથા નકામા વિવાદ કરી પોતાની શ્રેષ્ઠતા બતાવવામાં પાછીપાની ધરે નહિ. કાંઈ ધંધો ઉદ્યમ કરવો નહિ તેથી પોતાના છોકરાં પણ કોઈ વખત રોટલાસારૂ રોતાં હતાં. એ રીતે ભગતના છોકરાં ભૂખે મરે, ને સાધુને નોતરાં એ મુશ્કેલ કામ હતું, પણ જશના ભુખ્યા દાના ભગતે પોતાની તંગ હાલત સામું નહિ જોતાં ગડબડદાસ સાધુને જમવાનું નોતરૂં દઈ દીધું હતું.

ભગતાણીએ રસોઈ કરવા માંડી. ચૂલે દાળ મૂકી એટલે સાધુ, સાધુડીને છોકરો ત્રણે જણાં ભગતને ઘેર આવી ભ-જન ગાવા બેઠાં. તેમનાં ભજન સાંભળી બીજા દશ સાધુઓ આવી સામેલ થયા. ભગતનું નામ મોટું એટલે બારણે આવ્યા-ને આવકાર આપ્યા વગર ચાલેજ નહિ. ભગતાણીને ફિકર થઈ કે આ બધા બેઠા છે તેને જમવાનું કીધા વગર ભગત રહેનાર નથી, ને દાળતો ફક્ત ત્રણ સાધુ અને ઘરનાને થાય એટલીજ ચૂલે ચડાવી છે, તેથી હવે શું કરવું? તે ભગતને ભગતાણીએ ધીમેથી પૂછ્યું. ભગતે કહ્યું, “દાલમાં પાણી પુ-ષ્કળ નાખજો એટલે થઈ રહેશે.”

ભગતાણીએ તે મુજબ કર્યું. તૈયાર થઈ એટલે સઘળા સાધુ જમવા બેઠા. દાળ પીરશી તો દાળમાં કોઈ જબરો ડુ-બકી મારનાર હોય, પણ તેનાથી એક દાણો હાથ લાગે એમ નહોતું. તો પછી હાથ નાખી ખોળવા જાયતો મેહેનત ફોકટ જાય એમાં નવાઈ શેનીજ! હાથમાં પાણી માત્ર આવવા લાગ્યું.

આ ઉપરની બધી વાત એક સાધુના જાણવામાં આવી હતી તેથી તેણે શાખી કહી કે,

ભગત કહેછે ભગતાણીને, સાંભળ મારી વાણી;
ત્રણ બોલાવ્યાને તેર આવ્યા, તો દે દાળમાં પાણી.

કાંઈ ખરૂં ને ખોટું મિશ્ર કરી ખરાની માફક ચલાવવાનું હોય તે પ્રસંગમાં "દેદાળમાં પાણી" એ કહેવત વપરાય છે.

વાર્તા ૮૯ મી.

બહુ *તાંતણે બળીશું.

ભૂજ નગરમાં એક ચોર એક વાણિઆના ઘરનું છાપરૂં ફાડી રાતને વખત ચોરી કરવા પેઠો. વાણિઓ તેને જોઇને ગભરાયો તો ખરો પણ ચોર આવ્યો તે દયા ખાઇ, લીધા વિના પાછો ચાલ્યો જવાનો નથી એમ સમજીને એક યુક્તિ રચી. વાણિઓ તુરત ચોરની પાસે ગયો અને ઘણોજ કૃત કૃતાર્થ થયો હોય એવો ડોળ કરીને કહેવા લાગ્યો કે, "અરે, તમે તો મારા મોટા દેવ છો. એકાએક અંતરિક્ષથી આવી દર્શણ દીધું તેથી હું ઘણોજ પ્રસન્ન થયો છું. આજનો દિવસ મારે દીવાળીથી અધિક છે. ધન્ય ઘડી! ધન્ય દહાડો! જે આપનાં મને દર્શણ થયાં! મારા કોટી જન્મનાં પાપ નાશ પામ્યાં!" આમ અનેક તરેહનાં સ્તુત્ય વચનોથી ચોરને રંજન કરી નાખ્યો. વાણિઆનું કપટ ચોરના સમજવામાં આવ્યું નહિ. તેણે વાણિઆનું સઘળું કહેવું ખરા અંતઃકરણનું છે એમ માન્યું; ને ઉલટો વાણિઆની મૂર્ખાઇને મનમાં હસવા લાગ્યો.

---

* ત્રાગડાએ—દોરાએ.

ચોરની ચારે તરફ પ્રદક્ષિણા કરી હાથ જોડી પગે લાગે કુદે અને હસે. એ પ્રમાણે અનેક ઢોંગ વાણિઆએ કર્યા. તે ની ખાતરી થઇ કે ચોર ખરેખરો રંજન થયો ને ભોળવાયો છે એટલે તેને સપડાવવાની યુક્તિ લાંબો વિચાર કરી શોધી કાઢી તેની બાઇડીને જગાડીને કહ્યું, "આપણે ઘેર પ્રભુજી પધાર્યા છે, માટે કંકાવટીમાં કંકુ પલાળી, ચોખા, ધૂપ, સાકર વગે પૂજાની સામગ્રી લાવ."

બાઈડીએ સઘળી સામગ્રી રજુ કરી, એટલે વાણિઆ એ ચોરને કપાળે કંકુનો ચાંલ્લો કર્યો, ચોખા ચોઢ્યા, ધુપ દી કરી નૈવેદ્ય મૂક્યું, અને કહ્યું, "મહારાજ, મારે એકસો આ પ્રદક્ષિણા ફરવાની ઇચ્છા છે, તે પૂરી કરવા દો." એમ કહ ઘરમાં કાચા સૂતરની ફાળકીઓ ઘણી હતી તેમાંથી એકન તાંતણાનો છેડો હાથમાં લીધો, ને ચોર થાંભલાની પાસે ઉભ હતો, ત્યાં આગળ ચોરને થાંભલા સાથે વીંટળાય એવી રીતે ફેરા ફરવા લાગ્યો. એક ફાળકી વિંટાળી રહ્યો એટલે વાણિ આના પગમાં જોર આવ્યું, તેથી બીજી ફાળકી વિંટાળ વિંટાળતો બોલવા લાગ્યો કે, "**બહુ તાંતણે બળીયુ, બહુ ત તણે બળીઆ!**"

આમ કરવાથી ઘણા કાચા તાંતણા વિંટાયા, તેથી જા દોરડા વતી બાંધ્યો હોય તે મીસાલે ચોર થાંભલા સાથે સ જ્જડ બંધાઇ ગયો, ને ત્યાં સુધી વાણિઆનું ભોળપણ સ નાં હસતો હસતો જોઇ રહ્યો. આખરે વાણિઓ સુતર વં ટવું બંધ કરી બેઠો, એટલે ચોરે કહ્યું, "હવે તારી પૂજા પૂ થઇ હોય તો આ બધું ઉખેળી નાખ." વાણિએ કહ્યું, " તો હવે ચોકી વાળા આવી છોડશે, મારાથી છુટે નહિ!" ચ

ર ઘણો ઝંખવાણો પડીને છુટવાના કાલાવાલા કરવા લાગ્યો. વાણિઆએ કહ્યું, "અમને વાણિઆ ભાઇને હજી નહિ ઓળખતો હોય? અમે તો ટાઢે પાણીએ કાસળ કાઢી નાખીએ એવા, માટે કાંઇ બોલવુંજ નહિ. હવે તો ચુપ રહેવું." થોડે વારે ચોકી વાળા નીકળ્યા, તેમને બોલાવી વાણિઆએ ચોરને સોંપી દીધો.

આ વાત એકત્રપણાની શ્રેષ્ટતા બતાવી આપે છે. જો ગમે તેવું નિર્માલ્ય પદારથ છૂટક છૂટક હોય તે વખત તે નકા ગણાતું હોય, પરંતુ તેવા પદાર્થનો ઘણો સમુહ થવાથી બ સત્તાવાન થઇ ઉપયોગી થઇ પડે છે.

વાર્તા ૯૦ મી.

ચડજે રોટલા છ માસ! તો કે' બેસ જીવ બાર માસ!

ધામાજી કરીને એક ભવાયો હતો, તે પોતાના જજમ નમાં માગવે ઘણો હુશીઆર હતો. જન્મમાં જેને કદી જો ન હોય એવાની પાસેથી તથા પથ્થર જેવા પાસેથી પૈસા ડાવે. રસ્તામાં ચાલતાં ઘરધણી સામુ જુએ કે જાણે ઘણ દિવસની ઓળખાણ હોયની! તેમ તુરત અટકીને ઉભો ર તે જોઈ જો કોઈ વિવેકી માણસ હોય તો આવકાર અ એટલે ધામાજી ધામો લગાવીજ દે. કહ્યુંછે કે "સામું જુ ત્યાંતો ઉભો રહે, ને આવો કહે ત્યાં બેસે; ભાટ બ્રાહ્મણ લાકડું, તે વણ છોલ્યું પેસે." આ મિસલનો તે ભવાયો હ

તેને માનભંગ તથા ફજેતી થવાની તો કાંઈ ફિકરેજ હતી નહિ. એ તો એમ સમજતો કે **"ઘડીકી નફટાઈ લેકિન સારા દીનકી તો બાદશાહી!"**

એક દિવસ ધામાજી પોતાના જજમાનમાં માગવા નિકળ્યો, તે એક ગામમાં આવી પહોંચ્યો. બપોરનો વખત થવા આવ્યો તેથી પોતાના જજમાન એક પટેલને ત્યાં જઈ વગર પુછે ઝોળી ઝંડા ભેરવી દીધા. પટલેણ ઘરમાં રોટલા ઘડતી હતી. તેણે જાણ્યું કે આ પાપ ક્યાંથી આવી ચઢયું, ઘરમાં બીજો લોટ નથી; જેટલો લોટ તૈયાર છે તેટલાથી આ એક *ટંક ઘરના માણસોને ચાલે એટલા રોટલા થશે. તેમાં આ ભવાયો આવ્યો તેથી પટલેણને ઘણી ફિકર થઈ. તે બોલી કે, "અરે ભાઇ, તમે આવીને ઉતારો કર્યો તે જાણ્યું. પણ અહીં લોટ નથી તો તમને રોટલા ખવરાવવા શી રીતે!" ભવાયો કહે, "અરે બાઈ, તું રોટલા કરેછ તે હું નજરે જોઉંછું તો ખાધા વગર હું ક્યાં છોડું એવો છું!"

પટલેણે જાણ્યું કે એમ કાંઇ ખસવાનો નથી બીજી યુક્તિ કરવી કે તે એની મેળે ભાગી જાય. તેથી તૈયાર રોટલો શેકવા તાવડીમાં નાખતાં ગુસ્સો કરીને બોલી કે **"ચડજે રોટલા, છ માસ"**! ધામાજી ભવાયો તુરત બોલી ઉઠ્યો કે **"તો બેસ જીવ બાર માસ!"** એમ કહી નિચે બેઠો.

આથી પટલેણ ગભરાઈ કે મેં તો છ માસે ચડવાનું કહ્યું, તે એટલા સારૂ કે તેનો મર્મ સમજી કાયર થઇ તે ભાગી જશે, પણ ભવાયો તો બાર માસની નિરાંત કરી બેઠો. માટે હવે **પથ્થરે માર્યા ખસે એમ નથી,** તો રોટલો ખવરાવી

*વખત.

વિદાય કરવો જોઇએ. તેથી પટલેણે ભવાયાને ખવાર્યું એટલે ખસ્યો.

કેટલાક માગણ લોકો—જેઓ સામા ધણીની મરજી ઉપરાંત નફટાઇ સાથ કેવી શરમ ભરેલી વર્તણુક ચલાવે છે તેનો ચિતાર આ વાત બતાવે છે.

વાર્તા ૯૧ મી.

સબસેં બાંકી લેકીન સરકારકે સિપાઇસેંભી બાંકી હય?

સૂરત જીલ્લામાં એક વાંકી નામની નદી આવેલી છે. જે વખત તેમાં પૂર આવે તે વખત ઉતરવાની મહા મુશ્કેલી! નદીનો પટ ઘણોજ સાંકડો હોઇને કમર પુર પાણીમાં ઉતરતાં પણ વખતે માણસથી તણાઇ જવાય!

એક વખત એક લશ્કરી સિપાઈ કામસર સૂરતથી દમણ જતો હતો. રસ્તામાં એ નદીના હવાલામાં સિપાઈ બાઇને આવવું પડ્યું. ચોમાસાની ૠતુ એટલે નદીમાં પાણીનું પૂર ઉતર્યું કે ચડ્યું એમ થયાં કરતું હતું. મિઆંભાઇની પાસે જે સામાન હતો તેનો એક ગાંસડો બાંધી માથા ઉપર લીધો, ને નદીમાં છાતી પૂરપાણી છે એમ બીજાઓથી જાણી ઉતરવાની તૈયારી કરવા માંડી.

આટલાં પાણીની કાંઈ દરકાર મિઆંભાઇએ કરી નહિ. તેથી કિનારાપરના લોકોએ કહ્યું કે, "મિઆં સાહેબ, એટલું પાણી છે પણ ઉતરાશે નહિ; એમાં વમળ ઘણા થાય છે ને તાણ પણ વધારે છે, તેથી તમોને આરામાંથી પાણી દૂર

એસી લઇ જશે. પછી ઊંડાં પાણી આવ્યાં કે નીકળી શકશો નહિ. એનું નામ બાંકી નદી છે ને તેનાથી સૌ વિચારીને ચાલે છે. માટે કાલે પાણી ઉતરે, ત્યારે જજો."

મિઆં કહે છે "છાતીપૂર પાણીસેં ક્યા હોતા? ઓર નદીબી કૈસી છોટી હૈ! હમ કુચ્ચ ઉસ્કી દરકાર કરતા નહિ. ઉસ્કા નામ બાંકી હોવેતો હોનેદો. **સબસેં બાંકી લેકીન સરકારકે સિપાઇસેં બી બાંકી હૈ!** બડી ગજબકી બાત! હમ લશ્કરી લોક! ઓ છોટી નદીસેં ડર જાવે તો કિસ તરેહસેં લડાઇમેં દુશ્મનકું હઠાશકે!"

મિઆંની પતરાજી જોઈ કોઇ વધારે બોલ્યું નહિ. મિઆંએ માથે ગાંસડો લઇ નદીમાં ઝોકાવ્યું. ચાલતાં ચાલતાં વચ્ચોવચ્ચ ગયો ત્યાં તાણ વધારે લાગવા માંડ્યું, ને ડોકી નમી જતાં બચકો નદીમાં પડી ગયો. તે લેવા મિઆં પાછળ પડ્યો, પણ આરા બહાર નીકળી જવાથી પાણી વધારે થયું ને મિઆં ડૂબી મૂઓ. !

પાણીની સાથે બાથ ભીડવી નહિ. તેમજ અમલના જોરથી કાંઈ પણ સહસા કામ ન કરવું એ હકીકત આ વાત સૂચવે છે.

વાર્તા-૯૨ મી.

તુંબડીને રોતો નથી પણ તુંબડી કૂટ્યાને રોઉં છું. !

જટાશંકર નામે એક બ્રાહ્મણ કળવદમાં રહેતો હતો. તે પોતાના દશ બાર વર્ષના છોકરાને સાથે લઈ કામ પ્રસંગે

અમદાવાદ ગયો. આ બ્રાહ્મણના પેહેરવેશમાં ટૂંકા પનાનું જાડી ગજીનું ફાળીયું—જે પેહેરવાથી ઢીંચણ પણ ઉઘાડા રહે; ફાટલ તૂટલ અંગરખું–જે પરગામ જતી વખત અસંખ્ય થીગડાં આપી દુરસ્ત કરેલું, જાણે થીગડાંનુંજ એ બનેલું હોય ! માથે ધોળું રાતા છેડા ને ફરડાવાળું ધોતીયું, એક ખભા ઉપર ખડીયો, બીજા ખભા ઉપર મોટું તુંબડું; કેડે ધાબળીનું અબોટીઉં બાંધેલું, એજ તેનો શણગાર ! એજ તેની પરદેશમાં નીકળતી વખતની તૈયાર કરી રાખેલ શોભા હતી !

અમદાવાદમાં પહોંચ્યા પછી બે ત્રણ રોજ થયાકે તેમની ન્યાતમાં જમણ આવ્યું. વખત થતાં સૌ ન્યાતીલાએ રંગીન પીતાંબર પેહેર્યાં છે, માથે વાંકડા અંબોડા રહી ગયા છે, ડોકમાં કાંઈ ઘરેણું ઝુકાવી દીધું છે, હાથમાં કડું ને વીંટીઓ પેહેરેલાં છે, અને ત્રાંબા પીતળના ચળકતા સુંદર કડી સાથે લટકતા લોટા સહિત ઠાઠમાઠથી એક પછી એકે આવવા માંડ્યું. એક તરફથી ઓરતો પણ ભભકાદાર વસ્ત્ર અને નાજુક ઘરેણાંથી લટકતી ચાલે ચાલી આવતી હતી. જરાવારમાં તમામ ન્યાતીલા આવી પહોંચ્યા. આ હળવદના બ્રાહ્મણે તો અરધા ગજ પનાની ટુંકી લીરા લટકતી કામળી પેહેરી લીધી અને હાથમાં પાણીનું તુંબડું રાખ્યું. છોકરાને અબોટીઉં નહિ હોવાથી નાનીશી લંગોટી સાથે લઈને ન્યાતમાં આવી ઉભો ! સૌ ન્યાતીલાએ સાધુરામ કે ભિખારી જેવો તેનો વિચિત્ર દેખાવ જોઈ હસવા માંડ્યું. ન્યાતીલા જમવાને માટે પંગત કરી બેસવા લાગ્યા. તે વખત આ બાપ દીકરો પણ પંગતમાં બેસવા જતા હતા, પણ સૌએ તેના સામું ધિક્કારની નજરે જોઈ, “અહીંઆ નહિ, અહીંઆ નહિ, અમારા માણસો

આવનાર છે તેઓ બેસશે," એમ કહી છેલ્લો કાઢ્યો. બે વખતના અપમાનથી બ્રાહ્મણ ઘણો ગુસ્સે થયો; પણ તે અપમાન આપવાનું કામ ન્યાતીલાઓએ કર્યું હતું, વરાવાળાએ નહિ, માટે ન્યાતમાંથી રીસાઈ ખાધા વગર જવું ને વરાવાળાનું કારજ બગાડવું એ ઠીક નહિ, એમ સમજી છેલ્લો તો છેલ્લો પણ બેસી રહ્યો.

તુરત પંગતમાં પત્રાળીઓ મૂકી ગયા. તરેહવાર જાતનાં પકવાન, લાડવા ને જલેબી, ઘેબર ને ખાજું, પોળી ને કચોરી, મગજ ને મોહનથાળ, તેમજ પાંચ દશ જાતનાં શાક વગેરે ચડપ ચડપ પીરસવા માંડ્યાં; પણ પીરસવાનાં એટલાં બધાં વાનાં હતાં કે અર્ધો કલાક તો થઈ ગયો. છેવટ પીરસવાનું કામ પૂરૂં થયા પછી જમવાની આજ્ઞા થઈ એટલે સૌએ જમવાનું શરૂ કર્યું.

પેલા બ્રાહ્મણનો છોકરો જોઈ રહ્યો ને પૂછવા લાગ્યો કે "બાપા, આ બધાં વાનાં પીરસ્યાં, પણ હજી ઘી કેમ નથી આવ્યું? તે ક્યારે આવશે? આ સૌ તો ખાવાને મંડ્યા છે!" બાપે કહ્યું કે, "દીકરા, જો ઘી તેને ખવરાવવાને હોતતો આ બધાંવાનાં શું કામ કરતજ? માટે ઘીની આશા રાખવી નહિ. ભા, એતો આપણા મુલકમાં, ઘીની વટલોયું હડડડ હટ કરીને ઢોળી પડાય! આતો ગુજરાત તેની શી વાત!" છોકરાએ કહ્યું, "ત્યારે બાપા,, હવે ઘીતો નહિજ આવે કે શું!!! અં અં અં અં! ઘી વગરતો મારાથી ખવાવાનું નથી" એમ કહી રોવા જેવો થઈ ગયો. આ વાત વરાવાળાના સાંભળવામાં આવતાં તુરત ઘી મોકલાવ્યું એટલે લાડવા વગેરે સૌ પકવાન ભાગી નાખીને માંહે ઘી . ખ

આ સર્વ પાસે બેઠેલ ન્યાતીલાઓ જોઇને બહુ આશ્ચર્ય પામ્યા. તેમાં એક ઉતાવળીઓ બહુક જોશી હતો તે બોલી ઉઠ્યો કે, "મહારાજ! તમારે રહેવું ક્યાં! તમે કોઈ દિવસ ગુજરાતનાં જમણ જમ્યાછો? આવાં રૂડાં પક્વાન કરેલાં છે, તેનો સ્વાદ ને મજાતો કાંઈ જોતા નથી ને જંગલીજદ્દની પેઠે ચીજ ખાધામાં સમજતા લાગોછો! જાઓ! મારા ભાઈ! કાંઈ ખાધાનો વિવેકતો છે નહિ? તમે 'ખાખરાની ખિસકોલી આ આંબાના રસમાં સમજો નહિ'એ ખરૂં છે" જટોબટ કહે છે, "અમારે ઝાલાવાડમાં હળવદ ગામ છે ત્યાં રહેવું. તમને ગુજરાતી લોકને અમારા જમણની શી ખબર પડે! તમારે ત્યાં ઘીનો છાંટો પણ નહિ! 'તુપની બાતતો ચુપ' પણ ઘી વગર જમણ શું! અમારે ત્યાંતો જમણમાં પોંચા સૂધી ઘીઆળો હાથ ન થયોતો તેને જમણ કહે કોણ"!!! બિજા ન્યાતીલાએ કહ્યું, "અરે વળી, * પડારો શેનો કરોછો? કોઈ વખત આવું પણ કરી દેખાડો તો ખબર પડે! આતો 'પારકે રોટલે જાડી કોર' કહેવી એ બધાને આવડે."

આવી રીતના મે'ણાના વાક્યથી હળવદીઆ બ્રાહ્મણને મનમાં ચટકો લાગ્યો. હળવદના બ્રાહ્મણો જમીનદાર ને ઘરમાં પૈસેટકે સુખી હોય છે, એમ ઝાલાવાડમાં પ્રસિદ્ધ રીતે બોલાય છે. તેમ આ ભિખારી વેષવાળો પણ પૈસાવાળો હતો, તેણે પોતાને માથે ચોટેલ મેણું ટાળવા નિશ્ચય કર્યો. સૌ ન્યાતની પંગત ઉઠીને ચાલવા માંડી. તે વખત જાણી જોઇને જટાબટે પોતાની તુંબડી ન્યાતીલાઓના રસ્તામાં મૂકી, તે કોઈની ઉતાવળી ચાલની હડફટમાં આવ્યાથી પડી ગઈ,

* પતર.જી–ફીસીયારી.

પછી બીજાઓના પગરવટને લીધે ચંપાઈને તુંબડીના કડકે કડકા થઈ ગયા!! એ જોઈ જટાભટેતો તડૂકાવીને પોક મૂકી! "અરે! મારા બાપલીઆ!! મારૂં ઘર બેઠું રહ્યું! અરે! મારી તુંબડી ફૂટી ગઈ! ઓઃ હોઃ! બાપરે!" એકદમ અચાનક ને જોસભેર પોકરાણ સાંભળી સૌ ન્યાતીલા ભેગા થઈને કહેવા લાગ્યા કે, "અરે મૂર્ખ, માલ વગરની તુંબડી ફૂટી તેમાં પોક શું મૂકે છે! જો બહુ ગરીબ હોયતો અમે બધા એકેક પૈસો ઉઘરાવીને તુંબડી જેવડો પીતળનો કળશીઓ લઈ આપીએ, માટે તું રોવું બંધ કર."

જટાભટ—અરે ભાઈઓ! હું તુંબડીને રોતો નથી પણ તુંબડી ફૂટ્યાને રોઉંછું! જો તે કોઈ લઈ ગયું હોતતો ફિકર નહોતી, પણ આતો ફૂટી ગઈ તેથી મારે તેનું કારજ કરવું પડશે!

ન્યાતીલા—પંડ ઉપર સારૂં લૂગડુંતો પેહેરવા છે નહિ ને ખાલી પતરાજી શું કરે છે? અહીંની નાતનું ચાર હજારનું ખર્ચ સાંભળ્યું છે? તેટલાંતો ઘર ઉપર નળીયાં પણ નહિ હોય!!!

સૌ ન્યાતીલાઓએ જટાભટના બોલવાને તેની પતરાજી માની તેથી તુંબડીનું ખર્ચ હોય નહિ, તેમ તારૂં ગજું નહિ; એવો આગ્રહ કર્યોજ નહિ.

જટાભટે તુરત પોતાના ગામના સાહુકાર ઉપર હુંડી લખી ચાર હજાર રૂપિઆ મંગાવ્યા. તુંબડી ફૂટી તે દિવસથી દહાડા ગણવા માંડ્યા, અને તેર દિવસે કારજ કરવાનું જાહેર કર્યું. ન્યાતીલા સર્વને બોલાવી ન્યાતની રજા લીધી.

પોતાના દેશમાં કંસાર ને ઘીની ન્યાત થતી હતી તે મુજબ કંસાર કરાવ્યો ને વટલોઈની ધારથી ઉપર ઘી પીરસવું શરૂ કર્યું. કંસારથી પણ વધારે ઘી, ના કહેતો પણ]પીરસવા હુકમ

ર્ક્યો હતો. આ જોઈ સર્વ ન્યાતીલા દિંગ થયા! અરે ! આ ચિંથરે હાલ બ્રાહ્મણે મ’ણાના માર્યા તુંબડીનું પણ કારજ ર્ક્યું! રંગ છે તેની છાતીને ! પાણીની માફક ઘી વાપરી ચાર હજાર રૂપિઆ ખરચ્યા ! સૌએ સાબાશીના પોકારથી તેના વખાણ ર્ક્યા! જટોભટ પોતાની ચડિઆતી થયેલ જોઈ આનંદ પામ્યો. પછીથી કેટલાક દિવસ અમદાવાદની ન્યાતમાં એમ ચાલ્યું કે હળવદ તરફના બ્રાહ્મણો ન્યાતમાં જમવા આવે તેમને પકવાન ઉપર ઘી પીરસવું.

આ વાત ન્યાતના કારજ વરામાં ઘેલછાઈથી પૈસા વાપરવાના પ્રસંગમાં વપરાય છે. આવી વાતો કરીને ન્યાતીલાઓ ફુલણ લોકોને ફુલાવે છે ને તેના ગજા ઉપરાંત ખરચ કરાવી કરજના ખાડામાં ઉતારી નાખે છે. એ રસમ ઘણી ખરાબ છે. આવાં કારજ કરી એક દિવસના જમણમાં હજારો રૂપિઆ ખરચવાનું ફળ ન્યાતીલા જમણ જમી જરાવાર મોં સ્વાદ કરે એજ છે. પણ તે બદલ ન્યાતના હમેશના ફાયદાનાં કામ કરવામાં એવું નાણું ખરચાય તો તે ઘણું ખપનું થઈ પડે. તેથી ન્યાત તથા દેશને પણ મોટો ફાયદો થાય.

ઘણા લોકો એક દમડી દમડી સંઘરીને, મહા લોભ કરી, શરીરને કેટલીક જાતનું કષ્ટ આપી, પૈસા પેદા કરે છે, તે તેની ઘણાં વર્ષોની બલકે જન્મારાની કમાણી એક દિવસમાં કારજના કામમાં ધૂળધાણી કરી નાખવા ન્યાતોની જે રસમ છે, તે આજના સમયમાં ઘણી કઢંગી થઈ પડી છે. લોકોનો ઉદ્યમ રોજગાર બડી ભાંગ્યો છે, નાણું ઘટી ગયું છે, કમાઈમાં ફાચું ને ઘરના ખરચમાં ઘણો વધારો થયો છે, એવા વખતમાં

ચેતીને ચાલવામાં લાભ છે, ને એવી બૂરી રસમના બંધ ઓછા કરવા એજ સારૂં છે.

—∞—

વાર્તા ૯૩ મી.

હડફા મધેની પાળી.

અમદાવાદ શહેરમાં એક નેમચંદ કરીને ઘરડો ગાંધી હતો. તેની દૂકાનપર પરચુરણ જણસોનો વેપાર હોઇને પાઈ પૈસાના ગ્રાહકો પુષ્કળ આવતાં. હર ઘડીએ પેટી ઉઘાડી પાઈ પૈસો અંદર નાખવાને અડચણ પડે, તેથી તેણે એક હડફો કરાવ્યો હતો, તેમાં ઉપરના પાટીઆમાં પૈસા જાય એવું એક કાણું રખાવ્યું હતું. હડફાને હમેશાં તાળું વાસેલું રાખતો હતો. એ હડફામાં કલમ ઘડવાની પાળી પણ રેહેતી હતી. એક વખત ગાંધીએ કલમ ઘડવા સારૂ પાળી બહાર કાઢી, પણ કલમ પૂરી ઘડી ન ઘડી એટલામાં તો ઘરાકની ઘણીજ ભીડ થઈ, તેથી ઉતાવળથી હડફામાં ઉઘાડેલ પાળી નાખી તે ઉભી પડી; ને ગાંધી ગ્રાહક સાચવવા પડ્યો એટલે પછી કાંઈ યાદ રહ્યું નહિ.

હમેશના નિયમ મુજબ તે દિવસ પણ ગાંધી હડફાને ઘેર લઈ જઈ પોતાના પલંગની નીચે મૂકી સૂતો. થોડીક રાત ગઈ એટલે યાદ આવ્યાથી વિચાર થઈ આવ્યો કે, મેં હડફામાં પાળી ઉઘાડીને ઉભી રહેવા દીધી છે! હવે આ વખત તો સાતે સુખએ સર્વ નિરાંત છે, પણ ઈશ્વરની ગહનગતિ છે! તેની માયા કોઈથી કળાય એમ નથી! તે પળમાં ચાહે તેમ કરી શકેછે! "જળને ઠેકાણે "થળ ને થળ ત્યાં જળ કરી નાખે!

વાળંદના વાંકા (નસીબ) હોયતો (અસ્ત્રાની) કોથળીમાંથી (સર્પ) કરડે!" તેમ નસીબના પૂરા હશે ને કદાચ રાતમાં ધરતીકંપ યા કાંઈ અકસ્માત થયો! તેના આચકાથી કદાચ પલંગ તુટ્યો! તેથી કદાચ મારાથી નીચે હડફા ઉપર પડાયું! તે હડફાનું પાટીઉં મારા ભારથી કદાચ ભાગ્યું! તો **"હડફા મધેની પાળી"** ઉભીછે તે વાગતાં શી વાર! અને પછી સો વર્ષ પૂરાં થવાનો ઉધારો શો! આ મેં શી મૂર્ખાઈ કરીછે કે, પાળી ઉઘાડીને ઉભી મૂકીછે! અહો, ભગવાન! આ વખત યાદ આવ્યું તે તારીજ કૃપા સમજુંછું. જો નહિ યાદ આવ્યું હોત તો ઘણી ખરાબી થાત! આતો **"હડફા મધેની પાળી"** કહેવાય. તેથી બચાવનાર તુંજ સાચોછે. આમ કહી તરત પલંગ પરથી બેઠો થઈ, હડફો ઉઘાડી પાળી બંધ કરી સૂઈ ગયો.

આ વાતમાં સંભવિત કારણો, પણ ઘણા દૂરનાં સબંધના લઈ ડર રાખેલો છે; તે જોકે સાહસિક કામવાળાને પસંદ નથી, પણ દુનિઆના અનુભવથી ઘડાએલ વૃદ્ધ લોકો જુવાનીઆના ઉછાંછળા વિચારોને નિંદવા આ વાત પસંદ કરેછે. તે કોઈક પ્રસંગ ઉપર ઉપયોગી થઈ પડેછે, માટે એક તરફી ધ્યાન નહિ રાખતાં પ્રસંગ જોઈ વાલનો તોલ કરવો, એ સુજ્ઞ માણસનું કામ છે.

વાર્તા ૯૪ મી.

સીતાનું [1]હરણ થયું તે પાછું માણુસ થયું કે નહિ?

એક ગામડામાં માણભટ રામકથા વાંચતો હતો તે સાંભળવાને ગામના લોકો મરદ અને ઓરતો આવતાં હતાં. માણભટ લાંબા રાગડા તાણી માણના ભણભણાટ અવાજ વચ્ચે ગાતો હતો, તે કોઈના સમજવામાં આવે ને કોઈના સમજવામાં પણ ન આવે. વળી તેનું વ્યાખ્યાન કરતો મહિ સંસ્કૃત કઠીણ શબ્દો એવા એવા વાપરતો જાયકે તેનો અર્થ પોતે પણ વખત પર ભાગ્યેજ સમજતો હોય! તો પછી સાંભળનાર ગરીબ ગામડીઆનો શો આશરો!

એક વખત કથામાં સીતાનું હરણ થયું એમ વાત આવી. એ સાંભળી સૌ અરરર કરવા લાગ્યા. કોઈ સમજુ હતા તેઓ કહેતા કે અરે! દૂષ્ટ રાવણે ખોટું કર્યું. જગતની માતા જે સીતા તેના તરફ કુદ્રષ્ટીથી નજર કરી એનું ભુંડુંજ થશે. પણ એક કણબી સાંભળીને તાજુબ થયોકે, માળું, આતો ભુંડું થયું, સીતા માતાને માથે બહુ દુઃખ પડયું તો આપણા શા ભાર! અરે! 'સીતાનું હરણ થયું તે પાછું માણુસ કેવારે થયું!' માળો જાનવરનો અવતાર ભુંડો તો ખરો! એ રીતે સીતાનું હરણ થયું તે પાછું માણસ થયું કે નહિ. એ સંબંધી મનમાં વિચાર થવા માંડયા તેથી તે પુછવાની આતુરતા ઘણી વધી; એટલે ઉભો થઈને કહેવા લાગ્યો કે, "મહારાજ! તમે સીતાનું હરણ થયાનું કહ્યું તેતો ઠીક, પણ તે પાછું માણસ થયું કે

---

[1] હરણ જાતનું જાનવર થઈ ગયું એમ એક અર્થ થાય ને બીજો અર્થ લઈ જવું થાય.

નહિ?" આથી સાંભળવા ભેગા થયેલ સમજુઓ ખડખડ હસી પડ્યા. પછીથી માણભટે હરણના અર્થનો ખુલાસો બતાવ્યો તેથી કણબી સમજીને બેશી રહ્યો.

ઘણી કથા વાર્તાઓમાં તેના ખરા અર્થ અને હેતુ કહેનાર તરફથી કહેવામાં અને સમજાવવામાં આવ્યા વગર લોકો કેવા અવળા અર્થ સમજેછે એ આ વાત બતાવી આપે છે. તે કહેનારાઓએ ધ્યાનમાં લેવા જેવું છે.

વાર્તા ૯૫ મી.

વાણિઆની રંગ ભડી.

એક વાણિઆની જાન પરણીને ઘેર આવતી હતી, તેમાં પંદર વીશ મરદ અને દશ વીશ ઓરતો પણ હતી. તેમને રસ્તે પાંચ ચોર મળ્યા. વાણિઆની જાનને રોકી રાખી ચોરોએ લૂંટવાની શરૂઆત કરી. જાનમાં વર હતો તે જુવાન ને યુક્તિવાળો હતો, તે તુરત કાલોઘેલો બની ગયો અને ચોરોને પગે પડી કાલા વાલા કરવા લાગ્યો કે:— "તમારે જે લઈ જવું હોય તે સુખેથી લઈ જાઓ, અમે અમારા હાથથી તમારે સ્વાધીન કરીએ તેની ના નથી, પણ હું પરણીને આવું છું, તેથી અમારી કુળદેવીને પ્રસન્ન રાખવા પ્રથમ વેષ કાઢીને ભજવવા પડેછે; તે પછી હાથેથી મીંઢળ દોરાને છેડાછેડી છૂટેછે. જો તમે આ વખત બધું લઈ જશો તો પછી વેષ કાઢવાને અમારી પાસે લૂગડાં કે ઘરાણાં રહેશે નહિ; આથી કરીને અમારી કુળદેવીનો કોપ અમારા તથા તમારા ઉપર પણ થશે,

માટે અહીં વેષ કાઢીએ ને જરૂરની ક્રિયા કરી દઈએ ત્યાં સુધી તમામ કપડાં દાગીના અમારા ઉપર મેહેરબાની કરી રેહેવા દો." આમ કરીને વાણિઆનો હેતુ તેમને રોકી રાખવાનો હતો. ચોરો જાતે હિંદુ હતા તેથી ખુશીની સાથ કહ્યું કે, "ભલે તારી કુળદેવીની જે રીત હોય તે કરી લે."

વાણિએ તુરત વરનો પેહેરવેશ કાઢી નાખ્યો અને પોતે તથા બીજા પાંચ સાત જાનૈઆને નવીન જાતના પોષાક પેહેરાવ્યા; કોઇને સુરવાલ તો કોઇને પોતીયું; કોઇને કબજો તો કોઇને પેરણ; કોઇના માથાપર ટોપી તો કોઇને ફેંટો; વળી લાલ કાળી બીંદગી અને ચાંડલા ચોડી દીધા. કોઇના મોઢાપર કાજળ લગાવી દીધું. કોઇને બાઈડીઓનો પેહેરવેશ પેહેરાવી દીધો. ચોરો આ જોઈ સાનંદાશ્ચર્ય પામ્યા ને બીજું શું કરેછે, તે માટે ઇંતેજાર થઈ રહ્યા.

વાણિઆએ કહ્યું કે, "તમે અમારી રંગભડી જોઈ નહિ હોયતો બતાવીએ છીએ." એમ કહીને વેષ વાળા વાણિઆએ આમથી તેમ ને તેમથી આમ હાથના ચાળા ને લેહેકા સાથે હરવા, ફરવા કૂદવા ને નાચના માંડ્યું. પેલો વર મોઢેથી **'વાણીઆ ભાઇની રંગભડીરે રંગભડી'** એમ બોલતો હતો. પ્રથમતો નજીકમાં એમ કરતો હતો, પણ ધીમે ધીમે ચોરોથી બબે ખેતરવા આગળ ને પાછળ જવા આવવા માંડ્યું. જ્યારે દૂર જાય ત્યારે વળી પોતાના સાગ્રીતોને સમજાવા માટે કહેતો જાય કે, **"આમ કરીને આમ કરો ને સામે ગામ જઈ જાણ કરો; રંગભડીરે રંગભડી વાણીઆ ભાઇની રંગભડી."** આવી રીતે વચ્ચે વચ્ચે ચોરો ન જાણે એમ ગામ જઇને જાણ કરવાનું સૂચવતો હતો. એથી કરીને તે માંહેનો એક વા-

ણિઓ ચેતી ગયો ને ચોરોની નજર ખેલમાં રોકાએલ જોઈ છાનોમાનો નજીકને ગામ જઈ જાહેર કર્યું.

અહીંતો કેટલીક વખત રંગ ભડીની રમત જોયાથી ચોરોને ગમત પડી, એટલે કાંઇ બીજી રમત કરવા કહ્યું તેથી ચોરો પાસેના હથિઆર માગી લઇને વાણિઆએ બીજો ખેલ કરવા ડોળ બતાવવા માંડ્યો. **"ઢાલ તરવારો લાવેછે, ઘોડાના વેષ આવેછે"** એમ કહી ચોરોને નવા નવા ખેલ આવેછે એવું સૂચવ્યું. ચોરોએ જાણ્યું કે હમણા વેષમાં માણસો ઘોડા થઈ તેપર બીજા માણસો સ્વાર થઈ હથિઆર બાંધીને આવશે. આ ધારણામાં ચોરો ખરેખર ઠગાયા. જરાવાર થઈ ત્યાંતો સામા ગામની વારના દશવીશ ઘોડાને ઉપર બંદુક બરછી વગેરે હથિઆર બંધ થયેલા સ્વારો સહિત દોડતા આવતા જોયા. આમ ખરેખરા ઘોડા આવતા જોઈ ચોરો વાર ધારી હથિઆર મૂકી નાઠા, પણ ઘણે દૂર ગયા નહિ એટલામાં તેમની પાછળ પડી વારના સ્વારોએ પકડી પાડ્યા અને બાંધીને લઈ ગયા. વાણિઓ સુખેથી પોતાને ઘેર જાન માલ સહિત ગયો:

આ વાત સંકટ વખત સમયસૂચકતા વાપરી, યુક્તિથી આવેલ આફત દૂર કર્યાનો ચિતાર બતાવે છે.

વાર્તા ૯૬ મી.

લાભ ધારણુ લાભોઓઓઓને, ચોકી વાળા જાગોને.

એક વાણિઆને ત્યાં ચાર ચોર ખાતર પાડી ઘરમાં

પેઠા. ચોરોને બીજી કંઈ જણસ હાથ નહિ આવ્યાથી છેવટ કુળીમાં કાલાંનો મોટો ઢગલો હતો, તે લઈ જવાનો નિશ્ચય કર્યો. તુરત ગાંસડીઓ બાંધવા માંડી, ને એક પછી એક જે-ટલી ગાંસડીઓ લઇ જવાય એમ લઇ જવાનો ઇરાદો હતો. તેવામાં વાણિઓ જાગી ઉઠ્યો, પણ "એકનું ઓસડ બે," તો તે ચારની આગળ શું કરી શકે! ચોરોને જોતા વેંતજ તેનાં ગાત્રતો નરમ થઈ ગયાં, પણ વાણિઆ જેટલા પોચા તેટલા પહોંચેલા પણ હોય છે, તેથી તત્કાળ યુક્તિ શોધી કાઢી. કાલા ઘેલા જેવો દેખાતો ચોરોની પાસે જઈ કહેવા લાગ્યો કે "અરે, ચોર ભાઇઓ, તમે તો અમારા મેહેરબાન છો; તમારે જોઇએ તે મારે ન જોઇએ, તમે લઇ જશો ને કમાવી આપશો પણ તમેજ! ભલે, મારાં કાલાંનો ઢગલો લઈ જાઓ! તેની ના નથી, મને તો પરમેશ્વર બીજા આપી રહેશે. પણ તમે રળવા ક્યાં જશો? શું તમારે કાંઈ ખેતર છે? પણ મને એક ફિકર થાય છે તેથી પૂછુંછું કે તમે આમાં કેટલા ભાગીઆ શી રી-તના છો?"

ચોરો—મૂર્ખ, તને ફિકર શી બાબત થાય છે? આમાં અમે ચાર ભાગીઆ સરખા હિસ્સાના છઇએ.

વાણિઓ—ફિકરતો એ થાયછે કે આ કાલાં ઝાઝાં છે, તમને હિસાબતો નહિ આવડતો હોય, તેથી તમે આ કાલાં અહીંથી લઈ ગયા તો પછી શી રીતે સૌ સૌના ભાગ પાડશો? આમ બાંધેલ ગાંસડીઓ વહેંચશો, તો તે નાની મોટી પણ હોય, ને સૌ કહેશે કે હું મોટી ગાંસડીઓ લઈશ. તો પછી સાં આગળ સરખા ભાગ કરવા કાંટો, ત્રાજવાં ને તોલ ક્યાંથી

લાવશો ! ! તેથી ભાગ વેંહેચવામાં મોટો ટંટો થશે તે પાર પાડશે કોણ ?

ચોરો આ સાંભળી વિચારમાં પડ્યા કે આપણને બરાબર ભાગ પાડતાં આવડશે નહિ; તેથી ભાગ બાબત વખત પર કજીઓ થવા સંભવ છે. માટે તેમણે વાણિઆને કહ્યું કે, "તો હવે અમે શું કરીએ તેનો રસ્તો બતાવ."

વાણિઓ—અહીંથીજ હિસાબ ગણી કાંટાથી તોળી સૌ સોના સરખા હિસ્સા પાડી આપું. તમે સૌ એકેક ઢગલો લઈ જાઓ. પછી કોઈ જાતનો ટંટો રહે નહિ, ફક્ત લઈ જવાનું કામજ બાકી રહે.

ચોરો—ઠીક ત્યારે તું અમને ભાગ પાડી આપ.

વાણિઆએ કાંટો ને ત્રાજવાં તૈયાર કરી તોલ ચાલતું કર્યું. એકેક મણની એકેક ધારણ કરી ચાર જૂદા જૂદા ઢગલા કલ્પી, એકેક ધારણ અનુક્રમે નાખે જવી એમ નિશ્ચય કર્યો. ચોરોએ ગાંસડીઓ બાંધી કાંટામાં નાખવા માંડી. મણથી જ્યાદે હોયતો વાણિઓ કાઢી નાખે અને ઓછું હોયતો ઉમેરે એમ કરી બરાબર ધારણ કરે. પેહેલી ધારણ જોખાઈ કે વાણિએ લાંબા લાંબા રાગડાથી બોલવા માંડ્યું, "લાભ ધારણ લાભોઓઓઓને." ચોરો બોલી ઉઠ્યા, "અરે, હરામખોર બૂમ શું પાડે છે ?" વાણિઆએ કહ્યું, "ભાઈ સાહેબ, તમારી મરજી હોયતો તોળું નહિતો રહેવા દઉં; આતો બુમ નથી પણ વાયક છે. વાયકતો બોલવું પડશે ! બોલ્યા વગરતો કેટલા મણ થયા, એ અમે ભૂલી જઇએ. અમે વાણિઆના દીકરા—અમે વેપારી, અમેજ તેમાં સમજીએ. અમને વાયક

વગર તોળતાં ફાવે નહિ, માટે તમારે પાલવે તો ભાગ પડાવો નહિ તો આ રહ્યું!"

ચોરોએ વિચાર્યું કે વળી આ વાણિઓ પડયું મૂકશે તો પાછી ભાગ પાડવાની પંચાત કાયમ રહેશે; માટે ભલે જેમ એની રીત હોય તેમ કરે, એમ ધારી વાણિઆને તોલ ચાલતું કરવાનું કહ્યું. બીજી ધારણ તૈયાર થઈ ત્યાં સુધી પેહેલું વાયક,–'**લાભ ધારણુ લાભોઓઓઓને**,' ચાલું રાખ્યું અને વચ્ચે વચ્ચે '**ચોકીવાળા જાગોને**' એમ પણ બોલતો જતો હતો. બીજી ધારણ ઉતરી કે, '**ખેરે બરકત! ભાઈ, ખેરે બરકત!**' એમ પાંચ સાત વખત વાયક ચાલ્યું કે ત્રીજી ધારણ તૈયાર થઈ એટલે '**તજ કહુંછું ત્રણોને—ભાઈ, તજ કહુંછું ત્રણોને.**' એમ બોલવા લાગ્યો. ચોથી ધારણ નાખતી વખત, "**લેવા દેવા વગર લાભ ચારનેજી**," એ પ્રમાણે વાણિઆનું મધ્ય રાત્રીએ બોલવું સાંભળી આડોશી પાડોશી જાગી ઉઠ્યા. તેમને દગો લાગ્યો એટલે શોર બકોર કરી મૂક્યો, તેથી ચોરોએ નાસવા માડ્યું; પણ તેટલામાં ચોકી વાળા આવી પહોંચ્યા, તેમણે ચારે ચોરને પકડી લીધા.

આ વાત ઉપરની વાર્તા ૯૫ મી ને મળતી છે.

વાર્તા ૯૭ મી.

ચોરને વિંછી કરડાવનાર વાણિઓ.

એક વખત નાંદોદ ગામમાં વાણિઆવાડમાં રોજ રાત-

ના ચોરો ફરતા અને ચોરી કરવાનો લાગ જોયા કરતા હતા. શેરીનાં તમામ માણસોના જાણવામાં આ વાત આવી હતી તેથી તેઓ સઘળાઓ સાવધપણે રહેવા લાગ્યા. કોઇએ આખી રાત જાગતાજ રહેવાનો ઠરાવ કર્યો, તો કોઇએ આખી રાત દીવો બળતો રાખવાનું વાજબી ધાર્યું. કોઇ ચોકીદાર માણસ સુવાડવા લાગ્યાં તો કોઇ કલાક બે કલાક ખોંખારા હાકોટા કર્યાં કરે. પરંતુ એક હોશીઆર અને વિચક્ષણ વાણિઆએ કાંઇ નવીજ યુક્તિ કરી. તેણે એક વાઘરી પાસે વિંછીપકડાવી મંગાવ્યો. તે એક દાબડામાં મૂકી તે વાતથી પોતાની બાઇડીને વાકિફગાર કરી દાબડો ઘરમાં મૂકવા આપ્યો. ભોગજોગે તેજ રાત્રે તેના ઘરમાં ચોરોએ ખાતર પાડયું અને એક ચોર માંહે પેઠો. ચોર પેઠાની વાણિઆને ખબર પડી એટલે ધીમેથી ચોરને સંભળાવવા માટે પોતાની સ્ત્રીને કહેછેઃ—

વાણિઓ—સાંભળેછે કે, અરે! સાંભળેછે કે.?

વાણિઆણ—હા, હા, શું કહોછો?

વાણિઓ—આજ મેં તને પેલો દાબડો આપ્યો તે ક્યાં મૂક્યો છે?

વાણિઆણ—તે તો સામેની ભીંતના ગોખલામાં મૂક્યોછે.

વાણિઓ—અરે રાંડ! એમ ગોખલામાં તે મૂકાતો હશે! એ દાબડામાં તો લાખો રૂપિઆના હીરા માણેક અને રત્નછે.

વાણિઆણ—બળ્યું. હવે રાત્રીએ તો નિરાંતથી ઊંઘો ને ઊંઘવા દો. એ તો જ્યાં મૂકાયો હશે ત્યાંનો ત્યાં હશે! સવારમાં ઉઠીને પટારામાં મૂકી દઇશું. તમે દિવસે નચિંત નહિ તો નહિ પણ રાત્રે પણ તેવાજ!

વાણિઓ—નચિંત તે શાના હોય? રત્નોને લાવવું હોય તો ખબર પડે. **ત્યારે તો ખાધે પીધે દીવાળી ને ઉગરે ઉચાટ.**

ઘર ધણીના કહેવા ઉપરથી દાબડામાં લાખો રૂપિઆંના જવાહિર જાણી ચોર ઘણું હરખાયો, અને તે ચોરી જવાનું ધારી, વાણિઓ અને તેની સ્ત્રી બને જણાં પાછાં જંપી જાય તેની રાહ જોતો બેઠો. થોડીવારે બોલતાં ચાલતાં બંધ થયાં, એટલે ચોરે ગોખલામાંનો દાબડો ખોળવા માંડયો. થોડી વારમાં તે હાથ લાગ્યો કે ચોરે ઉઘાડીને માંહિ હાથ નાંખ્યો, એટલે તરત વિંછીએ ડંખ માર્યો. ચોરને ઘણુંજ વસમું લાગ્યું પણ પકડાઈ જવાની ધાસ્તીએ રાડ નહિ પાડતાં હાથ પર ફુંક મારવા મંડયો. આ સાંભળી વાણિઓ બોલી ઉઠયો, "ચોર ભાઈ, જરા ફુંક ચોપડો ફુંક. અને હાથ જરા ઉંડો નાંખો એટલે બીજાં સારાં રત્ન જડશે;" આ સાંભળી તે વાણિઆનો પ્રપંચ જાણી ગયો, અને કાંઈ પણ ચોર્યા સિવાય શરમીંદો થઈ લાગલો નાશી ગયો.

આ વાત ઉપરની વાર્તા ૯૭ મીને મળતી છે.

વાર્તા ૯૮ મી.

માલ ભલે લુંટી ગયા, પન ભરટીલું મારી પાસે છેકની!!!

ઈડરમાં લુકમાનજી વોહોરો રહેતો હતો, તેને **અસમાલજી** કરીને વાણોતર હતો. પોતાનો કેટલોક માલ મુંબઈથી અમદાવાદ આવેલો હતો તે લાવવા માટે **અસમાલજીને** મોકલ-

માલ ભલે લુંટી ગયા, પન ભરટીજ મારી પાસે છે કની!!!

વામાં આવ્યો. તમામ માલ ભરતીઆ મુજબ તપાશીને લાવે તે બાદ તે માલનું ભરતીજ તેને આપવામાં આવ્યું હતું.

અસમાલજીએ અમદાવાદ આવી પોતાના શેઠનો માલ ભરતીઆ મુજબ તપાશી લીધો, ને બે ગાડાં ભરી રાત્રીના અગીઆરેક વાગતાના સુમારે અમદાવાદથી ઈડર આવવા નીકળ્યો. અસમાલજીને ચોરોનો ડર બહુ લાગતો હતો, તેથી ગામના પાદરમાંથી ગાડાંવાળાઓ સાથે મોટે મોટે સાદે વાતો કરી વખત ગાળવા લાગ્યો. ગાડાંવાળાઓ જરાક ઝોકું ખાય કે અસમાલજીનો જીવ તળે ઉપર થઈ જાય! તુરત તેમને જગાડી વાતો ચાલતી કરે.

રસ્તામાં કેટલાક કોળીઓએ * કેડું રાખ્યું હતું. થોડાક કોસ આવ્યા એટલે કોળીઓ જૂદી જૂદી દિશામાંથી ઉઘાડી તરવાર સહિત આવી ગાડાં ઉપર ચઢી ગયા. ગાડાંવાળાઓ હેઠે ઉતરી એક જગાએ જઈ બેઠા. અસમાલજી ધ્રુજતો ધ્રુજતો ચોરોને કહેવા લાગ્યો કે, "મારો જાન લેસો નહિ; ટમારે જોટું હોયટે બઢું લઈ જાઓ. હું જરીપન બોલવાનો નઠી." ચોરો ગાડાંમાંથી જે જે કિંમતી માલ હતો તે લઈ ગયા.

ચોરો ગયા પછી ગાડાંવાળા ગાડાંપર આવી બેઠા, અને અસમાલજીની સાથે વાતો કરવા માંડી. ગાડાંવાળાએ કહ્યું કે, આ ગામ નજીક આવે છે ત્યાંના મુખી પટેલને આ ચોરીની વાત આપણે જાહેર કરીએ." અસમાલજીએ કહ્યું, "આપસે માલ ગેરવલ્લે જનાર નઠી માટે અહિં રસ્તામાં મુખી થાનદાર પાસે નક્કામા અથરાવાની જરૂર શી? પન હવેતો બાકીનો

---

* પીછો.

માલ ઇડર તાકીદે લઈ જવો એજ થીક છે." એ રીતે કોઇને જાહેર ર્ક્યા વગર **અસમાલજી** ઇડર આવી પહોંચ્યો. ગાડાંમાં-નો માલ ઘણો ઓછો જોઈ શેઠે પૂછ્યું:—

લુકમાનજી—કેમ **અસમાલજી**! આતલોજ માલ જનાયછે!

અસમાલજી—વાટમાં ચોર લોકો મલા ઉઠા તે લઈ ગયા! પન ફિકર જેવું નઠી.

લુકમાનજી—શું ટમે પટ્ટો મેલવો છે! અઠવા ટો ટમે સરકારમાં જાહેર કરૂં હોય ને કાં ટો માલને કાં ટી વલટર મલ-વાની ઉમેદ જેવું છે? એમ હોય ટો ટો ફિકર જેવું નહિ!!

અસમાલજી—જાહેર બાહેર ટો કરૂં નઠી. જાહેર કરવાઠી સરકાર કાંઈ માલ આપટા નઠી, એ ટો ચોર પકરી લાવો ટો ટેને સજા કરે! માતે જાહેર કરીને ઉલતા સરકાર કચેરીમાં અડ-રાવું શું કામનું? વરી આટો ચોર એની મેલે આપનને પૂછવા આવે એમ છે, ટેઠી ચંટા જેવું નઠી.

લુકમાનજી—માલ લુતી ગયા, ટે પૂછવા આવે એમ ટે વરી બને?

અસમાલજી—"**માલ ભલે લુતી ગયા, પન ભરટીઉં મારી પાસે છેકની!**" હરામખોરો, ભાવ ટાલ જાના વગર વેચશે શી રીટે!!! અલબટ! આપની પાસે ટેમને આવવું જરૂરનું છે! ટે વખ્ટ પકરાવી ડઇશું! હાલ ફરિઆડી કરીએ ટો ચોર લોકો ભરટીઆં જોવા આવે નહિ!

લુકમાનજી—અરે ગદ્ધા, ટેને ભરટીઆનું શું કામ! ટેને શું રૂપિઆ આપીને માલ લીઢોછે કે જકો ચરાવા સાંરૂ ભર-ટીઆની જરૂર પરે! ટેનેટો જે ઉપજે ટે ટમામ નફોછે. માટે જાહેર કરૂં નહિ એઠીજ મને નુકશાન ખમવું પરવાનું!

આવી રીતે કેટલીક ડપકો અસમાલજીને આપવામાં આવ્યો પણ અવસર ગયા પછી બધું નકામું હતું.

લુકમાનજીને પોતાનો માલ ગયો તેની ઘણી દિલગીરી થઈ અને પેલા મૂર્ખ અસમાલજીને નોકરીમાંથી રજા દીધી.

આ વાત એક જાતની મૂર્ખાઈ બતાવી આપે છે.

વાર્તા ૯૯ મી.

રાજાને ત્યાં દીકરો આવ્યો તો રાજી કે કરાજી!!

અમથોશા કરીને એક શેઠીઆ હતો તેને ત્યાં એક ભોગળ ભટ કરીને બ્રાહ્મણ આવતો, તે શેઠને હમેશાં આશિર્વાદ આપતો. પોતે જ્યોતિષનો પણ ડોળ રાખતો હતો તેથી શેઠ તરફથી કામ પ્રસંગે મુહૂર્ત, પ્રશ્ન વગેરે પૂછવામાં આવતું હતું. એક વખત શેઠનો જુવાન દીકરો ઘણો માંદો પડ્યો ત્યારે ભોગળભટ પાસે તેનું પ્રશ્ન મૂકાવ્યું. તડાકા મારૂ ભટજીએ બે ઘડી વાર આડા અવળા આંકડા મૂક્યા, અને આંગળીઓના વેઢાથી ગણીત કરી છેવટ કહ્યું કે, "ચાર ઘડી કાં ચાર પહોરમાં તમારા દીકરાનું તમામ દુઃખ ખલાસ થવું જોઇએ. આખર રૂપાનો રૂપિઓ છે, માટે મારા કહેવા મુજબ થાયતો શેઠજી, મને ખરો કહેજો."

શેઠ—પણ તે તમે શા ઉપરથી કહોછો? તેની ગૃહદશા કેવી આવીછે? તે તો કહો.

ભોગળભટ—તમારે ગૃહદશાનું શું કામછે? અમારૂં આ કહેવું રામબાણ ધારજો. કદાચ મેં કહ્યું છે, તેમ જો ન થાયતો છાતીને ઠેકાણે ડામ દઉં, અગર આ જનોઈ બાળીને પીજઈ સંન્યાશી થઈ ચાલતો થાઉં!

શેઠજી આવા ખાત્રી ભરેલા વેણથી રાજી થયા, તે જોઈ ભોગળભટ કહેછે, મારે આગળથી તમારૂં કાંઈ જોઈતું નથી, મારૂં કહેલું ખરૂં પડે ને તમારા દીકરાને ઈશ્વર સારી રીતે આરામ કરે તે પછી મને રાજી કરવાનું માગુંછું." શેઠે કહ્યું, "બહુ સારૂં, જો છોકરાને સુવાણ થાયતો તમારા જેવો પ્રભુએ નહિ. પછી તમને રાજી કરવાનો આ મારો કોલછે." ભોગળભટ ખુશ થઈને ચાલ્યો ગયો. ઘેર આવીને વિચારે છેકે દૈવઈચ્છાથી જો છોકરાને આરામ થયો તો આપણને મોં માગ્યા દામ મળશે! થોડે પૈસે રાજી પણ શું કામ થઈશું! રાજી થાઉં ત્યાં સુધી આપવા શેઠીઆ બંધાયોછે, એટલે તેને વધારે ધન આપ્યા વગર છૂટકો નથી.

આવા વિચારના સાથ તેના મનનો નિશ્ચય તો "લાગ્યો તો તીર નહિ તો થોથું." એજ હતો.

દૈવ ઈચ્છાથી 'કાગડાનું બેસવું અને તાડનું પડવું' થયું હતું એ માફક અહીં પણ થયું! ભોગળભટના વચન મુજબ તે વખતથીજ છોકરાને જરા જરા ફેર પડવા માંડ્યો! એક દિવસમાં તો સારી રીતે સુવાણ થઈ બેઠો થયો. આથી કરીને ઘરનાં તથા સગાં સંબંધી સૌ આનંદ પામ્યાં ને ભોગળભટને જશ આપવા લાગ્યા. પણ અમથાદાસ શેઠને ભોગળભટ સંબંધી વિચાર આવેજ નહિ. તે મૂળ કંજૂસ હતો, તેથી આપવું અને મરવું એ બે બરાબર સમજતો હતો. વળી દવા તો શરૂ રાખેલી હતીજ, જેથી આરામ થયો તેનું કારણ દવાનો ઉપચાર માનવા લાગ્યો, એ સમજથી વૈદનું ઇનામ તેને શિર ચોટેલું હતું, તો પણ ભોગળભટને સેહેજ સાજ આપી મન મનાવા વિચાર કર્યો હતો.

તેવામાં ભોગળ ભટ આવી પહોંચ્યો. ને ડંફાસની મોટી મોટી વાતોના તડાકા મારવા લાગ્યો. "કાં શેઠ! હું કહેતો હતો તેમ થયું કે નહિ! અમારા બ્રાહ્મણ ભિખની લાજ ઈશ્વર રાખનાર છે! તમારા છોકરા સારૂ મેં સન્યાસી થવાની પ્રતિજ્ઞા ખરા અંતઃકરણથી લીધી હતી પણ સુભાગ્યે તે પાળવાનો પ્રસંગ મારી વિદ્યાના બળે આવ્યોજ નહિ. ભલેને બીજા ભણે! પણ તે ભણ્યા પણ ગણ્યા નહિ એમ જાણવા! આવો કોઈ માઈનો પુત છે કે ભવિષ્યની વાત ખરેખરી કહી આપે!" આવા અનેક તરેહના ડંફાસના વચનથી શેઠના મનને ઉલટો કંટાળો લાગ્યો. શેઠના સમજવામાં હતું કે બ્રાહ્મણની કાંઈ પણ મેહેનત નથી. આતો બનવાનું હતું ને બન્યું, તેમાં મોટી ડંફાસ હાંકેછે, તો કાંઈ સેહેજ રકમ તેની નજરમાં આવવાની નથી. તેતો મોટી આશા કરી રહ્યોછે. આ વિચાર આવ્યો એટલે જોશીને આપવાની વાત મનથી માંડી વાળી, પણ બ્રાહ્મણને એકદમ નિરાશ ન કરવા, એવા હેતુથી યુક્તિ શોધી કાઢી શેઠે હસીને કહ્યું કે, "બહુ સારૂ મહારાજ, તમને રાજી કરવાનો મેં કોલ આપ્યો છે તો તે પાળવા ખુશી છઊં" ભોગળ ભટ કહે છે, "હ્યો, પાળો, મને રાજી કરો."

શેઠ—આપણા રાજા સાઠ વર્ષના થયા છે; તેમને આજસુધી કાંઈ ફરજન નહોતું, ને તેની આશા પણ તેઓ છોડીને બેઠા હતા. દૈવકૃપાથી આજ રોજ **રાજાને ત્યાં દીકરો આવ્યો તો કહો રાજી કે ક રાજી?**

ભોગળ ભટ—હુંએ રાજી ને મારો ઈશ્વર પણ રાજી! ઘણોજ રાજી!! આપણે ભવિષ્યના રાજાના ખબર પા-

મા! પણ હવે એવી આડી વાતો શા માટે કરો છો? મને રા-
જી કરવાનું તમારૂં વચન તમે પાળો!

શેઠ— તો આ શું કર્યું! તમને રાજી કરવાનો મારો કોલ
હતો તે તમને રાજી કર્યા! મારૂં નામ અમથાશા! તે કાંઈ આ-
પવા કરવાની વાત હોય નહિ!

ભોગળભટ— એમ રાજી કર્યા તેમાં મારો તથા મારા છો-
કરાનો શું દી વળ્યો! શેઠ, રૂપિઆ આપી રાજી કરવો જોઈ-
એ! મારેતો તેજ આશા છે!

લોભી શેઠે જવાબ આપ્યો કે "તને રાજી કરવાનો કોલ
મ પાળ્યો. બસ, હવે બોલવું નહિ" અંતે બ્રાહ્મણ નિરાશ
થઈ ચાલતો થયો.

ફક્ત મીઠાં સ્વાદથી રાજી કરવાની યુક્તિ આ વાત બ-
તાવી આપેછે.

વાર્તા ૧૦૦ મી.

જે થાય તે સારા સારૂં.

મહુવામાં એક કણબીને ઘેર એક જબરી ભેંસ હતી. ક-
ણબીને ખેતી પુષ્કળ હતી તેથી ખડ કપાસીઆનો કાંઈ ભે-
સને તુટો નહોતો, એટલે હાલ મસ્તાન બની રહી હતી. તે
જોવામાં નાનીશી હાથણી જેવી દીસતી. ગામમાં બીજી ગાયો
ભેંસો, વગેરે પશુઓને પોતાના શીંગડાં વડે અતિશય હેરાન

કરતી હતી. **મસ્તાનો હાથી પોતાના ઉપરજ ધુળ નાખે છે, તેમ ભેંસના શીંગડાં ભેંસને ભારે** પડ્યાં. સવારમાં તેને ચરવા મૂકી હતી, ત્યાં કોઈ બીજી ભેંસ સાથે વઢતાં તેનું શીંગડું પેલી મસ્તાની ભેંસના પગમાં ભરાઈ ગયું, ને તેની ખેંચતાણુમાં તે નીચે પડી ગઈ, તેથી તેનો પગ ભાંગ્યો. કણબણે બીજાઓની મદદથી ભેંસને જેમ તેમ કરીને ઘેર આણી પાટાપીંડી કરવા માંડી. સાંજરે કણબી ખેતરથી આવ્યો ત્યારે તેની સ્ત્રીએ કહ્યું:—"આજ તો આપણે બહુ નુકસાન થયું છે આપણી ભેંસનો બીજી ભેંસ સાથે વઢતાં પગ ભાંગ્યો." પટેલ બિચારો સંતોષી હતો તેણે કહ્યું, "**જે થાય તે સારા સારૂ.**" તેની સ્ત્રી કોપ કરીને બોલી કે, "તમને તો કાંઈ ઘર તરફની ફિકર નથી, અને સંસારમાંથી તમારૂં ચિત્ત ઉઠી ગયેલું લાગે છે; રાતે વાળુ કરીને પેલા ભક્તિદાસ બાવાને ત્યાં જવા માંડયું છે, ત્યારથી તમે આવા થઇ ગયા છો. જરા વિચાર તો કરો કે, ભેંસને ઘેર બાંધીને ખવરાવવું પડશે તે ખરચ વધશે, અને કદાપિ પગ કોહીને જીવડા પડી મરી જશે તો પચાસ સાઠ રુપિઆનું નુકસાન થશે. આમ છતાં તમે શું સમજીને ભેંસનો પગ ભાંગ્યો તે સારા સાર કહોછો?"

પટેલ—જે બન્યું તેનો શોચ કરવાથી શું ફાયદો છે! માટે "**જે થાય તે સારા સારૂ**"એ સંતોષ આપનાર નિશ્ચય રાખવો. ભગવાનની ગતિ ન્યારી છે. આ વખત આપણને નુકસાન લાગે છે પણ શી ખબર તેનું પરિણામ કેમ થવાનું હશે!

આથી પટલાણીને કાંઈ સંતોષ થયો નહિ; તેનું મન બબાજ કરતું હતું, એવામાં ભયની નિશાની બતાવનાર પા-

દરમાં ઢોલ વાગ્યો, તે ઉપરથી તપાસ કરતાં માલુમ પડ્યું કે, કાઠી બારવટીઆ આખા ગામનું [1] ખાડું હાંકી ગયા.

આ વર્તમાન સાંભળીને પટેલ તુરત બોલી ઉઠ્યો કે, "લે, જો! હવે, હું કહેતો હતો તેમ **'જે થાય તે સારા સારૂ'** થયું કે નહિ ! ભેંસનો પગ ભાંગ્યો તો તેથી ઘેર રહી, નહિતો તે આ વખત બહારવટીઆને સ્વાધીન થઈ હોત. આતો પગ ભાંગ્યો છે તો તે કાલ સાજો થશે, પણ ભેંસ ગઈ હોત તો પાછી આવત નહિ." આ સાંભળી પટલાણી વગર બોલી ચુપ થઈને રહી.

કાંઈ થયેલ નુકશાન કે આફતનો ઈલાજ ન હોય તે વખત સમજુ માણસો **'જે થાય તે સારા સારૂ"** એ નીતિ પસંદ કરે છે. તેથી મનમાં થતો કેટલોક બળાપો કમી થાયછે ખરો, તેમજ કેટલાંક કૃત્ય પોતે થોડાં નુકશાન વાળાં છતાં મોટાં નુકશાનનાં વાદળાંને અટકાવનાર થઈ પડે છે, તે વખત થોડાં નુકશાનનું દુઃખ દિલમાંથી ઓછું થઈ વધારે નુકશાનથી બચાવ થયો તેની ખુશાલી પેદા થાય છે.

વાર્તા ૧૦૧ મી.

ચલ જાઉં કે ટપ જાઉં!!!

કાઠિઆવાડના એક એજન્સી થાણદારની કચેરીમાં જમાલભાઈ કરીને એક નવો સિપાઈ રાખવામાં આવેલ હતો. જમાલભાઈ બિચારો અવસ્થાવાન, ઓલીયો, ને સર્વે વાતે

[1] ભેંસનું ટોળું.

જુનાં જમાનાના સિપાઇનો નમુનો હતો. એવા માણસને સરકારી નોકરીમાં રહેવું પડ્યાથી **"જૂની આંખે નવા કૌતક"** જેવું હતું, પ્રથમની તમામ નોકરી રજવાડામાં કરેલી, જેથી તે વખતની નોકરી નહિ, પણ સાહેબી તરીકે ગણી મિઆંએ દિવસ ગુજારેલા; પણ આ સરકારી નોકરીમાં કાંઈ તેમ ચાલે નહિ!

જમાલભાઈને નોકરીમાં રહ્યાને થોડી મુદત થઈ એટલામાં અણીયાળી ગામ જવાનો તેમનો વારો આવ્યો. થાણદાર તરફથી મુખીને બોલાવી લાવવા હુકમ થયો. જમાલભાઈ અણીયાળી જવાનું સાંભળી ચમક્યા! "અરે ખુદા! એસા ગામતો મૈંને કભી મેરી જીંદગાનીમેં નહિ સુનાહે! યે ગામ કિધર આયા! કોનસા રસ્તા! ઓ અપનકુતો માલૂમ નહિ. અરે! દુસરાતો કુછ નહિ, લેકીન ગામકા નામ કીસ તરેહસેં યાદ રહા જાયગા? યાદ રહેતેથે તો તો બંદા વિલાતસેંભી ઢુંઢ લાવે એસા હે! મગર નામ બડા અટપટા હે!" એમ ફડફડવા માંડ્યું. તે જોઈ ભલા નાયકે એક સોટીને અણી કાઢી જમાલભાઈના હાથમાં આપી કહ્યું કે, "અણીયાળી નામ મોઢે બોલતા જાઓ ને કદાચ ભુલી જાઓ તો આ સોટીની અણી સામું જો જો, એટલે ગામનું નામ અણીયાળી યાદ આવશે."

મિઆં સોટી લઈ અણીયાળી બોલતા બોલતા રસ્તે પડ્યા. ચોમાસાનો વખત હતો, તેથી રસ્તામાં ગારો, કીચડ, અને ઘણાં ખાડા ખાબોચીયાં.પાણી ભરેલાં આવતાં હતાં. એક પાણીનો વેકળો આવ્યો, ત્યાં આગળ પાણી અને કીચડ હતાં. તે જોઈ મિઆં વિચારમાં પડ્યા કે જો પગરખાં ઉતારીને ચાલીશ તો પગે કીચડ ચોંટશે. માટે આટલો નાનો

વેકળો કૂદી જવો એજ ઠીકછે. પણ કદાચ પડી જવાયું તો વાગશે ને હાથ પગ કીચડવાળા પણ થશે, તો ચાલીને જવું કે કૂદીને જવું? એ એકે વાત સૂઝે નહિ; પણ "ચલ જાઉં કે ટપ જાઉં!!!" એમ વિચાર થયાં કરે. આખર મિઆંએ પોતાના હાથની સોટીનો ટેકો દઈ કુદી જવા નિશ્ચય કર્યો, ને તેમ કરી ઠેકીને પેલી તરફ તે પડ્યો ખરો, પણ સોટી પાતળી અણી સહીત ભાંગી કડકા થઈ, તે કડકા જમાલભાઈએ નાખી દીધા.

હવેતો જમાલભાઈને "ચલ જાઉં કે ટપ જાઉં." એ બોલ મોઢે ચઢ્યો હતો, તેનો તે યાદ રહી ગયો. પોતાને જવાના ગામનું નામ પણ એજ ધારી બેઠો. ગામનું નામ સૂચવનાર સોટીની અણી હતી તે ભાંગી ગઈ હતી, એટલે મિઆંને ખરૂં નામ યાદ આવવાપણું રહ્યું નહિ. મિઆં રસ્તો કાપતો જાય ને ઉપર મુજબ બોલતો જાય. રસ્તામાં મળે તે માણસને "ચલ જાઉં કે ટપ જાઉં" ગામ કેટલે દૂર એમ પૂછે ત્યારે લોકો આશ્ચર્ય પામી કહેતા કે, "એવું ગામતો કોઈ જગ્યાએ છે નહિ." એમ પાંચ છ જણાએ કહ્યું, એટલે મિઆંનો હાથ ઉપર આવ્યો ને બોલવા લાગ્યો કે "મેંને અવલથીજ બોલદીયાથા કે એસા ગામતો મેરી જીંદગાનીમેં સુના નહિ હૈ. આખરભી એસાને એસા હુવા! સરકાર બડી દિવાની હૈ! એસે એસે ઇસ્કુલમેં પઢતે સબ લડકેકું થાનદાર બનાતા હૈ ઉન્કું ગામકા નામભી માલૂમ નહિ હોતા. જો દરબારી [1]દોતીઆ હોવેતો એસા ગામકું કબી ભૂલનેવાલા નહિ. ચલ જીવા! પી-

---

૧ મેહેતા, કારકુન, વહીવટદાર, દવાત રાખનાર તે દોતીઆ. કમરમાં લાંબી પિતળની દવાત રાખી ફરવાની રીત રજવાડામાં હોયછે તે ઉપરથી કહેવાય છે.

છા! યે થાનદારકી પાગ જાકે અછી તરેહમેં ઉસકી ધુલ ઝાડના.”

એમ કહી જમાલભાઈ પાછો વળીને થાણદાર પાસે સાંજે આવ્યો. થાણદારે પુછ્યું “તમને જે ગામ મોકલ્યા હતા ત્યાં જઈ આવ્યા?” ત્યારે જમાલભાઈએ કહ્યું, “અરે! તુમને ખાલીપીલી મેરેકુ ‘ચલ જાઉં કે ટપ જાઉં’ ગામ ભેજા! ઐસા ગામતો દુનિયાકી બિચમેં હૈ નહિ!”

થાણદારે કહ્યું, “તમને અણીયાળી ગામ મોકલ્યા હતા ને “ચલ જાઉં કે ટપ જાઉં” નું નામ ક્યાંથી લાવ્યા? બોલાવો નાયકને?”

નાયકે આવી જમાલને પુછ્યું, “જમાલભાઈ, તમને અણીયાળી ગામ જવા કહ્યું હતું, ને તેની નિશાની સારૂ સોટીને અણી કાઢી આપી હતી તેમ છતાં તમે કેમ ત્યાં ન ગયા? સોટી ક્યાં ગઈ! કેમ દેખાતી નથી?”

જમાલભાઈ—હાઆઆઆ! અબ યાદ આયા! સચ્ચ બાત! સોટીકું અની નીકાલ દીયીથી યે એક પાનકિ અડુંપર મેં કૂદા, તબ ટુકડા હો ગઈ, લેકીન ઉસીવખ્ત મેંને “ચલ જાઉં કે ટપ જાઉં” ઐસા બિચાર કિયાથા સો યાદ રે ગયા.

આ સાંભળી સૌ હસવા લાગ્યા. ફરીથી કાગળમાં નામ લખી આપી તેને મોકલ્યો.

આ વાત તદન ભોળા અને અક્કલ વગરના અગાઉના રજવાડી સિપાઈના નમુના વિષેની છે.

સમાપ્ત.

શુદ્ધી પત્રક.

પૃષ્ટ	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૧૦	પોતાનાજ	તેમનાજ
૯	૨	ઉટલું	ઉલટું
૯	૧૧	તુમ	તુ
૯	૧૭	એતો	આતો
૧૦	૨	આંઠ	ગાંઠે
૧૨	૧૦	કટકાં	કટકા
૨૦	૭	કે	(વાંચવો નહિ)
૨૬	૨	થાય છે	થવાય છે
૨૬	૨૦	રાખવો	રાખવા
૨૭	૨૨	આપને	આપણને
૩૧	૧૬	દેશાવરી	દેશાવરે
૫૦	૧૬	મદીનો	મેદીનો
૫૧	૧	ધએ	ધૂએ
૫૧	૧૩	સાસર	સાસરે
૫૫	૧૦	વાળા	વાળ
૬૫	મથાળે	લાગી	લગી
૬૫	૨૦	મા	માં
૬૬	૨૦	કયા	કર્યો
૬૯	૯	છરી	છૂરી
૭૩	૧૪	છરીઓ	છૂરીએ
૭૪	૫	ગયો	ગયો
૭૫	૩	કસર	કસુરે
૭૫	૯	કહું	કર્યું

પૃષ્ટ.	ઓળ.	અશુદ્ધ	શુદ્ધ.
૯૦	૧	કયા ?	(વાંચવું નહિ)
૧૦૧	૩	સાથ	સાથે
૧૦૪	૭	વખતજ	વખતે
૧૦૫	૩	રાના	રાજાના
,,	૫	એક	એ
૧૦૭	શરૂઆત		પેહેલો કહે છે
૧૦૭	૬	હામા,હામા,	હા માં, હા માં,
૧૨૩	૩	મિ.આબાઇને	સિપાઇને
૧૨૪	૧	એક	એ
૧૩૩	૧	કહેવડાનો	કહેવડાવનો
,,	૩	પસા	પૈસા
,,	૧૨	આપતો	અપાતો
૧૩૪	૧૯	કેપકુંસ્કું	કે બકુંસ્કું
૧૩૮	૧૩	મારો	મારા
૧૪૧	૧૧	દૂધ	દૂવે
૧૫૫	૧૦	હત !	હતાં.
૧૫૭	૨	એવું	એનું
૧૫૮	૧૮	હમે	હમ
૧૫૯	૫	કમજી	કમબજી
૧૭૧	૬	ભાગ્યું	ભાંગ્યુ
૧૭૫	૧૪	પાઠશાળાવગેરે	પાઠશાળા સ્થાપી;
૧૮૪	૧૮	કહું	કહ્યું
૧૮૭	૧૯	પડ્યા	પાડ્યાં
૧૯૧	૪	બોજાએ	ચોથાએ

પૃષ્ઠ.	઼ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૯૩	છેલ્લી	આવ	આવી
૧૯૫	મથાળે	ભણેજ	ભણુજે
,,	૫	(જીવન હુક્કો)	જીવન હુક્કો
૨૨૨	૧૫	કરના	કરતા
૨૨૬	૧૫	તેના	તેની
,,	છેલ્લી	એ	(વાંચવો નહિ)
૨૨૮	૨૧		એટલુંજ નહિ પણ
૨૩૦	૧૨	હાથા	હાથ
૨૩૬	૬	બસી	બેસી
૨૩૬	૧૯	બોલ—તોકે	બોલતોકે
૨૪૦	૯	રમતાહોઓ	રમતે હો
,,	૨૩	કોટવાળા	કોટવાળ
૨૫૭	મથાળે	માલના	માલાના
૨૫૯	૧	રાખશે	રાખે
૨૬૧	૫	રોકડ	રોકડા
૨૬૪	૧૦	રૂપિ	રૂપિઆ
૨૭૩	મથાળે	विंवा	किंवा
૨૮૬	૮	બાજઠું	બાજઠું
,,	છેલ્લી	ખ	નખાવ્યું
૨૯૧	૫	ત	ને
૨૯૨	૧૯	નહિ	નહિ!
૨૯૪	૧૭	નાચના	નાચવા
૩૦૩	૧૭	જ્યોતિષનો	જ્યોતષિનો